परिवर्तन २०५ वर्ष परंपरा प्रगति

( १६ પાનાં+વિશેષ પૂર્તિ ૧૪+૧૪=૪૪)

# દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★


બુધવાર, ૧ જુલાઈ ૨૦૨૬, કિંમત ₹ ૨૫.૦૦


મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 154 ■ વિક્રમ સંવત ૨૦૮૨ ■ નિજ જ્યેષ્ઠ વદ-૧ ■ મુંબઈ

■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com
■ 1 July 2026, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

LIKE & FOLLOW: /Mumbaisamachar4u






NILE RIVER
ABU SIMBEL
KOM OMBO
HURGHADA

( ૧૬ પાનાં+વિશેષ પૂર્તિ ૧૪+૧૪=૪૪)

પરિવર્તન પરંપરા ૨૦૫ વર્ષ પ્રગતિ

# દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957

બુધવાર, ૧ જુલાઈ ૨૦૨૬, કિંમત ₹ ૨૫.૦૦

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 154 ■ વિક્રમ સંવત ૨૦૮૨ ■ નિજ જ્યેષ્ઠ વદ-૧ ■ મુંબઈ

■ MUMBAI SAMACHAR ■ 1 July 2026, Wednesday ■ www.bombaysamachar.com REGD.No. MCS/058/2024-26

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

11 NIGHTS

# EGYPT

12 DAYS



## CAIRO, NILE RIVER CRUISE, ASWAN, LUXOR, HURGHADA

- વર્લ્ડ ક્લાસ એરલાઈન દ્વારા મુસાફરી.
- આપણા મહારાજ દ્વારા બનાવેલ સ્વાદિષ્ટ ભોજન (BREAKFAST, LUNCH, DINNER ) આપણા ઉતારાની હોટલના બેન્ક્વેટ હોલમાં જ.
- દરેક પ્રવાસ ફકત એ.સી.કોચમાં જ.....
- 5* હોટલમાં 11 રાત્રિનો મુકામ.
- EGYPT નું પ્રખ્યાત ટેમ્પલ ચબૂસીમ્બલ ની મુલાકાત.
- CARO : પીરામીડસ, સ્ફીન્ક્સ, ઈજીપ્શીયન મ્યુઝીયમ અને ખાન-એ-ખલીલી બજારની મુસાફરી, લાઈટ અને સાઉન્ડ શો ઓફ પીરામીડ ટુર કોસ્ટમાં સામેલ.
- HURGHADA : રેડ સી ની મજા માણો.
- NILE RIVER CRUNG : 3 રાત્રિનો મુકામ જેમા બધી સાઈટ સીન ટુર કોસ્ટમાં સામેલ.
- ASWAN : અનફીનીશ્ડ ઓબેલીસ્ક, હાયડેમ અને ફીલ ટેમ્પલ, કોમ ઓમ્બો ટેમ્પલ, ઈડફુ ટેમ્પલનો પ્રવાસ.
- LUXOR : વેલીઓફ ધી કીંગ્ઝ, હતરોપફુટ ટેમ્પલ અને કોલાસાય ઓફ મેમનોનનો પ્રવાસ,કોક ટેમ્પલ અને લક્ઝર ટેમ્પલની મુલાકાત.

સંપૂર્ણ સાઈટ સીન દરમ્યાન | ઈંગ્લીશ સ્પીકીંગ ટુર ગાઈડ. | અનલીમીટેડ વોટર બસની મુસાફરી દરમ્યાન. |
દરેક હોટલમાં પોર્ટેજ સર્વીસ ટુર કોસ્ટમાં સામેલ. ઈન્શ્યોરન્સ, ટીપ્સ ટુર કોસ્ટમાં સામેલ.

## DEPARTURE DATES : NOV - 1, 12 / DEC - 23

*OTHER SECTORS : ARCTIC / ALASKA & CANADA / CENTRAL EUROPE / JAPAN / ICELAND / SCANDINAVIA / TURKEY / USA / AUSTRALIA / CHINA / KENYA SOUTH AMERICA / NEW ZEALAND / VIETNAM / SOUTH AFRICA / ANTARTICA / EGYPT / JORDAN / BALTIC / GREENLAND / SPAIN & PORTUGAL.*

URVI LUXURY DESTINATION PVT. LTD.
*Where U & V meet to create memories.*

**CONTACT OUR KINGS -**

NIRAV MEHTA : +91 80822 78468 / NAYAN SONI : +91 97570 25247 / HARDIK PAREKH - +91 99677 72530

ADDRESS : 1/A, PALM VIEW BUILDING, L.N. ROAD, NR. SWAMINARAYAN TEMPLE, OPP. VIDYALANKAR CLASSES, DADAR (E), MUMBAI - 400014 | CONTACT : +91 98927 20353 | INFO@ULDESTINATION.COM | WWW.ULDESTINATION.COM

अमित शाह



गृह मंत्री एवं सहकारिता मंत्री
भारत सरकार

दिनांक : 21 जून, 2026

**सन्देश**

मुझे यह जानकर अत्यंत प्रसन्नता हो रही है कि **'मुंबई समाचार'** अपने गौरवशाली 204 वर्ष पूर्ण कर 205वें वर्ष में प्रवेश कर रहा है। इस अवसर पर मैं मुंबई समाचार परिवार, इसके पाठकों, शुभचिंतकों और इससे जुड़े सभी सहयोगियों को हार्दिक बधाई एवं शुभकामनाएँ प्रेषित करता हूँ।

दो शताब्दियों से अधिक की अपनी यात्रा में मुंबई समाचार ने तथ्यपरक और मूल्य-आधारित पत्रकारिता की परंपरा को निरंतर आगे बढ़ाया है। स्वतंत्रता संग्राम के कालखंड से लेकर आधुनिक भारत के निर्माण तक, इस समाचार पत्र ने देश, समाज और समय की बदलती करवटों को संवेदनशीलता के साथ पाठकों के सामने रखा है। यही कारण है कि मुंबई समाचार भारतीय पत्रकारिता की निरंतरता की एक सशक्त परंपरा का प्रतीक बन चुका है।

बदलते समय और आधुनिक तकनीक के साथ कदम मिलाते हुए मुंबई समाचार द्वारा डिजिटल माध्यम पर **'मुंबई समाचार हिंदी'** और **'मुंबई समाचार इंग्लिश'** के नए चैनल्स की शुरुआत तथा **'गुजरात ई-एडिशन'** का विस्तार अत्यंत सराहनीय और दूरदर्शी पहल है। निस्संदेह, यह प्रयास रचनात्मक संवाद और विश्वसनीय सामग्री के माध्यम से व्यापक पाठक वर्ग तक पहुँच को और सशक्त करेगा। साथ ही, यह भारतीय भाषाओं, क्षेत्रीय पत्रकारिता और डिजिटल युग में जन-संवाद की नई संभावनाओं को भी विस्तार देगा।

**माननीय प्रधानमंत्री श्री नरेंद्र मोदी जी** के नेतृत्व में आज भारत अमृतकाल में **'विकसित भारत @2047'** के संकल्प को साकार करने की दिशा में आत्मविश्वास के साथ आगे बढ़ रहा है। आत्मनिर्भरता, सुशासन, नवाचार, सामाजिक समावेशन और सांस्कृतिक पुनर्जागरण के आधार पर देश विकास के नए प्रतिमान स्थापित कर रहा है। ऐसे परिवर्तनकारी समय में सत्य, विश्वसनीयता और राष्ट्रीय सरोकारों से प्रेरित पत्रकारिता लोकतंत्र की सुदृढ़ आधारशिला के रूप में और भी अधिक प्रासंगिक हो जाती है।

मुझे पूर्ण विश्वास है कि **मुंबई समाचार** सत्यनिष्ठा, विश्वसनीयता और जनसमर्पित पत्रकारिता की अपनी गौरवशाली परंपरा को आगे बढ़ाते हुए, अपनी समृद्ध विरासत और आधुनिक दृष्टिकोण के साथ राष्ट्र निर्माण में निरंतर महत्वपूर्ण भूमिका निभाता रहेगा। मुंबई समाचार के 205वें वर्ष के शुभारंभ के इस अवसर पर मैं पुनः अपनी हार्दिक बधाई एवं शुभकामनाएँ प्रेषित करता हूँ।

सादर,

आपका

(अमित शाह)

श्री निलेश दवे
मुंबई समाचार
सैयद अब्दुल्ला बरेलवी रोड,
मुंबई, महाराष्ट्र - 400 001

कार्यालय : गृह मंत्रालय, कर्तव्य भवन–03, नई दिल्ली–110001
…23094686, फैक्स : 23094221

---



मंत्रालय, मुंबई ४०० ०३२

देवेंद्र फडणवीस
मुख्यमंत्री
महाराष्ट्र

जा.क्र/मु.मं.स/ज.क./५५८/२०२६
दि. ३० जून, २०२६

**शुभेच्छा**

दैनिक मुंबई समाचारचा २०४ वा वर्धापनदिन साजरा होत असल्याचे समजून आनंद झाला. यानिमित्त मुंबई समाचारचे संपादक मंडळ, वाचक, वितरक आणि जाहिरातदार यांचे हार्दिक अभिनंदन!

मुंबई समाचार गेली दोन दशके मुंबईच्या बदलत्या घटनाघडामोडींचे साक्षीदार आहे. मुंबई समाचारने लोकशाही मूल्ये, सामाजिक बांधिलकी आणि मुंबईचा विकास या मुद्यांवर आधारित पत्रकारिता केली. मुंबई समाचारने माध्यम क्षेत्रातील बदलत्या तंत्रज्ञान आणि प्रवाहाशी जुळवून घेतले आहे. यामुळेच मुंबई समाचारच्या मराठी आणि गुजराती यूट्युब चॅनेल्सला प्रतिसाद मिळाला आहे. या प्रतिसादामुळे मुंबई समाचार हिंदी आणि इंग्रजी भाषेतही यूट्युब चॅनेल्सची सुरुवात करीत आहेत. या नवीन उपक्रमांना शुभेच्छा. या दोन्ही चॅनेल्सच्या माध्यमातून मुंबईच्या विकासाचे प्रश्न हाताळले जातील, अशी अपेक्षा आहे.

विकसित महाराष्ट्र २०४७ संकल्पना साकार करण्यासाठी मुंबई शहराला खूप योगदान द्यावे लागणार आहे. या योगदानात मुंबई समाचारही आपली भूमिका पार पाडेल, अशी खात्री वाटते.

मुंबई समाचार पत्रकारितेच्या माध्यमातून समाजहित आणि राष्ट्र हितासाठी कार्यरत राहील, अशी आशा आहे. मुंबई समाचारच्या पुढील वाटचालीसाठी मन:पूर्वक शुभेच्छा!

(देवेंद्र फडणवीस)

दूरध्वनी : ०२२-२२०२ ५१५१/२२०२ ५२२२, ई-मेल : cm@maharashtra.gov.in
वेब साईट : www.maharashtra.gov.in

---



ભૂપેન્દ્ર પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

તા. ૨૯-૦૬-૨૦૨૬

**સંદેશ**

સદીઓથી, અખબારી આલમ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ ઉપરાંત સામુદાયિક આત્મ-નિયમન અને સામાજિક પ્રભાવ માટે એક મહત્ત્વપૂર્ણ ઉત્પ્રેરક અને આધુનિક સમાજ માટેના પાયાના પથ્થર તરીકે ઉભરી આવ્યું. પ્રજાના અવાજને વાચા આપતા વર્તમાનપત્રો, ન્યુઝ ચેનલ તેમજ વર્તમાનમાં સૌથી વધુ લોકપ્રિય એવું સોશિયલ મીડિયા વગેરે સાચા અર્થમાં લોકપ્રતિનિધિઓની ગરજ સારી રહ્યાં છે. **આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી** હંમેશાં આવા મીડિયા (માધ્યમ)ને રાષ્ટ્રના ચોથા સ્તંભ તરીકે ઓળખાવે છે. પત્રકારત્વ ક્ષેત્રની ભૂમિકા પ્રજા અને શાસકો વચ્ચે એક સેતુ જેવી બની છે, તથા રાષ્ટ્રવાદની ભાવનાને જન-જન સુધી પહોંચાડવાની જવાબદારી આ માધ્યમોએ પણ સ્વૈચ્છિક રીતે ઉપાડી લીધી છે એ બાબત પણ નોંધનીય છે.

એશિયાનું સૌથી જૂનું વર્તમાનપત્ર **"મુંબઈ સમાચાર"** તા. **૧ જુલાઈ, ૨૦૨૬**ના રોજ તેની સ્થાપનાના ૨૦૪ વર્ષ પૂર્ણ કરી **૨૦૫**મા વર્ષમાં પ્રવેશી રહ્યું છે તે જાણી આનંદ સહ ગર્વની અનુભૂતિ થઈ. આ અવસરે **ગુજરાતી આવૃત્તિનું ઇ-એડિશન** શરૂ કરવાની સાથે સાથે યુ-ટ્યૂબની બે નવી ચેનલ્સ **મુંબઈ સમાચાર-હિન્દી અને મુંબઈ સમાચાર-અંગ્રેજી**ના પ્રસારણ આવકાર્ય છે. આ પગલાને આધુનિક જગતની ગતિને અનુરૂપ નવીન સમાચાર માધ્યમોને સાર્થક કરવાની અનુકરણીય પહેલ કહી શકાય. બે સદી જૂના આ અખબારની ઉજવણી અને નવા લોન્ચિંગ સાફલ્ય પામે અને લોકોમાં આત્મ-જાગૃતિનું બની રહે તેવી શુભેચ્છા.

આપનો,

(ભૂપેન્દ્ર પટેલ)

Shree Nileshbhai Dave, *Editor*,
*Mumbai Samachar Newspaper*,

---

હર્ષ સંઘવી
નાયબ મુખ્યમંત્રી
ગુજરાત રાજ્ય



સત્યમેવ જયતે

810 /26

ગૃહ, પોલીસ હાઉસીંગ, જેલ, સરહદી સુરક્ષા, ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ, નાગરિક સંરક્ષણ, નશાબંધી અને આબકારી, વાહનવ્યવહાર, કાયદો અને ન્યાયતંત્ર, રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, ઉદ્યોગ, લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગો, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખનસામગ્રી, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ, નાગરિક ઉડ્ડયન
**ગુજરાત સરકાર**
તારીખ: 17 JUN 2026

એશિયાના સૌથી જૂના અને પ્રતિષ્ઠિત અખબાર **'મુંબઈ સમાચાર'** એ ગૌરવશાળી ૨૦૪ વર્ષ પૂર્ણ કરી ૨૦૫મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યું છે. આ ઐતિહાસિક ક્ષણ અને ત્રીજી સદીની આ અભૂતપૂર્વ મજલ માટે મુંબઈ સમાચાર પરિવાર તેમજ તેના લાખો વાચકોને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું.

વિકસતા યુગ અને બદલાતી ટેકનોલોજી સાથે તાલ મિલાવીને અખબાર દ્વારા હાથ ધરવામાં આવેલી નવીન પહેલો ખરેખર પ્રશંસનીય છે. વર્ષ ૨૦૨૪માં શરૂ થયેલી સૌરાષ્ટ્ર ઈ–આવૃત્તિની ભવ્ય સફળતા બાદ હવે 'ગુજરાત આવૃત્તિની ઈ–એડિશન' ગુજરાતના અને વિશ્વભરના ગુજરાતી વાચકોના પ્રેમ અને વિશ્વાસને વધુ સુદ્રઢ બનાવશે.

ડિજિટલ મીડિયાના આ યુગમાં ગુજરાતી અને મરાઠી યુ–ટ્યૂબ ચેનલોની અદભુત સફળતા બાદ, અખબાર દ્વારા બે નવી યુ–ટ્યૂબ ચેનલો 'મુંબઈ સમાચાર–હિન્દી' અને 'મુંબઈ સમાચાર–અંગ્રેજી' માટે પણ અભિનંદન પાઠવું છું. પ્રસાર માધ્યમોના આ નવા સોપાન પણ લોકપ્રિયતાના નવા શિખરો સર કરશે.

**'મુંબઈ સમાચાર'** ની આ નવીન સફર અને સ્થાપના દિવસ નિમિત્તે અખબારના મેનેજમેન્ટ, આપશ્રી તેમજ તમામ પત્રકારશ્રીઓ અને કર્મચારીશ્રીઓને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

આપનો સ્નેહાધીન,

( હર્ષ સંઘવી )

પ્રતિ,
**શ્રી નીલેશભાઈ દવે,**
તંત્રીશ્રી, 'મુંબઈ સમાચાર',
સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ (હોર્નિમેન સર્કલ),
મુંબઈ – ૪૦૦ ૦૦૧.
મો.9867774747.

…કુલ-૧, બીજો માળ, સરદાર ભવન, ગાંધીનગર - ૩૮૨ ૦૧૦ | **ફોન:** (ઓ) ૦૭૯-૨૩૨૫૦૧૦૬/૦૭/૦૮/૦૯/૧૦
**ફેક્સ:** ૦૭૯-૨૩૨૫૫૬૯૦ | **વેબસાઇટ:** harshsanghavi.in | **ઇમેલ:** dycm@gujarat.gov.in

---

પ્રવિણભાઈ જી. માળી



ક્રમાંક: રા.ક.મંત્રી/વ. અને પ.ક્લા.ચે.વા.વ્ય/શુ.-સંદેશ/૨૦…
**રાજ્યકક્ષાના મંત્રી,**
**વન અને પર્યાવરણ, ક્લાઇમેટ ચેન્જ,**
**વાહનવ્યવહાર**
**ગુજરાત સરકાર**
સ્વર્ણિમ સંકુલ-૨, બીજો માળ,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નં. : ૦૭૯-૨૩૨ ૫૦૧૬૫
તારીખ : 16 JUN 2026

**શુભેચ્છા સંદેશ**

શ્રીમાન,

એશિયાનું સૌથી જૂનું અખબાર અને ગુજરાતી પત્રકારત્વની અમૂલ્ય ધરોહર ગણાતું મુંબઈ સમાચાર તા. ૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ ૨૦૪ વર્ષ પૂર્ણ કરીને ૨૦૫મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યું છે, તે પ્રસંગે હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવું છું.

બે સદીથી વધુ સમયથી મુંબઈ સમાચારએ સત્ય, નિષ્પક્ષતા અને વિશ્વસનીય સમાચાર પરંપરાને જાળવી રાખીને વાચકોના વિશ્વાસનું સ્થાન મેળવ્યું છે. સમય સાથે બદલાતા યુગમાં મુંબઈ સમાચારએ આધુનિક ટેકનોલોજી અને ડિજિટલ માધ્યમો સાથે સફળતાપૂર્વક તાલ મિલાવ્યો છે. ગુજરાતી અને મરાઠી યુ-ટ્યુબ ચેનલો દ્વારા સમાચાર અને માહિતી લાખો લોકો સુધી પહોંચાડી નવી પેઢી સાથે મજબૂત જોડાણ સ્થાપિત કર્યું છે, તે અભિનંદનીય છે.

હવે તા. ૧ જુલાઈથી મુંબઈ સમાચાર-હિન્દી અને મુંબઈ સમાચાર-અંગ્રેજી યુ-ટ્યુબ ચેનલોનો પ્રારંભ કરી વધુ વ્યાપક વાચકવર્ગ અને દર્શકો સુધી પહોંચવાનો જે પ્રયાસ થઈ રહ્યો છે તે મુંબઈ સમાચારની નવીનતા અને પ્રગતિશીલ વિચારધારાનું ઉત્તમ ઉદાહરણ છે.

૨૦૫મા વર્ષમાં પ્રવેશના આ ઐતિહાસિક અવસરે મુંબઈ સમાચાર આવનારા વર્ષોમાં પણ પત્રકારત્વના ઉચ્ચ આદર્શોને જાળવી રાખે, નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરે અને દેશ-વિદેશમાં ગુજરાતી પત્રકારત્વની ગૌરવશાળી પરંપરાને વધુ ઉજ્જવળ બનાવે તેવી શુભેચ્છાઓ પાઠવું છે અને મુંબઇ સમાચારની સમગ્ર ટીમને હાર્દિક અભિનંદન પાઠવું છું.

(પ્રવિણભાઈ માળી)

પ્રતિ,
શ્રી નીલેશ દવે,
તંત્રીશ્રી-મુંબઇ સમાચાર

---

शक्तिसिंह गोहिल
सांसद, राज्य सभा



તા.૧૨/૦૬/૨૦૨૬

સ્નેહી તંત્રી મિત્ર શ્રી નીલેશભાઇ,

દાયકાઓથી મુંબઇગરા ગુજરાતીઓનું પોતીકું બની રહેલું એશિયાનું ગુજરાતી ભાષી અખબાર 'મુંબઇ સમાચાર' તેના અસ્તિત્વની બેવડી સદી વટાવીને ૧લી જુલાઇ ૨૦૨૬ના રોજ ૨૦૫મો પ્રવેશોત્સવ મનાવી રહ્યાનું જાણી ખુબ ખુશી તો થઇ સાથે 'મુંબઇ સમાચાર'ના વળગણની જૂની રસપ્રદ વાત પણ યાદ આવી ગઇ. આપના પત્રએ મને ગઇ ગુજરી વાત ઉલ્લેખવા પ્રેર્યો છે.

વરસો પહેલા મુંબઇ વસતા ભાવનગરના અનેક પરિવારો ઉનાળુ વેકેશનમાં કેરી અને આઇસક્રીમની મોજ માણવા ભાવનગર આવતા. એ વખતે ભાવનગરથી મુંબઇ વચ્ચે વિમાની સેવા નહોતી.'મુંબઇ સમાચાર'ના વ્યસની આ પરિવારો ભાવનગરના જાણીતા અખબાર વિક્રેતા 'પ્રેમ ન્યુઝ એજન્સી'ને તેમના આગમન સમયે જ 'મુંબઇ સમાચાર' મંગાવી આપવા જણાવતા. છાપા સવારે મુંબઇથી ફ્લાઇટમાં અમદાવાદ આવે અને અમદાવાદથી એસ.ટી.બસમાં સાંજે ભાવનગર આવે એટલે સાંજે ૬.૦૦ વાગે આવા પરિવારો છાપું લઇ આવે.' આ ઘટનાક્રમ મેં નજરે જોયો છે. સાંપ્રત સમયમાં પત્રકારત્વ અને અખબાર ચલાવવું એ વાસ્તવમાં પડકારજનક જ નહીં પરંતુ જોખમી પણ બની ગયું છે. આ કઠીન સંજોગો વચ્ચે 'મુંબઇ સમાચાર' તેની સુદીર્ઘ મજલ ઉપર આગળ વધવા સાથે સમયની માંગને અનુરુપ અને અનુકૂળ ટેકનોલોજી અપનાવી સત્યાત્મક અને તથ્યાત્મક સમાચારોથી આમ નાગરિકોને વાકેફ રાખે છે તે પ્રસંશનીય અને રુડી વાત છે.

'મુંબઇ સમાચાર' ગુજરાતી અને મરાઠી ન્યુઝ ચેનલ બાદ ૧લી જૂલાઇથી યુ ટ્યુબ ઉપર હિન્દી અને અંગ્રેજી ભાષામાં પણ ન્યુઝ ચેનલ શરુ કરી રહ્યું છે. મુંબઇ અને મુબંઇ બહાર વસતા મુંબઇગરાઓને પોતાના વતન આસપાસ રોજબરોજ બનતી ઘટનાઓથી માહિતગાર રાખવાની દીશામાં નોંધપાત્ર કદમ છે.

'મુંબઇ સમાચાર'ના તમામ સંચાલકો અને આપના વડપણ હેઠળના તંત્રી મંડળને તેહદીલથી અભિનંદન અને મંગલ કામના પાઠવું છું. આવનારા વરસોમાં 'મુંબઇ સમાચાર' નીર્ભિક પત્રકારત્વની તેની પરંપરા જાળવી રાખશે તેવી આશા સાથે ફરી અભિનંદન અને મારો રાજીપો વ્યક્ત કરું છું.

આપનો સ્નેહાધિન,

(શક્તિસિંહ ગોહિલ)

202, राजवी टॉवर, राजवंश बिल्डिंग, सत्य मार्ग, बोडकदेव, अहमदाबाद - 380054 (गुजरात)
फोन : 011-23093611, 079-26859555
Email : officeofshaktisinh@gmail.com I Website : www. shaktisinhgohil.com

---

ત્રિકમભાઈ છાંગા



ક્રમાંક: રા.ક.મંત્રી/ઉ. અને તાં.શિ./ VIP-106/૨૦૨…
**રાજ્યકક્ષાના મંત્રી,**
**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ,**
**ગુજરાત સરકાર**
સ્વર્ણિમ સંકુલ-૨, ત્રીજો માળ,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન (ઓ.) : ૦૭૯-૨૩૨ ૫૦૧૭૦
ફેક્સ નં. : ૦૭૯-૨૩૨ ૫૭૦૧૦
તારીખ : 09 APR 2026

**શુભેચ્છા–સંદેશ**

વિશ્વનો દરેક માણસ પોતાની આગવી માતૃભાષા સાથે જન્મ્યો છે. આપણા ગુજરાતમા માત્ર માતૃભાષાઓ નહીં બોલીઓની પણ એટલી વિવિધતા છે અને એટલે જ કહેવાય છે કે, બાર ગામે બોલી બદલાય.

માતૃભાષા આપણા સંસ્કાર, સંસ્કૃતિ અને ઓળખનો આધારસ્તંભ છે. ગુજરાતી ભાષા માત્ર અભિવ્યક્તિનું માધ્યમ નથી, પરંતુ એ આપણા ઈતિહાસ, પરંપરા અને મૂલ્યોની જીવંત વારસાગાથા છે. આજના વૈશ્વિક યુગમાં પણ માતૃભાષાનું સંવર્ધન અને સંરક્ષણ કરવું આપણી સર્વની સંયુક્ત જવાબદારી છે.

"મુંબઈ સમાચાર" દ્વારા આયોજિત માતૃભાષા સપ્તાહ જેવી પહેલો સમાજમાં ભાષાપ્રેમ અને જાગૃતિ ફેલાવવા માટે અત્યંત મહત્વપૂર્ણ છે. આવી પ્રવૃત્તિઓથી નવી પેઢી પોતાના મૂળ સાથે વધુ ગાઢ રીતે જોડાય છે અને તેમનામાં ભાષા પ્રત્યે ગૌરવની લાગણી વિકસે છે.

આ પ્રસંગે હું સૌને અપીલ કરું છું કે આપણે રોજિંદા જીવનમાં માતૃભાષાનો વધુ ઉપયોગ કરીએ અને તેને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડવા માટે પ્રયત્નશીલ રહીએ.

પૂર્વનિર્ધારિત કાર્યક્રમો અને અગત્યની શાસકીય ફરજો હોવાને કારણે હું આ કાર્યક્રમમાં વ્યક્તિગત રીતે હાજર રહી શકીશ નહીં તે બદલ દિલગીર છું.

હું આ પ્રસંગે તમામ આયોજકો અને સહભાગીઓને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું કે માતૃભાષા સપ્તાહ સફળતાપૂર્વક ઉજવાય અને સમાજમાં ભાષાપ્રેમ અને જાગૃતિ વધારવામાં મહત્વપૂર્ણ યોગદાન આપે.

જય ગુજરાત, જય માતૃભાષા!

(ત્રિકમભાઈ છાંગા)

---

# પીઓકે પાકિસ્તાનનો ભાગ નથી: કાશ્મીરીઓનો આક્રોશ

## અનાજની નાકાબંધીને લીધે કાશ્મીરના લોકોનો પાકિસ્તાન વિરુદ્ધ રોષ આસમાને

ઈસ્લામાબાદ: પાકિસ્તાનના તાબા હેઠળના કાશ્મીર (પીઓકે)માં અનાજની નાકાબંધીને લીધે ઉકળતો ચરુ જોવા મળે છે. હજારો દેખાવકારો અંકુશરેખાની નજીક એકઠા થયા હતા અને તેમણે જાહેર કર્યું હતું કે પીઓકે પાકિસ્તાનનો ભાગ નથી.

કાશ્મીરીઓએ ઈસ્લામાબાદને ધમકી આપી હતી કે જો અનાજ પરના અંકુશો ચાલુ રહેશે તો રહેવાસીઓને 'બીજા રસ્તા' વિચારવા પડશે. આ ટિપ્પણીનું અર્થઘટન એમ થાય છે કે કાશ્મીરીઓ ભારત સાથે ગાઢ નાતો ઈચ્છે છે.

રાવલકોટના ઈદગાહ મેદાનમાં દેખાવોએ આ વિસ્તારમાં પાકિસ્તાનના કાબૂ સામેનો સૌથી મોટો પડકાર ઊભો કર્યો છે. દેખાવકારોએ આક્ષેપ કર્યો હતો કે પાકિસ્તાનની સરકાર અને લશ્કરી દળોએ દાયકાઓ સુધી કાશ્મીરીઓની ઉપેક્ષા કરી છે, આર્થિક શોષણ કર્યું છે અને વહીવટી દમનો કર્યા છે. દેખાવકારોએ આક્ષેપ કર્યો હતો કે સત્તાવાળાઓએ લોકોની ચળવળ નબળી પાડવા આવશ્યક જણસનો પુરવઠો અટકાવી દીધો છે.

હજારો દેખાવકારોને સંબોધતા જોઈન્ટ અવામી એક્શન કમિટીના નેતા સરદાર અમ્માન ખાને તેમનું સૌથી ઉગ્ર પ્રવચન કર્યું હતું. તેમણે જાહેર કર્યું હતું કે પીઓકે પાકિસ્તનનો ભાગ નથી

ખાને લોકોને કહ્યું હતું કે પીઓકે પાકિસ્તાનનો ભાગ નથી. અમારે પાકિસ્તાન જોઈતું નથી, આનાથી ઊલટું પાકિસ્તાનને કાશ્મીરની ભારે જરૂરિયાત છે. તેમની આ ટિપ્પણીએ દેખાવકારોએ વધાવી લીધી હતી.

દેખાવકારોએ કાળા વાવટા હાથમાં ધારણ કર્યા હતા. દેખાવકારોએ પાકિસ્તાન સત્તાવાળાઓ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યો હતો. સરકારવિરોધી ચળવળ જોર પકડી રહી છે. દેખાવકારો સત્તાવાળાઓના દબાણ છતાં ત્રણ અઠવાડિયાથી વધારે સમયથી રાવલકોટમાં ધરણાં પર છે. ખાને કહ્યું હતું કે પાકિસ્તાન વહીવટીતંત્ર ચળવળને ખતમ કરવા અમને ભૂખ્યા રાખવાનો પ્રયાસ કરી રહ્યું છે. ખાને પાકિસ્તાનના શાસકોને તંગદિલી ઘટાડવાની અપીલ કરી હતી. ખાને કહ્યું હતું કે કાશ્મીર પાકિસ્તાનની સંપત્તિ નથી.

પાકિસ્તાનના સત્તાવાળાઓ આ ચળવળને સુરક્ષા સમસ્યા ગણે છે. ■

# ઈંધણના ભાવવધારાની ખરાબ અસર પડશે: આરબીઆઈ

મુંબઈ : જો ઈંધણની પુરવઠાની સાંકળ સામાન્ય નહીં થાય અને એને લીધે તેલના ભાવ વધશે તો વિનિમયના દરમાં અફડાતફડી જોવા મળશે, એમ રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા (આરબીઆઈ)એ એક અહેવાલમાં કહ્યું હતું.

આરબીઆઈએ તેના ફાયનાન્સિયલ સ્ટેબિલિટિ રિપોર્ટ (નાણાકીય સ્થિરતા અહેવાલ)માં કહ્યું હતું કે બાહ્ય આંચકાઓને ખમવા ભારત પાસે મજબૂત મૂળભૂતોનું કવચ છે. આરબીઆઈએ આ અર્ધવાર્ષિક અહેવાલ જારી કર્યો હતો અને એમાં બધા નાણાકીય ક્ષેત્રના નિયામકોનું યોગદાન છે. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે પશ્ચિમ એશિયા લડાઈનો પ્રભાવ વચગાળાના શાંતિ કરારને લીધે ઘટ્યો છે. આમ છતાં ભારતનું અર્થતંત્ર અને નાણાકીય પદ્ધતિ ભૂરાજકીય તંગદિલી અને તેનાથી ઉદ્ભવતા આંચકા સામે નબળા છે.

અહેવાલમાં વધુમાં કહેવામાં આવ્યું હતું કે ગ્લોબલ શૅરબજારમાં મોટા સુધારા ખાસ કરીને કોર્પોરેટ આવકના નવા અંદાજ અને એઆઈ સંબંધિત શૅરનું વધારે પડતું મૂલ્યાંકનને લીધે થશે તો એની અસર સ્થાનિક બજારો પર પડી શકે. અહેવાસમાં એ વાતની નોંધ લેવામાં આવી છે કે પશ્ચિમ એશિયાની લડાઈ અને એના માઠાં પરિણામોને લીધે વધેલી વૈશ્વિક અનિશ્ચિતતા ભારત જેવી ઈમરજિંગ માર્કેટ ઈકોનોમી (ઉદય લઈ રહેલા અથતંત્ર)ને નાણાકીય ચેનલ વડે પ્રભાવિત કરી શકે છે. ■

# શહાદત મામલે ખોટું બોલ્યા રાજનાથ સિંહ: વિશેષાધિકાર ભંગની કાર્યવાહીની માગણી

નવી દિલ્હી: કોંગ્રેસના નેતા કે.સી. વેણુગોપાલે લોકસભાના સ્પીકર ઓમ બિરલાને પત્ર લખીને સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ સામે વિશેષાધિકાર કાર્યવાહી શરૂ કરવાની માગ કરી હતી. તેમણે આરોપ લગાવ્યો હતો કે સંરક્ષણ પ્રધાને સંસદને ગેરમાર્ગે દોરતા કહ્યું હતું કે ગયા વર્ષે પહલગામ આતંકવાદી હુમલા પછી કોઈ ભારતીય સૈનિક શહીદ થયો નથી.

વેણુગોપાલે લોકસભાના નિયમ ૨૨૩ હેઠળ વિશેષાધિકાર ભંગની નોટિસ આપી છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે સંરક્ષણ પ્રધાને સંસદને ખોટી જાણકારી આપી હતી. તેમણે કહ્યું કે ૨૮ જુલાઈ, ૨૦૨૫ના રોજ પહલગામ આતંકવાદી હુમલા અને ત્યારબાદના ઓપરેશન સિંદૂર પર ચર્ચા દરમિયાન રાજનાથ સિંહે કહ્યું હતું કે કોઈ ભારતીય સૈનિક શહીદ થયો નથી.

કોંગ્રેસના નેતાએ કહ્યું હતું કે બાદમાં સરકાર દ્વારા જાહેર કરાયેલા નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે ઑપરેશન સિંદૂર દરમિયાન સશસ્ત્ર દળોના છ જવાનો શહીદ થયા હતા. તેમણે કહ્યું હતું કે, જેનાથી સ્પષ્ટ થાય છે કે સંસદમાં સંરક્ષણ પ્રધાનનું નિવેદન ખોટું અને ગેરમાર્ગે દોરનારું હતું. ■

( ૧૬ પાનાં+વિશેષ પૂર્તિ ૧૪+૧૪=૪૪)

પરિવર્તન પરંપરા ૨૦૫ વર્ષ પ્રગતિ

દૈનિક

# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957

બુધવાર, ૧ જુલાઈ ૨૦૨૬, કિંમત ₹ ૨૫.૦૦

મુંબઈથી પ્રસિદ્ધ થતું ▪ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ▪ પુસ્તકઃ ૨૦૫ ▪ Volume 69 ▪ Issue 154 ▪ વિક્રમ સંવત ૨૦૮૨ ▪ નિજ જ્યેષ્ઠ વદ-૧ ▪ મુંબઈ

MUMBAI SAMACHAR ▪ 1 July 2026, Wednesday ▪ www.bombaysamachar.com REGD.No. MCS/058/2024-26

LIKE & FOLLOW: /Mumbaisamachar4u




# ગુજરાતમાં મેઘમહેરઃ સુરત પાણી-પાણી



**મુસીબત જ મુસીબતઃ** ગુજરાતના સુરતમાં મંગળવારે થયેલા ભારે વરસાદ બાદ પાણી ભરેલા રસ્તા પરથી પસાર થઈ રહેલા લોકો. (એજન્સી)

## સુરત શહેરમાં વરસાદી મુસીબત, ઘરોમાં પાણી ઘુસ્યાંઃ નવસારીમાં ત્રણ ઈંચથી વધુ પાણી પડ્યુંઃ સાવરકુંડલા પણ જળબંબોળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સખત ગરમીથી ત્રસ્ત ગુજરાતવાસીઓને મંગળવારે મેઘરાજાએ થોડી રાહત આપી હતી. દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના ૬૨ જિલ્લામાં વરસાદે હાજરી નોંધાવી હતી. સુરત શહેર અને જિલ્લામાં નોંધપાત્ર વરસાદ વરસ્યો હતો. સ્ટેટ ઈમરજન્સી ઑપરેશન સેન્ટરના આંકડા અનુસાર સુરત શહેરમાં મંગળવારે સવારે ૬થી સાંજે ચાર વાગ્યા સુધીમાં અઢી ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો. સોમવારે શહેરમાં બે ઇંચ વરસાદ નોંધાયો હતો. જોકે આટલા વરસાદમાં શહેરીજનોની હાલત કફોડી થઈ ગઈ હતી. સુરતના કામરેજમાં પણ અઢી ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો. પલસાણા અને મહુઆમાં દોઢેક ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો. નવસારીમાં મંગળવારે ત્રણ ઇંચ કરતા વધારે

(જુઓ પાનું ૨) ▸▸

## ટ્રમ્પને કોર્ટનો ઝટકોઃ અમેરિકામાં જન્મેલાં બાળકોને નાગરિકત્વનો અધિકાર મળશે

વૉશિંગ્ટનઃ અમેરિકામાં ગેરકાયદે કે હંગામી ધોરણે રહેતા વિદેશીઓનાં અમેરિકામાં જન્મેલાં બાળક અમેરિકાનાં નાગરિક ન હોવાનું જાહેર કરતા પ્રમુખ ટ્રમ્પના ઍક્ઝિક્યુટિવ ઑર્ડરને નકારી કાઢી અમેરિકામાં નાગરિકત્વને મામલે વિભાજિત સુપ્રીમ કોર્ટે મંગળવારે જન્મસિદ્ધ નાગરિકત્વને માન્યતા આપી હતી.

સિવિલ વૉર બાદ અપનાવવામાં આવેલા ૧૪મા સુધારા અને મર્યાદિત અપવાદને બાદ કરતાં અમેરિકામાં જન્મેલી વ્યક્તિ કોઈપણ વ્યક્તિ અમેરિકાની નાગરિક હોવા સંબંધિત તાજેતરમાં આપવામાં આવેલા ચુકાદા પર આધાર રાખી ન્યાયધીશે ઉપરોક્ત ચુકાદો આપ્યો હતો.

નાગરિકત્વ ત્યારે અને અત્યારે પણ રાજકીય બાબતોમાં મુક્તપણે હિસ્સો લેવાનો

(જુઓ પાનું ૨) ▸▸




## ચેમ્બુરમાં સ્કૂલ બસ પર ઝાડ પડ્યું, વિદ્યાર્થીનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં સોમવારથી ફરી શરૂ થયેલા વરસાદે એક વિદ્યાર્થીનો જીવ લીધો છે. પૂર્વ ઉપનગરના ચેમ્બુરમાં ગાર્ડન નજીક મંગળવારે બપોરના પીપળાનું વિશાળ ઝાડ સ્કૂલ બસ પર તૂટી પડતા ૧૩ વિદ્યાર્થીઓ બસની અંદર ફસાઈ ગયા હતા, આમાંના એક ૧૧ વર્ષના વિદ્યાર્થીનું મૃત્યુ થયું હતું અને ઓછામાં ઓછા ચાર વિદ્યાર્થીઓ જખમી થયા હતા. આ દુર્ઘટના સાથે જ ચાલુ વર્ષમાં ચોમાસામાં ઝાડ તૂટી પડવાને કારણે પહેલું મૃત્યુ નોંધાયું છે. આ ઘટના મંગળવારે બપોરે ૨.૫૦ વાગ્યે ચેમ્બુરમાં હેરિટેજ પ્રાઇડ નજીક રોડ નંબર ૧૧ પર સેન્ટ એન્થની હાઈસ્કૂલ પરિસરમાં બની હતી. પરિસરમાનું જૂનું વિશાળ પીપળાનું વૃક્ષ મૂળસોતું ઉખડીને યુનિવર્સલ હાઇ સ્કૂલની બસ પર તૂટી પડતા સ્કૂલના ૧૩ વિદ્યાર્થીઓ વાહનમાં અંદર ફસાઈ ગયાં હતાં. ટિળક નગર પરિસરમાં આવેલી યુનિવર્સસ સ્કૂલના વિદ્યાર્થીઓને લઈને આ બસ પરિસરમાં જ રહેતા વિદ્યાર્થીઓને ઘર મૂકવા જઈ રહી હતી. બસમાં

(જુઓ પાનું ૨) ▸▸



**દુર્ભાગ્યપૂર્ણ દુર્ઘટનાઃ** મુંબઈના ચેમ્બુરમાં એક સ્કૂલ બસ પર ઝાડ પડ્યું હતું. આ ઘટનામાં ૧૧ વર્ષના એક વિદ્યાર્થીનું મોત થયું હોવા ઉપરાંત અન્ય ચાર ઘાયલ થયા હતા. (અમય ખરાડે)

## યુવાન ઘેલાણી આઈસીયુમાં

સ્કૂલ બસમાં પાંચ વિદ્યાર્થીઓ જખમી થયા હતા, જેમાં વિદ્યાર્થીઓની ઉંમર ચારથી ૧૨ વર્ષની વચ્ચે છે. જખમીમાં ૧૦ વર્ષના યુવાન ઘેલાણી પર આઈસીયુમાં સારવાર ચાલી રહી છે જ્યારે ચાર વર્ષની મોનિકા

(જુઓ પાનું ૨) ▸▸

### મુંબઈ સમાચાર
### દિલથી આભાર

**‘મુંબઈ સમાચાર’ની બે સદીથી વધુ લાંબી મજલમાં સતત અમારી સાથે રહેનાર, સતત અમારો જુસ્સો વધારનાર માનવંતા વાચકો અને જાહેરખબર દાતાઓનો દિલથી આભાર.** – તંત્રી

## નાની બચત યોજનાઓના વ્યાજદરમાં કોઇ ફેરફાર નહીં

નવી દિલ્હીઃ સરકારે મંગળવારે પહેલી જુલાઈ, ૨૦૨૬થી શરૂ થતા સતત નવમા ક્વાર્ટર માટે પીપીએફ અને એનએસસી સહિત વિવિધ નાની બચત યોજનાઓ માટે વ્યાજ દર યથાવત રાખ્યા


(જુઓ પાનું ૨) ▸▸

## પેટ્રોલમાં ઇથેનોલ ભેળવવાનો હાલ તો પ્રયોગ જઃ સરકાર

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે સર્વોચ્ચ અદાલતમાં સ્પષ્ટતા કરી હતી કે પેટ્રોલમાં ઇથેનોલ ભેળવવાથી થનારા ફાયદા આવતાં વર્ષે ખબર પડશે. દરમિયાન, કર્ણાટક વડી અદાલતે ઓઇલ માર્કેટિંગ કંપનીઓ માટે ઇથેનોલનો પુરવઠો વધારવા આપેલા આદેશના સંદર્ભે સ્થિતિ ‘જેમ છે તેમ’ એટલે કે યથાવત્ રાખવા સર્વોચ્ચ અદાલતે મંગળવારે હુકમ કર્યો હતો.

કેન્દ્ર સરકારનું પણ પ્રતિનિધિત્વ કરતા એટર્ની જનરલ આર. વેંકટરામાણીએ જણાવ્યું હતું કે પેટ્રોલમાં ૨૦ ટકા ઇથેનોલ ભેળવવાનું પગલું હાલમાં પ્રયોગના ધોરણે હાથ ધરાઇ રહ્યું છે. તેના પરિણામ આવતાં વર્ષે સ્પષ્ટ જોવાં મળશે.

ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ દ્વારા કરાયેલી અરજીના સંદર્ભે ન્યાયાધીશ એમ. એમ. સુરેશ અને ન્યાયાધીશ શીલ નાગુની બનેલી બૅન્ચે આ કિસ્સામાં સ્થિતિ યથાવત્ રાખવાનો હુકમ કર્યો હતો.ઓઇલ માર્કેટિંગ કંપનીઓએ પોતાને ઇથેનોલની ફાળવણી વધારવા વડી અદાલતે આપેલા આદેશનો વિરોધ કર્યો હતો.તેમણે દલીલ કરી હતી કે ઇથેનોલ પૂરું પાડવા માટેના સંબંધિત કોન્ટ્રેક્ટ્સ ૨૦૨૫ના ઑક્ટોબરમાં પૂરા થયા હતા. દેશમાં પેટ્રોલમાં ૨૦ ટકા ઇથેનોલ ભેળવવાની નીતિ પ્રાયોગિક ધોરણે છે અને તેના માટે કોઇ સમયમર્યાદા નક્કી નથી કરાઇ. સરકાર તો પેટ્રોલમાં ઇથેનોલ ભેળવવાની હાલની ટકાવારી વધારવા માગે છે. (એજન્સી)






## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સરલા ભટ રેપ-હત્યા, હિંદુઓને કશું થતું કેમ નથી?

**જમ્મુ** અને કાશ્મીર પોલીસની સ્ટેટ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ આરોપનામું દાખલ કરતાં દેશભરમાં ૧૯૯૦માં ખળભળાટ મચાવનારો સરલા ભટ કેસ ફરી ચર્ચામાં છે. આ કેસમાં પોલીસે આતંકવાદીમાંથી રાજકારણી બનેલા અને હાલમાં તિહાર જેલમાં સળિયાં તપાવી રહેલા યાસિન મલિકને માસ્ટરમાઈન્ડ ગણાવ્યો છે અને તેના ઈશારે અપહરણ કરીને હત્યા કરાઈ હોવાનો આરોપ મૂક્યો છે. યાસિન મલિક એ વખતે જમ્મુ કાશ્મીર લિબરેશન ફ્રન્ટ (JKLF) નો મુખ્ય કમાન્ડર હતો ને તેણે સરલા ભટની હત્યાનું કાવતરું ઘડેલું જ્યારે બાકીનાંએ આ કાવતરાને પાર પાડેલું. મોહમ્મદ યાસીન મલિક સિવાય ખુર્શીદ અહમદ ચાલકુ, અબ્દુલ હમીદ શેખ, મોહમ્મદ યુસુફ સોફી ઉર્ફે ઈદરીશ અને ગુલામ મોહમ્મદ ટપલૂ બીજા આરોપી છે.

સરલા ભટ કેસ જમ્મુ અને કાશ્મીર પોલીસ માટે તો એક કલંકકથા છે જ પણ આ દેશના હિંદુઓ માટે પણ કલંકકથા છે કેમ કે ૨૭ વર્ષની સરલા પર પાશવી બળાત્કાર કરીને તેની હત્યા કરનારા નરાધમોને તેમનાં કુકર્મોની સજા અપાવવા માટે ના કાશ્મીરની પોલીસે કંઈ કર્યું કે ના આ દેશના હિંદુઓએ કશું કર્યું. બલ્કે સરલા ભટને સાવ ભુલાવી જ દેવાયેલી. આ તો આટલાં વરસે આરોપનામું દાખલ થયું એટલે સૌને સરલા યાદ આવી, બાકી કોઈ તેને યાદ પણ નહોતું કરવાનું.

શ્રીનગરમાં શેર-એ-કાશ્મીર ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (SKIMS)માં નર્સ તરીકે કામ કરતી સરલાની એપ્રિલ ૧૯૯૦ માં, જમ્મુ અને કાશ્મીરમાં લિબરેશન ફ્રન્ટ (JKLF)ના મુસ્લિમ આતંકવાદીઓ દ્વારા અપહરણ કરાયું હતું. સરલા પર અમાનુષી અત્યાચાર ગુજારાયો હતો, પાશવી સામૂહિક બળાત્કાર કરવામાં આવ્યો હતો અને પછી તેની લાશને ફેંકી દેવાઈ હતી. આતંકવાદીઓને શંકા હતી કે, સરલા ભારત સરકારની જાસૂસ છે અને ઈન્ડિયન આર્મીને આતંકવાદીઓ વિશે માહિતી આપતી હતી.

આર્મીથી બચવા આતંકવાદીઓ હૉસ્પિટલોમાં દર્દી બનીને પડ્યા રહેતા પણ આર્મીને ખબર પડી જતાં સરલાની હૉસ્પિટલ પર ત્રાટકીને બે આતંકીને ઠાર મારેલા. આ બાતમી સરલાએ આપી હોવાની શંકાથી ૧૫ એપ્રિલે હોસ્ટેલમાં ઘૂસીને આતંકવાદીઓ તેને ઉઠાવી ગયેલા. ચાર દિવસ સુધી તેના શરીરને ચૂંથીને અવર્ણનિય અત્યાચારો ગુજાર્યા પછી તેના મૃતદેહને રસ્તા પર રઝળતો મૂરીને આતંકવાદી જતા રહ્યા. પોલીસને મૃતદેહ હાથ લાગ્યો પછી મૃતદેહને સરલાના પરિવારને સોંપાયો હતો. સરલા પર ગુજારાયેલા અત્યાચારો જોઈને પરિવાર હબકી ગયેલો. સરલાનાં અંગો કાપી નાખીને મૃતદેહને વિકૃત કરી દેવાયેલો અને તીક્ષ્ણ હથિયારથી શરીર પર (JKLF) કોતરવામાં આવ્યું હતું

અનંતનાગમાં સરલાના ઘરની આસપાસ મુસ્લિમ પરિવારો રહેતા હતા. આતંકવાદીઓએ તેમને સરલાના પરિવારથી દૂર રહેવા કહેલું. સરલાના મોતના પગલે બીજા હિંદુ પરિવારો ભાગી ગયેલા તેથી પરિવાર સિવાય કોઈ અંતિમવિધિમાં હાજર નહોતું. આતંકવાદીઓએ સરલાના ઘર પર ગ્રેનેડ ફેંક્યા હતા. માંડ માંડ હિંમત કરીને પરિવાર અંતિમવિધિ માટે ગયો તો ૨૦૦ કટ્ટરવાદીઓના ટોળાએ સ્મશાનમાં ઘૂસીને સરલાના પરિવારને ગાળો આપી હતી, મૃતદેહને ખેંચીને નીચે ફેંકી દીધો હતો અને કાશ્મીર છોડીને ભાગી જવા ચેતવણી આપેલી. આતંકવાદીઓએ મોતનો મલાજો પણ નહોતો જાળવ્યો અને સરલાની અંતિમવિધિ પણ નહોતી થવા દીધી.

સરલાના મૃતદેહ પરથી ચિઠ્ઠી મળલી કે જેમાં હત્યાની જવાબદારી જેકેએલએફએ લીધી હતી. સાથે સાથે ધમકી પણ અપાયેલી કે, પોલીસની મુખબિરી કરનારાં બધાંની આ હાલત થશે. હત્યા કોણે કરી, સરલાના મૃતદેહને વિકૃત કોણે કર્યો એ સ્પષ્ટ હતું છતાં પોલીસ કશું ના કર્યું. સરલા ભાટની હત્યા સામાન્ય ઘટના હોય એ રીતે થોડાક દિવસો તપાસનું નાટક કર્યું ને પછી આખો કેસ જ ભુલાવી દેવાયો. હવે ૩૬ વર્ષે ચાર્જશીટ મૂકાયું ત્યારે સરલા સૌને યાદ આવી ખરી પણ કોઈનું લોહી ઉકળતું નથી.

સરલા ભટ કેસમાં ૩૭ વર્ષે ચાર્જશીટ નોંધાયો તેનો કોઈ અર્થ નથી. સરલાના બળાત્કારી અને હત્યારામાંથી ગુલામ મોહમ્મદ ટપલૂ, અબ્દુલ હમીદ શેખ અને મોહમ્મદ યુસુફ સોફી પહેલાં જ ઉપર પહોંચી ગયા છે જ્યારે ખુર્શીદ અહમદ ચાલકુ પાકિસ્તાન ભાગી ગયો છે. એકલો યાસિન મલિક જીવે છે પણ મલિકના કિલોમીટર પણ પતી ગયેલા જ છે. મલિકને ટેરર ફંડિંગના કેસમાં આજીવન કારાવાસની સજા પહેલાં જ થઈ ચૂકી છે. બીજા કેસમાં પણ તેને સજા થયેલી છે એ જોતાં મલિક કદી જેલની બહાર આવી નથી શકવાનો તેથી તેની સામે એક નહીં પણ એકવીસ ચાર્જશીટ મૂકાય તો પણ કશો ફરક પડવાનો નથી.

યાસિન મલિકને આમ પણ ફરક પડતો નથી કેમ કે લાંબા સમયથી જેલની હવા ખાઈ રહેલા યાસિનને જેલભેગો કરાયો એ પહેલાં ભરપૂર જિંદગી જીવ્યો છે અને જલસા કર્યા છે. ભાજપ સરકારે ૨૦૧૯માં મલિકને જેલમાં પૂર્યો એ પહેલાં મલિકે જમ્મુ અને કાશ્મીરમાં આઝાદ પંછીની જિંદગી જીવી છે. આ વરસો દરમિયાન અનેક હિંદુઓની હત્યા, ભારતીય લશ્કરના જવાનો અને અધિકારીઓની હત્યા સહિતના ઢગલાબંધ આતંકવાદી કૃત્યો તેણે કર્યા પણ કશું ના થયું. હવે ૬૦ વર્ષની ઢળતી ઉંમરે બધા ગુનાની સજા એક સાથે ભોગવવાની થાય તો પણ શું ?

સરલા ભટ કેસ ભારતના હિંદુઓની કાયરતાનો વધુ એક પુરાવો છે. મુસ્લિમ આતંકવાદીઓ કાશ્મીરી પંડિતો સહિતના હિંદુઓને કાશ્મીરમાંથી ભગાડવામાં સફળ થયા કેમ કે હિંદુઓ મુઠ્ઠીભર હતા પણ કાશ્મીરની બહાર તો હિંદુઓની સંખ્યા કરોડોમાં હતી.

દેશના બીજા હિંદુઓ આ કાશ્મીરી પંડિતોના પડખે ના ઊભા રહ્યા તેના કારણે સરલા જેવી અનેક દીકરીઓ મુસ્લિમ આતંકવાદીઓના અત્યાચાર, પાશવી બળાત્કારોનો ભોગ બની અને જીવ ખોયો. આ દીકરીઓના બળાત્કારી, હત્યારાઓને તેમનાં કુકર્મોની સજા અપાવવા આ દેશના કરોડો હિંદુઓએ શું કર્યું ? કશું નહીં. બસ તમાશો જોયા કર્યો.

કમનસીબી એ છે કે, આ દેશના હિંદુઓ આજેય કાશ્મીરી હિંદુઓને મદદ કરવા કશુંય નથી કરી રહ્યા. પહેલાં જમ્મુ અને કાશ્મીરને ખાસ દરજ્જો આપતી બંધારણની કલમ ૩૭૦ હતી તેથી બહારના હિંદુઓ કાશ્મીર જઈને રહી શકતા નહોતા. નરેન્દ્ર મોદી સરકારે કલમ ૩૭૦ નાબૂદ કરીને એ સમસ્યા પણ દૂર કરી દીધી એ વાતને સાત વર્ષ થવામાં છે છતાં કાશ્મીરી હિંદુઓ હજુય રઝળે જ છે, પોતાના વતન જઈ શકતા નથી કે રહી શકતા નથી.

હિંદુઓમાં મર્દાનગી નહીં આવે ત્યાં લગી આ હાલત રહેવાની જ છે. ખરેખર તો સરલાના બહાને જમ્મુ અને કાશ્મીરમાં હિંદુ બહેન-દીકરીઓએ સહેલા અત્યાચારો અને ચૂકવેલી કિંમતના દુઃખદ ઘા ફરી તાજા થવા જોઈએ પણ તેના બદલે હિંદુઓ તો કશું ના બન્યું હોય એ રીતે વર્તી રહ્યા છે એ આઘાતજનક છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ, બુધવાર, તા. ૧-૭-૨૦૨૬, 'મુંબઈ સમાચાર સ્થાપના દિવસ' (૨૦૫માં મંગલવર્ષ પ્રવેશની વધામણી) વટસાવિત્રી વ્રતના પારણા

- ભારતીય દિનાંક ૧૦, માહે અષાઢ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, નિજ જયેષ્ઠ વદ -૧
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે નિજ જયેષ્ઠ, તિથિ વદ-૧
- પારસી શહેનશાહી રોજ ૨૧મો રામ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૧મો રામ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૩મો તીર, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૫મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧૬મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- નક્ષત્ર પૂર્વાષાઢા સવારે ક. ૦૬-૫૨ સુધી, પછી ઉત્તરાષાઢા
- ચંદ્ર ધનુમાં બપોરે ક. ૧૩-૨૧ સુધી, પછી મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ), મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૬, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૯, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : બપોરે ક. ૧૩-૧૧, મધ્યરાત્રિ પછી ક. ૦૦-૪૭ (તા. ૨)
- ઓટઃ સવારે ક. ૦૬-૧૫, રાત્રે ક. ૧૯-૨૨
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, નિજ જયેષ્ઠ કૃષ્ણ – પ્રતિપદા. મુંબઈ સમાચાર સ્થાપના દિવસ. ગુરુ હરગોવિંદસિંહ જયંતી (કાશ્મીર), વટસાવિત્રી વ્રતના પારણા
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ઉપનયન, ખાત મુહૂર્ત, સર્વદેવ પ્રતિષ્ઠા, બુધ-સૂર્ય દેવતાનું પૂજન, વિશ્વદેવતાનું પૂજન, ધ્રુવદેવતાનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, પ્રયાણ મધ્યમ, મુંડન કરાવવું નહીં, અન્નપ્રાશન, મિત્રતા કરવી, નવા વસ્રો, આભૂષણ, દસ્તાવેજ, દુકાન, નોકરી, ખેતીવાડી, બી વાવવું, નવી તિજોરીની સ્થાપના.

જુલાઈ-૨૦૨૬નાં સંક્ષિપ્ત ગ્રહ-રાશિ-નક્ષત્ર, ઉદય -અસ્તઃ તા. ૧ જૂન ૨૦૨૬નાં સૂર્યાદિ ગ્રહનાં ઉદય અસ્તઃ મુંબઈ સૂર્યોદયઃ ક. ૦૬ મિ. ૦૬, સૂર્યાસ્તઃ ક. ૧૯ મિ. ૧૮, ચંદ્ર ઉદયઃ ક. ૨૦-૩૬, ચંદ્ર અસ્તઃ ક. ૦૬-૫૬, બુધ ઉદય ક. ૦૭-૨૪, બુધ અસ્તઃ ક. ૨૦-૧૫, બુધ તા. ૩થી ૨૧ અસ્તનો રહે છે. શુક્ર ઉદય ક. ૦૯-૦૯, અસ્તઃ ક. ૨૧-૫૭, મંગળ ઉદયઃ ક. ૦૩-૨૮, અસ્તઃ ક. ૧૬-૨૭, ગુરુ ઉદયઃ ક. ૦૭-૩૯, અસ્તઃ ક. ૨૦-૩૮, ગુરુ તા. ૧૬ જુલાઈથી તા. ૧૦ ઓગસ્ટ અસ્તનો રહે છે. શનિ ઉદયઃ ક. ૧૨-૪૯, અસ્તઃ ક. ૨૫-૦૦ તા. ૧ જુલાઈ સૂર્યોદયના સમયે મિથુન રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્યાસ્તના સમયે વૃશ્ચિક રાશિ લગ્ન ઉદિત થાય છે.

સૂર્ય પ્રારંભે આર્દ્રામાં, તા. ૬ઠ્ઠીએ પુનર્વસુમાં, તા. ૨૦મીએ પુષ્યમાં, સૂર્યનારાયણ તા. ૧૬મીએ મિથુનમાંથી કર્કમાં પ્રવેશે છે. મંગળ કૃત્તિકામાંથી તા. ૪થીએ રોહિણીમાં, તા. ૨૪મીએ મૃગશીર્ષમાં આવે છે. વક્રી બુધ પુનર્વસુમાં રહે છે અને તા. ૨૪મીએ માર્ગી થાય છે અને સમગ્ર માસ પુનર્વસુમાં રહે છે. બુધ મિશ્ર ગતિએ ભ્રમણ કરે છે. માર્ગી ગુરુ સમગ્ર માસમાં પુષ્ય નક્ષત્રમાં રહે છે. શુક્ર આશ્લેષામાંથી તા. ૪થીએ મઘામાં, તા. ૧૬મીએ પૂર્વાફાલ્ગુનીમાં, તા. ૨૯મીએ ઉત્તરાફાલ્ગુનીમાં આવે છે. શુક્ર કર્કમાંથી તા. ૪થીએ સિંહ રાશિમાં પ્રવેશે છે. શનિ રેવતી નક્ષત્રમાં સમગ્ર માસમાં રહે છે. તા. ૨૭મીએ શનિ વક્રી થાય છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે.

- આચમનઃ ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ શેરબજારના કામકાજમાં રુચિ રહે, ચંદ્ર-બુધ પ્રતિયુતિ વાતોડિયા સ્વભાવ, ચંદ્ર-મંગળ ત્રિકોણ પ્રવાસનો શોખ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ, ચંદ્ર-બુધ પ્રતિયુતિ (તા. ૨), ચંદ્ર-મંગળ ત્રિકોણ (તા. ૨)
- ગ્રહગોચરઃ સૂર્ય-મિથુન, મંગળ-વૃષભ, વક્રી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કર્ક, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## મોદી માસ્ક પહેરીને રાજસ્થાનમાં ચોરી

જયપુરઃ રાજસ્થાનમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો ચહેરો ધરાવતો માસ્ક પહેરેલો ચોર સીસીટીવી કૅમેરામાં ઝડપાયો હોવાનું પોલીસે મંગળવારે કહ્યું હતું. રાજસ્થાનના ભિલવાડા જિલ્લામાં આ ચોરે મોબાઈલ ફોનની દુકાનમાં ચોરી કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો ત્યારે તે સીસીટીવી કૅમેરામાં ઝડપાઈ ગયો હતો.

આ ઘટના રવિવારે રાત્રે કરાડે પોલીસ સ્ટેશનની હદમાં બની હોવાનું પોલીસે કહ્યું હતું.

સામાન્ય રીતે રાજકીય રેલીમાં જોવા મળતો મોદીનો ચહેરો ધરાવતો માસ્ક ચોરે પહેર્યો હતો. ચોર મોબાઈલની દુકાનનું તાળું તોડવાનો પ્રયાસ કરતો સીસીટીવીના ફૂટેજમાં જોવા મળ્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર આરોપી દુકાનનું તાળું તોડવામાં નિષ્ફળ ગયો હતો અને થોડીવાર પ્રયાસ કર્યા બાદ તે ત્યાંથી જતો રહ્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર રાત્રે ચોરી કરવાનો પ્રયાસ કરનાર આરોપી ચોર દિવસે એજ કપડાંમાં એ વિસ્તારમાં ફરતો જોવા મળ્યો હતો. (એજન્સી)

## ભારત અને અમેરિકાના સંબંધો ત્રણ દશકમાં સૌથી ખરાબ, પૂછો જયશંકરનેઃ રો ખન્ના

વૉશિંગ્ટનઃ ભારત અને અમેરિકાના સંબંધો ખરાબ થઈને છેલ્લા ત્રણ દાયકના સૌથી તળિયે પહોંચી ગયા છે એવી ટિપ્પણી કરતા ભારતીય-અમેરિકન સંસદસભ્ય રો ખન્નાએ કહ્યું હતું કે ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકર પણ આ સ્વીકારશે. કેલીફોર્નિયાના સેનેટર ખન્નાએ સંબંધો વણસવા માટે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને સંપૂર્ણ રીતે જવાબદાર ગણાવ્યા હતા.

વૉશિંગ્ટનમાં યુએસ-ઈન્ડિ સ્ટ્રેટજિક પાર્ટનરશિપ ફોરમને સંબોધતા ખન્નાએ કહ્યું હતું કે મારી ચીનની મુલાકાત દરમિયાન ભારતના ચીનના રાજદૂતે મને કહ્યું હતું કે ટ્રમ્પની નીતિને લીધે પેઢીઓથી ઊભો કરવામાં આવેલો વિશ્વાસ ધોવાઈ ગયો છે. હું આખાબોલો છું એ તમે જાણો છો. હું બાબતો જે છે એને એ રીતે જ કહું છું. અમેરિકા-ભારતના સંબંધો ૩૦ વર્ષના તળિયે બેસી ગયા છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે ઈરાન સાથે યુદ્ધમાં જવાની ટ્રમ્પની નીતિ અતિ વિનાશકારી રહી છે. તેને લીધે ભારતમાં ગૅસના ભાવ વધી ગયા છે. તમે ન માનતા હો તો જયશંકર સાથે વાત કરો. જો પ્રમુખ ટ્રમ્પે કરેલા નુકસાન વિશે તમે વાત નહીં કરો તો તમે વાસ્તવિકતામાં જીવતા નથી.

પ્રમુખ ટ્રમ્પે ગયા વર્ષે ભારત પર ટૅરિફ લાદતા બન્ને દેશ વચ્ચેના સંબંધો કડવા થયા હતા. ટ્રમ્પે ટૅરિફ લાદવા માટે ભારત રશિયા પાસે તેલ લે છે એ કારણ આપ્યું હતું.

ખન્નાએ જણાવ્યું હતું કે અમરિકાએ તેની નૈતિક દૃષ્ટિ ગુમાવી દીધી છે. તેમણે ઇરાન અને ક્યુબાને ધમકાવાની અને ગ્રીનલૅન્ડ જીતવાની ટ્રમ્પની નીતિની ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે અમેરિકાના પ્રમુખની વિદેશ નીતિ એ છે કે 'શક્તિશાળી બધું સાચું કરે છે' તેમની સ્ટુડન્ટ વિઝાની નીતિને લીધે અમેરિકામાં નવી પ્રતિભા આવતી અટકી ગઈ છે.

## જંતર-મંતર પર અનશન પર બેઠેલા સોનમ વાંગચુકના શુગર લેવલમાં ઘટાડો

નવી દિલ્હીઃ દિલ્હીના જંતર-મંતર પર ક્રોકોચ જનતા પાર્ટી (સીજેપી)ના વિરોધ પ્રદર્શનનો મંગળવારે ૧૧મો દિવસ પહોંચી ગયો છે. નીટ સહિતની પરીક્ષામાં ગરબડને લઈને શરૂ થયેલું આ આંદોલન હવે સરકાર સામે મોટા સવાલો અને જવાબદારીની માગણીઓ સુધી પહોંચી ગયું છે.

વિરોધ પ્રદર્શનો વચ્ચે કાર્યકર્તા સોનમ વાંગચુકના સ્વાસ્થ્ય અંગે ચિંતા વધી ગઈ છે. સોનમ વાંગચુકની ભૂખહડતાળનો ત્રીજો દિવસ હતો. સીજેપી તરફથી જાહેર કરાયેલા વાંગચુકના સ્વાસ્થ્ય અપડેટમાં કહેવામાં આવ્યું હતું કે તેમનું બ્લડ શુગર લેવલ ૬૬ નોંધાયું છે, જે સામાન્ય મર્યાદાથી નીચે છે. તેમનું બ્લડ પ્રેશર ૧૧૭-૬૦, ઓક્સિજન ૯૬ અને પલ્સ રેટ ૯૨ નોંધાયો હતો. તેમની તપાસ કરી રહેલા ડોક્ટરે કહ્યું કે ગરમીમાં ભોજન લીધા વિના રહેવું મુશ્કેલ છે.

સીજેપીના સ્થાપક અભિજીત દિપકેએ તેમના સ્વાસ્થ્ય અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને પરીક્ષામાં ગેરરીતિઓ અને આંદોલન પ્રત્યેના સરકારના વલણને લઈને ટીકા કરી હતી.

સીજેપીના પ્રવક્તા આશુતોષ રાંકાએ જણાવ્યું હતું કે વાંગચુકના સ્વાસ્થ્યની સ્થિતિને ગંભીરતાથી લેવી જોઈએ અને ચેતવણી આપી હતી કે જો તેમને કંઈ થયું તો કેન્દ્રીય શિક્ષણ પ્રધાન જવાબદાર રહેશે.

## હાઈ કોર્ટના ચુકાદાને પડકારતી આસારામની અરજીઃ સુપ્રીમ કોર્ટની રાજસ્થાનને નૉટિસ

નવી દિલ્હીઃ વર્ષ ૨૦૧૩માં સગીરા પર કરેલા બળાત્કાર સંબંધિત કેસને મામલે તેમને દોષી ઠેરવતા અને આજીવન કારાવાસની સજા ફરમાવતા રાજસ્થાન હાઈ કોર્ટના ચુકાદાને પડકારતી આસારામની અરજીને મામલે સુપ્રીમ કોર્ટે રાજસ્થાન સરકારને નૉટિસ પાઠવી જવાબ માગ્યો છે.

આસારામની સજા રદ કરવાનું નકારતાં ન્યાયાધીશ એમ. એમ. સુંદરેશ અને શીલ નાગુની બનેલી ખંડપીઠે રાજસ્થાન સરકારને નૉટિસ પાઠવી બે અઠવાડિયામાં જવાબ આપવા જણાવ્યું હતું.

સુપ્રીમ કોર્ટે જેલના વહીવટીતંત્રને આસારામની તબીબી સુવિધાઓ વધારવાનો આદેશ આપ્યો હતો અને કહ્યું હતું કે આરોગ્યની ગંભીર પરિસ્થિતિના સંજોગોમાં જ આસારામને જામીન આપવા અંગે વિચારણા કરવામાં આવશે.

હાલ અમે તેમને જામીન નથી આપી રહ્યા. જીવને જોખમ હોય તેવી ગંભીર બીમારીના સંજોગોમાં અતિ આવશ્યક હોવાનું રાજ્ય સરકાર જણાવશે તો જ આસારામના જામીન અંગે વિચારણા કરવામાં આવશે, એમ ખંડપીઠે કહ્યું હતું.

અરજકર્તા વતી સુનાવણી દરમિયાન હાજર રહેલા વરિષ્ઠ વકીલ ડી. એસ. નાયડુએ કહ્યું હતું કે આસારામ ૮૦ વર્ષના છે અમે તેઓ વિવિધ બીમારીઓથી પીડાઈ રહ્યા છે. (એજન્સી)

## દાન-ચોરી : રામ જન્મભૂમિ ટ્રસ્ટની છઠ્ઠી જુલાઈએ બેઠક

અયોધ્યા : ઉત્તર પ્રદેશના અયોધ્યામાં રામ મંદિરના દાનની ચોરીના વિવાદ વચ્ચે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની બેઠકની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અગાઉ આ બેઠક ૧૧ જુલાઈના રોજ યોજાવાની હતી પરંતુ હવે તે છ જુલાઈના રોજ મળશે. એવું માનવામાં આવે છે કે આ મહત્ત્વપૂર્ણ બેઠકમાં ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય અને સભ્ય અનિલ મિશ્રાના ભવિષ્ય અંગે નિર્ણય લેવામાં આવશે. ટ્રસ્ટના તમામ ૧૪ સભ્યોને ૬ જુલાઈની બેઠકમાં હાજર રહેવા માટે કહેવામાં આવ્યું છે. ટ્રસ્ટના પ્રમુખ મહંત નૃત્ય ગોપાલ દાસ છે જે મંદિર નગરીના ૮૭ વર્ષીય સંત છે.

ટ્રસ્ટ એ અંગે પણ નિર્ણય લઈ શકે છે કે સંપૂર્ણ પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે દૈનિક કામગીરી અને ઉચ્ચ સ્તરે દેખરેખ માટેની રીતોમાં ફેરફારની જરૂર છે કે નહીં. ટ્રસ્ટમાં વધુ લોકોને સામેલ કરવા અંગેનો પણ નિર્ણય લેવામાં આવી શકે છે. આ નિર્ણય છેલ્લા વર્ષે ઓગસ્ટમાં ટ્રસ્ટ સભ્ય રાજા અયોધ્યા (બિમલેન્દ્ર મોહન મિશ્રા) ના નિધન બાદ તેમના સ્થાને કોઈને સમાવવા અંગે હોઈ શકે છે.

ટ્રસ્ટના સભ્યો પાસેથી એ પણ આશા છે કે તેઓ ભીડને નિયંત્રણ કરવા માટેની હાલની વ્યવસ્થા પર ચર્ચા કરશે અને આવનારા લોકોના અનુભવને સુધારવા માટે યોગ્ય વ્યૂહરચના બનાવશે.ટ્રસ્ટના એક સભ્યએ કહ્યું હતું કે આપણે ભક્તોને ભારે ગરમીથી બચાવવા માટે વધુ સુવિધાઓ ઉમેરવાની જરૂર છે. ઉનાળો વધુ કઠોર બની રહ્યો છે અને આપણે નિષ્ણાતોને બોર્ડ પર લાવીને આયોજન કરવું પડશે. સૂત્રોએ જણાવ્યું હતું કે ટ્રસ્ટના ખજાનચી ગોવિંદ દેવ ગિરીના કહેવાથી ઇમર્જન્સી મીટિંગ બોલાવવામાં આવી હતી.

ટ્રસ્ટના સભ્યોને લખેલા તેમના સૂચના પત્રમાં ગિરીએ જણાવ્યું હતું કે મીટિંગની તારીખ અગાઉ નક્કી કરવામાં આવી છે કારણ કે મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવાની હતી. મે ૨૦૨૦માં સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ દ્વારા જાહેર કરાયેલ નોટિફિકેશન દ્વારા આવકવેરા વિભાગમાં નોંધાયેલા ટ્રસ્ટમાં કેન્દ્ર અને રાજ્ય સરકારનું પ્રતિનિધિત્વ કરતા ચાર હોદ્દેદાર સભ્યો છે.

## જુલાઈ કોરો જઈ શકે છેઃ આઈએમડી

નવી દિલ્હીઃ દેશના હવામાન વિભાગ (આઇએમડી)એ દેશમાં જુલાઇમાં પણ સરેરાશ ઓછો વરસાદ પડવાની મંગળવારે આગાહી કરી હતી.

હવામાન ખાતાએ માસિક આગાહીમાં જણાવ્યું હતું કે દેશમાં જુલાઇમાં સરેરાશ વરસાદ લાંબા-ગાળાની સરેરાશના ૯૪ ટકા થવાની આશા છે. દેશમાં જુલાઇમાંની વરસાદની લાંબા-ગાળાની સરેરાશ અંદાજે ૨૮૦.૪ મિમી છે, પરંતુ આ વખતે તેમાં ઘટાડો થવાની શક્યતા છે.

લાંબા-ગાળાના વરસાદની સરેરાશ ખાસ કરીને ચોક્કસ પ્રદેશમાં ૩૦થી ૫૦ વર્ષ દરમિયાન પડેલા વરસાદની સરેરાશના આધારે ગણવામાં આવે છે.

આમ છતાં, દેશના હવામાન ખાતાએ જણાવ્યું હતું કે ઇશાન ભારત, વાયવ્ય ભારત, પૂર્વ-મધ્ય ભારત અને પૂર્વના દ્વીપકલ્પના અમુક વિસ્તારમાં સામાન્યથી લઇને વધારે વરસાદ પડવાની આગાહી છે. હવામાન ખાતાના ડિરેક્ટર જનરલ ડૉ. મૃત્યુંજય મોહપાત્રાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે જુલાઇમાં ઇશાન ભારત, વાયવ્ય ભારત, પૂર્વ-મધ્ય ભારત અને પૂર્વના દ્વીપકલ્પના અમુક વિસ્તારમાં સામાન્યથી લઇને વધારે વરસાદ પડવાની શક્યતા છે, જ્યારે મોટા ભાગના અન્ય વિસ્તારોમાં ઓછો કે સામાન્ય વરસાદ પડશે. (એજન્સી)■

પહેલા પાનાનું ચાલુ

### ચેમ્બુરમાં

રહેલા તમામ વિદ્યાર્થીઓ પાંચથી ૧૧ વર્ષની વયના હતા.

ઝાડ તૂટી પડવા બાળકોએ બૂમાબૂમ કરી મૂકી હતી. એ દરમ્યાન બસના ડ્રાઈવર અને સ્થાનિક લોકોએ બસની અંદર ફસાયેલા બાળકોને બહાર કાઢવાના પ્રયાસ હાથ ધર્યા હતા. આ દરમ્યાન મુંબઈ ફાયર બ્રિગેડ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

સ્કૂલ બસમાં રહેલા ૧૩ વિદ્યાર્થીઓમાંથી ચારને નાની-મોટી ઈજાઓ થઈ હતી જ્યારે પાછળની બાજુએ બેસેલો ૧૧ વર્ષનો એક વિદ્યાર્થી ગંભીર રીતે ઘાયલ થયો હતો, જેનું પછીથી મૃત્યુ થયું હતું.

ફાયરબ્રિગેડના અધિકારીના જણાવ્યા મુજબ બે દિવસથી સતત પડી રહેલા વરસાદ અને પવન ફૂંકાવાને કારણે આ ઝાડ તૂટીને સ્કૂલ બસ પર જોશભેર પડતાં બસ આખી દબાઈ ગઈ હતી.

બસની અંદર ફસાઈ ગયેલા વિદ્યાર્થીઓને બહાર કાઢવામાં મુશ્કેલી થઈ હતી.

આગળ બેઠેલાં બાળકોને સરળતાથી બહાર કાઢવામાં આવ્યાં હતાં પણ પાછળ બેઠેલાં વિદ્યાર્થીને ભારે જહેમત બાદ અડધા ક્લાકે બહાર કાઢવામાં આવ્યો હતો.

જખમી વિદ્યાર્થીઓને સારવાર માટે તરત નજીક આવેલી ચેમ્બુરની ઝેન હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

ફરજ પરના હાજર રહેલા ડૉક્ટરે ગંભીર રીતે જખમી થયેલા વિદ્યાર્થી વિહાન શ્રીવાસ્તવને સાંજે ૪.૨૩ વાગ્યે મૃત જાહેર કર્યો હતો. એક બાળકને સારવાર બાદ રજા આપવામાં આવી હતી.

એક પર આઈસીયુમાં સારવાર ચાલી રહી છે અને અન્ય બાળક સ્થિર હોવાનું ડૉક્ટરે કહ્યું હતું.

સ્કૂલ બસ ઓનર્સ અસોસિયેશનના અધ્યક્ષ અનિલ ગર્ગે આ દુર્ઘટનાને કુદરતની કમનસીબી ઘટના ગણીને તેને અવગણી શકાય નહીં એવું બોલતા કહ્યું હતું કે નાગરિકોની સુરક્ષાને લઈને પાલિકા પ્રશાસન અને સંબંધિત અધિકારીઓની જવાબદારી સામે ગંભીર પ્રશ્નો ઉભો કરે છે.

આ પૂરી ઘટના બાદ મેયરે ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી અને આ ઘટનાની તપાસ કરવાનો આદેશ આપ્યો હતો. સંબંધિત રસ્તા પરના ઝાડનું ચોમાસા પહેલા ટ્રિમિંગ કરવામાં આવ્યું હતું એવી માહિતી સ્થાનિક પાલિકા અધિકારીએ આપી હતી.

જોકે તાજેતરમાં અહીં રસ્તાનું સિમેન્ટ-કૉંક્રીટીકરણનું કામ થયું હતું ત્યારે સ્થાનિક નાગરિકોની અમુક ફરિયાદો આવી હતી તેની તપાસ કરવાનો નિર્દેશ પણ આપવામાં આવ્યો છે. આ પ્રકરણમાં બેદરકારી દાખવનારા સંબંધિતો સામે આકરી કાર્યવાહી કરવામાં આવશે એવી સ્પષ્ટતા મેયરે કરી હતી.

### ટ્રમ્પને

અધિકાર છે અને ૧૪મો સુધારો અમેરિકામાં જન્મેલી પ્રત્યેક વ્યક્તિને આ અધિકાર આપે છે એમ જણાવતાં મુખ્ય ન્યાયાધીશ જૉન રૉબર્ટસે કહ્યું હતું કે આજે અમે આ વચન આપીએ છીએ.

રિપબ્લિકન પાર્ટી તરફથી પ્રમુખ તરીકે ચૂંટાયેલા ટ્રમ્પના નાગરકિત્વ પરના અંકુશોને અનેક નીચલી અદાલતે અટકાવ્યા હતા અને એનો અમલ અમેરિકામાં ક્યાંય થયો નથી.

એપ્રિલ મહિનાની સુનાવણીમાં બન્ને પ્રકારના જજ-રૂઢિચુસ્ત અને ઉદાર મતવાદીએ ટ્રમ્પના હુકમની કાયદેસરતાને પડકારી હતી. આ કેસનું મહત્ત્વ એટલે વધી ગયું કારણ કે ટ્રમ્પે પોતે અદાલતના ખંડમાં અભૂતપૂર્વ હાજરી આપી હતી.

કેસમાં ટ્રમ્પની કારોબારી સત્તાની ફરી કસોટી લીધી હતી. અદાલતે રૂઢિચુસ્ત જજની બહુમતીની મદદથી અનેક વાર લાંબા ગાળાના દાખલાની ઉપેક્ષા કરીને પ્રમુખની સત્તાની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. જ્યારે અદાલતે ચુકાદો ટ્રમ્પની તરફેણમાં ન આપ્યો ત્યારે ટ્રમ્પે જજની ટીકા કરી છે.

### નાની બચત

છે. નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના બીજા ક્વાર્ટર માટે, જે ૧ જુલાઈ, ૨૦૨૬થી શરૂ થાય છે અને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સમાપ્ત થાય છે, વિવિધ નાની બચત યોજનાઓ પરના વ્યાજ દર, નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ ક્વાર્ટર (૧ માર્ચ, ૨૦૨૬ થી ૩૦ જૂન, ૨૦૨૬) માટે સૂચિત કરાયેલા વ્યાજ દરોથી યથાવત રહેશે, એમ નાણા મંત્રાલયે એક સૂચનામાં જણાવ્યું હતું.

નોટિફિકેશન મુજબ, સુકન્યા સમૃદ્ધિ યોજના હેઠળની થાપણો પર ૮.૨ ટકા વ્યાજ દર લાગશે, જ્યારે ત્રણ વર્ષની મુદતની થાપણ પરનો દર વર્તમાન ક્વાર્ટરમાં ૭.૧ ટકા રહેશે. લોકપ્રિય પબ્લિક પ્રોવિડન્ટ ફંડ (પીપીએફ) અને પોસ્ટ ઓફિસ સેવિંગ્સ ડિપોઝિટ સ્કીમ માટેના વ્યાજ દર અનુક્રમે ૭.૧ ટકા અને ચાર ટકા પર યથાવત રાખવામાં આવ્યા છે. કિસાન વિકાસ પત્ર પર વ્યાજ દર ૭.૫ ટકા રહેશે અને રોકાણ ૧૧૫ મહિનામાં પરિપક્વ થશે.


### ગુજરાતમાં

વરસાદ નોંધાયો હતો. જ્યારે અમરેલીના સાવરકુંડલામાં પણ ત્રણ ઇંચ કરતા વધારે વરસાદ નોંધાયો હતો. વલસાડના ધરમપુરમાં બે ઇંચ, નવસારીના જલાલપોરમાં બે ઈંચ વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત તાપી, ગીર-સોમનાથ, ભાવનગર જિલ્લામાં પણ અડધોથી દોઢ ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો. લાંબી પ્રતીક્ષા બાદ રાજ્યમાં વરસાદી વાતાવરણ જામતા ખેડૂતો અને તંત્ર તેમ જ સામાન્ય જનતાએ રાહત અનુભવી હતી. જોકે બીજી બાજુ નવસારી, સુરત સહિતનાં શહેરોમાં માત્ર ત્રણ-ચાર ઇંચ વરસાદમાં ઘરોમાં પાણી ઘૂસી જવાની, રસ્તાઓ બેસી જવાની સમસ્યાઓ સર્જાતા સ્થાનિકોએ ભારે હાલાકી ભોગવી હતી. હવામાન વિભાગે આવનારા અઠવાડિયામાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. વરસાદી વાતાવરણ જામતા ગરમીમાં આંશિક રાહત મળી હતી. તેમ છતાં અમદાવાદ, રાજકોટ, સુરેન્દ્રનગરનું તાપમાન ૪૦ ડિગ્રી નોંધાયું હતું જ્યારે અન્ય શહેરોમાં પણ પારો ૩૫થી ૩૯ વચ્ચે રહ્યો હતો.

### યુવાન ઘેલાણી

સહાનીની તબિયત સ્થિર હોઈ તેના પર હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ૧૦ વર્ષની ક્રિશા રોયને સારવાર હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. ૧૨ વર્ષના ગણિવ સિંહની તબિયત સ્થિર છે. જોકે ૧૧ વર્ષના વિહાન શ્રીવાસ્તવનું હૉસ્પિટલમાં સારવાર અગાઉ જ મૃત્યુ થયું હતું.

અઠ્યાવીસમી પુણ્યતિથિ



સ્વ.ચત્રભુજ નરસી

સ્વર્ગવાસ: ૧-૭-૧૯૯૮

શિક્ષણ દ્વારા આત્મનિર્ભરતાનો માર્ગ દર્શાવવા માટે અમે હંમેશા આપના ઋણી રહીશું

નરસી મોનજી પરિવાર


# થાણેમાં કેડબરી જંક્શન પર ટેન્કર પલટી ખાતા મુંબઈ-નાશિક હાઈવે પર ટ્રાફિક જૅમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: મુંબઈ-નાશિક હાઈવે પર કેડબરી જંક્શન પરિસરમાં મંગળવારે બપોરના એક સિમેન્ટ લઈ જનારું ટેન્કર પલટી ખાઈ જતા એક્સિડન્ટ થયો હતો, જેને પગલે હાઈવે પર ભારે ટ્રાફિક જૅમ થઈ ગયો હતો. ઘોડબંદર રોડ અને ભિવંડી તરફ જનારા વાહનોને આ એક્સિડન્ટને કારણે ફટકો પડયો હતો.

નવી મુંબઈ જેએનપીએ, ભિવંડી, નાશિક અને સમૃદ્ધી હાઈવે પરથી થાણે, ઘોડબંદર, ગુજરાત તરફ ભારે વાહનો અવરજવર કરતા હોય છે. ભારે વાહનોને થાણેના માજિવાડા ચોકમાં પ્રવેશ પર પ્રતિબંધ હોવાથી ભારે વાહનોને માજિવાડા ફ્લાયઓવર પરથી કેડબરી જંક્શનથી ટર્ન લઈને ઘોડબંદર અથવા ગુજરાત દિશામાં પ્રવાસ કરવો પડે છે. આ વળાંક તીવ્ર હોવાથી અનેક વખત અહીં એક્સિડન્ટ થતા હોય છે. તેમ જ મુંબઈ, નવી મુંબઈથી આવતા હજારો હલકા વાહનો પણ આ જ માર્ગથી થાણે દિશામાં પ્રવાસ કરે છે. તેથી આ થાણે જિલ્લામાં વાહનવ્યવહાર માટે મહત્ત્વનો માર્ગ ગણાય છે. મંગળવારે બપોરે લગભગ પોણા ત્રણ વાગ્યાની આસપાસ અહીં વળાંક પર ટેન્કરે પલટી ખાતા ભારે ટ્રાફિક થઈ ગયો હતો.

આ ટેન્કર મુંબઈ-નાશિક હાઈવે પરથી ઘોડબંદર તરફ જઈ રહ્યું હતું, જેમાં પચાસ ટન વજનની સિમેન્ટ હતી. કેડબરી જકંશન પર વળાંક લેતા સમયે ટેન્કર પલટી ખાઈ ગયું હતું. તેને પગલે હાઈવે પર કેડબરી જંક્શનથી નિતીન કંપની સુધી વાહનોની લાંબી લાઈન લાગી ગઈ હતી. ટ્રાફિકને કારણે ઘોડબંદર, ભિવંડી, માજિવડા, વસંત વિહારની દિશામાં પ્રવાસ કરનારા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ટ્રાફિક પોલીસ, થાણે પાલિકાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ફાયરબ્રિગેડે ભારે જહેમત બાદ ટેન્કરને ઊભો કરીને ટ્રાફિક પૂર્વવત્ કર્યો હતો.■

# દહિસરમાં ભીષણ આગમાં એક જખમી

મુંબઈ: દહિસર પૂર્વમાં શિવ વલ્લભ માર્ગ પર આવેલા શુકલા કમ્પાઉન્ડ નજીકની સુતાર ચાલીમાં મંગળવારે વહેલી સવારે એક ઘરમાં આગ લાગી હતી, જેમાં ૪૫ વર્ષની વ્યક્તિ ગંભીર રીતે દાઝી જતા તેના પર હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ ચાલીમાં વહેલી સવારના ૬.૩૦ વાગ્યાની આસપાસ ઘરમાં આગ લાગવાની જાણ થતા આજુબાજુ રહેતા રહેવાસીઓ ગભરાઈ ગયા હતા અને ઘરની બહાર નીકળી આવ્યા હતા. આગની જાણ થતા ફાયરબ્રિગેડ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ■

# ખેડૂતને ફક્ત ૧ પૈસાની સહાય!! પીએમ - કિસાન યોજનામાં છબરડો

ભંડારા : મહારાષ્ટ્રના એક ખેડૂતને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (પીએમ-કિસાન) યોજના હેઠળ તેના ખાતામાં અપેક્ષિત રૂ. ૨૦૦૦ ના બદલે માત્ર એક પૈસો જમા થયા હોવાનો મેસેજ તેના મોબાઇલ પર આવ્યો ત્યારે તે મુંઝવણમાં મુકાઈ ગયો હતો. જોકે, કૃષિ વિભાગે આને ટેકિનક્લ ભૂલ ગણાવી હતી.

સોમવારે મીડિયા સાથે વાત કરતા ભંડારા જિલ્લાના જેવનાલા ગામના ૬૫ વર્ષીય લાભાર્થીના પુત્ર ખેમરાજ ગિરેપુંજેએ જણાવ્યું હતું કે જ્યારે તેમની માતા લક્ષ્મીબાઈને આ યોજના હેઠળ હપ્તાા તરીકે તેમના બેંક ખાતામાં ૦.૦૧ રૂપિયા જમા થયાનો સંદેશ મળ્યો ત્યારે પરિવાર સ્તબ્ધ થઈ ગયો હતો.

તેમણે દાવો કર્યો હતો કે ખરીફ વાવણીની મહત્વપૂર્ણ મોસમ શરૂ થઈ રહી હોવાથી તેમને બિયારણ અને ખાતર માટે તાત્કાલિક નાણાંની જરૂર છે. ભંડારા જિલ્લા કૃષિ અધિકારી સંગીતા માનેએ સ્પષ્ટતા કરી હતી કે ટેક્નિક્લ ભૂલને કારણે લાભાર્થીને સંદેશ મોકલવામાં આવ્યો હોઈ શકે છે અને નોંધ્યું હતું કે રેકોર્ડ મુજબ ખેડૂતના બેંક ખાતામાં રૂ. ૨,૦૦૦ નો હપ્તો જમા થઈ ગયો છે.■


૨૦૫ વર્ષમાં પ્રવેશ બદલ મુંબઈ સમાચાર ને હાર્દિક શુભેચ્છા

TOSAA COOKWARE MUCH MORE...




Triply Construction
INNER LAYER Stainless Steel 304 Food grade material for healthy cooking.
MIDDLE LAYER Aluminium Transmits heat even and quickly.
OUTER LAYER Stainless Steel 430 Compatible with all kinds cook tops.

Speical Offers Buy@ amazon.in | insta mart
Selected items available

Look for TOSAA brand for Genuine Triply stainless steel Widest range

* Picture creative representation

*T&C Apply

TOSAA INDUSTRIES PVT LTD.

Authorised Distributor: MANSUKH DISTRIBUTORS PVT LTD.
19 B, Agarwal Market, Vile Parle (E). M: +91 9987343899, 77770 65380


# થાણેમાં ઝાડ તૂટી પડતાં રાહદારી જખમી, ૧૧ વાહનોને નુકસાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણેમાં ઈન્ડસ્ટ્રિયલ એરિયા ગણાતા વાગલે એસ્ટેટ પરિસરમાં રોડ નંબર ૩૧ પર મંગળવારે સવારના અચાનક એક વિશાળ વૃક્ષ તૂટી પડયું હતું, જેમાં બાવન વર્ષના એક રાહદારી જખમી થયો હતો, જયારે ૧૧ વાહનોને મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું. તો શહેરમાં ભારે વરસાદને પગલે અન્ય સ્થળોએ પણ વૃક્ષ અને તેની શાખાઓ તૂટી પડવાના બનાવ નોંધાયા હતા.

ચોમાસું શરૂ થવાની સાથે જ ઠેર-ઠેર ઝાડ તૂટી પડવાના બનાવ વધી રહ્યા છે, જેમાં થાણે પશ્ચિમમાં વાગલે એસ્ટેટમાં મંગળવારે ભર રસ્તા પર એક વિશાળ ઝાડ તૂટી પડતા ત્યાંથી પસાર થઈ રહેલા બાવન વર્ષના પવન ઝા જખમી થયા હતા. તો બસ, ટેમ્પો, બે કાર સહિત છ ટૂ- વ્હીલર અને એક રિક્ષા સહિત ૧૧ વાહનોને નુકસાન થયું હતું. થાણેમાં ઈન્ડસ્ટ્રિયલ એરિયા ગણાતા વાગલે એસ્ટેટમાં અનેક કંપનીઓ આવેલી છે, જેમાં દરરોજ હજારોની સંખ્યામાં લોકો કામ પર આવે છે. મંગળવારે સવારના વાગલે પોલીસ સ્ટેશન નજીક પ્રશાંત કોર્નર નજીક રોડ નંબર ૩૧ પર સવારના ૮.૪૯ વાગે અચાનક ઝાડ તૂટીને રસ્તાને લાગીને ઊભી રહેલી બસ, ટેમ્બો, બે કાર, છ ટૂ-વ્હીલર અને એક રિક્ષા પર પડ્યું હતું, જેમાં એક બસ થાણે ગ્રામીણની બોમ્બ સ્કવોડ ટીમની હતી. બરોબર એ જ સમયે જ્ઞાનેશ્વર નગરમાં રહેતા પવન ઝા પોતાની ઓફિસે આ રસ્તા પરથી ચાલતા જઈ રહ્યા હતા ત્યારે તેમના પર આ ઝાડ પડ્યું હતું. આ દુર્ઘટનામાં તેમના માથા અને છાતીને ભારે ઈજા પહોંચી હતી. સ્થાનિક નાગરિકોની મદદથી તેમને નજીક આવેલી ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

ઝાડ તૂટી પડવાની જાણ થતા જ ઘટના સ્થળે પોલીસ, ફાયરબ્રિગેડ, થાણે પાલિકા સહિત ટ્રી ઓથોરિટીના કર્મચારી-અધિકારીઓ પહોંચી ગયા હતા અને ઝાડની ડાળખીઓ કાપીને ઝાડને હટાવીને રસ્તો ખુલ્લો કરવાનું કામ હાથ ધર્યું હતું.

એ સમય દરમ્યાન જ થાણે પશ્ચિમમાં વસંત વિહારમાં સેન્ટ્રલ ગાર્ડન સામે બિલ્ડિંગ નંબર ૭૩ના પરિસરમાં એક મોટું ઝાડ તૂટીને ત્યાં પાર્ક કરેલી બે ગાડીઓ પર પડયું હતું. સદ્નસીબે આ દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું. ■


Sapna Since 1967 India's Largest Book Mall

A STORE FOR THE ENTIRE FAMILY

BOOKS | STATIONERY
ART & CRAFT | GIFTS
TOYS & SPORTS | OFFICE SUPPLIES
TECH ACCESSORIES | SCHOOL PRODUCTS
FOOD & CHOCOLATES | REGIONAL BOOKS



SHOP ONLINE 24 X 7
R.O: 3rd Main Road, Gandhinagar, Bengaluru - 560 009.
SCAN FOR STORE LOCATIONS


# પ્લાસ્ટિકની રિવોલ્વરથી જ્વેલર્સને ધમકાવી દાગીના લૂંટવાનો પ્રયાસ કરનારો પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પ્લાસ્ટિકની રિવોલ્વરથી જ્વેલર્સને ધમકાવી દુકાનમાંથી સોનાના દાગીના લૂંટવાનો પ્રયાસ કરનારા બે લૂંટારામાંથી મુખ્ય આરોપીની પોલીસે ધરપકડ કરી હતી. રિવાલ્વર નકલી હોવાનું ધ્યાનમાં આવતાં દુકાનદારે બન્ને લૂંટારાનો સામનો કર્યો હતો અને બૂમાબૂમ કરી મૂકી હતી. ધમાચકડીમાં દાગીના છોડી ભાગી રહેલા બેમાંથી એક લૂંટારાનો મોબાઈલ ઘટનાસ્થળે પડી ગયો હતો.

તુલિંજ પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ કન્નન મુર્ગેશ તેવર (૫૦) તરીકે થઈ હતી. વડાલાના કોકરી બસ ડેપો નજીકની ગણેશ ચાલમાં રહેતા તેવરને સોમવારે છટકું ગોઠવી ઘર નજીકથી તાબામાં લેવાયો હતો. રેકોર્ડ પરના આરોપી તેવર વિરુદ્ધ મુંબઈના સાયન, દાદર અને એન્ટોપ હિલ પોલીસ સ્ટેશનમાં લૂંટ અને એમસીઓસીએ હેઠળ ગુના નોંધાયેલા હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું હતું. ■

# ટીઈટી પેપર લીક કેસ: ફરાર મુખ્ય આરોપીની પત્નીની ધરપકડ

મુંબઈ: ટીચર એલિજિબિલિટી ટેસ્ટ (ટીઈટી), ૨૦૨૬નું પ્રશ્નપત્ર લીક કરવાના કેસમાં સ્પેશિયલ ઈન્વિસ્ટિગેશન ટીમે (એસઆઈટી) ફરાર મુખ્ય આરોપી બિજેન્દર ગુપ્તાની પત્નીની ધરપકડ કરી હતી. ટીઈટી પેપર ફૂટવાના કેસમાં આર્થિક વ્યવહારની તપાસ બાદ પોલીસની ટીમ પટના પહોંચી હતી. પેપર લીક કેસના કથિત સૂત્રધાર બિજેન્દર ગુપ્તાની પત્ની સુમનકુમારી ગુપ્તાને તાબામાં લેવાઈ હતી. સુમનકુમારીના બૅન્ક ખાતામાં પેપર લીક સંબંધી આર્થિક વ્યવહાર થયા હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

ભિવંડી લાવ્યા પછી પ્રાથમિક પૂછપરછ બાદ સુમનકુમારીની ધરપકડ કરવામાં આવી હતી. મંગળવારે તેને કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવી હતી. કોર્ટે તેને છ જુલાઈ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. સુમનકુમારીના પતિ બિજેન્દરની અગાઉ ઓડિશા ટીઈટી પૅપર લીક કેસમાં સંડોવણી સામે આવી હતી. ત્યારથી બિજેન્દર ફરાર હોવાનું કહેવાય છે. આ કેસમાં અગાઉ ભિવંડીની કોનગાંવ પોલીસે ત્રણ આરોપી રાજીવ શૉ, આકાશ કુમાર અને ધિરજ સિંહની ધરપકડ કરી હતી. ■


ધોરણ ૧૦ અને ૧૨ પછી

વ્યાવસાયિક શિક્ષા વિદ્યાર્થી માટે સ્કૉલરશિપ

વ્યાવસાયિક શિક્ષણ ના વિદ્યાર્થી માટે

ઍન્જિનિયરીંગ ડીગ્રી, ડીપ્લોમા, મેડિકલ, ફાર્મસી,માસ મિડીયા, નર્સિંગ, ટુરીઝમ હોટેલ મેનેજમેંટ આ યોજના લાગુ છે

આ શિષ્યવૃતી લોન સ્વરુપે આપવામાં આવશે. ૧૦ અને ૧૨ માં ધોરણ પછી નોકરી મળ્યા પછી લોન ના હપ્તા માસિક દરે પાછા આપવામાં રહેશે. આના ઉપર કોઈ પણ પ્રકારનું વ્યાજ લેવામાં આવશે નહિં.

વર્ષ ૨૦૨૫-૨૬માં ૨૫૯ વિદ્યાર્થીઓને રૂપિયા ૨.૨ કરોડની શિષ્યવૃત્તિનું વિતરણ કરવામાં આવ્યું.

અહીં અનલાઇન અરજી કરો : sites.google.com/site/mulundrotaryvls

અરજી સ્વિકારવાની અંતીમ તારીખ : ૩૧ જુલાઈ ૨૦૨૬

સંયોજક : Rotary Club Of Mulund facebook.com/MulundRotaryVls/

97690 79853, 83560 12866 • 99877 80151

સુશિક્ષિત ભારત, સમર્થ ભારત



ગુજરાતી સ્પેશીયલ ટુર્સ

સફળ ગ્રુપ ટુર્સના ૪૨ વર્ષ
નિષ્ણાત દ્વારા રચાયેલ સર્વ સમાવેશક યાત્રાઓ
શુદ્ધ શાકાહારી ભોજન & નાસ્તો
શ્રેષ્ઠ એરલાઈન્સ તથા પ્રીમિયમ હોટલ્સ
બધા જ જોવાલાયક સ્થળો આવરી લેવાયેલ
કેસરીના ટુર લીડર્સની સેવાઓ




પરંપરાગત સ્પર્શ સાથે અવિસ્મરણીય વૈશ્વિક યાત્રાઓ!

મર્યાદિત પ્રસ્થાનોની તક ઝડપી લો અને તમારી આગામી રજા હમણાં જ બુક કરી દો

ઓફરો* | એડવાન્સ બુકિંગ ₹ ૪૫,૦૦૦ સુધીની છૂટ* | સંપૂર્ણ ચૂકવણી છૂટ* ૯૦ દિવસ પહેલાં | Ex. ગેસ્ટ છૂટ* | ૮+ગ્રુપ છૂટ* | ચોમાસાની ઓફર* જુલાઈથી સપ્ટેમ્બર વધારાની છૂટ ₹ ૫,૦૦૦ સુધી | 0% EMI

ગુજરાતી સ્પેશીયલ પ્રસ્થાન શરૂઆત @ ₹ ૮૨,૦૦૦*
GT 06 થાઈલૅન્ડ
GS 08 શ્રીલંકા યાલા નેશનલ પાર્ક
GE 10 સિંગાપોર મલેશિયા થાઈલૅન્ડની રંગીલી સફર
GC 11 અનોખું ચીન
GZ 13 અકલ્પનીય ચીન
GM 16 વંડર્સ ઓફ યુરોપ એન્જલબર્ગ

આંતરરાષ્ટ્રીય ટુર્સ શરૂઆત @ ₹ ૨,૦૭,૦૦૦*
JS 06 જાપાન છોટા બ્રેક
UE 07 USA ઈસ્ટ કોસ્ટ શિકાગો
PS 08 ઈસેન્શીયલ યુરોપ
EW 10 બેસ્ટ ઓફ સ્કેન્ડિનેવિયા
YI 14 સાઉથ આફ્રિકા કેન્યા વિક્ટોરિયા ફોલ્સ
AI 17 ઓસ્ટ્રેલિયા ન્યુઝીલેન્ડ

સરળ વિઝા ટુર્સ શરૂઆત @ ₹ ૮૬,૦૦૦*
WI 05 બાલી છોટા બ્રેક
MI 06 મોરેશિયસ
DI 07 દુબઈ અબુ ધાબી ૩ થીમ પાર્કસ
NP 08 નેપાલ
FV 10 વિયેટનામ કમ્બોડિયા
NZ 10 ભૂતાન

૯ ઑગસ્ટ ટાન્ઝાનિયા વન્યજીવન સ્પેશીયલ VT 07
૨૭ સપ્ટેમ્બર સંપૂર્ણ મલેશિયા FN 08
૧૦ ડિસેમ્બર યુરોપ ક્રીસમસ માર્કેટ સ્પેશીયલ EZ 08
૧૯ નવેમ્બર ૪ ફેબ્રુ-૨૦૨૭ રિયો કાર્નિવલ સાઉથ આફ્રિકા UB 20
૮ માર્ચ ૨૦૨૭ એન્ટાર્કટિકા UZ 13

કેસરી ટુર્સ તરફથી મુંબઈ સમાચારના સ્થાપના દિવસની શુભેચ્છા

*T & C Apply


9930 33 0066 | 1800 266 1100 Monday to Saturday 9.30 AM to 7 PM
Mumbai 022-61744100 | Mahim 9167835083 | Vile Parle 7045234545 | Borivali 02269582200 | Vasai 7045000031 | Thane 02269721100 | Thane 7045000041 | Dombivali 7045000041 | Vashi 02269462222 | Chembur 7045000091 | Pokharan Road 9619246688 | Dombivali 9930603313 | Kalyan 9820818332 | Khadakpada 8879635051 | Panvel 9769923188 | Virar 9890357785 | Alibag 9881471477 | Palghar 8446605040 | Boisar 9869200253 | Badlapur 9850080108 | Bhiwandi, Ulhasnagar, Karjat
KESARI.in

Kesari's Speciality Tours | KESARI SELECT CUSTOMIZED HOLIDAYS 1800 266 9080, 86577 58850 | KESARI CORPORATE TOURS 70300 11444, 914556 1122 | Foreign Exchange | Shop travel-curated products. www.shop.kesari.in


# બોગસ એફડીએ અધિકારીની રેઈડ: બે સામે ગુનો

મુંબઈ: એફડીએનાં સૂત્રો સંભાળ્યા પછી તુકારામ મુંઢેએ ઠેકઠેકાણે હાથ ધરેલી કાર્યવાહીનો લાભ ઉઠાવી બે ઠગે એફડીએના અધિકારીના સ્વાંગમાં બોરીવલીની જાણીતી હૉટેલમાં રેઇડ કરી હતી. હૉટેલમાલિકની ફરિયાદને આધારે બોરીવલી પોલીસે વિજય જાધવ અને સ્વાતિ તુળસકર વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બોરીવલી પશ્ચિમમાં આવેલી હૉટેલમાં બન્ને આરોપીએ હૉટેલમાલિકને પોતાની ઓળખ એફડીએના અધિકારી હોવાની આપી હતી. તપાસને બહાને દમદાટી કરી બન્ને જણે કાર્યવાહીની ચીમકી આપી હતી. આરોપીએ તેમનાં આઈ કાર્ડ બતાવ્યાં હતાં, જેના પર ફૂડ કૉર્પોરેશન ઑફ ઈન્ડિયા (એફસીઆઈ) લખ્યું હતું. આઈ કાર્ડ જોઈને અને કથિત અધિકારીઓના વાણી-વર્તનથી હૉટેલમાલિકને શંકા ગઈ હતી. ■

Nalin V. Shah
Chairman / M.D.
SHAH GROUP

શ્રી નલિનભાઈ શાહ તરફથી મુંબઈ સમાચારને વર્ષ ૨૦૫ માં પ્રવેશ નિમિત્તે હાર્દિક શુભેચ્છા

SHAH GROUP BUILDERS & INFRAPROJECTS LTD.
9821025989 / 9321803000
Head Office : 5th Floor, Shah Signature, Plot No.7, Sec.17, Vashi, Opp. Abhyudaya Bank, Navi Mumbai - 400703

# દક્ષિણ મુંબઇ સહિત પૂર્વ-પશ્ચિમ ઉપનગરોની છ રેસ્ટોરાં હોટલનાં લાઇસન્સ રદ

મુંબઈ : એફડીએએ દરોડા દરમિયાન અસ્વચ્છ રસોડા, સમયસીમા સમાપ્ત થયેલ સ્ટોક અને નકલી બ્રાન્ડેડ ઉત્પાદનો મળી આવ્યા બાદ એક પોશ રેસ્ટોરન્ટ સહિત છ રેસ્ટોરન્ટ અને ખાણીપીણીની આઉટલેટ્સના લાઇસન્સ સસ્પેન્ડ કર્યા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, રાજ્યવ્યાપી અમલીકરણ અભિયાનના ભાગ રૂપે, પોશ નરીમાન પોઈન્ટ વિસ્તારમાં આવેલા ફ્લિન્ટ એન્ડ વારસા રેસ્ટોરન્ટ અને પૂર્વ અને પશ્ચિમ ઉપનગરોમાં હોટલ, રેસ્ટોરન્ટ અને બેકરી સહિત પાંચ અન્ય દુકાનો સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

સોમવારે બોરીવલી, સાંતાક્રુઝ, અંધેરી, બાંદ્રા અને ભાંડુપમાં દરોડા પાડ્યા હતા, જ્યાં અધિકારીઓને કોકરોચ, ઉંદરો અને અસ્વચ્છ રીતે કાચા માલનો સંગ્રહ મળી આવ્યો હતો. વધુમાં, હોટેલો-રેસ્ટોરાંઓ પાસે જરૂરી દસ્તાવેજો નહોતા

### ચિંચોલી બંદર પર પણ અવ્યવસ્થા-ગંદકી

મલાડના ચિંચોલી બંદર રોડ વિસ્તારમાં ઘણી જગ્યાએ હૉટેલો-રેસ્ટોરામાં રસોડા અત્યંત અસ્વચ્છ હોવાની જાણકારી મળી હતી.

આ સમગ્ર મામલાને ગંભીરતાથી લેતા સામાજિક કાર્યકર મનોજ યાદવે બૃહન્ મુંબઈ મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગ અને ઘર અને કારખાના વિભાગને અલગ અલગ લેખિત ફરિયાદો સુપરત કરી છે. અને તાત્કાલિક કાર્યવાહીની માગ કરી છે.

## કંપનીના ડિરેક્ટરના નામે વૉટ્સઍપ મેસેજ મોકલી ૧૦ કરોડની છેતરપિંડી

### મહારાષ્ટ્ર, દિલ્હી અને બિહારથી છ આરોપીની ધરપકડ


મુંબઈ: કંપનીના ડિરેક્ટરનો ફોટો વાપરીને તથા તેના નામે કર્મચારીને વ્હૉટ્સઍપ મેસેજ મોકલીને ૧૦.૪૦ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવાના કેસમાં સાઉથ સાયબર પોલીસે મહારાષ્ટ્ર, દિલ્હી અને બિહારથી છ આરોપીની ધરપકડ કરી હતી. આરોપીઓએ છેતરપિંડી આચરી મેળવેલી રકમથી ઉત્તર પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ, દિલ્હી, મહારાષ્ટ્રમાં નામાંકિત જ્વેલર્સ પાસેથી સોનું ખરીદ્યું હોવાનું તપાસમાં જાણવા મળ્યું હતું.

સાઉથ સાયબર પોલીસે આ કેસમાં ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ જ્ઞાનેશ્વર ઠોકે, વિકાસ ઉપેન્દ્ર બિંદ, બિરેન્દ્રકુમાર ચંદ્રમા ભગત, રંજનકુમાર રાજુ ખરવાર, વંશ સુમિત મનોચા અને ફૈયાઝ શબ્બીર હુસેન આલમ તરીકે થઇ હતી.

પોલીસના જણાવ્યા મુજબ ૩ જૂન, ૨૦૨૬થી ૧૫ જૂન, ૨૦૨૬ દરમિયાન છેતરપિંડી આચરવામાં આવી હતી. આ કેસનો ફરિયાદી ખાનગી કંપનીમાં કામ કરતો હોઇ તેને આરોપીઓએ કંપનીના ડિરેક્ટરનો ફોટો વાપરીને તથા તેના નામે વ્હૉટ્સઍપ મેસેજ કર્યો હતો, જેમાં પોતે મિટિંગમાં વ્યસ્ત હોવાનું જણાવીને તાત્કાલિક વિવિધ બૅંક ખાતાંમાં રૂપિયા ટ્રાન્સફર કરવાનું કહેવામાં આવ્યું હતું. મેસેજ કંપનીના ડિરેક્ટરનો હોવાનું માનીને અને તેમનો આદેશ હોવાનું સમજી ફરિયાદીએ કંપનીના બૅંક ખાતામાંથી ૬૩ ટ્રાન્ઝેક્શન દ્વારા ૧૦.૪૦ લાખ આરોપીએ જણાવેલા બૅંક ખાતામાં ટ્રાન્ઝફર કરી દીધા હતા.

દરમિયાન આ પ્રકરણે ફરિયાદ નોંધાતાં ૧૬ જૂને ગુનો દાખલ કરાયો હતો અને સંબંધિત બૅંકોનો સંપર્ક સાધીને રકમ અટકાવવાનું કહેવામાં આવ્યું હતું. બીજી તરફ પોલીસ ટીમો તૈયાર કરી તેમને બિહાર, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ અને દિલ્હી મોકલવામાં હતી. કંપનીના ખાતામાંથી ૩૧ લાખ રૂપિયા જ્ઞાનેશ્વર ઠોકેના ખાતામાં ટ્રાન્સફર થયાનું તપાસ દરમિયાન જણાતાં તેને જાલનાથી શોધી કઢાયો હતો. તેની પૂછપરછ બાદ પોલીસે બાકીના આરોપીઓની બિહાર અને દિલ્હીથી ધરપકડ કરી હતી, એમ પોલીસ અધિકારીએ કહ્યું હતું.

## મુખ્ય પ્રધાનને હસ્તે ‘અગ્નિશિલા’ વિશેષાંકનું વિમોચન



મુંબઈ: હિન્દી માસિક ‘અગ્નિશિલા’ના બાવીસમા સ્થાપના દિવસના વિશેષાંકનું મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પોતાના સત્તાવાર નિવાસસ્થાન વર્ષા ખાતે વિમોચન કર્યું હતું.

તંત્રી અનિલ વેદવ્યાસ ગલગલીના નેતૃત્વ હેઠળ બે દાયકાથી ‘અગ્નિશિલા’ સામાજિક મુદ્દાઓ, જાહેર હિત, માહિતી અધિકાર (આરટીઆઈ) અને જનજાગૃતિના ક્ષેત્રોમાં સક્રિય ભૂમિકા ભજવી રહ્યું છે.

ફડણવીસે ‘અગ્નિશિલા’ની સામાજિક પ્રતિબદ્ધતા બદલ પ્રશંસા કરી અને ભવિષ્ય માટે શુભકામનાઓ આપી હતી.

## પુણે લોહગડ મર્ડરઃ સિયા ગોયલનું અફેર હોવાની કેતનને શંકા હતી

### સિયાનું બેકગ્રાઉન્ડ ચકાસાયું હતું?ઃ કેતને પરિવારજનોને પૂછ્યું હતું

પુણેઃ પુણેમાં ટ્રેકર અને રિયલ એસ્ટેટ કંપનીના ડિરેક્ટર કેતન અગરવાલની હત્યાના કેસની તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે સિયા ગોયલનું અફેર હોવાની શંકા કેતને તેના પરિવાર સમક્ષ વ્યક્ત કરી હતી અને સિયા સાથે લગ્ન નક્કી કરતાં પહેલા તેનું બેકગ્રાઉન્ડ ચકાસાયું હતું? એવું તેણે પરિવારજનોને પૂછ્યું હતું.

પુણે જિલ્લાના લોહગડ કિલ્લા પરથી ૧૮ જૂને કેતનને સિયા અને તેના પ્રેમી ચેતન ચૌધરીએ ધક્કો માર્યો હતો. કેતન ૪૦૦ ફીટ ઊંડી ખીણમાં પડતાં તેનું મૃત્યુ થયું હતું. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે કેતનના પિતા વિશાલ અગરવાલે પોતાની ફરિયાદમાં ઉલ્લેખ કર્યો હતો કે તેના પુત્રએ ચેતન સાથે સિયાની નિકટતા અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે સિયા ઘણીવાર તેમની વચ્ચેની વાતચીતમાં ચેતનનું નામ લેતી હતી.

ઇન્ડોનેશિયાના બાલીની ટ્રિપ ૬ જૂને ૨૬ થયા બાદ કેતને તેના પિતાનો સંપર્ક સાધ્યો હતો અને સિયા નાની બાબતોમાં ઝઘડો કરતી હોવાની ફરિયાદ કરી હતી. પિતાએ તેને કહ્યું હતું કે તે નાની છે એટલે આવું વર્તન કરી શકે છે. પિતાએ કેતનને ખાતરી આપી હતી કે તેઓ સિયા સાથે આ અંગે વાત કરશે. સિયા અને કેતન ૧૪ જૂને લોહગડ કિલ્લા પર એ જ જગ્યાએ ગયા હતા, જ્યાંથી ચાર દિવસ બાદ કેતનને ધક્કો મારવામાં આવ્યો હતો. ૧૪ જૂને સિયાએ કેતનને કિલ્લા પરથી ધકેલી દેવાનો પ્રયાસ કર્યો હતો. જોકે કેતને ઝાડને પકડી રાખતા બચી ગયો હતો. (પીટીઆઇ)

## ગોળીબારની ઘટનાઓ પાછળ વિદેશમાં રહેલી ખંડણી ટોળકીઓ જવાબદાર

મુંબઈઃ વિદેશોમાંથી સંચાલન કરી રહેલી સંગઠિત ખંડણી ટોળકીઓ મહારાષ્ટ્રમાં થયેલા ગોળીબારની ઘટનાઓ પાછળ જવાબદાર છે, એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે વિધાનસભામાં જણાવ્યું હતું. આ પહેલાં વિપક્ષઓએ એવી માગણી કરી હતી કે આવા ગોળીબારના કેસની અને ગેન્ગસ્ટર લોરેન્સ બિશ્નોઈની સંડોવણીની તપાસ કરવામાં આવે. ફડણવીસે કહ્યું હતું કે કેન્દ્ર સરકાર વિદેશોમાં રહીને વીપીએન અને વર્ચ્યુઅલ નંબરનો ઉપયોગ કરીને ધમકીઓ આપવાના કામ કરી રહેલા ક્રિમિનલ સિન્ડિકેટના લોકોને પાછા લાવવા માટેના પ્રયાસો કરી રહી છે. વિપક્ષી નેતા વિજય વડેટ્ટીવાર દ્વારા કરવામાં આવેલા રાજ્યમાં તાજેતરમાં થયેલા કેટલાક ગોળીબારના બનાવો સંબંધી સવાલ અને વિધાનસભ્ય અસલમ શેખ દ્વારા કરવામાં આવેલા પૂરક સવાલોનો જવાબ આપતાં ફડણવીસે કહ્યું હતું કે તેઓ કેટલાક લોકોને ધમકાવે છે. જો કોઈ નાણાં આપવાનો ઈનકાર કરે તો સ્થાનિક ગુનેગારોને તેમના ઘર કે દુકાનની બહાર ગોળીબાર કરવાનો જણાવે છે. તેમનો હેતુ લોકોને ડરાવવાનો છે, જેથી તેઓ ખંડણીની રકમ ચૂકવી આપે. આ કોઈ ઘણા શક્તિશાળી લોકો નથી, તેઓ વિદેશોમાં રહીને ડર ફેલાવીને ખંડણી ઉઘરાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

છેલ્લા પાનાનું ચાલુ

### મઢ-વર્સોવા

સ્ટેડ માળખું હશે અને ચોવીસ કલાક ઍક્સેસ પ્રદાન કરશે. આ બ્રિજ મઢ જેટી રોડથી શરૂ થઈને વર્સોવામાં ફિશરીઝ યુનિવર્સિટી રોડ નજીક પૂરો થશે. આ પુલ મઢ, માર્વે, મલાડ અને કાંદિવલીના મુસાફરીના સમયમાં નોંધપાત્ર ઘટાડો કરશે તેવી અપેક્ષા છે. તે મુંબઈ કોસ્ટલ રોડના બીજા તબક્કા સાથે પણ જોડાશે, જે દહિસર અને ભાયંદર તરફ સીમલેસ ઍક્સેસ પ્રદાન કરશે.

પ્રસ્તાવિત પુલને મેન્ગ્રોવ ડાયવર્ઝન માટે કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય તરફથી સૈદ્ધાંતિક મંજૂરી મળી ગઈ છે. બાંધકામ શરૂ કરતા પહેલા પાલિકાએ હવે મંજૂરી સાથે જોડાયેલી બધી શરતોનું પાલન કરવું જરૂરી છે. પાલિકા અંતિમ મંજૂરી માટે બોમ્બે હાઈકોર્ટમાં જવાની પણ તૈયારી કરી રહી છે. પર્યાવરણીય મંજૂરીની શરતોના ભાગ રૂપે, મેન્ગ્રોવ્સ સેલ દ્વારા પાલિકાને મેન્ગ્રોવ્સ પુનઃસ્થાપન યોજના તૈયાર કરવા અને અમલમાં મૂકવા અને તેના અમલીકરણ માટે રૂ. ૧૨.૫૦ કરોડ જમા કરાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું કે કાયદાકીય શરતોને પૂર્ણ કરવા અને પ્રોજેક્ટ પર કામ શરૂ કરવા માટે કોર્ટની પરવાનગી મેળવવા માટે ચુકવણી આવશ્યક છે. પ્રોજેક્ટની કુલ લંબાઈ ૨,૦૬૪ મીટર હોવાનું પ્રસ્તાવિત છે, જેમાંથી ૬૦૦ મીટર કેબલ-સ્ટેડ ભાગનો સમાવેશ થાય છે. મુખ્ય સ્પાન ૩૦૦ મીટરનો હશે, જેમાં બંને બાજુ ૧૫૦ મીટરનો બેક સ્પાન હશે. આ પ્રોજેક્ટ માટે ટેન્ડર માર્ચ ૨૦૨૩માં મંગાવવામાં આવ્યું હતું, જ્યારે વર્ક ઓર્ડર સપ્ટેમ્બર ૨૦૨૫માં બહાર પાડવામાં આવ્યો હતો. પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ આશરે ૨,૩૯૫ કરોડ રૂપિયા છે. આ પ્રોજેક્ટ માર્ચ ૨૦૨૯ સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે.

મૂળ ૧૯૬૭ના ડેવલપમેન્ટ પ્લાનમાં પ્રસ્તાવિત મઢ-વર્સોવા બ્રિજ કોસ્ટલ રેગ્યુલેશન ઝોન (સીઆરઝેડ) માં મેન્ગ્રોવથી ઢંકાયેલા વિસ્તારોમાંથી પસાર થાય છે. મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટીએ શરૂઆતમાં પાલિકાને પર્યાવરણીય અસર ઘટાડવા માટે વૈકલ્પિક પર્યાય શોધવાની સલાહ આપી હતી. ડિઝાઇનમાં સુધારો કર્યા પછી પાલિકાએ ફેબ્રુઆરી ૨૦૨૩માં મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટીની મંજૂરી મેળવી હતી.

### વરલીમાં

એકનાથ શિંદેના પક્ષમાં જોડાયા છે. સચિન આહિર મુંબઈના વરલી વિસ્તારના છે અને આદિત્ય ઠાકરેની નિકટ માનવામાં આવે છે. અગાઉ પણ તેઓ આદિત્ય ઠાકરેના મતવિસ્તારમાંથી ચૂંટણી લડી ચૂક્યા છે. હવે જ્યારે તેઓ શિવસેનામાં જોડાયા છે, ત્યારે ૨૦૨૯ની વિધાનસભા ચૂંટણીમાં સચિન આહિર અને આદિત્ય ઠાકરે વચ્ચે મુકાબલો થવાની શક્યતા છે. એકનાથ શિંદેએ આ અંગે ટિપ્પણી કરી છે.

સચિન આહિરના પક્ષ પ્રવેશ વખતે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને પૂછવામાં આવ્યું હતું કે શું સચિન આહિરને વરલીથી વિધાનસભા ઉમેદવારી આપવામાં આવશે. આ અંગે બોલતા એકનાથ શિંદેએ કહ્યું કે ‘વરલી વિધાનસભાની ચૂંટણી આડે ત્રણ વર્ષ છે. અત્યારે આહિર વિધાન સભ્ય છે. અમે વ્યક્તિ નક્કી કરી કોઈપણ મતવિસ્તારને ધ્યાનમાં રાખીને કામ કરતા નથી, નિર્ણયો લેતા નથી. સમય અનુસાર નિર્ણય લેવા જોઈએ.’ સચિન આહિરે એમ પણ કહ્યું છે કે તેઓ એકનાથ શિંદે દ્વારા આપવામાં આવેલી જવાબદારી નિભાવશે. તેથી આગામી સમયમાં સચિન આહિર અને આદિત્ય ઠાકરે વચ્ચે ટક્કર થવાની શક્યતા નકારી શકાય નહી.

### ઠાકરે જૂથના

આ જાહેરાત કરી છે.સચિન આહિર હવેથી એકનાથ શિંદેના પક્ષ માટે કામ કરશે. આહિરે જાહેરમાં કહ્યું છે કે તેઓ પુણે, મુંબઈ અને સમગ્ર મહારાષ્ટ્રમાં શિંદેની શિવસેનાનો ફેલાવો કેવી રીતે વધે એનો પ્રયાસ કરશે. આહિરે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની બાજુમાં બેસીને આ જાહેરાત કરી છે. તેમણે એક આશ્ચર્યજનક નિવેદન પણ આપ્યું છે કે તેમણે પક્ષ છોડ્યો નથી. રસપ્રદ વાત એ છે કે આહિરના આ નિવેદન પછી એકનાથ શિંદે દ્વારા પણ આપવામાં આવેલા નિવેદન બાદ વિવિધ ચર્ચાઓ શરૂ થઈ છે. જો ઠાકરે માટે કામ કરનારા આહિરે પક્ષ નથી છોડ્યો તો તેઓ શિંદેના પક્ષ માટે કેવી રીતે કામ કરશે એવો પ્રશ્ન પૂછવામાં આવી રહ્યો છે.

સચિન આહિરે પત્રકાર પરિષદમાં વિવિધ પ્રશ્નોના જવાબ આપ્યા. તેમણે કહ્યું કે ‘મેં પક્ષ નથી છોડ્યો. ટેકનિકલ મુદ્દાઓ પર અમે અલગ વ્યાસપીઠ પર વાત કરીશું. મને ઉપાધ્યક્ષની જવાબદારી સોંપવામાં આવી છે. આ મારું સન્માન છે. હું ભવિષ્યમાં આ પદનું સન્માન જાળવીને કામ કરીશ. શિંદે બાળાસાહેબ ઠાકરેના વિચારો સાથે કામ કરી રહ્યા છે. એકનાથ શિંદે જેવા નેતા ટેકો આપતા હોય તો કામ કરવામાં આસાની રહે. ઠાકરેની ટીકા કરતા તેમણે કહ્યું કે જેમણે પોતાના જીવનમાં ક્યારેય પથ્થર પણ નથી ઉપાડ્યો એવા લોકો સલાહ - સૂચન આપે તો કામ કઈ રીતે કરી શકાય?’

એકનાથ શિંદેએ આહિરના આ નિવેદન પર પણ ટિપ્પણી કરી જણાવ્યું કે તેમણે પક્ષ નથી છોડ્યો. તેઓ વિધાનસભ્ય બન્યા ત્યારે અમારી પાસે શિવસેના પક્ષ અને ધનુષ-બાણ ચૂંટણી પ્રતીક હતા. આજે પણ, અમારી પાસે શિવસેના પક્ષ અને ધનુષ-બાણ ચૂંટણી પ્રતિક છે. એટલે શિવસેના છોડી દીધી છે એમ ન કહી શકાય એવી ટેકિનકલ બાબત એકનાથ શિંદેએ સમજાવી.

### મુંબઈ-થાણેમાં

કરી હતી, તે મુજબ શહેરમાં ભારે વરસાદ અને વાદળછાયું આકાશ રહ્યું હતું. મંગળવાર માટે યલો અલર્ટ આપ્યું હતું પણ બાદમાં તેને ઓરેન્જ અલર્ટમાં અપડેટ કરવામાં આવ્યું હતું. દિવસભર મુંબઈમાં મધ્યમ સ્વરૂપનો વરસાદ ચાલુ જ રહ્યો હતો.

મુંબઈમાં સોમવાર સવારના આઠ વાગ્યાથી મંગળવાર સવારના આઠ વાગ્યા સુધીના ૨૪ કલાક દરમિયાન મધ્યમ વરસાદ પડ્યો હતો, જેમાં કોલાબામાં ૩૧.૮ મીમી અને સાંતાક્રુઝમાં ૨૭.૮ મીમી વરસાદ નોંધાયો હતો. દિવસ દરમ્યાન મુંબઈના અનેક વિસ્તારોમાં હળવાથી મધ્યમ સ્વરૂપનો વરસાદ રહ્યો હતો. હવામાન વિભાગના જણાવ્યા મુજબ સવારના આઠ વાગ્યાથી સાંજના સાત વાગ્યા સુધીમાં શહેરમાં ૪૧.૦૩ મિ.મી., પૂર્વ ઉપનગરમાં ૫૩.૨૭ મિ.મી. અને પશ્ચિમ ઉપનગરમાં ૫૪.૦૬ મિ.મી. જેટલો વરસાદ નોંધાયો હતો. દિવસ દરમ્યાન ઝાડ તૂટી પડવાના અને ઘરની દીવાલ તૂટી પડવાના બનાવ પણ નોંધાયા હતા.

હવામાન વિભાગે બુધવાર માટે ઓરેન્જ અલર્ટ આપ્યું હોઈ ભારે વરસાદની શક્યતા છે. આ દરમ્યાન બુધવારે બપોરના ૧.૧૦ વાગે દરિયામાં ભરતી હશે એ સમયે મોજાં ૪.૨૨ મીટરથી ઊંચા ઊછળશે. એ સમયે જો ભારે વરસાદ પડ્યો તો મુંબઈના નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ શકે છે.

### એકનાથ શિંદેએ

અમારી સાથે જોડાવાનો નિર્ણય લીધો. એક સંસદ સભ્ય ૨૦-૨૫ લાખ લોકોમાંથી ચૂંટાયેલા લોકોનો પ્રતિનિધિ છે. પોતે શિવસેનામાં કેમ જોડાઈ રહ્યા છે એની સ્પષ્ટતા દરેક જણે કરી છે. લોકો અને મતવિસ્તારને ન્યાય મળવો જોઈએ. તેમની સમસ્યાઓનો ઉકેલ આવવો જોઈએ અને નેતાએ સંકટ સમયે ઉભા રહેવું જોઈએ. એટલા માટે બધા લોકો આવી રહ્યા છે.

### શિંદે સેનામાં જવા

સમયમાં જોડાશે. આ ચર્ચા પછી આહિર હવે શિંદે સાથે જોડાયા છે. આહિર જોડાયા પછી, ત્રીજા અને ચોથા ઓપરેશન ટાઈગરની ચર્ચા થઈ રહી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ઠાકરેના લગભગ ૧૪ વિધાન સભ્યો અને ૪૦ નગરસેવક શિંદે જૂથમાં જોડાઈ શકે છે. શિંદેએ આ અંગે પ્રતિક્રિયા આપી છે.

અન્ય કોઈ વિધાનસભ્યો સંપર્કમાં છે કે કેમ એવો સવાલ સંવાદદાતાઓ દ્વારા કરાવમાં આવતા શિંદેએ સૂચક નિવેદન આપ્યું. પરંતુ કોઈ સ્પષ્ટ માહિતી આપી નહીં. ‘હું હમણાં બધું નહીં જણાવું. નાના- મોટા ઓપરેશન ચાલી રહ્યા છે. અત્યારે ફક્ત સચિન આહિર વિશે જણાવી રહ્યો છું, પછીની વાત પછી કરીશ,’ શિંદેનું કહેવું હતું.

### શરદ પવાર જૂથના

હતી કે શરદ પવાર જૂથના સંસદ સભ્યો અજિત પવાર જૂથ અથવા શિંદે જૂથમાં જોડાશે. જો કે, આ બધી અટકળો વચ્ચે મળેલી એક મહત્વની જાણકારી અનુસાર શરદ પવાર જૂથમાંથી સંસદ સભ્યો અલગ થવાનો ખતરો હાલ પૂરતો દૂર થઈ ગયો છે.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (શરદ ચંદ્ર પવાર) પરથી સંસદ સભ્યોના પક્ષ પલટાની લટકતી તલવાર તાત્પુરતી દૂર થઈ ગઈ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે પક્ષમાં મોટા ફેરબદલ અથવા બળવો થવાની ચર્ચાનો હાલ પૂરતો અંત આવ્યો છે. જોકે, એવું કહેવાય છે કે હાલમાં પક્ષના આંતરિક વર્તુળમાં ઘણી અશાંતિ અને અસંમતિ છે.

પ્રાપ્ત વિશ્વસનીય માહિતી અનુસાર મહા વિકાસ આઘાડીમાં બેઠકોની વહેંચણી અને ભવિષ્યની રાજકીય ગણતરીઓને કારણે શરદ ચંદ્ર પવારના નેતૃત્વ હેઠળના રાષ્ટ્રવાદી પક્ષના નેતાઓમાં બે સ્પષ્ટ જૂથ ઊભા થયા છે. પહેલા જૂથનું મક્કમ વલણ છે કે પક્ષે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા અને ભાજપ સામેની લડાઈને મજબૂત બનાવવા માટે કોંગ્રેસમાં સંપૂર્ણપણે ભળી જવું જોઈએ. આ જૂથ માને છે કે આ વિલીનીકરણ આગામી ચૂંટણીઓમાં મોટી રાજકીય તાકાત બનાવશે. પક્ષનું બીજું જૂથ આ વિલીનીકરણની સંપૂર્ણપણે વિરુદ્ધ છે. આ જૂથના મતે વરિષ્ઠ નેતા શરદ પવાર દ્વારા સ્થાપિત આ પક્ષનું સ્વતંત્ર અસ્તિત્વ જાળવી રાખવું જોઈએ.

આ બે વિરોધાભાસી સ્થિતિને કારણે હાલમાં પક્ષ સ્તરે ખૂબ જ તીવ્ર વિચાર-વિમર્શ અને મીટિંગ સત્ર ચાલી રહ્યું છે. બંને જૂથોને મનાવવા માટે વરિષ્ઠ સ્તરેથી પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

## હિન્દુ મરણ

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ રાજકોટ હાલ કાંદિવલી સ્વ. મગનલાલ પાનાચંદ બગડાઇ તથા સ્વ. શારદાબેન મગનલાલ બગડાઇના સુપુત્ર સ્વ. મહેન્દ્ર (ઉં. વ. ૭૩) તે હેમાંગીબેનના પતિ. સ્વ. પ્રભુદાસ દેવીદાસ સુતરીયાના જમાઇ. તે રમેશભાઇ, સ્વ. ચંદ્રકાન્તભાઇ, હર્ષદભાઇ, રાજેન્દ્રભાઇ તથા બીનાબેનના ભાઇ. રીમા આકાશ બાદિયાણી, મીરા સૌરભ ડોકટર, પૂજા યતિ ભટ્ટ તથા પ્રણવના પિતા. રીદ્ધિના સસરા. વરદાનના દાદા. આરિયાના નાના. તા. ૨૯-૬-૨૬ સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨-૭-૨૬ ગુરુવારના સવારે ૧૦થી ૧૧.૩૦. ઠે. પાવનધામ, મહાવીર નગર, કાંદિવલી (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**ભાવનગરી મોચી**

ગામ ઉમણીયાવદર નિવાસી હાલ બોરીવલી સ્વ. ચકુરભાઇ રામજીભાઇ સોડાંગરના પત્ની રમાબેન (ઉં. વ. ૭૬) તા. ૨૯-૬-૨૬ સોમવારના રામચરણ પામ્યા છે. અશોકભાઇ, લાલજીભાઇ, વસંતબેન, રેખાબેન, અનીતાબેનના માતુશ્રી. ફાલ્ગુનીબેન, કુંદનબેન, સુરેશભાઇ, જીજ્ઞેશભાઇ, વિનુભાઇના સાસુ. ધનુષ, ઉત્સવ, દિપના દાદી. સથરા નિવાસી સ્વ. જીવણભાઇ રાજાભાઇ પરમારની દીકરી. પ્રાર્થનાસભા તા. ૩-૭-૨૬ શુક્રવારના સાંજે ૪થી ૬. ઉત્તરક્રિયા : તા. ૯-૭-૨૬ ગુરુવારના ઉમણીયાવદર મુકામે રાખેલ છે. ગામ ઉમણીયાવદર, તાલુકો મહુવા, જિલ્લો ભાવનગર.

**નાઘેર દશા શ્રીમાળી વણીક**

વાવરડાં નિવાસી હાલ વાશી નવી મુંબઇ ગં. સ્વ. રમાબેન તે સ્વ. મનોરદાસ કપૂરચંદ સગાળીયા (શાહ)ના ધર્મપત્ની (ઉં. વ. ૯૨) તા. ૨૮-૬-૨૬ રવિવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. શશીકાંત, શૈલેષ, કલ્પના, રક્ષા, ચેતના, ગીતાનાં માતુશ્રી. મીનલ-ભારતીબેનના સાસુ. પ્રવીણચંદ્ર સોમાણી, મુળરાજભાઇ શાહ, અતુલભાઇ ચકાયા, રોહિતભાઇ ચાવડાના સાસુ. પ્રેક્ષા, આકાશ, ધર્માવત, હિરેનના દાદીમા. જયંતીભાઇ, સ્વ. નગીનભાઇ, સ્વ. વૃજલાલભાઇ, ગં. સ્વ. કુમુદબેન, નેત્રાબેનના બેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ભાટીયા**

હાલ નાલાસોપારા હિરેન (ઉં. વ. ૫૭) તે સ્વ. ભગવાનદાસ તથા સ્વ. ભાવનાબેન ગોરધનદાસ દુતિયા (જેઠા ચાપસીવાળા)ના સુપુત્ર. તે અ. સૌ. સ્વ. કસ્તુરીબેન તથા ગોરધનદાસ કરસનદાસ દુતિયાના પૌત્ર. અ. સૌ. હિનાબેન મુકુંદકુમાર પોરેચા, અસમીતા રાજેશકુમાર પંચોલીયા તેમ જ શેખરના નાનાભાઇ. તે સ્વ. ઝવેરબેન ધનજીભાઇ કપાણીનો દોયત્રો. તા. ૨૮-૬-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ નાંદરખી (જૂનાગઢ) હાલ નાલાસોપારા, સ્વ. દિવાળીબેન નારણદાસ રૂપારેલીયાના પુત્ર. સ્વ. દક્ષાબેનના પતિ. સ્વ. રતીલાલ નારણદાસ રૂપારેલીયા (ઉં. વ. ૭૦) તા. ૨૮.૦૬.૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે ભીખુભાઈ જયાબેન તથા મેનાબેન હંસાબેનના નાનાભાઈ. નિતિનભાઈ અને યતીનભાઈના પિતાશ્રી. સ્વ. માથુરદાસ ઓધવજી મીઠીયાના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૦૨.૦૭.૨૬ ગુરુવારે સાંજે ૪ થી ૬. સ્થળ: કરસન લઘુ નિસર જૈને સ્થાનક પહેલે મળે, તુલિંજ રોડ ચાર રસ્તા રામદેવ ઝેરોક્સની ઉપર નાલાસોપારા પૂર્વ.

**કપોળ**

ચંદ્રપુરવાળા, સ્વ. ગુણવંતરાય વૃજલાલ મહેતાના ધર્મપત્ની ગં. સ્વ. કાંતાબેન (ઉં. વ. ૮૧) તે ૨૭/૬/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે પૂર્ણિમા વિલાસ મેશ્રામ, નીતા નીતિનભાઈ મહેતા, અસ્મિતા જતીન શાહના માતુશ્રી. સ્વ. નવનીતરાય, સ્વ. વિનોદરાય, સ્વ. કનૈયાલાલ, સ્વ. ચંપાબેન મોદી તથા સ્વ. વિમળાબેન કાણકિયા, સ્વ. જયશ્રીબેન મહેતાના ભાઈના પત્ની. અમરેલીવાળા કરશનદાસ વછરાજ મહેતાના દીકરી. અંકિત રોહિન જીલ મહેક હેતના નાની. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ બેડ જામનગર, હાલ બોરીવલી, ગૌ.વા. હંસાબેન તથા ગૌ.વા. હરીશભાઈ નરસિંહદાસ ખીમાણીના પુત્ર શૈલેષભાઇ (ઉં.વ.૬૨) તે સ્વાતિબેનના પતિ. યશ અને બન્સરીના પિતા. અ.સૌ. યેશાના સસરા. મેહુલભાઈના મોટાભાઈ, ગૌ.વા. ઉષાબેન અને ગૌ.વા. અરુણભાઈ સોઢાના જમાઈ. સોમવાર તા. ૨૯/૦૬/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ વાયોર હાલે મુલુંડ, સ્વ.ચંદ્રકાંત ભીમજી હંસરાજ દ્વવડાના ધર્મપત્ની ગં. સ્વ. ક્રિષ્ણાબેન (ઉં. વ. ૭૦) તે મિતેશ તથા કાજલ મિથિન જૈનના માતુશ્રી. સ્વ. ગોવિંદજી મુલજી ચોથાણી કચ્છ ગામ મઉના પૂત્રી, દિપ્તી તથા મિથિન જૈનના સાસુમા. સ્વ. જશોદ્દા શાન્તિકુમાર, સ્વ. તારાબેન તુલસીદાસ, શારદા જગદીશભાઈ, સ્વ.મમતા રમેશના ભાભી. તા. ૨૮/૦૬/૨૬ના શ્રીરામશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧/૭/૨૬ બુધવારનાં સાંજના ૫ થી ૭. સ્થળ: પરમેશ્વરી સેન્ટર, ૧લે માળે, નંદનવન ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટની સામે, મદનમોહન માલવિયા રોડ, અચિજા હોટલની બાજુમાં, ફેડેક્સની ઉપર, મુલુંડ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે, બૈરાઓ તેજ દિવસે આવી જવું. અંગ દાન કરેલ છે.

**કચ્છી બ્રહ્મક્ષત્રિય**

હસ્તકાંત શિવજી લીયા (ઉં. વ.૮૪) તે સ્વ. રામાબેન શિવજી લીયાના પુત્ર. સ્વ હંસાબેનના પતિ. ડો. વંદના તથા હેમાનીના પિતા. સ્વ નિર્મળાબેન નટવરલાલ મામતોરા જમાઈ. ડૉ. અવનિશકુમારના સાસરા. સ્વ. સુંદરજી, સ્વ. મણિલાલ, સ્વ. રવિલાલ, રસિકભાઈ, ગં.સ્વ. કાંતાબેન ચુનીલાલ નિર્મળ, ચંપાબેન કિશોર ટાટારીયા, સ્વ. હીરાબેન રજનીકુમાર ક્ષત્રિયના ભાઈ. ૨૮.૬.૨૬ રામચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ૦૧.૦૭.૨૬ બુધવાર ૫ -૬ સાંજે, પાંજીવાડી બેન્કવેટ હોલ, કાંજૂરમાર્ગ પૂર્વ.

**મોઢ વણિક**

ખંભાત નિવાસી હાલ મુંબઈ, ગં.સ્વ. શારદાબેન બાબુલાલ શાહ (ઉં. વ. ૯૫) તે સ્વ. બાબુલાલ શાહના ધર્મપત્ની. સ્વ. ભરતભાઈ, કિશોરીબેન, કેતનના માતુશ્રી. ભારતીબેન, રાજેશ્રી, દિલીપભાઈના સાસુમાં. નિકિતા, અદિત, રેશ્મા, જીત, દિશાના દાદી તા. ૨૯.૦૬.૨૦૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

## પારસી મરણ

ફ્રેની દાદી દારૂવાલા તે મરહુમ દાદી પીરોજશા દારૂવાલાના ધણીયાની. તે મરહુમો દાદી, તથા ફ્રેની ડી. દારૂવાલાના વહુ. તે ખુશરૂના માતાજી. આરમીનના સાસુજી. તે મરહુમ મીનુ પાલખીવાલાના બહેન. તે હુશ્વક અને ઝીન્યાના બપઇજી. (ઉં. વ. ૯૪) રે. ઠે. ૦૧, નામદાર હાઉસ, ૮૯ હીલ રોડ, બાંદ્રા (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૦. ઉઠમણાંની ક્રિયા : તા. ૧-૭-૨૬ના રોજે સાંજે ૩.૪૫ એ બાંદ્રા તાતા અગિયારીમાં કરવામાં આવશેજી.

કોલી પેટરસ મહેતા તે મરહુમ પેટરસ જહાંગીરજી મહેતાના ધણીયાની. તે મરહુમો નરગીશ અને દિનશાજી સાવકશા પંથકીના દીકરી. તે મરહુમ ફિરોઝા અને જહાંગીરના માતાજી. તે હીનાતા મહેતા જંબુસરવાળા, નાજુ નોશીર ટીટીના અને મરહુમ શાવકના સાસુજી. તે દિનશાજી પંથકીના બહેન. તે ઝીરા અને ઝકસીસના બપઇજી. (ઉં. વ. ૮૬) રે. ઠે. ૧૫ સીડી સેઠના બિલ્ડિંગ, ગોઇનજી હીલ રોડ, હાફકીન ઇન્સ્ટિટયૂટની પાછળ, પરેલ, મુંબઇ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૧-૭-૨૬ના રોજ બનાજી લીમજીની અગિયારીમાં ૩.૪૫ સાંજે કરવામાં આવશેજી.

## જૈન મરણ

જીવાપર નિવાસી હાલ વિરાર, કુ. નમ્રતા મહેતા (ઉં. વ. ૪૦) તા. ૨૯/૬/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. દક્ષાબેન અશોકભાઈ લાલચંદભાઈ મહેતાની સુપુત્રી. સ્વ. મનુભાઈ, ગુણવંતરાય, ભૂપતરાય, સ્વ. સુરેશભાઈની ભત્રીજી. હેમંતભાઈ રમણીકલાલ શાહની ભાણેજ. પ્રાર્થના અને લૌકિક વહેવાર રાખેલ નથી.

**દશા શ્રીમાળી શ્વેતામ્બર જૈન**

અગતરાઇ નિવાસી તથા હાલ ઘાટકોપર સ્વ. ભગવાનદાસ મીઠાણીના સુપુત્ર ભરતભાઇ (ઉં. વ. ૬૯) તે સ્વ. પ્રીતિબેન (પુષ્પાબેન)ના પતિ. ચિરાગ,લવ અને કુશના પિતાશ્રી. સ્મિતા, તન્વી (તૃષા) અને ખુશ્બુના સસરા. કિરીટભાઇ, ઇલાબેન જિતેન્દ્રભાઇ ગાઠાણીના ભાઇ. સ્વ. રસિકલાલ દેવચંદ રૂપાણીના જમાઇ. તા. ૨૮-૬-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**વિશા શ્રીમાળી ૧૦૮ ગોળનું જૈન**

શારદાબેન ચીમનલાલ શાહ (ઉં. વ. ૮૯) ગામ મોઢેરા હાલ બોરીવલી સ્વ. ચીમનલાલ ઉતમચંદ શાહના ધર્મપત્ની. પરેશભાઇ, રાકેશભાઇ, વિનશભાઇ, ભાવેશભાઇના માતુશ્રી. રીટાબેન, મનીષાબેન, વૈશાલીબેન, જીજ્ઞાબેનના સાસુ. જીનલ, જલક, તીર્થ, દૃષ્ટિ, ખુશ્બુ, લબ્ધિ, કોમલ, જૈની, શિખર, રુષિતના દાદી. માયશા, હીર, પૃથ્વીના દાદી. પિયરપક્ષે હરગોવિંદદાસ હિરાચંદ શાહ પરિવાર-દાસજ. તા. ૩૦-૬-૨૬ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. માતૃવંદના તા. ૨-૭-૨૬ના બપોરે ૩થી ૫. ઠે. જસ્મીન હોલ, ૪થે માળે, રઘુલીલા મોલ, પોઇસર બસ ડેપોની પાછળ, કાંદિવલી (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સાવરકુંડલા હાલ મુલુંડ દોશી દેવચંદભાઇ છગનલાલના સુપુત્ર સ્વ. શરદભાઇના ધર્મપત્ની પન્ના (ઉં. વ. ૬૨) તા. ૨૯-૬-૨૬ સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે સિદ્ધાર્થ-જીનલ, હાર્દિક-રિદ્ધિના માતુશ્રી. પ્રમોદભાઇ-સુશીલાબેન, મધુબેન સુરેશકુમાર દોશી, મયનાબેન નવીનચંદ્ર દોશી, આશાબેન ચંદ્રકાંત મહેતા, માયાબેન શાલીભદ્ર શાહના ભાઇના પત્ની. તે દક્ષ, આરનાના દાદી. પિયર પક્ષે દોશી વિજયાબેન ફતેચંદ કપૂરચંદ (જેસરવાળા)ની દીકરી. નિરંજનભાઇ-જયશ્રીબેન, કનકબેન હરેશકુમાર શાહ, ઊર્મિલાબેન નવીનચંદ્ર દોશી, લતાબેન મનોજભાઇ પારેખ, બીનાબેન ચેતનભાઇ ધામીના બહેન. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

રાયધણજરનાં શૈલેષ રતનશી ગડા (ઉં. વ. ૪૬) તા. ૨૮-૬-૨૬ મુંબઇ મધ્યે અવસાન પામેલ છે. દેવકાબાઇ રતનશીના પુત્ર. માનસીના પતિ. ઉદયના પિતા. ભાઇલાલ, સ્વ. ગીરીશ, હીતેન્દ્ર, દિનેશ, જયા, સરલા, કલ્પનાના ભાઇ. રત્નાગીરીના જયશ્રી હેમંત જોશીના જમાઇ. પ્રાર્થના દેશમાં રાખેલ છે. ચક્ષુદાન-ત્વચાદાન કરેલ છે. ઍડ્રેસ : શૈલેષ રતનશી ગડા, ૭૦૧, જી-વિંગ, નવનીતનગર, દેશલેપાડા, ડોંબીવલી (ઇસ્ટ). પીન-૪૨૧૨૦૧.

મોટા લાયજાના શ્રીમતી ભારતીબેન કિશોરભાઇ (સુરેશ) ગાલા (ઉં. વ. ૭૭) તા. ૨૯-૬-૨૬ના અરિહંત શરણ પામેલ છે. સુંદરબેન રતનશીના પુત્રવધૂ. કિશોરભાઈના પત્ની. અમિત, વૈશાલીના માતા. સુંદરબેન પોપટલાલના સુપુત્રી. ભવાનજી, જયંતિલાલ, ધીરજ, તનસુખ, મંજુલાબેનના બેન. પ્રા. શ્રી માટુંગા કચ્છી શ્વે. મૂ. જૈન સંઘની નારાણજી શામજી મહાજનવાડી, ૧લે માળે, ભાઉદાજી રોડ, માટુંગા (સે.રે.), મું. ૧૯. ટા. સાંજે ૪ થી ૫.૩૦.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા જૈન**

હળવદ નિવાસી હાલ મલાડ, ચંપકલાલ કેશવલાલ શાહના ધર્મપત્ની શારદાબેન (ઉં. વ. ૮૬) તે ૨૯/૬/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે નિમેષ, ભાવેશ, મિલન, સ્વ. તેજસ, પીના, પ્રિતીના માતુશ્રી. સ્નેહા, ભૂમિકા, કિરીટકુમાર, ચેતનકુમારના સાસુ. સ્વ. પ્રવીણભાઈ, સ્વ. જશવંતભાઈ, સ્વ. પ્રભાબેન, સ્વ. કલાબેન, સ્વ. ઇન્દુબેન ગં. સ્વ સરોજબેન તથા હંસાબેન પ્રવિણચંદ્ર કોઠારીના ભાભી. પિયરપક્ષે તરમણીયા નિવાસી હાલ અમદાવાદ સ્વ. વિજયાબેન વિરપાળ હીરાચંદ શાહના દીકરી. પ્રાર્થનાસભા તા. ૨/૭/૨૬ના રોજ ૧૦.૩૦ થી ૧૨.૩૦. શ્રી વર્ધમાન સ્થા જૈન સંઘ ચોથેમાળે, એસ વી રોડ પારેખ ગલ્લી કોર્નર કાંદિવલી વેસ્ટ.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વઢવાણ નિવાસી હાલ દહિસર, સ્વ અનોપચંદ કપુરચંદ શાહ (ઉં. વ. ૮૮) સ્વ. જ્યોતિબેનના પતિ. સ્વ. ઝવેરીબેન કપુરચંદ શાહના સુપુત્ર. બિરેન, બિમલના પિતા. અલ્પા, હિનાના સસરા, ઇશા-વિજયકુમાર, હર્ષ- મૂર્તિ, આદિત્ય-ક્રેમલના દાદા, હળવદ નિવાસી સ્વ. નિર્મળાબેન લલિતચંદ્ર કોઠારીના જમાઈ. તા. ૨૯-૬-૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વહેવાર રાખેલ નથી.

**દશા શ્રીમાળી દિગમ્બર જૈન**

વિછિયા નિવાસી હાલ મુંબઇ અનિલભાઈ ચુનીલાલ અજમેરા (ઉં. વ.૬૫) સોનગઢ મુકામે દેહ પરિવર્તન થયું છે. તે સંગીતાબેનના પતિ. રિદ્ધિ ચિંતન સાંગાણી, રિયા જૈમિન મહેતાના પિતા. સુધીરભાઈ, મહેશભાઈ, કીરીટભાઈ, સ્વ. સરોજબેન તુરખિયા, ચંદ્રિકાબેન કામદાર, પારુલબેન શાહ અને વર્ષાબેન ઉદાણીના ભાઈ. કિર્તીભાઇ જોબાલીયાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|




# અપસેટ પૅરાગ્વે સામે જર્મની હારી જતાં આઉટ

## ▸ બ્રાઝિલે જાપાનને ૨-૧થી હરાવ્યું: દિવસમાં બે પેનલ્ટી શૂટઆઉટ, મોરોક્કોનો નેધરલૅન્ડ્સ સામે વિજય

હ્યુસ્ટન/બૉસ્ટન: ફિફા વર્લ્ડ કપના ૯૬ વર્ષના ઇતિહાસમાં જોવા મળેલા તમામ મોટા અપસેટમાં મંગળવારના મુકાબલાનો ઉલ્લેખ અચૂક થશે, કારણકે એમાં ચાર વખત વર્લ્ડ ચૅમ્પિયન બની ચૂકેલા જર્મનીનો પૅરાગ્વે જેવી નબળી ટીમ સામે પરાજય થયો હતો. ૯૦ મિનિટના રેગ્યુલર ટાઈમમાં અને કુલ ૩૦ મિનિટના એક્સ્ટ્રા ટાઈમમાં બંને ટીમ ૧-૧ની બરાબરમાં રહી હતી. ત્યાર પછી પરિણામ લાવવા પેનલ્ટી શૂટઆઉટ રાખવામાં આવ્યું હતું જેમાં ફિફા રૅન્કિંગના ૧૨મા નંબરના જર્મનીનો ૩૮મા ક્રમના પૅરાગ્વે સામે ૩-૪થી પરાજય થયો હતો. જર્મની આ અગાઉ ૨૦૧૮ અને ૨૦૨૨ના વર્લ્ડ કપમાં લીગ સ્ટેજમાં જ બહાર થઈ ગયું હતું.

### પૅરાગ્વેનો બદલો: જર્મની આ પહેલાં ક્યારેય...

૨૦૦૨માં જર્મનીએ પ્રી ક્વૉર્ટર ફાઇનલમાં પૅરાગ્વેને હરાવ્યું હતું જેનો બદલો પૅરાગ્વેએ હવે ૨૪ વર્ષે લીધો છે. છેલ્લે ૨૦૧૪માં બ્રાઝિલમાં ફિફા વર્લ્ડ કપ જીતનાર જર્મની એના ફૂટબૉલ ઇતિહાસમાં ક્યારેય પણ વિશ્વ કપના નૉકઆઉટ રાઉન્ડમાં પેનલ્ટી શૂટઆઉટમાં નહોતું હાર્યું. જોકે આ વખતે પૅરાગ્વેએ એને ૪-૩થી હરાવીને એની ઐતિહાસિક પરંપરા તોડી છે. પૅરાગ્વે ફૂટબૉલ વર્લ્ડ કપમાં જર્મનીને પેનલ્ટી શૂટઆઉટમાં હરાવનાર પ્રથમ દેશ બન્યો છે. જર્મની ૨૦૧૪માં ચૅમ્પિયન બન્યા પછીની તમામ વર્લ્ડ કપ ટૂર્નામેન્ટોના નૉકઆઉટમાં ક્યારેય નથી જીત્યું, હંમેશાં આઉટ થઈ ગયું છે.

### જર્મન ટીમ પર ફૂટબૉલ લેજન્ડ ક્રોધિત

જર્મનીના ફૂટબૉલ લેજન્ડ લૉથાર મેથ્યુસે ક્રોધિત થઈને વર્તમાન જર્મન ટીમના પર્ફોર્મન્સને ખૂબ વખોડ્યો છે. તેમણે એક મુલાકાતમાં કહ્યું કે જે જર્મની માટે ફૂટબૉલના મેદાન પર હું લડ્યો હતો એ જર્મન ટીમની તુલનામાં વર્તમાન જર્મન ટીમની હાલત જુઓ કેવી છે! વર્લ્ડ કપમાં આવો પરાજય જરાય સાંખી ન લેવાય. જર્મન ટીમના દરેક પ્લેયર અને કોચે વિચારવું જોઈએ કે આટલું ખરાબ પર્ફોર્મ કેમ થયું! જર્મનીના નામને છાજે એવો તેમનો પર્ફોર્મન્સ હતો જ નહીં.

### હૅવર્ટ્ઝ હીરો પછી વિલન

મુખ્ય મૅચમાં પૅરાગ્વેના એન્કીસોએ ૪૨મી મિનિટમાં ગોલ કર્યા પછી ૫૪મી મિનિટમાં જર્મનીના હૅવર્ટ્ઝે ગોલ કરીને સ્કોર ૧-૧થી બરાબરીમાં લાવી દીધો હતો. ત્યાર પછી મૅચના અંત સુધી અને એક્સ્ટ્રા ટાઈમમાં એકે ગોલ નહોતો થયો. જોકે પેનલ્ટી શૂટઆઉટમાં હૅવર્ટ્ઝ ગોલ કરવામાં નિષ્ફળ જતાં જર્મન ટીમ અને એના અસંખ્ય ચાહકોએ નિરાશ થવું પડ્યું હતું.

### આંકડા જર્મનીની તરફેણમાં, વિજય પૅરાગ્વેની ફેવરમાં

મંગળવારની મૅચમાં જર્મની પ્રભુત્વ જાળવવા છતાં છેવટે હારી ગયું હતું. મૅચ દરમ્યાન બૉલ ૭૫% જર્મનીના અને માત્ર ૨૫% પૅરાગ્વેના કબજામાં રહ્યો હતો. જર્મનીને કુલ ૧૬ અને પૅરાગ્વેને માત્ર છ પેનલ્ટી કોર્નર મળ્યા હતા. ગોલપોસ્ટ પર જર્મનીના કુલ ૨૧ અને પૅરાગ્વેના ફક્ત ચાર શૉટ હતા. આ બધા આંકડા છતાં છેવટે જર્મનીએ પેનલ્ટી શૂટઆઉટમાં ૩-૪થી હાર જોવી પડી હતી.


હેડરથી ગોલ કરતો બ્રાઝિલનો કૅસમિરો

### નેમાર ન રમ્યો છતાં બ્રાઝિલ જીત્યું, જાપાને અનેક દિલ જીત્યાં

ફિફા વર્લ્ડ કપના રોમાંચક નૉકઆઉટ રાઉન્ડમાં સોમવારે રાત્રે બ્રાઝિલે જાપાનને ૨-૧થી હરાવ્યું હતું. બ્રાઝિલનો સુપરસ્ટાર ખેલાડી નેમાર ઈજાને કારણે આ મૅચમાં નહોતો રમ્યો અને બીજા સ્ટાર ખેલાડી વિનિસિયસ જુનિયરને એકેય ગોલ નહોતો કરવા મળ્યો. જોકે ૨૯મી મિનિટમાં જાપાનને કૈશુ સાનોએ ૧-૦થી સરસાઈ અપાવી ત્યાર પછી સેકન્ડ હાફ બાદ ૫૬મી મિનિટમાં કૅસમિરોએ હેડરથી અદ્ભુત ગોલ કરીને સ્કોર ૧-૧ની બરાબરીમાં લાવી દીધો હતો. મુખ્ય મૅચની ૯૦ મિનિટ બાદ ઇન્જરી ટાઈમની છઠ્ઠી મિનિટમાં (મૅચ એક્સ્ટ્રા ટાઈમમાં જાય એની ક્ષણો પહેલાં) ગૅબ્રિયલ માર્ટિનેલીએ ગોલ કરીને બ્રાઝિલને ૨-૧થી વિજય અપાવ્યો હતો. જાપાન સામે બ્રાઝિલનો કુલ ૧૫ મૅચમાં આ ૧૨મો વિજય હતો. જાપાને સોમવારે હારી જવા છતાં શાનદાર પર્ફોર્મન્સ બદલ અનેક લોકોના દિલ જીતી લીધા હતા.

### ૧-૧ની બરાબરી બાદ ખરો ખેલ

મંગળવારે સવારે સતત બીજા પેનલ્ટી શૂટઆઉટથી આવેલા પરિણામમાં મોરોક્કોએ નેધરલૅન્ડ્સને ૩-૨થી હરાવ્યું હતું. એ પહેલાં બંને ટીમ મુખ્ય મૅચમાં અને ત્યાર પછીના એક્સ્ટ્રા ટાઈમમાં ૧-૧ની બરાબરીમાં હતી. ૭૨મી મિનિટમાં નેધરલૅન્ડ્સ વતી ગેકપોએ અને ૯૧મી મિનિટમાં મોરોક્કો વતી ડિઓપે ગોલ કર્યો હતો.

### નેધરલૅન્ડ્સ ત્રીજી વખત પણ પેનલ્ટીમાં હાર્યું

મોરોક્કોએ સતત બીજા વર્લ્ડ કપમાં યુરોપિયન ટીમને હરાવી છે. નેધરલૅન્ડ્સ લાગલગાટ ત્રીજા વર્લ્ડ કપમાં પેનલ્ટી શૂટઆઉટમાં હાર્યું છે. આ અગાઉ ૨૦૧૮ અને ૨૦૨૨ના વર્લ્ડ કપમાં આર્જેન્ટિના સામે એનો પરાજય થયો હતો. ■




### કઈ ટીમ ફિફા વર્લ્ડ કપની બહાર થઈ ગઈ છે?

ન્યૂ યોર્ક: મંગળવાર સવાર સુધીમાં જર્મની, નેધરલૅન્ડ્સ, ઉરુગ્વે, જાપાન, સાઉથ આફ્રિકા, ઇરાન, સાઉથ કોરિયા, ઉઝબેકિસ્તાન, સ્કૉટલૅન્ડ, ન્યૂ ઝીલૅન્ડ, સઉદી અરેબિયા, ઇરાક, ક્યૂરસો, કતાર, ચેક રિપબ્લિક, પનામા, જોર્ડન, ટ્યૂનિશિયા, તૂર્કી અને હેતી દેશની ટીમ બહાર થઈ ગઈ છે.

### આજે કયા મુકાબલા?

ફ્રાન્સ વિ. સ્વિડન
મળસ્કે ૨.૩૦
મેક્સિકો વિ. ઇક્વેડૉર
સવારે ૬.૩૦
ઇંગ્લૅન્ડ વિ. કૉન્ગો
રાત્રે ૯.૩૦
બેલ્જિયમ વિ. સેનેગલ
મધરાત બાદ ૧.૩૦

# આયરલૅન્ડમાં અપમાનિત, હવે ઇંગ્લૅન્ડમાં ઇજ્જત ન જાય એની કાળજી રાખજો

## ▸ આજે રાત્રે ૧૦.૦૦ વાગ્યાથી ટી-૨૦ સિરીઝની પ્રથમ મૅચ: હવે વૈભવને રમાડાશે કે નહીં?

ચેસ્ટર-લી-સ્ટ્રીટ (ઇંગ્લૅન્ડ): ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે અહીં આજે (રાત્રે ૧૦.૦૦ વાગ્યે) ઝરમર વરસાદની સંભાવના સાથે પાંચ મૅચની ટી-૨૦ સિરીઝ શરૂ થઈ રહી છે જે જીતીને શ્રેયસ ઐયર અને તેના ખેલાડીઓ આયરલૅન્ડમાં રવિવારે થયેલી શર્મનાક શ્રેણી-હારને થોડી ભુલાવવા જરૂર પ્રયાસ કરશે. જોકે સૌથી મોટો મુદ્દો ૧૫ વર્ષના બૅટિંગ-સ્ટાર વૈભવ સૂર્યવંશીનો છે, કારણકે આયરલૅન્ડ સામેની બન્ને ટી-૨૦માં તેને ન રમાડવાની ટીમ ઇન્ડિયાના મૅનેજમેન્ટે જે મોટી ભૂલ કરી એ પછી હવે તેને બ્રિટિશરો સામેના પ્રથમ મુકાબલામાં રમાડવામાં આવશે કે પછી તેનું ડેબ્યૂ ફરી વિલંબમાં મુકાશે એ લાખ રૂપિયાનો સવાલ છે. જોકે ઇંગ્લૅન્ડ હજી સોમવારે ન્યૂ ઝીલૅન્ડ સામેના ટેસ્ટ સિરીઝ-પરાજયના આઘાતમાંથી બહાર નથી આવ્યું. જોકે હૅરી બ્રૂકની ટી-૨૦ ટીમ દેશને એ આંચકામાંથી બહાર લાવવા જરૂર પૂરતો પ્રયત્ન કરશે.

ટી-૨૦ વર્લ્ડ ચૅમ્પિયન કૅપ્ટન સૂર્યકુમાર યાદવને ટીમમાંથી કાઢી નાખીને શ્રેયસને સુકાન સોંપાયું છે. જોકે તાજેતરની આઇપીએલમાં હાઇએસ્ટ ૭૭૬ રન બનાવનાર વૈભવને એકેય મૅચમાં રમવાની તક નહોતી અપાઈ. સૂર્યાંશ શેડગે જેવા અજાણ્યા અને ઓછા સફળ ઑલરાઉન્ડરને ડેબ્યૂનો મોકો અપાયો, પણ વૈભવને અવગણવામાં આવ્યો હતો. જોકે બેલફાસ્ટમાં પેસ બોલર્સને વધુ ફાયદો કરાવતી પિચને અને પરિસ્થિતિને કોઈ પણ ભારતીય બૅટ્સમૅન અનુકૂળ નહોતો થઈ શક્યો એટલે વૈભવે પણ કદાચ સંઘર્ષ કરવો પડ્યો હોત.

ઓપનર અને વિકેટકીપર સંજુ સૅમસન આયરલૅન્ડ સામેની બન્ને મૅચમાં ફ્લૉપ ગયો હોવાથી હવે ઇંગ્લૅન્ડ સામેની પ્રથમ મૅચમાં તેને પડતો મૂકીને તેના સ્થાને (પ્રથમ મૅચમાં ૨૦ બૉલમાં ૪૯ રન બનાવનાર અભિષેક શર્મા સાથે) વૈભવને રમવાનો મોકો મળશે તો નવાઈ નહીં. આ સંજોગોમાં વિકેટકીપિંગની જવાબદારી ઇશાન કિશનને સોંપાશે. જોકે ખુદ કિશન (૧ અને ૧૨ રન) પણ આયરલૅન્ડમાં નિષ્ફળ ગયો હતો.

એ જોતાં, ટીમ મૅનેજમેન્ટ સૅમસન અથવા કિશન, બેમાંથી કોઈ એકને બેન્ચ પર બેસવાનું કહીને વૈભવને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કરવાનો મોકો આપી શકે.

### બન્ને દેશની સંભવિત ટીમ:

**ભારત:** શ્રેયસ ઐયર (કૅપ્ટન), સંજુ સૅમસન/વૈભવ સૂર્યવંશી, અભિષેક શર્મા, ઇશાન કિશન (વિકેટકીપર), તિલક વર્મા, સૂર્યાંશ શેડગે, શિવમ દુબે, અક્ષર પટેલ, અર્શદીપ સિંહ, હર્ષિત રાણા અને પ્રિન્સ યાદવ/વરુણ ચક્રવર્તી.

**ઇંગ્લૅન્ડ:** હૅરી બ્રૂક (કૅપ્ટન), જૉસ બટલર (વિકેટકીપર), ફિલ સૉલ્ટ, જેકબ બેથેલ, ટૉમ બૅન્ટન, વિલ જૅક્સ, સૅમ કરૅન, લિઆમ ડૉસન, સૉની બેકર/લ્યૂક વૂડ, સાકિબ મહમૂદ અને આદિલ રાશીદ. ■




### ભારતની અન્ડર-૧૯ વિમેન્સ ટીમે શ્રીલંકાને ૧૨૦ રનથી હરાવ્યું

પુડુચેરી: ભારત અને શ્રીલંકાની અન્ડર-૧૯ ટીમ વિમેન્સ ટીમ વચ્ચે વન-ડે સિરીઝ શરૂ થઈ છે જેમાં મંગળવારે પ્રથમ મૅચમાં ભારતે શ્રીલંકાને ૧૨૦ રનથી પરાજિત કર્યું હતું. ભારતે બૅટિંગ પસંદ કરીને ઇરા જાધવના ૮૩ રન અને નિધી માહતોના ૫૪ રનની મદદથી આઠ વિકેટે ૨૭૯ રન બનાવીને મહેમાન ટીમને ૨૮૦ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. ભારતના ૨૭૯ રનમાં ભાવિકા આહિરેના ૪૨ રન સામેલ હતા. શ્રીલંકાની ટીમ ૧૫૯ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી. વીએચ પરમાર, જાનવી વીરકર અને મહેક નર્વાસેએ બે-બે વિકેટ લીધી હતી. ■

# હાર્દિક પંડ્યાએ આ મોટો નિર્ણય લીધો: તે હવે કાયમ માટે...

નવી દિલ્હી: સ્ટાર ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ ખેલાડી તરીકે પોતાનો બેઝ કાયમ માટે બેંગ્લૂરુને પસંદ કર્યું છે. કારણ એ છે કે પોતાની કરીઅરના બાકીના વર્ષો માટે બેંગ્લૂરુના સેન્ટર ઑફ એક્સેલન્સ (સીઓઇ)ને પોતાનો ટ્રેઇનિંગ બેઝ બનાવ્યો છે. ભારતના હાલના આગળ પડતા ક્રિકેટરોમાં આ નિર્ણય લેનાર તે પહેલો જ ખેલાડી છે. ક્રિકેટ બોર્ડ સાથે કૉન્ટ્રૅક્ટ ધરાવતા ખેલાડીઓ ઈજા પછીના રિહૅબિલિટેશન, ફિટનેસની ચકાસણી અને નૅશનલ કૅમ્પ માટે બેંગ્લૂરુના સીઓઇમાં થોડા દિવસ માટે જતા હોય છે, પણ હાર્દિક કાયમ માટે સીઓઇને પોતાનું સેકન્ડ-હોમ બનાવી લીધું છે. તેણે બેંગ્લૂરુ શહેરની નજીક ભાડા પર ફ્લૅટ લીધો છે. હાર્દિક વડોદરાનો છે. મુંબઈમાં તેનું લોઅર પરેલમાં ઘર છે. ■




# એશિયાડ માટે ટીમ જાહેર: હરમન જ કૅપ્ટન

નવી દિલ્હી: અઢી મહિના પછી જાપાનમાં યોજાનારી એશિયન ગેમ્સમાં ફરી એક વખત ટી-૨૦ ટૂર્નામેન્ટ થશે અને એ માટેની ભારતની મહિલા ટીમનું સુકાન હરમનપ્રીત કૌરને જ સોંપવામાં આવ્યું છે. તાજેતરમાં ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતના નબળા પર્ફોર્મન્સ છતાં હરમનને કૅપ્ટનપદે જાળવી રાખવામાં આવી છે. રિચા શર્મા ટીમની મુખ્ય વિકેટકીપર છે અને બૅક-અપ વિકેટકીપર તરીકે યસ્તિકા ભાટિયાના સ્થાને જી. કમલિનીને ૧૫ ખેલાડીની ટીમમાં સમાવવામાં આવી છે.

૨૦૨૩ની એશિયાડમાં ભારતે ટી-૨૦ ટૂર્નામેન્ટમાં ભારત પુરુષ અને મહિલા, બન્ને વર્ગની ટૂર્નામેન્ટમાં ભારતે ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. મહિલાઓમાં ભારતે હરમનપ્રીતના સુકાનમાં ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. એશિયન ગેમ્સ જાપાનના ઐચી-નાગોયામાં આગામી ૧૯ સપ્ટેમ્બરથી ૪ ઑક્ટોબર સુધી યોજાશે.

**ભારતની મહિલા ટીમ:** હરમનપ્રીત કૌર (કૅપ્ટન), સ્મૃતિ મંધાના (વાઇસ-કૅપ્ટન), રિચા ઘોષ (વિકેટકીપર), શેફાલી વર્મા, જેમિમા રૉડ્રિગ્સ, દીપ્તિ શર્મા, જી. કમલિની (વિકેટકીપર), ભારતી ફુલમાલી, શ્રી ચરની, રેણુકા ઠાકુર, ક્રાંતિ ગૌડ, અરુંધતી રેડ્ડી, શ્રેયંકા પાટીલ, રાધા યાદવ અને નંદની શર્મા. ■




# બેન સ્ટૉક્સને ખૂબ સમજાવ્યો, પણ ન માન્યો: મૅક્લમ

લંડન: ઇંગ્લૅન્ડના હેડ-કોચ બ્રેન્ડન મૅક્લમે મંગળવારે પત્રકારોને કહ્યું હતું કે 'મેં બેન સ્ટૉક્સે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્ત થઈ જવાનો જે એચિંતો નિર્ણય લીધો એ પાછો ખેંચી લેવા ખૂબ સમજાવ્યો હતો, પણ તે માન્યો જ નહોતો. તેણે મને કહ્યું કે તેણે રિટાયર થઈ જવાનો મક્કમ નિર્ણય લઈ લીધો છે.'

ન્યૂ ઝીલૅન્ડે ઇંગ્લૅન્ડને સોમવારે ત્રીજી ટેસ્ટમાં ૧૬૦ રનથી હરાવીને સિરીઝ ૧-૨થી જીતી લીધી હતી. જોકે બેન સ્ટૉક્સે નિવૃત્તિનો નિર્ણય રવિવારે જાહેર કરીને સૌને ચોંકાવી દીધા હતા.

ન્યૂ ઝીલૅન્ડના ક્રિકેટ-લેજન્ડ મૅક્લમે જર્નલિસ્ટોને એવું પણ કહ્યું હતું કે 'સ્ટૉક્સી (બેન સ્ટૉક્સ) સાથે મેં સૌથી પહેલાં તેના નિર્ણય સંબંધમાં ચર્ચા કરી ત્યારે મને તેના ચહેરા પર એક પ્રકારની નિરાંત જણાઈ હતી. તેણે મન મક્કમ કરી જ લીધું હતું. જોકે ચાર વર્ષ સ્ટૉક્સી સાથે કામ કરવા મળ્યું એ બદલ ગૌરવ અનુભવું છું.'

બેન સ્ટૉક્સને 'લીડર ઑફ મેન' તરીકે ઓળખાવીને મૅક્લમે કહ્યું, 'સ્ટૉક્સીને તેના ચાહકો તરફથી શાનદાર ફેરવેલ તો મળવું જ જોઈએ.' ■



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

વિશેષપૂર્તિનું અનુસંધાન અહીંથી શરૂ

## ૨૦૦૮-મુંબઈમાં આતંકવાદી હુમલાઃ



૨૬ નવેમ્બરે લશ્કર-એ-તોયબાનાં પ્રશિક્ષિત અને વિનાશકારી હથિયારો સાથે આતંકવાદીઓએ મુંબઈનાં કેટલાંક સ્થળ અને પ્રતિષ્ઠિત ઇમારતો પર હુમલા કર્યા હતા. ૧૬૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યો હતો. આ ઘાતકી હુમલાને પગલે દેશની આંતરિક સુરક્ષા વ્યવસ્થાનાં સમીકરણો બદલાયાં અને આતંકવાદ વિરોધી વ્યૂહરચનાએ નવા પરિમાણ ધારણ કર્યા.

## ૨૦૦૯-ક્રિપ્ટો કરન્સીઃ



ક્રિપ્ટો કરન્સી બીટકૉઇન દાખલ થઈ અને નાણાં જગતમાં ઊથલપાથલના સંકેત મળ્યા. આને પગલે પરંપરાગત અર્થવ્યવસ્થા અને ડિજિટલ ફાઇનાન્સ વચ્ચે એક સેતુ બંધાવાની સંભાવના નિર્માણ થઈ. અલબત્ત હજી એનું અસ્તિત્વ ધૂંધળું લાગે છે.

## ૨૦૧૧-ઓસામા બિન લાદેન ઠારઃ



આતંકવાદી સંગઠન 'અલ કાયદા'ના સ્થાપક અને ખૂંખાર આતંકવાદી ઓસામા બિન લાદેનને યુએસ નૌકા દળ દ્વારા ઠાર કરવામાં આવ્યો. કુખ્યાત આતંકવાદીને ઠાર કરવામાં સફળતા મળવાથી સમગ્ર યુએસમાં નૈતિક જુસ્સો વધી ગયો. આતંકવાદી જૂથ અલ કાયદા વેરવિખેર થઈ ગયું અને એના વૈશ્વિક આતંક પર પૂર્ણવિરામ મુકાઈ ગયું.

## ૨૦૧૧ - ઈન્ડિયા અગેઈન્સ્ટ કરપ્શનઃ



૨૦૧૧માં ભારતમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ શરુ થયેલું લોકપ્રિય આંદોલન હતું. અણ્ણા હઝારેના નેતૃત્વમાં દેશમાં 'જન લોકપાલ બિલ' પસાર કરવા માટે આ ચળવળ ચલાવવામાં આવી હતી. ભ્રષ્ટાચારની તપાસ કરવા અને દોષિતોને ઝડપથી સજા કરવા માટે એક સ્વતંત્ર લોકપાલની નિમણૂક કરવી અને સરકારી તંત્રમાં પારદર્શિતા લાવવી અને ભ્રષ્ટાચાર આચરતા અધિકારીઓ/નેતાઓ સામે કડક પગલાં લેવા એ એના મુખ્ય ઉદ્દેશ્ય હતા. આંદોલનને પગલે ૨૦૧૩માં સંસદમાં 'લોકપાલ અને લોકાયુક્ત અધિનિયમ' પસાર કરવામાં આવ્યો. આ આંદોલનને દેશભરમાંથી લાખો નાગરિકોનો ટેકો મળ્યો. જોકે, આ ચળવળ તેના મુખ્ય ઉદ્દેશ્યમાં નિષ્ફળ સાબિત થઈ હતી.

## ૨૦૧૪-નરેન્દ્ર મોદી ભારતના વડા પ્રધાન



નરેન્દ્ર મોદી ભારતના વડા પ્રધાન બન્યા અને એક નવા દોરનો પ્રારંભ થયો. સતત ત્રણ ટર્મ સુધી ભારતીય જનતા પક્ષ દેશ સહયોગીઓની મદદથી પર શાસન કરી રહ્યો છે. દેશનાં અનેક રાજ્યોમાં પણ ભારતીય જનતા પક્ષને ચૂંટણી જીતી સરકાર રચવામાં સફળતા મળી છે.

## ૨૦૧૫-આંતરરાષ્ટ્રીય યોગ દિવસઃ



૨૦૧૫ની ૨૧ જૂને વિશ્વભરમાં પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઊજવાયો. ડિસેમ્બર ૨૦૧૪માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ભારતના પ્રસ્તાવને સ્વીકારીને ૨૧ જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે જાહેર કર્યો હતો. આ પહેલ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સંયુક્ત રાષ્ટ્રમાં રજૂ કરી હતી અને તેને રેકોર્ડ સંખ્યામાં દેશોનું સમર્થન મળ્યું હતું. પ્રથમ યોગ દિવસ નિમિત્તે ભારતમાં અને વિશ્વના અનેક દેશોમાં લાખો લોકોએ સામૂહિક યોગાભ્યાસમાં ભાગ લીધો હતો.

આનાથી યોગને ભારતની પ્રાચીન સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પરંપરાના વૈશ્વિક પ્રતીક તરીકે નવી ઓળખ મળી. આરોગ્ય, તંદુરસ્તી અને માનસિક સુખાકારી અંગે લોકોમાં જાગૃતિ વધી. યોગ શિક્ષણ, સંશોધન અને યોગ પર્યટનને પ્રોત્સાહન મળ્યું. યોગ દિવસ ભારતની વૈશ્વિક સાંસ્કૃતિક અસરનું ઉત્તમ ઉદાહરણ માનવામાં આવે છે. આ પહેલે વિશ્વમાં ભારતની સાંસ્કૃતિક પ્રતિષ્ઠા વધારી અને સોફ્ટ પાવર તરીકે ભારતની છબીને વધુ મજબૂત બનાવી.

## ૨૦૧૬-સર્જિકલ સ્ટ્રાઈકઃ



૨૦૧૬ના ૨૯ સપ્ટેમ્બરે ભારતીય સેનાએ નિયંત્રણ રેખા પાર કરીને આતંકવાદી ઠેકાણાઓ પર સર્જિકલ સ્ટ્રાઈક હાથ ધરી હતી. આ ૧૮ સપ્ટેમ્બર ૨૦૧૬ના રોજ ઉરી ખાતે ભારતીય સૈન્ય છાવણી પર થયેલા આતંકવાદી હુમલાનો જવાબ હતો. ઉરીમાં ૧૯ જવાનો શહીદ થયા હતા. ભારતીય સેનાનાં વિશેષ દળોએ રાત્રિના સમયે લક્ષિત કાર્યવાહી કરીને આતંકવાદી લોન્ચ પેડ્સને નિશાન બનાવીને એને નોંધપાત્ર નુકસાન પહોંચાડ્યું હતું. ભારતે સર્જિકલ સ્ટ્રાઈકને આતંકવાદ સામેના આત્મરક્ષાનું પગલું ગણાવ્યું હતું.

સર્જિકલ સ્ટ્રાઈકથી રાષ્ટ્રીય સુરક્ષા અને આતંકવાદ વિરોધી નીતિ અંગે દેશનો અભિગમ વધુ સ્પષ્ટ અને આક્રમક બન્યો. ભારતીય સેનાની સજ્જતા પ્રત્યે જનવિશ્વાસ વધ્યો. આંતરરાષ્ટ્રીય સ્તરે પણ સરહદપારના આતંકવાદના મુદ્દા પર ધ્યાન આકર્ષિત થયું. સાથે જ ભારત-પાકિસ્તાન સંબંધોમાં તણાવ વધ્યો હતો.

## ૨૦૧૭-ભારતે એકસાથે ૧૦૪ ઉપગ્રહો છોડ્યાઃ



૨૦૧૭ની ૧૫ ફેબ્રુઆરીએ ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઇસરો) એ ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી હતી. પી.એસ.એલ.વી.-સી૩૭ રોકેટ દ્વારા એક જ મિશનમાં કુલ ૧૦૪ ઉપગ્રહોને એકસાથે પૃથ્વીની કક્ષામાં સફળતાપૂર્વક સ્થાપિત કરવામાં આવ્યા હતા. તેમાં ભારતનો કાર્ટોસેટ-૨ડી મુખ્ય ઉપગ્રહ હતો, જ્યારે અન્ય ૧૦૩ ઉપગ્રહો વિવિધ દેશોના હતા. ભારતે એક પ્રક્ષેપણમાં સૌથી વધુ ઉપગ્રહો છોડવાનો વિશ્વવિક્રમ સ્થાપત્યો હતો.

રશિયાનો રેકોર્ડ તોડતી આ સિદ્ધિએ અવકાશ ટેક્નોલોજી અને ઉપગ્રહ પ્રક્ષેપણ ક્ષેત્રે ભારતની ક્ષમતાને વૈશ્વિક માન્યતા અપાવી. ઇસરોની વિશ્વસનીયતા અને વ્યાપારી પ્રતિષ્ઠામાં વધારો થયો, જેના કારણે અનેક દેશોએ પોતાના ઉપગ્રહોના પ્રક્ષેપણ માટે ભારતનો સંપર્ક કરવાનું શરૂ કર્યું. આમ વૈશ્વિક અવકાશ બજારમાં ભારતને વધુ મજબૂત ખેલાડીનું સ્થાન મળ્યું.

## ૨૦૧૯-કલમ ૩૭૦ હટાવાઈઃ




૨૦૧૯ની ૫ ઓગસ્ટે ભારત સરકારે જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી ભારતીય બંધારણની કલમ ૩૭૦ની મુખ્ય જોગવાઈઓને રદ કરી. સાથે જ કલમ ૩૫એ પણ અમાન્ય બની. સંસદે જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ, ૨૦૧૯ પસાર કરીને રાજ્યનું પુનર્ગઠન કર્યું અને તેને બે કેન્દ્રશાસિત પ્રદેશોજમ્મુ અને કાશ્મીર તથા લદ્દાખમાં વિભાજિત કર્યું. ભારતના બંધારણીય અને રાજકીય ઇતિહાસની આ મહત્ત્વપૂર્ણ ઘટના છે.

આની ભારત પર વ્યાપક અસર પડી. સમર્થકોના મતે તેનાથી દેશની એકતા અને અખંડિતતા વધુ મજબૂત બની તથા કેન્દ્રના કાયદાઓ અને યોજનાઓ જમ્મુ-કાશ્મીરમાં સીધી લાગુ થઈ શકી. વિકાસ, રોકાણ અને વહીવટી સુધારાઓ માટે નવી તકો ઊભી થઈ. બીજી તરફ આ નિર્ણય અંગે રાજકીય અને બંધારણીય ચર્ચાઓ પણ થઈ. આંતરરાષ્ટ્રીય સ્તરે પણ આ મુદ્દા પર ધ્યાન આકર્ષિત થયું.

## ૨૦૨૦-કોવિડ



કોવિડ - ૧૯ નામની મહામારીનો આતંક ફેલાયો. ચીનમાં ઉદ્‌ભવી વિશ્વના અનેક દેશ એની ઝપેટમાં આવ્યા. ભારત સહિત અનેક દેશમાં લૉકડાઉન જાહેર કરવામાં આવ્યું. પહેલા જ વર્ષમાં દુનિયાભરમાં ૧૮ લાખ લોકો મૃત્યુ પામ્યા.

## ૨૦૨૨-ચેટજીપીટીની પધરામણી




૨૦૨૨ની ૩૦ નવેમ્બરે ચેટજીપીટીને જાહેર ઉપયોગ માટે રજૂ કરવામાં આવ્યું. આ કૃત્રિમ બુદ્ધિમત્તા આધારિત સંવાદી પ્રણાલી માનવ જેવી ભાષામાં પ્રશ્નોના જવાબ આપી શકે છે. તે લેખન, અનુવાદ, પ્રોગ્રામિંગ, માહિતી શોધ અને શિક્ષણ સંબંધિત કાર્યોમાં મદદરૂપ બની શકે છે. લોન્ચ થયા પછી થોડા જ સમયમાં ચેટજીપીટી વિશ્વભરમાં અત્યંત લોકપ્રિય બન્યું અને જનરેટિવ કૃત્રિમ બુદ્ધિમત્તાના ક્ષેત્રમાં નવી ક્રાંતિની શરૂઆત થઈ. તેના કારણે અદ્યતન કૃત્રિમ બુદ્ધિમત્તા સામાન્ય લોકો, વિદ્યાર્થીઓ, શિક્ષકો, સંશોધકો અને વ્યવસાયિકો સુધી સરળતાથી પહોંચી. આના લાભાલાભ પર પણ ચર્ચા થવા માંડી.

ચેટજીપીટીએ ભારતની ડિજિટલ અને ટેક્નોલૉજિકલ પ્રગતિને વધુ વેગ આપ્યો. ભારતમાં શિક્ષણ, માહિતી પ્રૌદ્યોગિકી, ગ્રાહક સેવા, મીડિયા અને વ્યવસાય ક્ષેત્રોમાં કૃત્રિમ બુદ્ધિમત્તાના ઉપયોગમાં ઝડપથી વધારો થયો. સ્ટાર્ટઅપ્સ અને માહિતી પ્રૌદ્યોગિકી કંપનીઓએ નવીન સેવાઓ વિકસાવવા પર ભાર મૂક્યો. સાથે જ રોજગાર, ડેટા ગોપનીયતા અને કૃત્રિમ બુદ્ધિમત્તાના જવાબદાર ઉપયોગ અંગે નવી ચર્ચાઓ પણ શરૂ થઈ.

## ૨૦૨૩-ચંદ્રયાન-૩નું ચંદ્ર પર સફળ ઉતરાણઃ



૨૦૨૩ની ૨૩ ઓગસ્ટે ઇસરોના ચંદ્રયાન-૩ મિશને ચંદ્રના દક્ષિણ ધ્રુવ નજીક સફળ સોફ્ટ લેન્ડિંગ કરીને ઇતિહાસ રચ્યો હતો. 'વિક્રમ' લેન્ડર અને 'પ્રજ્ઞાન' રોવરે ચંદ્રની સપાટી પર સફળતાપૂર્વક કામગીરી શરૂ કરી. આ સિદ્ધિ સાથે ભારત ચંદ્રના દક્ષિણ ધ્રુવ વિસ્તાર સુધી પહોંચનારો પ્રથમ અને ચંદ્ર પર સફળ સોફ્ટ લેન્ડિંગ કરનારો વિશ્વનો ચોથો દેશ બન્યો. મિશનનો મુખ્ય હેતુ ચંદ્રની સપાટી, ખનિજ તત્ત્વો અને વૈજ્ઞાનિક પરિસ્થિતિઓનો અભ્યાસ કરવાનો હતો.

આથી વિશ્વભરમાં ભારતની વૈજ્ઞાનિક અને તકનીકી ક્ષમતાની પ્રતિષ્ઠા વધી. ઇસરોની વિશ્વસનીયતા વધુ મજબૂત બની અને આંતરરાષ્ટ્રીય અવકાશ સહયોગ માટે નવી તકો ઊભી થઈ. આ સિદ્ધિએ ભવિષ્યના અવકાશ મિશનો માટે ઉત્સાહિત કર્યા.

## ૨૦૨૪ - અયોધ્યા રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાઃ



૨૦૨૪ની ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં ભગવાન શ્રીરામલલાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા વિધિ ભવ્ય રીતે સંપન્ન થઈ. આ સમારોહમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી, દેશભરના સંતો, ધાર્મિક આગેવાનો અને વિશિષ્ટ મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. અયોધ્યામાં રામ મંદિર નિર્માણનો માર્ગ ૨૦૧૯માં સર્વોચ્ચ અદાલતના ઐતિહાસિક ચુકાદાએ મોકળો કર્યો હતો. આ સાથે લાંબા સમયથી ચાલતા ધાર્મિક અને સાંસ્કૃતિક આંદોલન પર પૂર્ણવિરામ મુકાયું હતું.

આ ઘટના કરોડો હિંદુઓ માટે ઐતિહાસિક અને આધ્યાત્મિક ક્ષણ બની. અયોધ્યા દેશના મહત્ત્વપૂર્ણ ધાર્મિક અને પ્રવાસન કેન્દ્ર તરીકે વધુ વિકસવા લાગી, જેના કારણે સ્થાનિક અર્થતંત્ર, રોજગાર અને માળખાગત વિકાસને વેગ મળ્યો.

## ૨૦૨૫-નેપાળમાં યુવાનોનો વિરોધઃ



નેપાળમાં જેન ઝીના વ્યાપક વિરોધ અને હિંસા ફાટી નીકળી. ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનને પગલે તીવ્ર રાજકીય ઊથલપાથલ થઈ અને યુવા નેતા વડા પ્રધાન બન્યા. સોશ્યલ મીડિયા પર ચલાવેલી ઝુંબેશ વ્યાપક બદલાવ લાવી શકે છે એ સિદ્ધ થયું.

## ૨૦૨૫-ભારતીય મહિલા ક્રિકેટ ટીમ વિશ્વ વિજેતાઃ




મહિલા વન - ડે ક્રિકેટની વિશ્વ કપ સ્પર્ધામાં ભારતીય મહિલા ટીમ વર્લ્ડ ચેમ્પિયન. આ વિજેતાપદ મળવાથી નાના ગામડાં - શહેરની કન્યાઓ રમતને કારકિર્દી તરીકે અપનાવવા ઉત્સુકતા જોવા મળી રહી છે. મહિલા ક્રિકેટની ડિજિટલ વ્યુઅરશિપમાં ધરખમ વધારો નોંધાયો અને આર્થિક વળતર - કમાણીમાં પણ ઉછાળો આવ્યો છે.

## ૨૦૨૬-યુએસનું વેનેઝુએલામાં આક્રમણઃ



યુએસ દ્વારા વેનેઝુએલાના વિવિધ સ્થળે હવાઈ હુમલા જેમાં અનેક લોકો માર્યા ગયા. આશ્ચર્યજનક વાત એ હતી કે વેનેઝુએલાના પ્રેસિડેન્ટ નિકોલસ માદુરોને પકડવામાં આવ્યા. આ આંચકો આપનારી ઘટનાને પગલે વિશ્વ સમસ્તનું ધ્યાન વેનેઝુએલામાં વિપુલ માત્રામાં રહેલા ખનિજ તેલના જથ્થા તરફ દોરવાયું છે.

## ૨૦૨૬-આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સની દિલ્હીમાં પરિષદઃ



માનવ જીવન અને અર્થવ્યવસ્થામાં ધરમૂળથી ફેરફાર લાવી શકવાની ક્ષમતા ધરાવતી આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સની પરિષદ નવી દિલ્હીમાં ભરાઈ હતી. આ નવી ટેક્નૉલૉજી જીવનના અનેક ક્ષેત્રમાં ઘૂસણખોરી કરશે અને મનુષ્ય જીવનમાં ધરમૂળથી ફેરફારો લાવશે એ અંગે વિવિધ અંદાજ વ્યક્ત કરવામાં આવી રહ્યા છે.

## ૨૦૨૬-ફિલ્મ ઈન્ડસ્ટ્રીની હરણફાળઃ




ભારતમાં પહેલું હિન્દી બોલપટ 'આલમ આરા' ૧૯૩૧માં અને પહેલું ગુજરાતી બોલપટ 'નરસિંહ મહેતા' ૧૯૩૨માં બન્યા એની શતાબ્દીને ગણતરીના વર્ષ બાકી છે ત્યારે હિન્દી અને ગુજરાતી ચિત્રપટ વ્યવસાય નવી સિદ્ધિના શિખરોને આંબશે એવી ગણતરી મુકવામાં આવી રહી છે. બંને ભાષાના ચિત્રપટ વ્યવસાયમાં નવી નવી પ્રતિભા આવી રહી છે અને નવા નવા પ્રયોગો થઈ રહ્યા છે.

## ૨૦૨૬-ઈરાન પર યુએસ-ઈઝરાયલનો હુમલોઃ



૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન પર સંયુક્ત હવાઈ હુમલા કરવામાં આવ્યા. આ સાથે યુદ્ધનો પ્રારંભ થયો. ભૂ-રાજનીતિક સંઘર્ષની માઠી અસર ભારત સહિત અનેક દેશ અનુભવી રહ્યા છે.

## ૨૦૨૬-૨૦૫મા વર્ષમાં પ્રવેશી અડીખમ મુંબઈ સમાચારઃ




આઝાદીની પ્રથમ ક્રાંતિ (૧૦ મે, ૧૮૫૭), ઝાંસીની રાણીનું અવસાન, બંને વિશ્વયુદ્ધ, હિરોશિમા - નાગાસાકી પર અણુ બૉમ્બનો હુમલો, ભારત - પાકિસ્તાન ભાગલા અને ૨૦૨૬ની ૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન પર સંયુક્ત હવાઈ હુમલો. જીવનને સ્પર્શતી બધી ઘટમાળનું અખબાર સાક્ષી રહ્યું છે. ૨૦૨૨ની ૧૪ જૂને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મુંબઈ સમાચારના દ્વિશતાબ્દી મહોત્સવમાં સહભાગી થઈ અખબારની ૨૦૦ વર્ષની - દ્વિશતાબ્દી ઉજવણીની સ્મૃતિમાં એક સ્મારક ટપાલ ટિકિટ બહાર પાડી હતી. ૨૦૦ વર્ષની મજલમાં માલિક બદલાયા, પણ વાચક પ્રત્યેની અખબારની નિષ્ઠા, વફાદારી અને સત્યને વળગી રહેવાનો આશય લેશમાત્ર નથી બદલાયાં.

## TOSAA ઈન્ડસ્ટ્રીઝે નવીન ટ્રિપ્લાય મીની સિરીઝ લોન્ચ કરી- આધુનિક જીવન માટે રચાયેલ કોમ્પેક્ટ કુકવેર

મુંબઈઃ પ્રીમિયમ સ્ટેનલેસ સ્ટીલ કુકવેરના અગ્રણી ઉત્પાદક, TOSAA ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડે તેની નવીનતમ નવીનતા TOSAA ટ્રિપ્લાય મીની સિરીઝ રજૂ કરી છે, જે વિચારપૂર્વક ડિઝાઈન કરાયેલ શ્રેણી છે જેમાં મીની ફ્રાય પેન, મીની સોસ પેન, મીની કડાઈ અને મીની તડકા પેનનો સમાવેશ થાય છે. અદ્યતન ટ્રિપ્લાય ટેકનોલોજીને કોમ્પેક્ટ પરિણામો સાથે જોડીને, નવી શ્રેણી ખાસ કરીને આજની ઝડપી ગતિવાળી જીવનશૈલી માટે બનાવવામાં આવી છે, જે સુવિધા, સ્વસ્થ રસોઈ અને ઉત્તમ ઊર્જા કાર્યક્ષમતા પ્રદાન કરે છે.

TOSAA ટ્રિપ્લાય મીની સિરીઝ ઘરથી દૂર રહેતા વિદ્યાર્થીઓ, વ્યાવસાયિકો, સ્નાતકો, યુગલો, વરિષ્ઠ નાગરિકો, છાત્રાલયના રહેવાસીઓ અને ઉચ્ચ શિક્ષણ અથવા કામ માટે વિદેશમાં મુસાફરી કરતા કોઈપણ માટે આદર્શ છે.




દરેક વાસણ પ્રીમિયમ ટ્રિપ્લાય સ્ટેનલેસ સ્ટીલ ટેકનોલોજીનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે, જેમાં ફૂડ-ગ્રેડ SS304 સ્ટેનલેસ સ્ટીલ આંતરિક સ્તર, ઝડપી અને સમાન ગરમી વિતરણ માટે હેવી-ગેજ એલ્યુમિનિયમ કોર અને ઈન્ડકશન-સુસંગત સ્ટેનલેસ સ્ટીલ બાહ્ય સ્તરનો સમાવેશ થાય છે.

TOSAA ટ્રિપ્લાય મીની સિરીઝ સ્વસ્થ રોજિંદા રસોઈ માટે રચાયેલ છે. કુકવેરમાં કોઈ રાસાયણિક આવરણ નથી, જે તેને પરિવારો માટે સલામત પસંદગી બનાવે છે. ફૂડ-ગ્રેડ સ્ટેનલેસ સ્ટીલ આંતરિક ભાગ એસિડિક ઘટકો સાથે પ્રતિક્રિયા આપતું નથી, ખાતરી કરે છે કે ખોરાક તેનો મૂળ સ્વાદ અને પોષક મૂલ્ય જાળવી રાખે છે.■

અનંત અનાદિ
વડનગર
પુરાતાત્વિક અનુભવાત્મક સંગ્રહાલય

ગુજરાત સરકાર



# વડનગર મ્યુઝિયમ

## ભારતનું સૌપ્રથમ આર્કિયોલૉજિકલ એક્સપિરિએન્શિયલ મ્યુઝિયમ

**અહીં ઇતિહાસ માત્ર જોવાતો નથી, અનુભવાય છે**

વડનગરના ગૌરવશાળી ભૂતકાળને હવે AR, VR, 3D પ્રૉજેક્શન અને ઇન્ટરેક્ટિવ વૉકવેના માધ્યમથી વધુ નજીકથી અનુભવ કરો.




## વડનગર મ્યુઝિયમની વિશેષતાઓ

| ગુજરાતનું ગૌરવ | વાસ્તવિક ઉત્ખનન સ્થળ | અત્યાધુનિક ટેક્નૉલૉજી | 5,000+ કલાકૃતિઓ | તમામ ઉંમરના લોકો માટે ખાસ અનુભવ |
|---|---|---|---|---|
| માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની જન્મભૂમિ હવે વૈશ્વિક વિરાસત સ્થળ | 50 મીટરના વૉકવે પરથી વાસ્તવિક પુરાતત્વીય ઉત્ખનન સ્થળ જોવાની તક | AR, VR અને 3D પ્રૉજેક્શન દ્વારા જીવંત બનતો ઇતિહાસ | સિક્કા, આભૂષણો સહિત અનેક વસ્તુઓ | શીખવા, જાણવા સાથે ગૌરવની અનુભૂતિ |







વડનગર, જિલ્લો મહેસાણા, ગુજરાત
vadnagararchaeologymuseum.com

વધુ માહિતી માટે QR કોડ સ્કેન કરો.

"વડનગર મ્યુઝિયમ ગુજરાતની પ્રાચીન વિરાસત,
સંસ્કૃતિ અને ઇતિહાસને આધુનિક પ્રસ્તુતિ સાથે દુનિયા સમક્ષ રજૂ કરે છે."
**- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત



VARDHAMAN JAIN GRUH UDYOG LLP
GSTIN : 27AAUFV6496P1ZO
fssai Lisc. No. : 11518004000401
READY TO EAT
RAGDA KACHORI CHAAT 250 GRAMS ₹ 130
WHITE PASTA 250 GRAMS ₹ 170
COCONUT RICE 250 GRAMS ₹ 200
FOXTAIL UPMA 250 GRAMS ₹ 190
COCONUT CHUTNEY 100 GRAMS ₹ 80
SURTI LOCHO 150 GRAMS ₹ 100
FROZEN STARTERS
BANANA FRENCH FRIES 250 GRAMS ₹ 110
PANEER CHILLI SAMOSA 250 GRAMS ₹ 120
BURMESE BITES 250 GRAMS ₹ 160
CHEESE BURST BALLS 250 GRAMS ₹ 150
MEXICAN ROLLS 250 GRAMS ₹ 150
BASIL PESTO ROLLS 250 GRAMS ₹ 180
NEW BAKERY ITEMS
PERI PERI BOW KHARI 250 GRAMS ₹ 100
PESTO TOAST 200 GRAMS ₹ 100
MIX HERB TOAST 200 GRAMS ₹ 100
LAVASH 100 GRAMS ₹ 50
PIZZA STICKS 100 GRAMS ₹ 50
DABELI STICKS 100 GRAMS ₹ 50
COOKIES
MUTLIGRAIN GUD 250 GRAMS ₹ 100
BAJRI GUD 250 GRAMS ₹ 100
JOWAR GUD 250 GRAMS ₹ 100
CRANBERRY 150 GRAMS ₹ 100
HONEY OATS RAISINS 250 GRAMS ₹ 110
OATS CRANBERRY COCONUT 150 GRAMS ₹ 100
NAMKEEN
PAPDI 250 GRAMS ₹ 80
BHAVNAGARI 300 GRAMS ₹ 80
TIKHA SEV 300 GRAMS ₹ 80
LAKADIYA 300 GRAMS ₹ 80
MINI BHAKARVADI 300 GRAMS ₹ 70
KACHORI 300 GRAMS ₹ 70
FOR MORE DETAILS CALL BETWEEN 10:30 AM TO 7:30 PM
RACHANA MARU : +91 77108 71133
HOME DELIVERIES AVAILABLE IN VARIOUS AREAS
SCAN QR TO VIEW OUE ENTIRE PRODUCT RANGE
PRICES MAY CHANGE WITHOUT PRIOR NOTICE
justcraftingdesigns - 9029691090
SHREE VARDHAMAN STHANAKWASI JAIN SHRAVAK SANGH - DADAR (W)
12, Gyan Mandir Road, Behind Ajanta Plywood, Dadar (W), Mumbai - 28

## ૯. લગ્ન સંબંધી

■ જુહુની કન્યા 1988 DIVORCE આવકાર્ય રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૭૭૬૬)

**બ્રાહ્મણ સેવા સમાજ**
50મું વર્ષ 109મો પરિચય મેળો મલાડ ખાતે તા. 06/09/2026 પ્રવેશ ફી યુવક Rs. 500/-, યુવતી Rs. 300/-, સંપર્કઃ અલકેશભાઈ વ્યાસ- 8779177080, જય- 9870756615 દિપકભાઈ- 8828221010. (સમુહ જનોઈ રવિવાર 13/12/2026) (દહેજ નહીં). (૧૧૪૪-એ)

**45 સુધીની મહિલા**
**જુહુ સ્થિત વ્યવસાયિક વૈષ્ણવ માટે ભણેલી, સંસ્કારી, નમણી મહિલા જોઈએ છે. સંપર્ક - 9967894750. (બી-૧૭૭૮૯)**

**લોહાણા (રઘુવંશી)**
1991 બોર્ન, 5'10", હેન્ડસમ, સ્માર્ટ, બેચલર ઈન માસમીડિયા, પોસ્ટ ગ્રેજ્યુએટ ઇવેન્ટ મેનેજમેન્ટ, 3 રેસ્ટોરન્ટ ધરાવતા બરોડા સ્થિત યુવક માટે સમકક્ષ યુવતીના વડીલો સંપર્ક 9825036422 / 9879608760 (જ્ઞાતિબાધ નથી). (દહેજ નહીં). (એસડીબીજી-૩૩૯૩)

■ ખુશહિત મેરેજ બ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં) (૧૧૮૧-ડી)

## ૧૦. મહિલાઓ માટે

**''કેસર કેરી''**
વલસાડની પ્રખ્યાત ''ઓર્ગેનિક'' ''કેસર'' મુંબઈમાં ઘેરબેઠા મેળવોઃ 9427577771, 9274793095. (૧૧૪૮-એ)

**કાનનાં મોટા કાણાં**
દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી : 9969388693 / 7506569229. (બી-૧૭૮૧૪)

## ૧૨. યાત્રા સહેલગાહ

**શ્રી યમુના**
ઉજ્જૈન - ઈંદોર - હૈદરાબાદ -શ્રીનાથજી - જયપુર - ખાટુશ્યામ - ચંપારણ - પુરી - ગંગાસાગર - પાંચ જ્યોતિર્લિંગ - ચારધામ - 9892377559. (૫૪૮-બી)

**વિઝા સર્વિસ**
દરેક જાતના વિઝા, દરેક કન્ટ્રી માટે બનાવીને મળશેઃ 9930344866. (૧૧૮૪-સી)

**ગાડી ભાડેથી**
નવી ઈનોવા ક્રિસ્ટા, અર્બેનિયા, ટેમ્પો ટ્રાવેલર ગાડીઓ વ્યાજબી ભાવે ભાડેથી મળશેઃ 9930344866. (૧૧૮૪-ડી)

**દિવ્ય ટુર**
રાજસ્થાન, કેરેલા, કર્ણાટક પેકેજ : 9819304112. (૧૧૮૪-ઈ)

**શ્રીગણેશ યાત્રા**
કાશી વિશ્વનાથ. અયોધ્યા. પ્રયાગ. નેપાળ કાટમંડુ પશુપતિનાથ પોખરા. પોતાનું રસોડું. ડિલક્સ હોટેલ. ગ્રુપ બુકિંગ આવકાર્ય દિવસ ૧૩. ઉપડશે ૨૬ સપ્ટેમ્બર. ૯૮૨૦૧૬૪૦૦૭, ૯૮૯૨૨૬૮૬૬૭. (૧૧૯૫-એ)

**દિવ્ય ટુર**
શશીકાંત કે પાઠક શાસ્ત્રીજી દ્વારા સંચાલિત 40 વર્ષના અનુભવી. ચારધામ યાત્રા (Sep. to Oct.) ગંગાસાગર જગન્નાથ પુરી (Sep. to March), આસામ મેઘાલય અરુણાચલ પ્રદેશ (Nov. to May) રામેશ્વરમ, દક્ષિણ ભારત (Oct. to Feb.), નેપાળ યાત્રા - Sep. 26, અયોધ્યા પ્રયાગરાજ (Sep. to Jan.) ગોકુળ મથુરા - 17 Sep. 9819304112. (૧૧૮૪-એ)

## ૧૪. નોકરી ખાલી છે

**તક**
વધારાની આવક અને ઉજજવલ કારકિર્દી નાણાંકીય સલાહકાર તરીકે ઉંમર 70 સુધીઃ- 9320132162. (૧૧૮૭-સી)

■ વ્યવસાયની તક - વરિષ્ઠ, ગૃહિણીઓ, પોલીસ/ આર્મી નિવૃત્ત. નિશ્ચિત પગાર : 9869378430. (બી-૧૭૭૯૫)

**■ બીજી આવકની શરૂઆત કરો! ફ્લેક્સિબલ સમય સાથે પગાર+ ઈન્સેન્ટિવ ગૃહિણિઓ, નિવૃત્ત વ્યક્તિઓ, પ્રોફેશનલ્સનું સ્વાગત. ઉજ્જવળ કારકિર્દી વિકાસની તક. 98219 17309. (૧૧૭૩/સી)**

## મુંબઈ સમાચાર

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

## ૧૪. નોકરી ખાલી છે

**REQUIRED**
Back Office Staff having knowledge of MS Office Call: 9870550891 / 9821322833. (1187-A)

REQUIRE FRESH OR UPTO one year experience, B.Com with Tally, for Distribution Business at Vikhroli West. Male Candidates preferred. WhatsApp Biodata on 9867361590. (No Calls Please), (B-17808)

**VORA SKYLINE**
**A CONSTRUCTION COMPANY**
Requires Candidates For Following Positions

| Department | Qualification |
|---|---|
| PURCHASE | B.E. Civil |
| ACCOUNTANT | B.Com / M.Com / Inter C.A. |
| SALES (Front & Back Office, CRM) | MBA Freshers/Experienced |

Age below 45 years - Salary no bar Walk In Between 5.00 to 7.30 pm at
Office No. 520A, 5TH FLOOR, HIVE 67, NEXT TO RAGHULEELA MALL, BORSAPADA ROAD, KANDIVALI (WEST), MUMBAI - 400 067
You may send your resume by mail to: hr@voraskyline.biz
(B-17813)

REQUIRE B.Sc/ B.Com / ENgineer / Diploma Engineer for Managing Existing and New Business Development in Institutions and Corporates Sales across India. Fluent English Communication and Basic Computer Knowledge MS Office, Word, Excel etc is a must. WhatsApp Biodata on 9867361590. (No Calls Please). (B-17809)

## ૧૫. નોકરી જોઈએ છે

**સોસાયટી મેનેજર / એકાઉન્ટન્ટ**
20 વર્ષનો અનુભવ ધરાવતા સોસાયટી મેનેજર / ટેલી એકાઉન્ટસ / TDS રીટર્ન ફાઈલીંગ / ઓડિટ (પાર્ટ ટાઈમ કામ) માટે સંપર્કઃ 9076220505. (૫૪૮-એ)

■ એકાઉન્ટસનાં અનુભવી ઉં. વ. ૭૦ સારી તબીયત ધરાવનારને ટેલી એકાઉન્ટસ GST TDS I.T. ટર્ન ઓવર ૪ કરોડથી ઉપર માટે ફુલ ટાઈમ નોકરી જોઈએ છે. ઘાટકોપરથી મુલુંડ સુધી મોબાઈલ 9833955186. (૩૫૨)

## ૧૭. જગ્યા આપવી છે

**■ સ્પેશ્યાલીસ્ટ ચિંતનભાઈ GHATKOPAR, VIDYAVIHAR, CHEMBUR, વેચાણથી/ ભાડેથી, RESIDENTIAL, COMMERCIAL. 9321234567. (૧૧૩૪/સી)**

**પારલા વેસ્ટ**
2 બેડ ભાડેથી નવી બિલ્ડીંગ સ્ટેશન / દેરાસર પાસે અમીત - 7045622403. (બી-૧૭૭૬૫)

**ઘાટકોપર ઈસ્ટ**
નીલકંઠ વેલી કુકરેજા સુધાપાર્ક ૧ થી ૬ બેડરૂમના ફ્લેટ્સ તૈયાર કબજો હિતેશભાઈ 9920927958, 9820008003. (એસડીબી-૩૩૯૪)

**ઘાટકોપર ઈસ્ટ-વેસ્ટ**
રાજાવાડી ૬૦' ૯૦' ઓડિયન ગરોડિયા પંતનગર ૧ થી ૬ બેડરૂમના ફ્લેટ્સ તથા ઓફિસ તૈયાર બંધાતામાં લેવા વેચવા ભાડેથી હિતેશભાઈ 9920927958, 9820008003. (એસડીબી-૩૩૯૫)

**MALAD-WEST**
S.V.Road, Opp.Jain Derasar
A Project By: Imperial Group.
Rera No. PR1180002500372

1 BHK With Master Bed- 1.18 Cr. (All Inclu.)
2 BHK With Master Bed- 1.69 Cr. (All Inclu.)
O.C. Applied.
* All Major Amenities..
Call:7506953114, 9821291100
(B-17763)

**ઘાટકોપર (ઈસ્ટ) તિલક નગર**
ભાડેથી. ૨ બેડરૂમ, હોલ, કિચન - 700' કારપેટ, હાયર ફલોર. બ્રોકર - 9323030141, 8169019857. (૧૧૮૯-એ)

**વિલેપાર્લાઃ (ઈસ્ટ) - (વેસ્ટ) - જુહુમાંઃ**
૧ થી ૫ બેડનાં ફ્લેટો, દુકાનો, ઓફીસો - ગોડાઉન લેવાં / વેચવા - 9869463304, 7738151065. (બી-૧૭૭૫૯)

**બાંદ્રા વેસ્ટ**
૧/૨/૩/૪ બેડરૂમ હોલ કીચનના ફ્લેટો - લીવલાયસંસથી / ઓનરશીપથી તથા દુકાન - ઓફિસ લેવા / વેચવા ''પ્રદિપભાઈ'' 9820086313. (બી-૧૭૭૭૮)

**■ સુરતમાં ભાગળથી એકદમ નજીક- હરિપુરા મેઇન રોડ પર આગળ-પાછળ નિકાલવાળી મોકાની બે ગાળાની ઈમારત વેચવાની છે. સંપર્ક તુષારભાઈઃ ૯૯૨૦૨૩૦૯૨૯. (૧૧૭૩-એ)**

**અંધેરી (વેસ્ટ)**
એસ. વી. રોડ, ૩ બેડરૂમ હોલ કીચન, એટેચ્ડ ટોયલેટ, ૧૯૪૦ સ્કે. ફીટ, ૨ પાર્કીંગ, વેચાણથી. સંપર્કઃ ઓનર - ૮૪૩૩૭૨૭૩૪૫. (બી-૧૭૮૦૦)

## ૧૭. જગ્યા આપવી છે

**કાંદિવલી વેસ્ટ**
1 બેડરૂમ 428 કાર્પેટ નવા ટાવરમાં પટેલનગરની બાજુમાં M. G. રોડ 1.18 crમાં પાર્કિંગ સાથે, 1 બેડરૂમ 85 લાખ, નવા એમીનીટીઝવાળા ટાવરમાં દહાનુકરવાડી મેટ્રો સ્ટેશન પાસે મળશે. સંજીવ 9821925693. (બી-૧૭૮૧૨)

**રેન્ટ એગ્રીમેન્ટ**
રૂપિયા 800માં ઘરેબેઠા કરીશું 9167739876/ 8451922872 (૧૨૦૬-એ)

**બોરીવલી વેસ્ટ**
**TPS રોડમાં 1 બેડરૂમના 400' અંડર કન્સ્ટ્રકશન 1.20 કરોડમાં તરત વેચવાના છે. કેતનભાઈ: 91378 69496. (૧૨૧૧-એ)**

**કાંદિવલી વેસ્ટ**
**૪૫૦, કાર્પેટ, ૩જે માળે, વગર લિફ્ટ, ઓપન પાર્કિંગ, હવા ઉજાસવાળી, ખજૂરિયા નગર, રીડેવલોપમેન્ટ જશે. ૯૦ લાખ: 9821399513. (૧૨૦૭-એ)**

**ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર - તિલકનગર**
ફ્લેટ, ઓફિસ, દુકાન, ભાડેથી/વેચાણથી લેવા-વેચવા 'પંકજ નરેન્દ્ર વોરા' 9321103249. (૧૨૦૮/એ)

**જુહુ**
**મીઠીબાઈ કોલેજ પાસે ઓનરશીપથી ૩ બેડરૂમ, ૧૧૦૦ કાર્પેટ, ૨ પાર્કિંગ ૫.૫૦ કરોડ. નીતિ ઠક્કર 9757235535 (એસડીબી-૩૩૯૬)**

**મલાડ (વેસ્ટ)**
**સ્ટેશનથી વોકેબલ એસ.વી. રોડમાં 3 બેડરૂમ 1025' કાર્પેટનો ફ્લેટ વેચાણથી આપવાનો. (2.40 CR. NEGOTIABLE). ઓનરઃ 9870034567, 7977308638. (૧૨૦૪-બી)**

**કાંદિવલી (વેસ્ટ)**
વેચાણથી સ્ટેશનથી 4 મિનિટ SV રોડ જ્યોતિ આર્ય 1 બેડરૂમ 511', સેલેબલ, દલાલ આવકાર્ય- 9867255669. (૧૨૦૫-એ)

**KANDIVALI EAST**
**2 Bedroom Sale, Higher Floor, Main Road Facing, Excellent View, Metro Station, WEH 5 Minutes away. Very Reputed Builder. Owner: 9820552323. (1173-E)**

**BANDRA / KHAR / SANTACRUZ**
3/4 BHK Luxurious Homes, Greenery View, with O.C. "Big Deal Realty" 'Prem Batra' 9820065757 'Bipin' 9820047773. (B-17775)

**VIRAR: "2 FLOOR VILLA" SALE...**
Near Highway: 2 Bed attached Balconies... (1225' Land Carpet) with OC + 2 Cars Parking + Garden + Swimming Pool... 95 Lakhs Negotiable..) 'Owner' - 9892708828. (B-17796)

## ૧૮. જગ્યા જોઈએ છે

**ઘાટકોપરમાં 3/4 બીએચકે ફ્લેટ નવા તથા અંડર કન્સ્ટ્રકશન બિલ્ડીંગમાં જોઈએ છે. 9821095329 (એસડીબી-૩૩૯૮)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી**
રુષભ ઉપાધ્યાય 9049625073
હિતેષ ઉપાધ્યાય 9326470109
(એસડીબી-૩૩૬૭)

## ૨૦. ધંધાદારી જગ્યા

**અંધેરી (વેસ્ટ)**
મેઈન એસ. વી. રોડ, ૮૦૦ સ્કે. ફીટ, પાર્કીંગ, ભાડેથી લાગેલી વેચાણથી. ઈન્વેસ્ટરો સંપર્કઃ ઓનર - ૮૪૩૩૭૨૭૩૪૫. (બી-૧૭૮૦૧)

**બુમરેંગ ચાંદીવલી, અંધેરી (ઈસ્ટ)**
**3100, 3856 બિલ્ટઅપ, ફૂલી ફર્નીશ્ડ ઓફિસ, (ભાડેઃ 100/-, વેચાણમાંઃ 18,000/- પ્રતિ ચોરસ ફૂટ). 9137869496. (૧૨૧૧-બી)**

# 'સૅમિકન્ડક્ટર મિશન ટૂ' માટે ૧.૨૫ લાખ કરોડ રૂપિયા ફાળવાયા

નવી દિલ્હીઃ નાણાં મંત્રાલયના ખર્ચ માટેના વિભાગે (એકસપેન્ડિચર ડિપાર્ટમેન્ટે) 'ઇન્ડિયા સૅમિકન્ડક્ટર મિશન ટૂ' માટે અંદાજપત્રમાંની દરખાસ્ત મુજબ રૂપિયા ૧.૨૫ લાખ કરોડ ફાળવ્યા હતા.

અગાઉ, 'ઇન્ડિયા સૅમિકન્ડક્ટર મિશન વન' માટે રૂપિયા ૭૬,૦૦૦ કરોડ ફાળવાયા હતા અને તેની સરખામણીમાં સૅમિકન્ડક્ટરને લગતા આ બીજા મિશન માટે ફાળવાયેલી રકમ ઘણી વધારે છે.

દેશમાં ચિપ અને સૅમિકન્ડક્ટર્સના સાધનોના ઉત્પાદનને વેગ આપવા માટે કેન્દ્રના અંદાજપત્રમાં 'ઇન્ડિયા સૅમિકન્ડક્ટર મિશન ટૂ'ની જાહેરાત કરાઇ હતી.

ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી તંત્રજ્ઞાન વિભાગના પ્રધાન અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે 'ઇન્ડિયા સૅમિકન્ડક્ટર મિશન ટૂ'માં સ્વદેશી ચિપ ડિઝાઇન તૈયાર કરવા અને તેના ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરાશે.

દેશમાં સૅમિકન્ડક્ટરના ઉત્પાદન માટેના ૧૨ પ્રૉજેક્ટને બહાલી અપાઇ છે. તેના માટે અંદાજે રૂપિયા ૧.૬૪ લાખ કરોડનું રોકાણ કરાશે. (એજન્સી)■

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઘાટકોપર (ઈસ્ટ)**
દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200' - 2000' ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578/ 9987254333. (૯૮૦-સી)

**પ્રિલીઝ હોટલ વેચાણથી અમદાવાદ એરપોર્ટ સર્કલ પાસે**
**બે માળની ૨૦ AC રૂમ ફર્નિચર સાથેની**
**સુંદરદાસ રૂપાણી 9327023330**
(બી-૧૭૭૭૦)

**બુમરેંગ ચાંદીવલી, અંધેરી (ઈસ્ટ)**
**4729 બિલ્ટઅપ, ફૂલી ફર્નીશ્ડ ઓફિસ, (ભાડેઃ 100/-, વેચાણમાંઃ 18,000/- પ્રતિ ચોરસ ફૂટ). 9137869496. (૧૨૧૧-સી)**

**માનસ રેસીડેન્સી**
**તીન હાત પેટ્રોલ પંપ થાણે વેસ્ટમાં 2800 કાર્પેટ ઓફિસ (ભાડેઃ 150/-, વેચાણમાંઃ 40,000/- પ્રતિ ચોરસ ફૂટ). 9137869496. (૧૨૧૧-ડી)**

**CHURCHGATE**
**One Offices for Sale Carpet 230 Rate 1.23 Cr. Rent 60000 Final Fully Furnished Jolly Bhavan No. 1 New Marine Lines Whatsup 70218 31500. (B-17804)**

REQUIRE ON RENT 100 Feet Farsan Shop at Malad, Vashi, Masjid Bunder, Dadar & Ghatkopar 9821156360. (SDB-3397)

**LODHA SIGNET**
Lower Parel Required Office for Our Genuine Client at Market Rate for Outright and Rent Call Yatri 7045514104 / Raj 9820855056. (1209-A)

## ૨૩. મનોરંજન

**બજેટથી પ્રાર્થનાસભા, લગ્નગીત**
**સંગીત સંધ્યા, સાંજી, ભજન Anniversary મનસુખભાઈ 9326801860, 8169552801. (૧૨૦૪-એ)**

## ૨૭. ઔષધ ઉપચાર

**કેબી ધોરમનો ધોરમ મલમ**
**ગુદાના ગુમડા, હરસ, ખસ, દાદર, ખરજવું, વાઢીયા, કરોળિયાનો આયુર્વેદિકમાં ઉપલબ્ધ છે. કેબી ધોરમ વાંચી ખરીદવું. બોરીવલી 9820756510, દહિસર 9321611838, કાંદિવલી 7506655512, મુંબઈ 9820040824, મુલુંડ 9029676712. (૧૧૮૬-એ)**

■ કીડની સ્ટોન (પથરી)ની અકસીર દવા મળશે. મની બેક ગેરંટી. પૂરા ભારતમાં કુરીઅરથી મોકલવામાં આવશે. ફોન 7021 045 499 મનસુખભાઈ. (બી-૧૭૭૪૬)

## ૩૨. જમીન-મિલકત

**રાજકોટમાં પ્લોટ જોઈએ છે**
**રાજકોટ આસપાસના ગામના સર્વે નંબરમાં કાલાવડ રોડ, વડવાજડી, વિરડાવાજડી, હરીપર, ઈશ્વરીયા, વાગુદળ, અમરેલી, મોટાવડા, દેવગામ, છાપરા તેમજ મોરબી રોડ, હડાળા, રતનપર, કાગદડી, ખોરાણા, જાળીયા, તેમજ કુવાડવા રોડ, નાગલપર, પિપડીયા ગામના સર્વેમાં વેચવા મળોઃ કિર્તીભાઈ કંસારા. મો. 98251 60974, 70467 10111. (બી-૧૭૮૦૨)**

**જુનાગઢની આજુબાજુ**
**ગામ પાદરીયા (ડુંગરપુર) નાના/મોટા / ખુલ્લા પ્લોટ / મકાન / જમીન લેવા / વેચવાઃ ૯૦૮૨૪૧૧૮૨૨ / ૯૯૩૦૭૩૦૭૫૫. (૧૧૭૯-બી)**

**જોઈએ છે**
રેપ્યુટેડ ડેવલપર માટે પ્રભાદેવી / વર્લી / દાદર / માટુંગા રિડેવલપમેન્ટ માટે પ્લોટ / જોઈન્ટ વેન્ચર. સોસાયટી રિડેવલપમેન્ટ. અશોક શાહ 9821036552. (૧૨૧૦-એ)

## ૩૩. ધંધાદારી

**1,00,00,000નો**
મેડીકલેમ રૂપિયા ૨૧૬૪૯ બીમારી કવર, ૧૦૦ વર્ષ સુધી એન્ટ્રી 9167739876. (૧૨૦૬-સી)

## ૩૩. ધંધાદારી

■ Redevelopment/ Construction Project? Revival, Completion અને Handover માટે 28+ વર્ષના અનુભવી Civil Engineer હિતેશ શાહ 7666753911. (બી-૧૭૮૧૧)

■ Redevelopment/ Construction Project? વિકાસ, પ્રગતિ અને Solutions માટે 28+ વર્ષના અનુભવી Civil Engineer હિતેશ શાહ 7666753911. (બી-૧૭૮૧૦)

**ગીફ્ટ ડીડ**
**રીલીઝ ડીડ**
**સેલ ડીડ**
**વસીયત**
**પોઈંટ એડવાઈઝરી 9029077715**
(બી-૧૭૭૩૮)

**WE 'BUY' OLD "Computers", Old "Furniture" Antique Items at Reesonable Rates. Contact: 9594786957. (SDBG-3375)**

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રીજી જ્યોતિષ**
અશક્યને શક્ય કરનાર સચોટ નિવારણ, જન્માક્ષર, લગ્ન વિલંબ, સૌતન, પતિ-પત્ની અનબન, પ્રેમી મિલન, (લવ પ્રોબ્લેમ, પર્સનલ પ્રોબ્લેમ, સ્પેશિયાલિસ્ટ) 9372024547 (ઘાટકોપર) (નિરાશ થયેલા વ્યક્તિઓ ખાસ મળો). (બી-૧૭૬૭૮)

**સચોટ જયોતિષ**
**જન્મતારીખ અને સમય વોટસએપ કરો**
**લગ્ન યોગ કયારે, ભાગ્યોદય કયારે**
**વાતો ન કરો, રીઝલ્ટ માંગો**
**ફી લેવામાં આવતીજ નથી**
**7304586200**
(બી-૧૭૮૦૪)

**સચોટ જ્યોતિષ**
જન્મતારીખ સમય વોટ્સએપ કરો, લગ્ન યોગ કયારે, ભાગ્યોદય કયારે, વાતો ન કરો રિઝલ્ટ માંગો, ફી લેવામાં આવતી જ નથીઃ 7304586200. (૧૨૦૩-એ)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**PREMIUM**
૧૯૮૩થી વિશ્વાસુ - વાંદા, ઊધઈ, ઉંદરનો ઉપાય. PESTIGUARD - 8169473531 / 9898637635. (બી-૧૭૭૭૯)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' : ઉધઈ, વાંદા, માંકડ. (હર્બલ). 9773226675 / 9326448699. (કાંદિવલી). (૧૧૪૨-સી)

**ACE પેસ્ટીસાઈડ**
(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદીવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૨૦૪-સી)

## ૫૦. વેચવાનું છે

AT VADODARA, GUJARAT For Sale 56 yrs. Old Branded Construction Machineries Manufacturing Company in Running Condition. What's App: 9825040995. (B-17748)

## ૫૨. કુરીઅર્સ

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, મેડિસિન, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૭૬૬૧)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)

**ફોરેન**
પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

# હોર્મુઝ ખાડીમાંથી પસાર થતાં જહાજો પાસેથી સર્વિસ ફી લેવાશે?

## અમેરિકા-ઇરાને હુમલા રોક્યા, પણ દ્વિપક્ષી મંત્રણા અંગે અવઢવ

દુબઈઃ ઓમાન અને ઇરાન હોર્મુઝ ખાડીમાંથી પસાર થતાં વેપારી જહાજો પાસેથી સર્વિસ ફી વસૂલ કરવાનું વિચારી રહ્યા છે. અમેરિકાએ એક બાજુ દાવો કર્યો હતો કે ઇરાન કતારમાં દ્વિપક્ષી મંત્રણા માટે સહમત થયું છે, જ્યારે બીજી બાજુ તહેરાને જણાવ્યું હતું કે અમારું પ્રતિનિધિમંડળ કતાર જશે, પણ અમેરિકા સાથે મંત્રણા કરવાનો સમય કે અન્ય કોઇ બાબત નક્કી નથી.

દરમિયાન, ઓમાનના વિદેશ પ્રધાન બદર અલ-બુસૈદીએ જણાવ્યું હતું કે ઓમાન અને ઇરાન હોર્મુઝ ખાડીમાંથી પસાર થતાં વેપારી જહાજો પાસેથી સર્વિસ ફી વસૂલવા ચર્ચાવિચારણા કરી રહ્યા છે.

અમેરિકા અને ઇરાને એકબીજા પરના વધુ હુમલા કરવાનું હાલમાં અટકાવ્યું હતું, પરંતુ તહેરાને જણાવ્યું હતું કે અમે અમેરિકાના પ્રતિનિધિમંડળ સાથે 'કોઇ પણ સ્તરે' મળવાનું હજી નક્કી નથી કર્યું.

બીજી બાજુ, અમેરિકા અને ઇરાને ચાલુ અઠવાડિયે કતાર ખાતે પ્રતિનિધિમંડળો મોકલવાની અલગ-અલગ જાહેરાત કરી હતી.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે ઇરાન કતારના દોહા ખાતે અમેરિકાના પ્રતિનિધિમંડળને મળવા સહમત થયું છે.

આમ છતાં, ઇરાન વતી મંત્રણા કરતા વરિષ્ઠ નેતાઓએ અમેરિકા સાથેની મંત્રણાનો સમય નક્કી થયો હોવાનો ઇનકાર કર્યો હતો.

ઇરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે અમે વચગાળાના કરારની જોગવાઇ અંગે ચર્ચા કરવા કતાર ખાતે પ્રતિનિધિમંડળ મોકલી રહ્યા છીએ, પરંતુ આ મંત્રણામાં અમેરિકાનો સમાવેશ નહિ કરાય.

અમેરિકા અને ઇરાને ચાર દિવસ એકબીજા પર હુમલા કર્યા બાદ હાલમાં વધુ હુમલા બંધ કર્યા છે.

ઇરાન વતી મંત્રણા કરી રહેલા નેતા કાઝેમ ગરીબાબદીએ જણાવ્યું હતું કે અમેરિકા સાથે આગામી દિવસોમાં મંત્રણા કરવાનું કંઇ નક્કી નથી.

દરમિયાન, અમેરિકાએ દાવો કર્યો હતો કે કતાર અટકાવી દેવાયેલા ઇરાનના છ અબજ ડૉલર છૂટા કરવા તૈયાર થયું છે. આ રકમનો ઉપયોગ ઇરાનના લોકો માટે અમેરિકાની ખાદ્યસામગ્રી ખરીદવા કરાશે. (એજન્સી)■

# અમરનાથ યાત્રા હજી શરૂ નથી થઈ ત્યાં હિમલિંગ પીગળીને આઠ ફૂટનું થઈ ગયું

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : કાશ્મીરના હિમાલય ક્ષેત્રમાં સ્થિત પવિત્ર અમરનાથ ગુફામાં કુદરતી રીતે રચાતા હિમલિંગ આ વર્ષે સામાન્ય કરતા વધારે ગરમીને લીધે તેજીથી પીગળને સાત-આઠ ફૂટનું થઈ ગયું છે. યાત્રા તો હજી ત્રીજી જુલાઈથી શરૂ થવાની છે. અનેક વર્ષોથી ગ્લોબલ વોર્મિંગને લીધે હિમલિંગ સમયથી પહેલાં લુપ્ત થઈ જાય છે. જોકે આ સાથે શ્રદ્ધાળુની આસ્થામાં પણ ફરક પડ્યો છે અને શ્રદ્ધાળુની સંખ્યા વધતી જાય છે. ઓનલાઈન રજિસ્ટ્રેશનમાં સારો પ્રતિસાદ ન મળતા શ્રાઈન બોર્ડે હવે ઓન સ્પોટ રજિસ્ટ્રેશન કરવાનું શરૂ કર્યુ છે. ઓનલાઈન રજિસ્ટ્રેશન તો પહેલેથી ચાલુ હતું, પરંતુ જે લોકોએ ઓનલાઈન રજિસ્ટ્રેશન નથી કરાવ્યું તેને માટે કેન્દ્રોમાં ઓફલાઈન રજિસ્ટ્રેશન શરૂ કરવામાં આવ્યું છે. આવા કેન્દ્રો પર મોટી ભીડ જોવા મળી છે. પહલગામના આતંકવાદી હુમલા છતાં શ્રદ્ધાળુનો ઉત્સાહ સારો છે.

અમરનાથ શ્રાઈન બોર્ડના અધિકારીઓના કહેવા મુજબ બે મહિના પહેલાં હિમલિંગ પોતાના પૂરા રૂપમાં હતું. તેનું કદ બાવીસ ફૂટ હતું અને હવે તેની ઊંચાઈ આઠ ફૂટ થઈ ગઈ છે. આ લિંગ તેજીથી પીગળી રહ્યું છે. અગાઉ પણ આ લિંગ વહેલું પીગળી ગયું છે. આ માટે ગ્લોબલ વોર્મિંગ અને શ્રદ્ધાળુનો ઉચ્છવાસ જવાબદાર છે. ૨૦૧૩, ૨૦૧૬ અને ૨૦૧૮માં પણ આવું બન્યું હતું.

૨૦૧૬માં ભક્તોની વધારે ભીડને લધે હિમલિંગ વહેલું પીગળી ગયું હતું. એ દિવસે દસ દિવસમાં જ હિમલિંગ દોઢ ફૂટનું થઈ ગયું હતું. ૨૦૧૬માં હિમલિંગ ફક્ત ૧૦ ફૂટનું બન્યું હતું. ૨૦૧૩માં હિમલિંગ ૧૪ ફૂટનું જ હતું. ૨૦૧૮માં બાબા બર્ફાની ઝડપથી પીગળી ગયા હતા. એક મહિનાની યાત્રા બાદ હિમલિંગ ગાયબ થઈ ગયું હતું અને બાબા અંતરધ્યાન થઈ ગયા હતા.

અધિકારીઓનું કહેવું છે કે હિમલિંગ સંકોચાઈ જતા શ્રદ્ધાળુ, ધાર્મિક સંગઠનો અને પ્રશાસન ચિંતિત છે. જોકે અધિકારીઓએ કહ્યું હતું કે યાત્રા અને દર્શનની વ્યવસ્થા પર આની કોઈ પ્રતિકૂળ પ્રભાવ નહીં પડે.

અમરનાથ ગુફા સમુદ્ર સપાટીથી ૧૪,૫૦૦ ફૂટ ઊંચાઈએ છે. આ ગુફામાં છતથી ટપકતું પાણી થીજી જવાથી પ્રાકૃતિક હિમલિંગ નિર્માણ થાય છે. તેનો આકાર મોસમ, તાપમાન અને ભેજની સ્થિતિ પર આધારિત હોય છે.

હવામાનશાસ્ત્રીઓએ કહ્યું હતું કે જૂન મહિનામાં અનેક દિવસો સુધી તાપમાન સરેરાશ કરતાં પણ ઉપર રહ્યું જેને લીધે ઊંચા પવર્તીય ક્ષેત્રોમાં બરફ તેજીથી પીગળી ગયો. નિષ્ણાતોનું કહેવું છે હિમલિંગ ઝડપથી પીગળી ગયું એની પાછળ ઘણા કારણો છે. આના મુખ્ય કારણો ઉષ્ણતામાન અને ઓછી હિમવર્ષા છે. ગયા શિયાળામાં સામાન્યથી ઓછી હિમવર્ષા થઈ. આને લીધે ગુફાની આસપાસનું પાકૃતિક શીત વાતાવરણ અપેક્ષા કરતાં નબળું રહ્યું. તદુપરાંત મે અને જૂનમાં પડનારી ગરમ હવા અને ભીષણ ગરમીનો પણ પ્રભાવ પડ્યો હતો. ■

# સિંધુનું પાણી રોક્યું તો હાથ કાપી નાખીશુંઃ પાકિસ્તાનની પોલી ધમકી

નવી દિલ્હીઃ આતંકવાદને પોતાની રાષ્ટ્રીય નીતિનો હિસ્સો બનાવનારા અને આતંકવાદીઓનો ઉછેર કરનારા પાડોશી દેશ પાકિસ્તાને ફરી એકવાર પોતાની હેસિયત કરતાં વધુ મોટું નિવેદન આપ્યું છે. આવા સમયમાં, પાણીના એક-એક ટીપાં માટે તરસી રહેલા પાકિસ્તાને વધુ એક પોકળ ધમકી આપી છે. પાકિસ્તાનના પર્યાવરણ પ્રધાન મુસાદિક મલિકે કહ્યું છે કે, જે કોઈ અમારા પાણી પર હાથ નાખશે, અમે એ હાથ જ કાપી નાખીશું.

મુસાદિક મલિકનો દાવો છે કે તેઓ સિંધુ જળ કરારના મુદ્દાને ન્યાય, મૂળભૂત અધિકારો અને નદીના પ્રવાહની દિશામાં નીચે તરફ આવેલા દેશોના પાણીના અધિકારની સુરક્ષા સાથે જોડાયેલી એક વૈશ્વિક બાબત તરીકે રજૂ કરી રહ્યા છે.

મુસાદિક મલિકે સિંધુ નદીને એક એવા નળ સાથે સરખાવી, જેનું હેન્ડલ આપણા પાડોશી દેશના વડા પ્રધાનના હાથમાં છે અને તેઓ કહે છે કે પાકિસ્તાનમાં પાણીનું એક ટીપું પણ જવા દેવામાં નહીં આવે.

મલિકના જણાવ્યા અનુસાર, પાકિસ્તાનની ૪૦થી ૫૦ ટકા વસ્તી રોજીરોટી માટે ખેતી પર નિર્ભર છે, આ ક્ષેત્ર દેશના અર્થતંત્રમાં ૨૦થી પચીસ ટકા સુધીનો ફાળો આપે છે, અને પાકિસ્તાનની ખાદ્ય સુરક્ષા (અનાજની સુરક્ષા) સંપૂર્ણપણે પાણીની ઉપલબ્ધતા પર જ આધારિત છે. ■

# દોહાના ડહોળાયેલા વાતાવરણથી શૅરબજારમાં સતત બીજા દિવસે પીછેહઠ, સેન્સેક્સમાં ૨૫૦ પોઈન્ટનું ગાબડું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દોહામાં યુએસ-ઈરાન વાટાઘાટોના આગામી રાઉન્ડ અંગે અનિશ્ચિતતા વચ્ચે આઇટી, ઓઇલ અને ગેસ તથા પસંદગીના બેંકિંગ શેરોમાં વેચવાલીનું દબાણ વધવાને કારણે મંગળવારે બેન્ચમાર્ક સ્ટોક સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટીમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ ૩૯૮.૯૮ પોઈન્ટ અથવા ૦.૫૧ ટકા ઘટીને ૭૬,૩૨૯.૩૯ની નીચી સપાટીએ અથડાઇને અંતે ૨૪૯.૭૦ પોઈન્ટ અથવા ૦.૩૩ ટકા ઘટીને ૭૬,૪૭૮.૬૭ પર સ્થિર થયો, જ્યારે નિફ્ટી ૮૦.૫૦ પોઈન્ટ અથવા ૦.૩૪ ટકા ઘટીને ૨૩,૮૬૫.૭૫ પર બંધ થયો હતો.

ઈરાને અમેરિકા સાથે મુલાકાતની કોઈપણ યોજનાનો ઇનકાર કર્યો હોવા છતાં, સ્થિર ઈરાની ભંડોળના પ્રકાશન પર ફોલોઅપ લેવા માટે એક નિષ્ણાત પ્રતિનિધિમંડળ દોહા મોકલશે તેવા અહેવાલો પછી ભારતીય ઇક્વિટી બેન્ચમાર્ક મંગળવાર, ૩૦ જૂનના રોજ સતત બીજા સત્રમાં ઘટ્યા હતા.

જૂનના ફ્યુચર્સ અને ઓપ્શન કોન્ટ્રાક્ટની મન્થલી એક્સપાઇરીને કારણે કામકાજના છેલ્લા કલાકમાં વધેલી અસ્થિરતાને કારણે સેન્સેક્સ ૩૯૯ પોઈન્ટ જેટલો ઘટ્યો અને નિફ્ટી ૨૩,૮૨૯ના ઇન્ટ્રાડે નીચા સ્તરે પહોંચ્યો હતો. ઇન્ફોસિસ, આઇસીઆઇસીઆઇ બેંક, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા સેન્સેક્સ પર ટોપ લૂઝર્સ હતા. જૂન એફએન્ડઓ સીરિઝ માટે, નિફ્ટી ઇન્ડેક્સ ૦.૨ ટકા ઘટીને અને નિફ્ટી બેંક ઇન્ડેક્સ ૪.૪૫ ટકા વધીને.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે મંગળવારે કતારમાં ઈરાન અને યુનાઇટેડ સ્ટેટ્સ વચ્ચે બેઠક યોજાશે, જે સૂચવે છે કે ગલ્ફમાં તાજેતરના લશ્કરી અથડામણો છતાં રાજદ્વારી વાટાઘાટો હજુ પણ ટ્રેક પર છે. સ્થાનિક સ્તરે એનએસઇના ૧૫ મુખ્ય સેક્ટરલ ઇન્ડેક્સમાંથી નવ ઇન્ડેક્સ ગબડ્યા હતા. આઇટી ઇન્ડેક્સમાં ૨.૭ ટકાનો સૌથી મોટો ઘટાડો થયો હતો.

પીએસયુ બેંક, ખાનગી બેંક, એફએમસીજી, નાણાકીય સેવાઓ અને બેંક સૂચકાંકો પણ ૦.૨ ટકા અને ૦.૭ ટકાની વચ્ચે ઘટ્યા હતા. બીજી બાજુ, ઓટો, ફાર્મા, રિયલ્ટી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને ઓઇલ તથા ગેસ શેરોમાં ખરીદીનો રસ જોવા મળ્યો હતો. મિડ અને સ્મોલકેપ શેર્સે તેમના મોટા શેરબજારો કરતાં વધુ સારો દેખાવ કર્યો કારણ કે નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૪ ટકા વધ્યો અને સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૧.૦૨ ટકા વધ્યો હતો.

વ્યક્તિગત શેરોમાં, કેઇસી ઇન્ટરનેશનલ સાત ટકા જેટલો વધીને રૂ. ૫૫૦ની ઇન્ટ્રાડે ઊંચી સપાટીએ પહોંચ્યો, ઓલા ઇલેક્ટ્રિક ૧૧ ટકા જેટલો વધ્યો હતો. આઇશર મોટર્સ ૪.૪ ટકાના ઘટાડા સાથે નિફ્ટી ઇન્ડેક્સમાં સૌથી વધુ નુકસાનકર્તા રહ્યો હતો. ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ, ટીસીએસ, ઇન્ફોસિસ, વિપ્રો, એચસીએલ ટેક, ટેક મહિન્દ્રા, મેક્સ હેલ્થકેર અને એચડીએફસી લાઇફ પણ ૧.૪ ટકા અને ૩.૬ ટકાની વચ્ચે ઘટ્યા હતા.

ટાઇટન, બજાજ ફાઇનાન્સ, અદાણી એન્ટરપ્રાઇઝ, એટરનલ, નેસ્લે ઇન્ડિયા, અદાણી પોર્ટ્સ, ટાટા મોટર્સ પીવી અને શ્રીરામ ફાઇનાન્સ પણ ૧.૩ ટકા અને ૩.૪ ટકાની વચ્ચે વધ્યા હતા. એકંદર બજારનો અંડરટોન મક્કમ રહ્યો હતો. એનએસઇ પર ૧,૯૧૯ શેર ઊંચા મથાળે બંધ થયા હતા, જ્યારે ૧,૩૮૩ શેર નીચા મથાળે બંધ થયા હતા.

ક્યુપિડ લિમિટેડના મેનેજમેન્ટે મધ્યમ-ગાળાના વિકાસના અંદાજમાં સુધારો કર્યો છે અને નાણાકીય વર્ષ ૨૦૨૭ના પહેલા ક્વાર્ટરમાં રૂ. ૧૫૦ કરોડથી વધુ આવકનો લક્ષ્યાંક જાહેર કર્યો છે. નાણાકીય વર્ષની આ અસાધારણ શરૂઆત અને આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક બજારોમાં સુધારેલી દૃશ્યતાને કારણે, મેનેજમેન્ટે તેના નાણાકીય વર્ષ ૨૦૨૭ના આવકના અંદાજમાં ઓછામાં ઓછા ૧૦% નો વધારો કર્યો છે.

ભારતીય વીમા નિયમન અનેવિકાસ પ્રાધિકરણ (ઇરડાઇ)એ ઇન્સ્યોરન્સ ફોર ઓલના વિઝનને આધારે વીમા જાગૃતિ માટે ગ્રાહક જાગૃતિ કોમિક પુસ્તક શ્રેણીનું અનાવરણ કર્યું છે. ઇરડાઇના અધ્યક્ષ અજય સેઠે જણાવ્યું હતું કે, આ શૈક્ષણિક કોમિક પુસ્તક શ્રેણીનો હેતુ જીવન વીમા અંગેની સમજને સરળ અને સર્વસુલભ બનાવવાનો છે. જીવન વીમા ખરીદવા ઇચ્છતા લોકો તેમજ તેને ટાળતા લોકો બંને તેને ઘણીવાર જટિલ માનતા હોવાની સમજ પર આધારિત આ પહેલમાં મેરીડ વુમન્સ પ્રોપર્ટી એક્ટ, વેઇવર ઓફ પ્રીમિયમ સહિતની બાબતોને ટેક્નિકલ ભાષા બદલે રોજિંદા જીવન સાથે જોડાય તેવી વાર્તાઓ દ્વારા સમજાવવામાં આવી છે. ■

# રૂપિયો ૧૪ પૈસા ઘટીને ૯૪.૬૫ પર બંધ થયો

મુંબઈઃ ભારતીય ચલણે સતત બીજી દિવસે અમેરિકન ડોલર સામે પીછેહઠ નોંધાવી છે. વિદેશમાં મજબૂત ગ્રીનબેક અને રોકાણકારોના સાવચેત સેન્ટિમેન્ટે સ્થાનિક એકમ પર ભાર મૂક્યો હોવાથી મંગળવારે રૂપિયો ૧૪ પૈસા ઘટીને ૯૪.૬૫ (પ્રોવિઝનલ)ના સ્તર પર બંધ થયો હતો.

નવા ભૂરાજકીય તણાવથી રોકાણકારોની જોખમ લેવાની ક્ષમતા પર અસર પડી છે.

ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું કે મહિનાના અંતે કોર્પોરેટ આયાત માગ અને રિસ્ક ઓફ સેન્ટિમેન્ટને કારણે અમેરિકન ડોલર સામે રૂપિયો ૯૪.૫૮ની સપાટી પર ગબડ્યો હતો. જોકે, વૈશ્વિક ક્રૂડના ભાવ પ્રમાણમાં સ્થિર હોવા સાથે અપેક્ષિત કેન્દ્રીય બેંકના હસ્તક્ષેપોએ ચલણને ટેકો આપ્યો હતો અને ઘટાડાને મર્યાદિત કર્યો હતો.

# રાજકોષીય ખાધમાં બે મહિનામાં નોંધપાત્ર વધારો

નવી દિલ્હીઃ આવક કરતા ખર્ચ વધુ રહેવાને કારણે એપ્રિલ-મે મહિનામાં કેન્દ્રની રાજકોષીય ખાધ નાણાકીય વર્ષ ૨૦૨૭ના લક્ષ્યાંકના ૯.૬ ટકા સુધી પહોંચી ગઈ છે. કંટ્રોલર જનરલ ઓફ એકાઉન્ટ્સ (સીજીએ) દ્વારા ૩૦ જૂનના રોજ જાહેર કરાયેલા આંકડા મુજબ, કેન્દ્રની રાજકોષીય ખાધ નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ બે મહિનામાં સંપૂર્ણ વર્ષના લક્ષ્યાંકના ૯.૬ ટકા સુધી વધી ગઈ છે કારણ કે ખર્ચ આવક કરતા વધુ ઝડપથી વધ્યો છે. સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો, એપ્રિલ-મે દરમિયાન રાજકોષીય ખાધ રૂ. ૧.૬૨ લાખ કરોડ રહી છે, જે સમગ્ર નાણાકીય વર્ષ માટે રૂ. ૧૬.૯૬ લાખ કરોડના બજેટ અંદાજ સામે ૯.૬ ટકા છે. નાણાકીય વર્ષ ૨૦૨૬ના સમાન સમયગાળામાં, રાજકોષીય ખાધ રૂ. ૧૩,૧૬૩ કરોડ અથવા ૦.૮ ટકા રહી હતી.

# ડૉલરની મજબૂતી અને ફેડરલના ડર વચ્ચે સોનું ઝાંખું પડ્યું, ચાંદીમાં આગેકૂચ જારી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ડોલરની મજબૂતી અને આ વર્ષે યુએસ ફેડરલના દરમાં વધારાની અટકળો વચ્ચે નબળા વૈશ્વિક સંકેતોના દબાણ હેઠળ મંગળવારના રોજ સવારે વાયદા બજારમાં સોના અને ચાંદીના ભાવમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. ગોલ્ડ ઓગસ્ટ વાયદો ૧.૨૮ ટકા ઘટીને રૂ. ૧,૪૦,૫૭૪ પ્રતિ ૧૦ ગ્રામ બોલાયા હતા, જ્યારે સિલ્વર સપ્ટેમ્બર વાયદો ખૂલતા સત્રમાં ૧.૦૪ ટકા ઘટીને રૂ. ૨,૨૦,૩૨૨ પ્રતિ કિલો બોલાયો હતો.

બુલિયન ડીલરોએ જણાવ્યું હતું કે, યુએસ ફેડરલ રિઝર્વ આ વર્ષે સ્થિર ફુગાવાના કારણે દરમાં ત્રણ ગણો વધારો કરી શકે છે તેવી અટકળો વચ્ચે સોના અને ચાંદીના ભાવમાં તીવ્ર ઘટાડો ડોલરના વધારાને આભારી હોઈ શકે છે. ડોલર ઇન્ડેક્સ ૧૦૧થી ઉપર પહોંચ્યો હોવાથી વિદેશી ચલણોમાં ખરીદદારો માટે સોનું વધુ મોંઘું બને છે.

સોનાને ફુગાવા સામે રક્ષણ તરીકે ગણવામાં આવે છે, પરંતુ ઊંચા વ્યાજ દરના વાતાવરણમાં તે દબાણ હેઠળ આવે છે કારણ કે તે એક બિનઉપજાવ સંપત્તિ છે. સમાચાર સંસ્થા રોઇટર્સ અનુસાર, સોનાના ભાવ ઓક્ટોબર ૨૦૦૮ પછીના સૌથી મોટા માસિક ઘટાડા માટે તૈયાર લાગે છે. હાજર સોનાના ભાવ, હાલમાં ૩,૯૫૬.૯૨ ડોલર પ્રતિ ઔંસ છે, જૂનમાં અત્યાર સુધીમાં લગભગ ૧૩ ટકા ઘટ્યા છે અને તેમના સતત ચોથા માસિક ઘટાડા માટે તૈયાર છે. વધુમાં, સોનું ૨૦૨૪ પછી તેના પ્રથમ ત્રિમાસિક ઘટાડા અને ૨૦૧૩ના જૂન ક્વાર્ટર પછીના સૌથી મોટા ઘટાડાના ટ્રેક પર હોવાનું રોઇટર્સે જણાવ્યું છે.

બજારોમાં એવી પણ ચિંતા છે કે ઊંચા ઉર્જા ખર્ચ અને સેમિકન્ડક્ટર ચિપ્સ માટે અઈ-આધારિત માગ ફુગાવાને લાંબા સમય સુધી વધારી શકે છે, જેનાથી નજીકના ગાળાના દર ઘટાડાની શક્યતા ઘટી શકે છે. ભૌગોલિક રાજકીય મોરચે, કતારમાં યુએસ-ઈરાન વાટાઘાટો અંગે અનિશ્ચિતતા ચાલુ છે. અહેવાલો અનુસાર, ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા, ઇસ્માઇલ બાઘાઈએ કહ્યું છે કે મંગળવારે અથવા આગામી દિવસોમાં યુએસ અને ઈરાન વચ્ચે કોઈ બેઠકનું આયોજન નથી. બીજી બાજુ, અન્ય અહેવાલો સૂચવે છે કે વોશિંગ્ટન અને તેહરાન વચ્ચે રાજદ્વારી જોડાણ ચાલુ હોવાથી યુએસના ખાસ દૂત સ્ટીવ વિટકોફ કતારના દોહાની યાત્રા કરી રહ્યા છે.

સ્થાનિક હાજર બજારમાં સોનામાં તેજીને બ્રેક લાગી હતી. જોકે ચાંદીમાં આગેકૂચ ચાલુ રહી હતી. હોર્મુઝ સ્ટ્રેઇટની અશાંતિ ઉપરાંત ભારતની સરહદે ચીનની શંકાસ્પદ હરકતોને કારણે ફરી રોકાણકારોનું ધ્યાન રિસ્ક એસેટ તરફથી સેફ સેટ તરફ મંડાયું હોવાથી ખૂલતા સત્રમાં જ બુલિયન બજારમાં મોટા ધબડકા જોવા મળ્યા હતા.

મુંબઇના ઝવેરી બજારમાં ખૂલતા સત્રમાં ૯૯૯ ટચનું શુદ્ધ સોનું રૂ. ૧,૪૧,૪૨૧ના પાછલા બંધ સામે રૂ. ૧૦૩૯ના ઝડપી ઘટાડા સાથે દસ ગ્રામે રૂ. ૧,૪૦,૩૮૨ની સપાટીએ પહોંચ્યું હતું, જ્યારે ૯૯૫ ટચનું સ્ટાન્ડર્ડ સોનું રૂ. ૧,૪૦,૮૫૫ પ્રતિ દસ ગ્રામની પાછલી બંધ સપાટી સામે રૂ. ૧૦૩૫ના ઘટાડા સાથે રૂ. ૧,૪૦,૦૦૦ની સપાટી ગુમાવી રૂ.૧,૩૯,૮૨૦ની સપાટીએ ટ્રેડ થઇ રહ્યું હતું. જોકે, .૯૯૯ ટચની હાજર ચાંદીનો ચમકારો વધ્યો હતો અને તે રૂ. ૨,૧૯,૯૮૦ પ્રતિ એક કિલોગ્રામની પાછલી સપાટી સામે રૂ. ૩૬૯૦ના ઉછાળા સાથે રૂ. ૨,૨૩,૬૭૦ બોલાઇ હતી.

જોકે, સત્રના અંત સુધીમાં અમરિકા અને ઇરાન શાંતિ કરારની દોહા વાટાઘાટો ડહોળાઇ રહી હોવાના અહેવાલો વચ્ચે બજારે થોડો ઘટાડો પચાવી લીધો હતો. સત્રને અંતે ૯૯ ટચનું શુદ્ધ સોનું રૂ. ૧,૪૧,૪૨૧ના પાછલા બંધ સામે માત્ર રૂ. ૧૩૫ના ઘટાડા સાથે દસ ગ્રામે રૂ. ૧,૪૧,૨૮૬ની સપાટીએ પહોંચ્યું હતું, જ્યારે ૯૯૫ ટચનું સ્ટાન્ડર્ડ સોનું રૂ. ૧,૪૦,૮૫૫ પ્રતિ દસ ગ્રામની પાછલી બંધ સપાટી સામે રૂ. ૧૩૫ના ઘસરકા સાથે રૂ. ૧,૪૦,૭૨૦ની સપાટીએ સ્થિર થયું હતું. જોકે, ૯૯૯ ટચની હાજર ચાંદી રૂ. ૨,૧૯,૯૮૦ પ્રતિ એક કિલોગ્રામની પાછલી સપાટી સામે રૂ. ૫,૪૪૫ના ઉછાળા સાથે રૂ. ૨,૨૫,૪૨૫ની સપાટીએ સ્થિર થઇ હતી.

કોમેક્સ પર ૪,૧૦૦ અને વાયદા બજારમાં રૂ. ૧૪૫,૫૦૦ની આસપાસ ભાવ મજબૂત પ્રતિકારનો સામનો કરી રહ્યા હોવાથી સોનામાં નવેસરથી પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું. મજબૂત યુએસ ડોલર બુલિયન પર સતત દબાણ કરી રહ્યો હતો, જ્યારે ઊંચા વ્યાજ દરોની અપેક્ષાએ સોના જેવી બિન-ઉપજ આપતી સંપત્તિઓનું આકર્ષણ ઘટાડ્યું હતું. બજારો વૈશ્વિક વ્યાજ દરના દૃષ્ટિકોણનું પુનર્મૂલ્યાંકન કરી રહ્યા હોવાથી કેન્દ્રીય બેંકો પાસેથી વ્યાજ ખરીદવાનું પણ ધીમું પડ્યું છે. રોકાણકારો હવે મુખ્ય યુએસ રોજગાર પરિવર્તન, નોન-ફાર્મ પેરોલ્સ અને બેરોજગારી ડેટાની રાહ જોઈ રહ્યા છે, જે ડોલરની દિશા અને સોનાના આગામી પગલાને આકાર આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ત્યાં સુધી, અસ્થિરતામાં વધારો થવાની સંભાવના છે. ■

## ગુજરાત

# સેમિકન્ડક્ટર પ્રોજેક્ટનું ઉત્પાદન શરૂ થશે, એ માટે ચોથી જુલાઈએ મોદી ખાસ સાણંદ આવશે

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી આ અઠવાડિયાના અંતમાં ગુજરાતની મુલાકાત લે તેવી શક્યતા છે. સાણંદમાં સીજી સેમી પ્રાઇવેટ લિમિટેડના સેમિકન્ડક્ટર પ્રોજેક્ટમાં ઉત્પાદન ૪ જુલાઈથી શરૂ થવાનું છે, અને વડા પ્રધાન તેના ઉદ્‌ઘાટનમાં હાજરી આપે તેવી શક્યતા છે. સૂત્રોએ આપેલી માહિતી અનુસાર સીજી પાવર અને ઇન્ડસ્ટ્રિયલ સોલ્યુશન્સ, જાપાનની રેનેસાસ ઇલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન અને થાઇલેન્ડની સ્ટાર્સ માઇક્રો ઇલેક્ટ્રોનિક્સના સંયુક્ત સાહસ સીજી સેમી, સાણંદમાં તેની સેમિકન્ડક્ટર એસેમ્બલી અને ટેસ્ટિંગ ફેસેલિટીમાં કામગીરી શરૂ કરી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ચોથી જુલાઈના રોજ આયોજિત કાર્યક્રમમાં ભારતમાં બનેલા પહેલા ચિપ કન્સાઈન્મેન્ટને જાપાનના ખરીદદારને આપવામાં આવશે. જે દેશ માટે એક અનેરી સિદ્ધિ છે. ■

# વિદ્યાર્થીને લાફો મારી કાનના પડ્દાને નુકસાન પહોંચાડનારા અમદાવાદના શિક્ષક સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના નિકોલ વિસ્તારમાં આવેલી ચાણક્ય સ્કૂલમાં પીટી શિક્ષકે એક વિદ્યાર્થીને કાન પર લાફો ઝીંકી દેતા વિદ્યાર્થીના કાનના પદડાને નુકસાન થયું હતું અને તેણે સર્જરી કરાવવી પડી હોવાના અહેવાલો હતા. હવે આ કેસમાં સ્કૂલે ત્વરીત પગલાં લઈ શિક્ષકને સસ્પેન્ડ કરી દીધા હોવાની માહિતી મળી છે.

અહીંની સ્કૂલમાં ૨૭ જૂનના ખો-ખો મેચ રમાઈ રહી હતી. સ્કૂલ ગ્રાઉન્ડમાં વિદ્યાર્થીઓ તેને જોવા એકત્ર થયા હતા. તે સમયે શિક્ષક લક્ષ્મણ પરાતે આવ્યા હતા અને વિદ્યાર્થીઓ કથિત રીતે વાતો કરતા હોવાથી ગુસ્સે ભરાયા હતા. તેમણે એક વિદ્યાર્થીને લાફો ઝીંકી દીધો હતો. ■

# ત્રણ વર્ષનાં બાળકની તબિયત બગડતા સુરત એરપોર્ટ પર ફ્લાઈટનું ઈમર્જન્સી લેન્ડિંગ

અમદાવાદઃ અમદાવાદથી નવી મુંબઈ જતી ઇન્ડિગોની ફ્લાઇટનું સોમવારે સાંજે સુરત ખાતે ઇમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. ફ્લાઈટમાં સવાર એક ત્રણ વર્ષના બાળક સૌરભની તબિયત બગડતા પાઇલટે મેડિકલ ઈમરજન્સી જાહેર કરી હતી અને ફ્લાઈટને સુરત એરપોર્ટ પર લેન્ડ કરી હતી.

ફ્લાઇટ ૬ઈ-૭૦૧૮ અમદાવાદથી સાંજે ૭ વાગ્યે ૭૨ મુસાફરો સાથે રવાના થઈ હતી. રાત્રે ૮.૨૦ વાગ્યાની આસપાસ ત્રણ વર્ષના બાળકની તબિયત કથળવાનું ધ્યાનમાં આવ્યું હતું. બાળક તેની માતા સાથે હતું અને બોર્ડિંગ સમયે પણ બીમાર હતું, પરંતુ તેની તબિયત વધારે ખરાબ થઈ હોવાનું જણાઈ રહ્યું હતું.

કેબિન ક્રૂએ તબીબી સહાય માટે અપીલ કરી હતી અને ફ્લાઇટમાં મુસાફરી કરી રહેલા બે ડોક્ટરે બાળકની તપાસ કરી તેને રાહત આપવાની કોશિશ કરી હતી, પણ બાળકની સ્થિતિમાં કોઈ સુધારો થયો નહીં, જેના કારણે પાઇલટે વિમાનને ડાયવર્ટ કર્યું અને સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સાવચેતીપૂર્વક ઈમર્જન્સી લેન્ડિંગ કર્યું હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

એર ટ્રાફિક કંટ્રોલ તરફથી ચેતવણી મળ્યા પછી, સીઆઈએસએફ, એરપોર્ટ મેડિકલ ટીમ, ઇન્ડિગો સ્ટાફ અને અન્ય એજન્સીઓએ સ્થિતિને પહોંચી વળવા તૈયારીઓ કરી હતી. વિમાન સુરક્ષિત રીતે ઉતર્યું, ત્યારબાદ તબીબી કર્મચારીઓએ બાળકને વધુ સારવાર માટે નજીકની હૉસ્પિટલમાં ખસેડતા પહેલા પ્રાથમિક સારવાર આપી હતી. ■

# અમદાવાદમાં ૫૦ લાખની લૂંટનો ભેદ ઉકેલાયો, મુખ્ય આરોપીની પત્ની ₹ પચીસ લાખની રોકડ સાથે ઝડપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના કૃષ્ણનગર વિસ્તારમાં થયેલી ૫૦ લાખની લૂંટનો ભેદ આખરે પોલીસે ઉકેલી નાખ્યો છે. પોલીસે આ લૂંટના મુખ્ય સુત્રધાર આરોપી અજય ઉર્ફે અજુબા ગાંગડેકરની પત્ની દિવ્યા ગાંગડેકરની રૂ. ૨૫ લાખ સાથે ધરપકડ કરી હતી.

પોલીસે છારા ગેંગના સંડોવણીની શંકાના આધારે તપાસ કરીને અજય સુધી પહોંચી તેની પત્નીની તપાસ કરતા મુદ્દામાલ સાથે મળી આવી હતી. ચોરી કર્યા બાદ આરોપીઓ દિવ્યાને મુદ્દા માલ આપીને ફરાર થઈ ગયા છે. પોલીસે દિવ્યાની ધરપકડ કરી વધુ પૂછપરછ શરૂ કરી છે. તે ઉપરાંત બાકીના ફરાર આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૭ જૂનના રોજ બપોરના સમયે કેયુર પટેલ નામના વેપારી બાપુનગર આંગડિયા પેઢીમાંથી ૫૦ લાખ રૂપિયા લઈને જતા હતા ત્યારે મારુતિ પ્લાઝા પાસે અકસ્માતનું બહાનું કરીને કારનો કાચ તોડી રૂપિયા ભરેલી બેગ લઈને ત્રણ શખ્સો ફરાર થઈ ગયા હતા.

આ લૂંટની તપાસ માટે ઝોન ૫ એલસીબી અને કૃષ્ણનગર પોલીસની ટીમ કામે લાગી હતી. પોલીસે ફરિયાદીને આરોપીઓની ઓળખ કરવા માટે આ પ્રકારે ચોરીના ગુના કરવાવાળા આરોપીઓની ફોટા બતાવીને ઓળખ કરાવવામાં આવી હતી.

આ ગુનામાં સંડોવાયેલી છારા ગેંગ સામે ભૂતકાળમાં ગુજસીકોટક જેવા કડક કાયદા હેઠળ ગુનો દાખલ થયેલો છે. આ ગેંગના મુખ્ય સાગરીતોમાં અજય ઉર્ફે અજુબા ગાંગડેકર, પ્રતીક અને વિશાલ તનવાણી સામેલ છે. લૂંટના આ બનાવમાં કુલ ત્રણ આરોપીઓ સામેલ હતા. ■


BRIHANMUMBAI MAHANAGARPALIKA

(સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ)

નં. A.E./SWM/૪૬૬૪/M/W તા. ૨૯.૦૬.૨૦૨૬

**હિતની અભિવ્યક્તિ**

**જાહેરાત**

વિષયઃ M/પશ્ચિમ વોર્ડમાં સફાઈ કામ માટે સ્વચ્છ મુંબઈ પ્રબોધન અભિયાન હેઠળ માનવબળના સપ્લાય માટે અરજીઓ મંગાવવા અંગે.

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ M/પશ્ચિમ વોર્ડના વિભાગ હેઠળ સ્વચ્છ મુંબઈ પ્રબોધન અભિયાન હેઠળ સંસ્થા/બોર્ડ લોકભાગીદારી દ્વારા લોકોને સંગઠિત કરવાની અને વસ્તી સુધારણાની પ્રવૃત્તિઓ હાથ ધરવાની તેમજ લોટરી સિસ્ટમ દ્વારા ગોલ્ડન જ્યુબિલી શહેર રોજગાર યોજના હેઠળ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નોંધણી કરીને સ્થાપિત જૂથોને પસંદ કરીને અને બચત કરીને આ યોજનામાં કામ કરવાની ક્ષમતા ધરાવતા સફાઈની કામગીરી માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્ર.નં. | યોજનાનું નામ | કામ માટે પસંદ કરવાની સંસ્થા | અરજી ફી (રૂ.) |
|---|---|---|---|
| ૧ | સ્વચ્છ મુંબઈ પ્રબોધન અભિયાન (SMPA) | ૩૮ | ૧૬૦૦+૧૮% GST= રૂ. ૧૮૮૮/- |

અરજીની નકલ M પશ્ચિમ વોર્ડ ઓફિસની આસીસ્ટન્ટ એન્જિનિયર (SWM) વિભાગ પાસેથી તા. ૦૧.૦૭.૨૦૨૬થી ૦૯.૦૭.૨૦૨૬ સુધી સ. ૧૦.૩૦ ક. થી બ. ૧.૦૦ ક. વચ્ચે નાગરિક સુવિધા કેન્દ્ર (C.F.C.) ખાતે બૃહન્મુંબઈ મહાનગરપાલિકા આ નામથી રોકડમાં અથવા રાષ્ટ્રીયકૃત બેંકના ડી.ડી. સ્વરૂપમાં રૂ. ૧૬૦૦/- + ૧૮% GST = કુલ રૂ. ૧૮૮૮/- (રિફંડપાત્ર નથી) ખાતે જમા કરાવ્યા પછી મેળવી શકાય છે. અરજી સુપ્રત કરતી વખતે કૃપા કરીને ખાતરી કરો કે તમામ પાત્રતા શરતો પૂર્ણ ભરેલી છે. જો તે કરવામાં નિષ્ફળ જશે તો અરજી નામંજૂર કરવામાં આવશે જેની નોંધ લેવી.

કોઈપણ સંસ્થાએ બહુવિધ અરજીઓ સુપ્રત કરી હોવા છતાં, લોટરી સિસ્ટમના ધોરણે એક સંસ્થા એક કામના સિદ્ધાંત પર કામ ફાળવવામાં આવશે.

યોગ્ય સંસ્થાઓની યાદી અને કામની લોટરીની તારીખ SWM M/W ઓફિસ દ્વારા યોગ્ય સમયે જાહેર કરવામાં આવશે.

રસ ધરાવતી સંસ્થાઓએ વધુ વિગતો, અરજી ફોર્મ અને એફિડેવિટના નમૂના માટે M/પશ્ચિમ વોર્ડ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ ઓફિસમાં સંપર્ક કરવો. M/પશ્ચિમ વોર્ડ ઓફિસમાં સંસ્થા માટે અરજી કરવાની છેલ્લી તારીખ તા. ૦૯.૦૭.૨૦૨૬ના સા. ૫.૦૦ ક. સુધી છે.

નિર્ધારિત સમયમર્યાદા પછી સુપ્રત કરાયેલી અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

સહી/-
આસીસ્ટન્ટ એન્જિનિયર (SWM) M/W

PRO/689/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**જાહેર નોટિસ**

જાહેર જનતાને આથી જાણ કરવામાં આવે છે કે સ્વ. શ્રીમતી નલિનીબેન હરજીવન શાહ, જેઓ રહેણાંક મિલકત ફ્લેટ નં. ૧૧૦૨, બી-વિંગ, સંભવ દર્શન પુરુષોત્તમ પાર્ક કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ, કાર્ટર રોડ નં. ૪, જૈન મંદિર પાસે, બોરીવલી (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૬૬ ના એકમાત્ર અને સંપૂર્ણ માલિક હતા, તેમનું તા. ૦૭-૦૧-૨૦૨૫ ના રોજ કોઈ વસિયત કર્યા વિના અવસાન થયું હતું. તેમના અવસાન સમયે તેમના કાયદેસરના વારસદારો તરીકે માત્ર તેમના ચાર પુત્રો, એટલે કે: **શ્રી યોગેશ હરજીવન શાહ, શ્રી દેવાંગ હરેશભાઈ શાહ @ શ્રી દેવાંગ હરજીવન શાહ, શ્રી વિપુલ હરજીવન શાહ, અને શ્રી તરુણ હરજીવન શાહ,** જીવિત હતા અને તેઓ સિવાય અન્ય કોઈ કાયદેસર વારસદાર અથવા કાનૂની પ્રતિનિધિ નહોતો. આ પણ નોંધનીય છે કે સ્વ. શ્રીમતી નલિનીબેન હરજીવન શાહના પતિ સ્વ. શ્રી હરજીવન ધરમશીભાઈ શાહનું તેમના પહેલાં જ તા. ૧૫-૧૦-૧૯૮૭ ના રોજ અવસાન થયું હતું. વધુમાં નોંધનીય છે કે ઉપરોક્ત ચાર પુત્રોમાંથી એક શ્રી તરુણ હરજીવન શાહનું પણ તા. ૦૫-૦૩-૨૦૨૨ ના રોજ અવસાન થયું હતું. મારા અસીલોના જણાવ્યા મુજબ, તેમના અવસાન પહેલાં શ્રી તરુણ હરજીવન શાહ તથા તેમની પત્ની શ્રીમતી પલ્લવી તરુણ શાહ પરિવારના તમામ સભ્યોથી સંપૂર્ણપણે અલગ રહેતા હતા તથા મારા અસીલો, એટલે કે શ્રી યોગેશ હરજીવન શાહ, શ્રી દેવાંગ હરેશભાઈ શાહ @ શ્રી દેવાંગ હરજીવન શાહ અને શ્રી વિપુલ હરજીવન શાહ સહિત પરિવાર સાથેના તમામ સંબંધો તોડી દીધા હતા. સ્વ. શ્રીમતી નલિનીબેન હરજીવન શાહના અવસાન પછી તથા તે પહેલાં પણ મારા અસીલોએ શ્રી તરુણ હરજીવન શાહ તથા તેમની પત્ની શ્રીમતી પલ્લવી તરુણ શાહનો સંપર્ક સ્થાપિત કરવા તથા તેમની શોધખોળ કરવા માટે અનેક પ્રયત્નો કર્યા હતા, પરંતુ તેઓનો કોઈ સંપર્ક થઈ શક્યો નહોતો. તેઓ સ્વ. શ્રીમતી નલિનીબેન હરજીવન શાહના અંતિમ સંસ્કારમાં પણ હાજર રહ્યા નહોતા અને તેથી મારા અસીલો તથા તેમના પરિવારજનોને તેમના રહેઠાણ અથવા હાલના સરનામાની કોઈ જાણકારી નહોતી. તાજેતરમાં જ મારા અસીલોને જાણ થઈ કે શ્રી તરુણ હરજીવન શાહનું વર્ષ ૨૦૨૨માં, એટલે કે સ્વ. શ્રીમતી નલિનીબેન હરજીવન શાહના અવસાન પહેલાં જ અવસાન થયું હતું અને તેમના એકમાત્ર કાયદેસર વારસદાર અથવા કાનૂની પ્રતિનિધિ તરીકે તેમની પત્ની શ્રીમતી પલ્લવી તરુણ શાહ જીવિત છે. તેમ છતાં, અનેક પ્રયત્નો છતાં તેમના હાલના રહેઠાણ અંગે મારા અસીલો અજાણ છે. મારા અસીલો તમામ સંબંધિત વ્યક્તિઓના ધ્યાન પર લાવવા માંગે છે કે સ્વ. શ્રીમતી નલિનીબેન હરજીવન શાહ, સોસાયટીના કાયદેસર સભ્ય તથા ઉપરોક્ત રહેણાંક ફ્લેટના એકમાત્ર અને સંપૂર્ણ માલિક તરીકે, સોસાયટી તથા નિયુક્ત ડેવલપર સાથે તા. ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ વિકાસ કરાર કર્યો હતો, જે બોરીવલી નં. ૯ ના સંયુક્ત સબ-રજિસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ નોંધણી ક્રમાંક BRL9-11828-2023 હેઠળ નોંધાયેલ છે. ઉક્ત સંભવ દર્શન પુરુષોત્તમ પાર્ક કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિ.નું પુનઃવિકાસ કાર્ય ચાલુ છે અને સોસાયટીએ સમર્પણ હોમ્સ એન્ડ ડેવલપર્સને નિયુક્ત ડેવલપર તરીકે નિયુક્ત કર્યા છે. હાલમાં નિયુક્ત ડેવલપર મારા અસીલો સાથે કાયમી વૈકલ્પિક રહેઠાણ કરાર અમલમાં મૂકવાની પ્રક્રિયામાં છે. તે મુજબ મારા અસીલો શ્રી યોગેશ હરજીવન શાહ, શ્રી દેવાંગ હરેશભાઈ શાહ @ શ્રી દેવાંગ હરજીવન શાહ તથા શ્રી વિપુલ હરજીવન શાહ, સ્વ. શ્રીમતી નલિનીબેન હરજીવન શાહના એકમાત્ર જીવિત કાયદેસર વારસદારો તરીકે, ડેવલપર તથા સોસાયટી સાથે સંયુક્ત રીતે ત્રિપક્ષીય કાયમી વૈકલ્પિક રહેઠાણ કરાર નોંધણી કરાવવાની પ્રક્રિયામાં છે.આથી તેઓ જૂની ઇમારતમાં આવેલ મૂળ ફ્લેટ સોંપવાના બદલામાં નવી ઇમારતમાં ડેવલપર દ્વારા ફાળવવામાં આવનાર નવા રહેણાંક ફ્લેટમાં દરેકને 33.33% હિસ્સો મેળવવા હકદાર રહેશે.

જો કોઈપણ વ્યક્તિ અથવા અન્ય કોઈ કાયદેસર વારસદારને ઉપરોક્ત ફ્લેટ નં. ૧૧૦૨ અંગે અથવા ઉપરોક્ત વ્યવસ્થા અંગે કોઈ દાવો, અધિકાર, હિત અથવા વાંધો હોય તો તેઓએ આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયાની તારીખથી ૧૫ (પંદર) દિવસની અંદર નીચે સહી કરનારને તેમના નીચે દર્શાવેલ સરનામે લેખિતમાં જાણ કરવી. નહિતર, તેવા કોઈપણ દાવા, અધિકાર અથવા વાંધાને ત્યજી દેવાયેલ અને/અથવા પરિત્યક્ત માનવામાં આવશે અને ત્યારબાદ તે અંગે કોઈ રજૂઆત સ્વીકારવામાં આવશે નહીં. ત્યારબાદ મારા અસીલો ઉપરોક્ત વ્યવસ્થા અથવા ઉપરોક્ત રહેણાંક મિલકત સંબંધિત અન્ય કોઈપણ વ્યવહાર કોઈપણ આવા દાવા અથવા વાંધાનો સંદર્ભ લીધા વિના આગળ વધારવા માટે સંપૂર્ણપણે મુક્ત રહેશે.

sd/-
**એડવોકેટ ધ્રુમિલ પી. મહેતા**
બોમ્બે હાઇકોર્ટના વકીલ
ઓફિસ નં. LG-46, ટેન્થ સેન્ટ્રલ મોલ,
મહાવીર નગર, કાંદિવલી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૬૭.

સ્થળ: મુંબઈ
તા. ૦૧ જુલાઈ, ૨૦૨૬



BRIHANMUMBAI MAHANAGARPALIKA

એક્ઝીક્યુટીવ એન્જીનીયર (ટ્રાન્સપોર્ટ) પશ્ચિમી ઉપનગરો

**ઈ-ટેન્ડર નોટિસ**

| | |
|---|---|
| ટેન્ડર દસ્તાવેજ નં. | GEM/૨૦૨૬/B/૭૭૨૪૦૭૯ |
| સંસ્થાનું નામ | બૃહદ્ મુંબઈ મહાનગરપાલિકા |
| વિષય | ડે. ચી.એ. (SWM) ટ્રાન્સપોર્ટ હેઠળ એક્ઝિ. એન્જિ. (ટ્રાન્સપોર્ટ) W.S. ડિવિઝન માટે ફેક્ટરી બિલ્ટ ૪૩ સિટર CNG સ્ટાફ બસની ૦૨. નં.ની સપ્લાય અને ડિલિવરી |
| ટેન્ડરની ફી | રૂા. ૭૯૮૬/- + ૧૮% GST |
| બીડ સીક્યુરીટી ડિપોજીટ/બારડી | રૂા. ૯૦,૪૦૦.૦૦/- |
| ઈ-ટેન્ડર જારી કરવાની અને વેચાણની તારીખ | ૩૦/૦૬/૨૦૨૬ના સ. ૧૧ ક. થી |
| ટેન્ડરના વેચાણ અને બીડ સીક્યુરીટી ડીપોજીટની સ્વીકૃતિની અંતિમ તારીખ અને સમય | ૧૦/૦૭/૨૦૨૬ના ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ A,B & પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) | ૧૦/૦૭/૨૦૨૬ના ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ A & B ખૂલશે | ૧૦/૦૭/૨૦૨૬ના ૧૬.૩૦ ક. પછી |
| પેકેટ C ખૂલશે | પછીથી જાણ કરાશે. |
| સંદેશ વ્યવહારનું સરનામું | એક્ઝિ. એન્જીનીયર (ટ્રાન્સપોર્ટ) W.S.ની ઓફીસ, મિલન મોલ સામે, મિલન સબવે રોડ, ઓફ એસ. વી. રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૪. ફોનઃ ૦૨૨-૨૬૧૮૨૨૫૨/૫૩/૫૪ |
| બીડ ખૂલવાનું સ્થળ | એક્ઝિ. એન્જીનીયર (ટ્રાન્સપોર્ટ) W. S.ની ઓફીસ. |

**આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરેબલ નથી.**

સબજેક્ટ ઇ-ટેન્ડર માટે જો કોઈપણ સુધારા અને/કે વધારા જારી થાય તો તેની વિગતો સરકારી ઈ-માર્કેટપ્લેસ પોર્ટલ પર (https://gem.gov.in) પર પ્રકાશિત/અપલોડ કરવામાં આવશે. ભાવિ બીડર્સને તેની નોંધ લેવા વિનંતી કરવામાં આવે છે.

BMC તેના કોઈપણ કારણ આપ્યા વિના ઉપરોક્ત સબજેક્ટ માટે મળેલ કોઈપણ કે તમામ અરજીઓ નકારવા કે કોઈપણ અરજી સ્વીકારવાના હક્કો અનામત રાખે છે.

સહી/-
એક્ઝી. એન્જી. (ટ્રા.) W.S. i/c

PRO/697/ADV./2026-27

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**

# ઠાકરે જૂથના સચિન આહીર શિંદે સેના તરફથી વિધાન પરિષદના ઉપાધ્યક્ષ

## ‘મેં પક્ષ છોડ્યો નથી’: સચિન આહીર

મુંબઈઃ ઉદ્ધવ ઠાકરેના છ સંસદ સભ્ય બળવો કરી એકનાથ શિંદેના પક્ષમાં જોડાયા બાદ ઠાકરેને વધુ એક મોટો ફટકો પડ્યો છે. ઠાકરે પરિવારના વિશ્વાસુ ગણાતા સચિન આહિરે ઉદ્ધવ ઠાકરેનો સાથ છોડી દીધો છે. શિંદે જૂથ દ્વારા તેમને ટૂંક સમયમાં વિધાન પરિષદના ઉપાધ્યક્ષ પદ આપવામાં આવશે. શિંદેએ પત્રકાર પરિષદ યોજીને

(જુઓ પાનું ૪) ▶▶

### શિંદે સેનામાં જવા થનગનતા ૧૪ વિધાનસભ્ય - ૪૦ નગરસેવકઃ ત્રીજા-ચોથા ઓપરેશનની અટકળો વહેતી

મુંબઈઃ ઉદ્ધવ ઠાકરેના પક્ષના છ સંસદ સભ્યો બળવો કરીને એકનાથ શિંદેના પક્ષમાં તાજેતરમાં જોડાયા હતા. આ પક્ષ પલટાને થોડા જ દિવસો થયા છે ત્યાં ઠાકરેને વધુ એક ઝટકો લાગ્યો છે. વરલી વિધાનસભા મતવિસ્તારમાં મોટી હાજરી ધરાવતા સચિન આહિર શિંદેના પક્ષમાં જોડાયા છે. સંસદ સભ્યોને પક્ષમાં લાવવા માટે શિંદે દ્વારા ઓપરેશન ટાઈગર શરૂ કરવામાં આવ્યું હતું. ત્યારે કહેવામાં આવ્યું હતું કે કેટલાક વધુ વિધાન સભ્યો પણ ટૂંક

(જુઓ પાનું ૪) ▶▶

### એકનાથ શિંદેએ શું કહ્યું?

મુંબઈઃ મીડિયા સાથેની વાતચીતમાં એકનાથ શિંદેએ જણાવ્યું કે આ એક એવું સંગઠન છે જે બોલેલું પાળવાને મહત્વ આપે છે. એટલા માટે લોકો પોતાની મેળે પક્ષમાં જોડાઈ રહ્યા છે. રાજ્યના છ સંસદ સભ્યોએ

(જુઓ પાનું ૪) ▶▶

### વરલીમાં સચિન આહીર - આદિત્ય ઠાકરે વચ્ચે ટક્કર?

મુંબઈઃ શિવસેના ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરેના પક્ષને છેલ્લા કેટલાક સમયથી મોટા ઝટકા સહન કરવા પડી રહ્યા છે. થોડા દિવસ પહેલાં ઉદ્ધવના છ સંસદ સભ્ય એકનાથ શિંદેની શિવસેનામાં જોડાયા હતા. હવે વિધાનસભ્ય સચિન આહિર પણ ઠાકરેને છોડી

(જુઓ પાનું ૪) ▶▶

### શરદ પવાર જૂથના સાંસદો શિંદે સેનામાં કે એનસીપીમાં ?

મુંબઈઃ મહારાષ્ટ્રના રાજકારણમાં છેલ્લા કેટલાક દિવસોથી ‘ઓપરેશન ટાઈગર’ ચર્ચામાં છે. શિવસેના ઠાકરે જૂથમાંથી છ સંસદ સભ્યના પક્ષપલટા પછી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ - એનસીપી શરદ પવાર જૂથના સંસદ સભ્યો પક્ષ છોડશે એવી અટકળો વહેતી થઈ છે. એવી ચર્ચા

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈ, થાણેમાં હજી પણ ભારે વરસાદનું જોખમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં જૂન મહિનામાં સરેરાશ માંડ ૧૬ ટકા વરસાદ પડયા બાદ વરસાદની ખાધ જુલાઈ મહિનામાં પૂરી થાય એવી શકયતા છે. સોમવારથી મુંબઈ સહિત રાજ્યના અનેક વિસ્તારોમાં ચોમાસું ફરી સક્રિય થયું છે. મંગળવારે દિવસ દરમ્યાન મુંબઈ, થાણે, નવી મુંબઈ સહિતના વિસ્તારમાં મધ્યમથી ભારે વરસાદ રહ્યો હતો. હવામાન વિભાગે આજથી ચાર જુલાઈ સુધી મુંબઈ, થાણે, પાલઘર અને રાયગડ માટે ઓરેન્જ અલર્ટ આપીને ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે, જેમાં રાયગડમાં ગુરુવાર માટે રેડ અલર્ટની ચેતવણી આપવામાં આવી છે.

ભારતીય હવામાન વિભાગે મંગળવારે શહેર અને તેના ઉપનગરોમાં ભારે વરસાદ અને વાવાઝોડાની આગાહી

(જુઓ પાનું ૪) ▶▶

લેહ - લદાખ
શીખરજી
કાશ્મીર
કેરાલા
Pankaj Chheda 98695 59738
HAZEL Treks N Tours SINCE 2003 KHAR WEST

# મઢ-વર્સોવા દોઢ કલાક નહીં, ફક્ત ૧૦ મિનિટમાં

## બ્રિજ માટે પર્યાવરણીય મંજૂરીની પ્રક્રિયા શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાએ તેના પ્રસ્તાવિત મઢ-વર્સોવા બ્રિજ માટે આવશ્યક પર્યાવરણીય મંજૂરીઓ મેળવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. પ્રકિયાના ભાગ રૂપે પાલિકા આ પ્રોજેક્ટ માટે ફરજિયાત રીતે પર્યાવરણીય અને મેન્ગ્રોવ-સંબંધિત મંજૂરી ચાર્જ પેટે ચીફ કન્ઝરવેટર ઓફ ફોરેસ્ટ (મેન્ગ્રોવ સેલ) પાસે ૧૨.૫ કરોડ રૂપિયા જમા કરાવશે. એકવાર આ બ્રિજ બની જશે તો મઢ અને વર્સોવા વચ્ચેનું મુસાફરીનો સમય ૯૦ મિનિટથી ઘટીને માત્ર ૧૦ મિનિટનો થઈ જશે. તો ૨૦ કિમીનું અંતર ઘટીને માત્ર ૨.૬ કિમી થઈ જશે.

હાલમાં મઢ અને વર્સોવા ફક્ત ફેરી સર્વિસ દ્વારા જોડાયેલા છે, જે મોડી સાંજ બાદ બંધ કરી દેવામાં આવે છે અને ચોમાસા દરમિયાન વારંવાર ખોરવાઈ જાય છે, જેના કારણે રહેવાસીઓ માટે ઘરે પહોંચવું મુશ્કેલ બની જાય છે. આ પ્રસ્તાવિત મઢ-વર્સોવા પુલ વર્સોવા ક્રીક પર બનશે અને તે માટે કેબલ-

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”

કુલીન કુમાર હોલિડેઝ – એક માત્ર ટૂર કંપની “Word of Mouth” થી પ્રગતિના પંથે
નોર્ધન લાઈટસનો શાનદાર નઝારો
વર્ષોથી પ્રામાણિક તથા વાજબી ટૂર કિંમત.
બુક કરતા પહેલાં સરખાવીને પછી નિર્ણય લો.
આઈસલેન્ડ
૦૯ રાત્રી / ૧૦ દિવસ
રેક્યાવીક, આકુરેરી, બોર્ગનેસ, હેલા



પ્રસ્થાનઃ સપ્ટે, ઓક્ટો, નવે, ફેબ્રુ અને માર્ચ
આર્કટિક
૧૧ રાત્રી / ૧૨ દિવસ
હેલસિંકી, સારીસેલકા, રોવાનેમી, કીરૂના, ટ્રોમ્સો, ઓસ્લો



પ્રસ્થાનઃ ડિસેમ્બરથી માર્ચ
ટૂર ની વિશેષતા
+ વર્લ્ડ ક્લાસ એરલાઈન્સમાં સફર
+ લક્ઝરી હોટલ્સમાં મુકામ (કન્ફર્મ હોટલ્સ)
+ ભરપુર સાઈટ સીઈંગનો સમાવેશ
+ કોઈપણ છુપા ખર્ચ વગર
+ ભારતીય રાજસ્થાની નિષ્ણાંત રસોઈયા દ્વારા ભોજનનો આસ્વાદ
+ ગુજરાતી, હિન્દી, ઈંગલીશ બોલતા નિષ્ણાંત ટૂર લીડર
+ લક્ઝરી હાયટેક એ.સી. બસમાં મુસાફરી
+ સ્પષ્ટ ટુર પ્રોગ્રામ તથા પ્રમાણીક વ્યવહાર
SCAN ME
NO GIMMICKS. NO HYPE. SINCE 1976.
KULIN KUMAR HOLIDAYS
Hughes Road (H.O.): 022-43555555 | Opera House: 022-43555551
Borivali: 022-43555590 | Mulund: 022-25695500 | Ghatkopar: 022-21021155
Pune: 020- 25537344 | Ahmedabad: 079-40036900 | Surat: 0261-4883555
sales@kulinkumar.com | www.kulinkumar.com | Toll Free: 1800 103 8055
Follow us on @kulinkumarholidays for live tour moments!




Scorpio Enterprise (Company Showroom) તુરખીયા પાક, સ્વામિનારાયણ મદિર ની પાસ, અમ. જી. રાડ. કાદીવલી (વસ્ટ) Tel. 022-28011957 / 58 • Helpline No. 99303 82445

| | | | | |
|---|---|---|---|---|
| ચર્ની રોડ : યાશી માર્કેટીંગ ........ 98921 64745 | ભાયંદર (વેસ્ટ) : ભૈરવ ઈલેકટ્રોનિક્સ........ 79779 32497 | સફાળે : સપના ઈલેક્ટ્રોનિક્સ........ 81493 62535 | થાણા : પ્રિન્સ ઈલેકટ્રોનિક્સ........ 2533 7726 | વાશી : ટોપ ટેન ઈલેક્ટ્રોનિક્સ........ 2781 0206 |
| બોરીવલી : નવદીપ એન્ટરપ્રાયજેસ........ 73042 73041 | વસઈ : જ્ઞાન સેલ્સ........ 93244 45559 | ચેમ્બુર : મુરૂગન સ્ટીલ........ 2521 1769 | કલ્યાણ (વેસ્ટ) : પ્રભાત કિચન........ 92205 80000 | ખાર : જય આમાજમા ઈલેક્ટ્રોનિક્સ........ 99871 27071 |
| ગોરેગાંવ : શક્તી ઈલેકટ્રોનિક્સ........ 98206 55110 | બોઈસર : ગાયત્રી હોમ અપ્લાયન્સીસ........ 90969 24733 | ચેમ્બુર : નટારાજ એમ્પોરીયમ........ 98203 81075 | કલ્યાણ (વેસ્ટ) : સુપ્રીમ ટ્રેડર્સ........ 90299 33773 | વાશી : મિલન સ્ટીલ........ 99206 21869 |
| કાંદિવલી (વે) : શ્રીજી ઈલેકટ્રોનિક્સ........ 98194 21119 | પાલઘર : જયલક્ષ્મી હોમ........ 92267 10296 | ઘાટકોપર (વેસ્ટ) : દિપક સ્ટીલ........ 98206 03020 | ઉલ્હાસનગર : લક્ષ્મી કોકરી........ 98222 33114 | પનવેલ : મહાલક્ષ્મી સેલ્સ........ 70457 38376 |
| માનખુર્દ : ન્યૂ નૅશનલ ઈલેકટ્રોનિક્સ........ 88506 68065 | નાલાસોપારા : પ્રિન્સ હોમ........ 93241 83393 | ઘાટકોપર : શ્રી અમાજ મા ઈલેકટ્રોનિક્સ........ 84335 55506 | કલ્યાણ : પ્રભાત કિચન........ 99206 30001 | પેન : પુનમિયા વેચાણ........ 93261 77722 |
| મલાડ : ગાલા સન્સ........ 98207 79679 | નાલાસોપારા : મહાદેવ સેલ્સ........ 90286 73766 | પરેલ : ભવલ અપ્લાયન્સીસ........ 79771 09677 | ભિવંડી : વસાની ઈલેક્ટ્રોનિક્સ 8698472928/9822330132 | રોહા : અમિત સેલ્સ........ 97300 85777 |
| અંધેરી (ઈસ્ટ) : નવલ સેલ્સ કોર્પોરેશન........ 93245 14717 | સાનપાડા : મહાવીર ટ્રેડિંગ........ 99678 64530 | મુલુંડ (વેસ્ટ) : મેહુલ સ્ટીલ........ 77180 67750 | થાણા (વેસ્ટ) : શ્રીજી એન્ટરપ્રાયજેસ........ 8291221226 | રોહા : એસકે ઈલેક્ટ્રોનિક........ 97623 98049 |
| વિલેપાર્લે : અલ્ફા 3........ 99876 70762 | પાલઘર : રૂચિત ઈલેકટ્રોનિક્સ........ 92251 19780 | પનવેલ : અક્ષર ડીઝીટલ........ 72086 49864 | મિરા રોડ : સુપર ઈલેક્ટ્રોનિક્સ........ 98211 39720 | વસઈ : જય મા તુલસી........ 80875 75605 |
| | | | | બોઈસર : પરફેક્ટ ઈલેક્ટ્રોનિક........ 96374 41244 |
| | | | | વાડા - અંબાડી : કુલસ્વામિની ઈલેક્ટ્રોનિક... 98606 91879 |

ઓલ્ડનલાઈન સીરીજ ડિસ્ટ્રીબ્યુટર્સ : સેંટ્રલ લાઈન – થાણા નિલકંઠ ટ્રેડલીંક – મો.: 81086 58838 મીરા રોડ – દહાણુ, રાજગુરૂ ઈલેક્ટ્રોનિક્સ, અપ્લાયન્સિસ – મો : 9773574102

Available at All Showrooms | KOHINOOR | Digi 1 | croma | USHA AGENCY | Alfa-3 Vileparle | TOP TEN

MUMBAI SAMACHAR
REGD.No. MCS/058/2024-26

# મુંબઈ સમાચાર

પરંપરા પરિવર્તન ૨૦૫ વર્ષ પ્રગતિ

બુધવાર, ૧લી જુલાઈ ૨૦૨૬ વિશેષ પૂર્તિ Section One

VANDEVI®
Bandhani Hing

V.N. THAKKAR HINGWALA & BROS. SYMBOL OF QUALITY 69, YUSUF MEHARALLI ROAD, MUMBAI - 400 003.

VAIDEHI®
Bandhani Hing



એક ચપટી હિંગ, એટલે સ્વાદની દુનિયા.

૯૩ વર્ષોથી સમગ્ર વિશ્વની મહિલાઓના દિલમાં
અને તેમની રસોઈમાં રાજ કરતી એકમાત્ર
વનદેવી નંબર ૧ બ્રાઉન પાઉડરના પરિવારમાંથી
સરગમ ફૂડની અસલ બાંધાની હિંગ તરફથી...
૨૦૪ વર્ષોથી મુંબઈના ગુજરાતીઓના દિલમાં રાજ કરતા
મુંબઈ સમાચારને હાર્દિક અભિનંદન.

રસોઈની રાણી, સ્વાદની મહારાણી,
સુગંધની પટરાણી, ખુશ થઈ જાય ઘરની રાજરાણી!




Sargam Food Pvt. Ltd.
Mahendra Thakkar Group Company

Plot No. D162/163, TTC Industrial Area, MIDC, Thane Belapur Road, Nerul, Navi Mumbai 400706
+91-22-20872037 / 38 info@vandevi.com www.vandevi.com

BIJAL ADS

# ૧૮૨૨–૨૦૨૬: ૨૦૫ અર્થપૂર્ણ ઘટનાઓ

સંશોધન, લેખન- પ્રફુલ શાહ, હેન્રી શાસ્ત્રી અને અનિલ રાવલ

*એશિયાના સૌથી જૂના અખબાર 'મુંબઈ સમાચાર'ના પ્રકાશનનો પ્રારંભ ૧૮૨૨ની પહેલી જુલાઈએ થયો અને આજે ૨૦૨૬ની પહેલી જુલાઈએ આપણા સૌનું પ્રિય અખબાર ૨૦૪ વર્ષ પૂર્ણ કરી ૨૦૫માં વર્ષમાં પ્રવેશ્યું છે. ૨૦૫ વર્ષમાં પ્રવેશ વખતે 'મુંબઈ સમાચાર'એ જે યાત્રા કરી એ દરમિયાન વિશ્વમાં જે વિરલ ઘટનાઓ બની એ વિશેની વિગતવાર રજુઆત પૂર્તિમાં પ્રગટ કરીએ છીએ.*

*૧ જુલાઈ ૧૮૨૨- 'મુંબઈ સમાચાર'ની શરૂઆત. ૧ જુલાઈ ૨૦૨૬ 'મુંબઈ સમાચાર' ૨૦૫મા વર્ષમાં પ્રવેશ. એ દરમિયાન ઘટેલી ઘટનાઓના સાક્ષી બનીએ.*

## ૧૮૨૨-મુંબઈ સમાચારનું પ્રકાશનઃ




૨૦૪ વર્ષ પહેલાં પહેલી જુલાઈ ૧૮૨૨ના દિવસે 'શ્રી મુમબઈનાં શમાચાર' નામ હેઠળ એશિયાના સૌથી જૂના અને પ્રતિષ્ઠિત અખબારના પ્રકાશન સાથે પ્રિન્ટ માધ્યમમાં ક્રાંતિનાં મંડાણ થયાં. આજે 'મુંબઈ સમાચાર' તરીકે ઓળખાતા આ અખબારનો જન્મ લોકકલ્યાણ-સમાજકલ્યાણના ઉદ્દેશ સાથે થયો હતો. ૧૮૨૨થી ૧૯૩૩ સુધી 'મુંબઈ સમાચાર' વર્તમાનપત્રના આઠ માલિક બદલાયા. ૧૯૩૩થી અખબારની માલિકીનો નવો દોર શરૂ થયો જે આજદિન સુધી કાયમ છે. 'મુંબઈ સમાચાર'ની માલિકી મંચેરજી નસરવાનજી કામા અને કુટુંબીઓના હસ્તક રહી છે. બહુ જલદી સવારની ચાની ચુસ્કી સાથે 'મુંબઈ સમાચાર'નું વાંચન એ ગુજરાતીઓની આદત બની ગઈ.

## ૧૮૨૫-ઍલ્યુમિનિયમ ધાતુની ડિસ્કવરીઃ



વજનમાં હલકી, ટકાઉ અને કાટ ન લાગે એવી આ ધાતુને કારણે મૉડર્ન એન્જિનિયરિંગમાં એને મહત્ત્વ પ્રાપ્ત થયું છે. વિમાન ઉડ્ડયન અને વીજ ઉત્પાદન ઘરે ઘેર પહોંચાડવા જેવી મનુષ્ય માટે બે આશીર્વાદ બાબત ઍલ્યુમિનિયમને કારણે શક્ય બની.

## ૧૮૨૫-વિશ્વની પ્રથમ પબ્લિક રેલવેનો યુકેમાં પ્રારંભઃ



કોલસાની કિંમતમાં ગજબનાક ઘટાડો થયો, ઔદ્યોગિક ક્રાંતિને વેગ મળ્યો, સામાન્ય માણસની મુસાફરી સહજ બનાવી અને વૈશ્વિક પરિવહન નેટવર્કનો પાયો નાખ્યો.

## ૧૮૨૮-રાજા રામમોહન રાય દ્વારા બ્રહ્મોસમાજની સ્થાપનાઃ





ઓગણીસમી સદીમાં સામાજિક અને ધાર્મિક સુધારણાના ભાગ રૂપે સ્થપાયેલી સંસ્થા બ્રહ્મોસમાજ. સમાજસુધારા આંદોલનના પિતા ગણાતા રાજા રામમોહન રાયે કરી હતી. સામાજિક ક્ષેત્રે બાળલગ્ન, જ્ઞાતિનાં ચુસ્ત બંધનો, બહુપત્નીત્વ, કન્યાવિક્રય જેવાં દૂષણો વ્યાપક હતાં. આ યુગમાં કુરિવાજો સામે લડવા અને સુધારણા કરવા બંગાળમાં બ્રહ્મોસમાજની સ્થાપના થઈ હતી.

## ૧૮૨૯-સતી પ્રથા પર પ્રતિબંધઃ



બ્રિટિશ શાસિત ભારતના પ્રથમ ગવર્નર જનરલ લૉર્ડ વિલિયમ બેન્ટિકે ડિસેમ્બર, ૧૮૨૯માં સતી પ્રથા પર પ્રતિબંધ મૂક્યો હતો. સતી પ્રથામાં નારીઓ પતિની ચિતામાં સળગીને પ્રાણ ત્યાગતી હતી. આ કાયદા પછી રાજા રામમોહન રાયના વડપણ હેઠળના ૩૦૦ પ્રતિષ્ઠિત હિંદુઓએ બેન્ટિકનો આભાર માન્યો હતો.

## ૧૮૨૯-પહેલી ઇલેક્ટ્રિક મોટર તૈયાર થઈઃ



ઇલેક્ટ્રિક મોટર વિદ્યુત ઊર્જાને યાંત્રિક ગતિમાં રૂપાંતરિત કરી શકતી હોવાથી મનુષ્ય જીવનમાં મોટો બદલાવ આવ્યો. મોટરે માનવ અને શ્રમ કરતા પ્રાણીનું સ્થાન લીધું. મોટા પાયે થતા આધુનિક સામૂહિક ઉત્પાદન, ઘરનું કામકાજ સરળ બનાવતાં ઉપકરણો, આવનજાવન આસાન બનાવતી વ્યવસ્થા તેમ જ જીવનરક્ષક તબીબી ઉપકરણો તૈયાર થવાથી વૈશ્વિક જીવનધોરણમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો.

## ૧૮૩૫-ગુલામીના અંતનો આરંભઃ



પહેલી ઓગસ્ટ ૧૮૩૫ના રોજ બ્રિટિશ સંસદે પસાર કરેલા સ્લેવરી એબોલિશન એક્ટ, ૧૮૩૩નો અમલ શરૂ થવાથી બ્રિટિશ સામ્રાજ્યના બહુધા પ્રદેશોમાં ગુલામીની પ્રથાનો સત્તાવાર અંત આવ્યો. આનાથી આશરે આઠ લાખથી વધુ ગુલામોને કાનૂની રીતે મુક્તિ મળી હતી. આ પગલું માનવ અધિકારોના ઇતિહાસમાં અત્યંત મહત્ત્વપૂર્ણ સીમાચિહ્ન છે.

આ પહેલની ભારત પર આડકતરી પણ ઘણી નોંધપાત્ર અસર પડી. એક તરફ બ્રિટિશ શાસકો પર માનવતાવાદી સુધારા લાવવાનું દબાણ વધ્યું, જેના પરિણામે ભારતમાં પણ ગુલામી જેવી પ્રથાઓ સામે ચર્ચા શરૂ થઈ. અંતે ૧૮૪૩માં બ્રિટિશ સરકારે ભારતમાં ગુલામીના વ્યવહારને પણ ગેરકાયદે જાહેર કર્યો. ફળસ્વરૂપે બ્રિટિશ વસાહતોમાં મજૂરોની અછત ઊભી થઈ અને ભારે સંખ્યામાં ભારતીય કરારબદ્ધ મજૂરોને મોરિશિયસ, ફિજી, ટ્રિનિડાડ, ગાયાના જેવી વસાહતોમાં મોકલાયા હતા.


## ૧૮૩૫-મેકોલેનું અંગ્રેજી શિક્ષણ નીતિ અંગે નિવેદનઃ



૨ ફેબ્રુઆરી ૧૮૩૫ના રોજ થોમસ બેબિંગ્ટને બ્રિટિશ ભારતની શિક્ષણ નીતિ અંગે પ્રસિદ્ધ નિવેદન 'મિનિટ ઓન ઈન્ડિયન એજ્યુકેશન' રજૂ કર્યું. તેમની દલીલ હતી કે સરકારના શિક્ષણ માટેના નાણાં માત્ર અંગ્રેજી ભાષા અને પશ્ચિમી વિજ્ઞાન-સાહિત્યના પ્રસાર માટે વાપરવા જોઈએ. આપણને ન ગમે એવો સૂર એ હતો કે લોહી અને રંગે ભારતીય, પરંતુ વિચારો, અભિપ્રાયો અને બુદ્ધિથી અંગ્રેજ હોય એવો વર્ગ અંગ્રેજી શિક્ષણથી તૈયાર કરવો જોઈએ. આજે ય અંગ્રેજી ભાષાની ગુલામીથી આપણે છુટ્યા નથી.

આ નીતિની ભારત પર ભયંકર અને દૂરગામી અસર થઈ. અંગ્રેજી શિક્ષણના પ્રસારથી આધુનિક વિજ્ઞાન, કાયદા, રાજકારણ અને પશ્ચિમી વિચારધારાઓના પ્રવેશ અને પ્રભાવ વધ્યા. આનું એક સારું પરિણામ પણ આવ્યું. આ નીતિના ફરજંદ શિક્ષિત મધ્યમવર્ગે ભારતીય રાષ્ટ્રવાદ અને સ્વાતંત્ર્ય ચળવળમાં મહત્ત્વની ભૂમિકા ભજવી. અલબત્ત, સંસ્કૃત સહિતની અન્ય ભારતીય ભાષાઓના પરંપરાગત શિક્ષણનો ખંગ વળી ગયો. ટૂંકમાં મેકોલેનવએ ભારતના શૈક્ષણિક, સામાજિક અને રાજકીય ઇતિહાસની સિકલ ધરમૂળથી બદલી નાખી હતી જે આઝાદીના દાયકાઓ બાદ પૂર્વવત્ થઈ નથી.

## ૧૮૩૯-પ્રથમ ફોટોગ્રાફિક પ્રક્રિયાઃ




'તું ખીંચ મેરી ફોટો...' અને સેલ્ફી પ્રેમી જેન-ઝી આ ફ્લેશબેક કલ્પી શકો છો?

૧૦ જાન્યુઆરી ૧૮૩૯ના દિવસે ફ્રાન્સમાં લુઈસ ડેગેરિયોએ વિકસાવેલી ડેગેરિયોટાઇપ ફોટોગ્રાફિક પ્રક્રિયાની જાહેરાત થઈ. માનવ ઇતિહાસની આ પ્રથમ સફળ ફોટોગ્રાફી પદ્ધતિમાં ચાંદી ચડાવેલી ધાતુની પ્લેટ પર સ્થાયી છબી ઉતારી શકાતી હતી. આ ક્રાંતિકારી શોધે ફોટોગ્રાફીના યુગની શરૂઆત કરી.

આની અસર થોડાં જ વર્ષોમાં ભારત પર જોવા મળી. ફોટોગ્રાફી ભારત પહોંચી અને બ્રિટિશ અધિકારીઓ, પ્રવાસીઓ તથા વિદ્વાનો દ્વારા ભારતીય સમાજ, સ્થાપત્ય, સ્મારકો અને રાજવંશોનું દસ્તાવેજીકરણ શરૂ થયું. આથી પૌરાણિક મંદિરો, કિલ્લાઓ અને વિવિધ પ્રદેશોની સંસ્કૃતિના હજારો ઐતિહાસિક ફોટોગ્રાફ મહત્ત્વપૂર્ણ પુરાવા તરીકે ઉપલબ્ધ છે. ભારતના સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાના સંરક્ષણમાં આ શોધે મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું.

## ૧૮૪૪-પ્રથમ ટેલિગ્રાફ સંદેશઃ




૧૮૪૪ની ૨૪મી મેએ અમેરિકન સંશોધક સેમ્યુઅલે વિશ્વનો પ્રથમ જાહેર ટેલિગ્રાફ સંદેશ મોકલ્યોઃ 'ઈશ્વરે શું સર્જ્યું છે?' વોશિંગ્ટનથી બાલ્ટીમોર મોર્સે વિકસાવેલી મોર્સ કોડ પદ્ધતિ મારફતે વીજળીના સંકેતો વડે દૂર સુધી ઝડપથી આ સંદેશ પહોંચાડવો શક્ય બન્યો. એ સમયે સંચાર ક્ષેત્રમાં ક્રાંતિ સર્જીને દુનિયાને વધુ નજીક લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનારા ટેલિગ્રાફ સંદેશ

પધ્ધતિ ઈન્ટરનેટ યુગમાં અસ્તિત્વ ગુમાવી બેઠી છે.

ભારતમાં ૧૮૫૧માં કલકત્તા અને ડાયમંડ હાર્બર વચ્ચે પ્રથમ પ્રાયોગિક ટેલિગ્રાફ લાઇન સ્થાપિત થઈ. ત્યારબાદ સમગ્ર ભારતમાં ટેલિગ્રાફનું જાળું ઝડપથી ફેલાયું. ૧૮૫૭ના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ વેળાએ બ્રિટિશ સરકારે સમાચાર અને સૈન્ય આદેશો ઝડપથી પહોંચાડવા તેનો ઉપયોગ કર્યો. ટેલિગ્રાફ સંદેશે ભારતમાં આધુનિક સંચાર યુગનો પાયો નાખ્યો એમ કહી શકાય.


## ૧૮૪૬-મેક્સિકો-અમેરિકા યુદ્ધનો આરંભઃ



૨૫ એપ્રિલ ૧૮૪૬ના રોજ અમેરિકા અને મેક્સિકા વચ્ચે રિયો ગ્રાન્ડે વિસ્તાર પાસે અથડામણ થઈ. આ યુદ્ધ બે વર્ષ સુધી ચાલ્યું.મુખ્ય વિવાદ ટેક્સાસ તથા પશ્ચિમ ઉત્તર અમેરિકાના વિશાળ


જીવનધારા વૃધ્ધાશ્રમ પરિવાર દ્વારા ચાલતી પ્રવૃતિઓ
શ્રી વાસુપૂજ્ય વિહાર જીન મંદિરના સાનિધ્યમાં
માનવ સેવા તથા જીવદયાના કાર્યો કરતી ગુજરાતની અગ્રગણ્ય સંસ્થાના સુકૃત કાર્યોમાં જોડાવા અપીલ
૩૬૦ વડીલોનું આશ્રયસ્થાન જીવનધારા વૃધ્ધાશ્રમ, હાલ ૨૯૦ થી વધુ વડીલો નાતજાતના ભેદભાવ વિના આશ્રયસ્થાન મેળવી રહેલ છે.
ભગવાન મહાવીર મેડીકલ સેન્ટર | ભગવાન મહાવીર આઇકેર હોસ્પીટલ
સિનીયર સીટીઝન ટિફીન સેવા | ભગવાન મહાવીર ફિઝીયોથેરાપી સેન્ટર
ભગવાન મહાવીર ડેન્ટલ ક્લિનીક આશ્રમવાસી વડીલો માટે વિનામુલ્યે તથા રાહતદરે
જીવનધારા વૃધ્ધાશ્રમ બની રહ્યુ છે જીવનધારા વાત્સલ્યધામ, ૨૫૦૦ વડીલો તથા જરૂરીયાતમંદ માટે નું આશ્રયસ્થાન, પ્રથમ તબક્કામાં ઉષા-જીત ભગવાન મહાવીર હોસ્પિટલ બનશે.
જો આપને યોગ્ય લાગેતો સંસ્થાની વિવિધ યોજનાઓમાં સહકાર આપવા આપાવવા નમ્ર અરજ છે.
વૃંદાવન ગીર ગૌશાળા (જીવદયાનગર):- ખેડા કાજીપુરા મધ્યે વૃંદાવન ગીર ગૌશાળા આવેલ છે. ૧૫૪ થી વધુ ગૌમાતા અને તેમના વંશજો આશ્રય લઇ રહ્યા છે. ૧૦૦૦ થી વધુ ગૌમાતા આશ્રય લઇ શકે તેટલી જમીન સંસ્થા પાસે ઉપલબ્ધ છે. જેનું વિકાસ કાર્ય ચાલુ છે.
લબ્ધિવિક્રમ ખીચડી ઘર:- રોજ ૧૦૦૦ થી વધુ વ્યક્તિને મોબાઇલ વાન દ્વારા ખીચડી પહોંચાડવામાં આવે છે.
સંપર્ક :- ૯૦૯૯૯ ૩૦૫૮૨, ૯૭૨૫૫ ૨૧૧૭૦, ૮૭૫૮૪ ૧૩૫૬૪, ૯૯૭૮૦ ૧૫૪૨૪
ACCOUNT NAME: MANAV SEVA SAMAJ KALYAN TRUST
BANK NAME : Kotak Mahindra Bank
ACCOUNT NO: 9312459209 • IFSC CODE : KKBK0002584
આપની બિનઉપયોગી ચીજવસ્તુ સંસ્થાને આપી શકો છો.
આપના દ્વારા આપવામાં આવેલ દાન કલમ ૮૦જી હેઠળ કરમુક્ત છે. CSR ફંડ સ્વીકાર્ય છે.
જીવનધારા વૃધ્ધાશ્રમ, પદ્માવતીનગર, ઇન્દિરાનગર વિ-૨, લાંભા, અમદાવાદ-૩૮૨૪૦૫





MUMBAI SAMACHAR
REGD.No. MCS/058/2024-26
# મુંબઈ સમાચાર
પરિવર્તન પરંપરા પ્રગતિ ૨૦૫ વર્ષ
બુધવાર, ૧લી જુલાઈ ૨૦૨૬ વિશેષ પૂર્તિ Section One

પ્રદેશો પરનો દાવો હતો. યુદ્ધના અંતે થયેલી સંધિને પગલે મેક્સિકોએ કેલિફોર્નિયા, નેવાડા, યુટાહ અને અન્ય વિસ્તારો સહિતનો વિશાળ પ્રદેશ અમેરિકાને સોંપ્યો. પરિણામે અમેરિકા એક મહત્ત્વપૂર્ણ ખંડીય શક્તિ તરીકે ઊભરી આવ્યું. ટ્રમ્પ હોય કે બીજું કોઈ, અમેરિકા તો અમેરિકા જ રહે.

મેક્સિકો અમેરિકા યુદ્ધની ભારત પર જરાય સીધો પ્રભાવ ન થયો, પરંતુ પરોક્ષ અસર ઘણી થઈ. આ યુદ્ધે પશ્ચિમી સામ્રાજ્યવાદ, પ્રાદેશિક વિસ્તરણ અને આધુનિક સૈન્ય સંગઠનની શક્તિ દર્શાવી. બ્રિટિશરોએ આ સંઘર્ષમાંથી વહીવટી અને લશ્કરી પાઠ શીખ્યા ને ઉપયોગ ભારતમાં પોતાના શાસનને વધુ મજબૂત બનાવવા માટે કર્યો. આ રીતે વિશ્વમાં અમેરિકાના વધતા પ્રભાવની શરૂઆત આ યુદ્ધથી થઈ, જેના પરિણામો દાયકાઓમાં વૈશ્વિક વેપાર અને આંતરરાષ્ટ્રીય સંબંધો થકી ભારત સુધી પણ પહોંચ્યા. રોજેરોજના ટ્રમ્પવેડા આનું બોલકું ઉદાહરણ નથી?

## ૧૮૪૮-કેલિફોર્નિયામાં સોનાની શોધઃ



૧૮૪૮ની ૨૪ જાન્યુઆરીએ જેમ્સ માર્શલને મિલમાં કામ કરતી વખતે સોનાના કણો શોધ્યા. સોશ્યલ મીડિયા ન હોવા છતાં આ શોધના સમાચાર ઝડપથી ફેલાતા ૧૮૪૯માં તો વિશ્વભરમાંથી લાખો લોકો કેલિફોર્નિયા દોડી ગયા. આ સ્વર્ણ શોધકોએ અમેરિકાની વસ્તી, અર્થવ્યવસ્થા અને પશ્ચિમ તરફના વિસ્તરણને જબરદસ્ત વેગ આપ્યો. અને લો, જોતજોતામાં કેલિફોર્નિયા એક મહત્ત્વપૂર્ણ આર્થિક કેન્દ્ર બની ગયું.

ભારત પર તેની અસર મુખ્યત્વે આર્થિક અને વૈશ્વિક વેપાર દ્વારા જોવા મળી. સોનાના મોટા જથ્થા વૈશ્વિક બજારમાં આવતાં આંતરરાષ્ટ્રીય નાણાકીય વ્યવહારો અને વેપારને વેગ મળ્યો. બ્રિટિશ સામ્રાજ્યના ભાગ તરીકે ભારત પણ આ વૈશ્વિક આર્થિક પરિવર્તનોથી પ્રભાવિત થયું. ભારતીય સોના-ચાંદીના વેપાર અને કિંમતો પર અસર કરી. આ ઘટનાથી વિશ્વભરમાં સ્થળાંતર અને નવી તકોની શોધની માનસિકતાને મળેલા પ્રોત્સાહનનો પ્રભાવ ભવિષ્યમાં ભારતમાં વર્તાયો.

## ૧૮૪૮-ભારતમાં પ્રથમ આધુનિક કન્યા વિદ્યાલયઃ





૧૮૪૮ની ૧૫મી ઓગસ્ટે જ્યોતિરાવ અને તેમની પત્ની સાવિત્રીબાઈ ફુલેએ ભારતમાં વ્યવસ્થિત કન્યા શિક્ષણનો પાયો નાખ્યો. સમાજમાં સ્ત્રીઓના શિક્ષણનો ભારે વિરોધ હતો, ત્યારે તેમણે પુણેના ભિડેવાડામાં ભારતનું પ્રથમ આધુનિક કન્યા વિદ્યાલય શરૂ કર્યું. આ 'ગુસ્તાખી' બદલ ફુલે દંપતીએ સામાજિક વિરોધ, અપમાન અને ધમકીઓ સહન કરી પણ ઉમદા ધ્યેયનો કેડો ન મુક્યો. સાવિત્રીબાઈ ફુલે આ શાળાના પ્રથમ શિક્ષિકા બન્યાં અને ભારતીય મહિલા શિક્ષણના ઇતિહાસમાં અગ્રણી સ્થાન પ્રાપ્ત કર્યું.

આ પહેલની ભારત પર અત્યંત દૂરગામી અસર થઈ. કન્યા શિક્ષણને પ્રોત્સાહન મળતાં મહિલાઓ માટે જ્ઞાન અને આત્મનિર્ભરતાના નવા દ્વાર ખુલ્યા. દેશના અન્ય વિસ્તારોમાં પણ કન્યા શાળાઓ સ્થાપિત થવા લાગી. ફુલેની ઝુંબેશે બાળવિવાહ, જાતિભેદ અને સ્ત્રી-અસમાનતા સામેના દબાયેલા વિરોધને પણ બળ આપ્યું. ખરા અર્થમાં આ બાબત ભારતમાં મહિલા સશક્તીકરણ અને શિક્ષણ ક્રાંતિનો પાયાનો પથ્થર સાબિત થઈ.


## ૧૪) ૧૮૪૮-કમ્યુનિસ્ટ મેનિફેસ્ટોનું પ્રકાશન :

કાર્લ માર્ક્સ અને ફ્રિડરુક એન્ગલ્સ નામના બે જર્મન તત્વચિંતકો રચિત 'ધ કમ્યુનિસ્ટ મેનીફેસ્ટો'નું પ્રકાશન થયું હતું. એમાં વર્ગવિગ્રહનું અને શ્રમજીવી વર્ગના ક્રાન્તિકારી કર્તવ્યનું તેમાં આલેખન છે. આ મેનીફેસ્ટના પ્રભાવ હેઠળ શ્રમિક વર્ગની ચળવળ શરૂ થઈ અને રશિયન ક્રાંતિ જેવી ઐતહાસિક ક્રાંતિને જન્મ આપ્યો.













## એનપીએના નિષ્ણાત અને ફાઇનાન્સિયલ ક્રાઇસિસ કાઉન્સેલિંગમાં ડૉક્ટરેટની ડિગ્રી ધરાવતા

## હિતેન મહેતા



**અનેક પરિવારો અને ધંધાર્થીઓને તેમની નાણાકીય કટોકટીમાંથી ઉગારીને કાયમની ખુશીની જિંદગી જીવવામાં મદદ કરી છે**

ભાવસાર એન્ડ મહેતા કંપનીના સ્થાપક હિતેન મહેતા લોકોને તેમની નાણાકીય સમસ્યામાંથી બહાર કાઢીને તેમને ફરીથી તેમના અને પરિવાર માટે જીવન નવેસરથી શરૂ કરવા માટે મશહૂર છે. મહેતાને તાજેતરમાં રોયલ અમેરિકન સોસાયટી તરફથી 'ફાઇનાન્સિયલ ક્રાઈસિસ કાઉન્સેલિંગ' માટે ડૉક્ટરેટની પદવી એનાયત કરવામાં આવી છે અને ઇન્ડિયન અચીવર્સ એવૉર્ડ, ૨૦૨૧, મિડ ડે આઇકોન એવૉર્ડ ૨૦૨૨થી નવાજવામાં આવ્યા છે. 'સકાલ' અખબાર દ્વારા ૨૦૨૨ માટેનો 'સકાલ', 'આઇડોલ ઓફ મહારાષ્ટ્ર'થી સન્માનવામાં આવ્યા છે.

મહેતા એનપીએ તથા દેવાં વસૂલીને લગતા કાયદા અને કરવેરા કાયદાના જાણકાર હોવાથી તેઓ એનપીએ સંબંધી કાનૂની માર્ગદર્શન, નાણાકીય અને મેનેજમેન્ટ અને ફોજદારી ગુનાઓ સંબંધી માર્ગદર્શન આપતા રહ્યા છે.

તેઓ મુલકી કેસ (સિવિલ) સંબંધી કાનૂનોની આંટીઘૂંટીથી પરિચિત છે. છેલ્લાં થોડાં વર્ષોથી તેમને ઘણા લોકોને સાચી સલાહ આપી તેમને યોગ્ય કાનૂની માર્ગદર્શન આપી યોગ્ય પગલાં લેવામાં મદદ કરીને તેમના જીવનમાં બદલાવ લાવ્યા છે.

તેમને મહારાષ્ટ્રના રાજ્યપાલ ભગતસિંહ કોશિયારી તરફથી રાજભવનમાં 'કોરોના વૉરિયર' એવૉર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. કોવિડના મુશ્કેલ સમયમાં અને તે પછી સપ્ટેમ્બર ૨૦૨૦થી માર્ચ ૨૦૨૧ સુધીના અર્થતંત્ર કટોકટીમાંથી પસાર થઇ રહ્યું હતું ત્યારે મહેતાએ સલાહ-માર્ગદર્શન વડે રોજનું કમાઇને રોજ ખાનારા અસંખ્ય નાના દુકાનદારો અને ફેરિયાઓને નાણાકીય સાક્ષરતાનું શિક્ષણ આપીને આ કટોકટીમાંથી સફળતાપૂર્વક બહાર આવવામાં મદદ કરી હતી. આને પરિણામે તેઓ આત્મઘાતી મનોવૃત્તિમાંથી બહાર આવ્યા હતા. મહેતા નાણાકીય ક્ષેત્રમાં, ખાસ કરીને, ધંધાકીય સલાહ આપવા માટે જાણીતા છે. ખરું પૂછો તો આપણને સૌ કોઇને નાણાકીય સાક્ષરતા અને ધંધાકીય સાક્ષરતાની જરૂર પડે છે, કારણકે આપણને તે શીખવવામાં આવ્યું હોતું નથી અથવા તે સહજ પ્રાપ્ય નથી. જેમને આવી સલાહની સૌથી વધુ જરૂર પડતી હોય છે તે આવા વર્ગના લોકો છેઃ

(૧) જેમનો ધંધો સારો ચાલે છે તેઓ નાણાકીય મુશ્કેલીમાં ફસાયા વિના ધંધો વધારવા માગે છે.

(૨) જેમને ધંધામાં નુકસાન થયું છે પણ તેને તેઓ અહમ્‌ને કારણે અથવા તેની સમજ નહીં હોવાના કારણે સ્વીકારવા માગતા નથી. આ સ્થિતિમાં એક નાની ચિનગારી પણ મોટી આગનું સ્વરૂપ પકડી શકે છે. તેથી પરિસ્થિતિ વણસે તે પહેલા જ તેને ઉગતી ડામી દેવી જરૂરી છે.

(૩) જેઓ લાંબા સમયથી નાણાકીય કટોકટીનો સામનો કરી રહ્યા હોય પણ તેમાંથી બહાર કઇ રીતે નીકળવું તેની સમજ હોય નહીં.

સિબિલ (CIBIL) અને અન્યો સામે સામાન્ય લોકોની પોસ્ટના ક્રેડિટ સ્કોર અપડેટ નહીં કરવા અને બિન-અનુપાલન બદલ પીઆઇએલ દાખલ કર્યા પછી આરબીઆઇ સિબિલ અને અન્ય લોકો સામે રૂ. ૧.૨૫ કરોડનો દંડ લાદીને ઇતિહાસ રચ્યો છે અને દરોડા પાડ્યા છે. સિબિલની બાબત આજના સમયમાં અત્યંત મહત્ત્વ ધરાવે છે અને તેના પર તાત્કાલિક ધ્યાન આપવાની જરૂર છે કારણકે સિબિલ જેવી કંપની જે એક અમેરિકન બહુરાષ્ટ્રીય જૂથ છે, તેની પાસે સમગ્ર દેશના અર્થતંત્રનો ત્રિમાસિક ડેટા છે, જે ભારતીય નાગરિકના ડેટા સુરક્ષા અને સલામતી સામે મોટો ખતરો છે.

તેવી જ રીતે, તેમણે હવે આરબીઆઇ અને અન્ય જરૂરી પક્ષો સામે વ્યાજના ફ્લોટિંગ દરની વધઘટની પદ્ધતિ સામે પીઆઇએલ દાખલ કરી છે અને તે માનનીય બોમ્બે હાઇ કોર્ટ સમક્ષ પેન્ડિંગ છે. આરબીઆઇ દ્વારા એક નોટિફિકેશન ઇશ્યુ કરવામાં આવ્યું છે, જેમાં સ્પષ્ટપણે જણાવવામાં અને કહેવામાં આવ્યું છે કે બૅન્કોએ લોન લેનારાઓને લોન લેતી લખતે ફિક્સ્ડ અને ફ્લોટિંગ દર વચ્ચેનો વિકલ્પ આપવાનો રહેશે. જોકે સૂચિત નોટિફિકેશન ઓગસ્ટ ૨૦૨૩માં ઇશ્યૂ કરાયું અને તેનો અમલ ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં કરવાનો હોવા છતાં, આજની તારીખ સુધી તેને લાગુ કરવામાં તે નિષ્ફળ ગઇ છે. લોનના સમયગાળા દરમિયાન નાણાંનું યોગ્ય આયોજન કરવા માટે તેના ઉપર લાગુ થતા વ્યાજ દર વિશે માહિતી હોવી આપણા દેશમાં સામાન્ય નાગરિક માટે અત્યંત જરૂરી છે. ભારત જેવા દેશમાં વ્યાજ દર વિશેની માહિતીના અભાવે સામાન્ય નાગરિક વૈભવી જીવન જીવી શકતા નથી અને તેથી આરબીઆઇએ જ પોતાના દ્વારા ઇશ્યૂ કરાયેલ નોટિફિકેશનનો અમલ કરવાનું મહત્ત્વનું બની જાય છે.

આપણા ભારતીય સમાજમાં યોગ્ય સમયે નાણાકીય સમસ્યાને પારખવામાં આવતી નથી. કોઇ પણ માણસ માટે નાણાકીય કટોકટીમાં ફસાઇ જવાનું આ એક મુખ્ય કારણ છે. અમારો હેતુ નાણાકીય સમસ્યાને યોગ્ય સમયે પારખીને તેમાંથી બહાર કઇ રીતે આવી શકાય તેની જાણકારી આપવાનો અને તે માટે શક્ય તેટલી વધુ મદદ આપવાનો છે.

આજે પણ આપણા ધંધાકીય વહેવારોમાં ધંધાકીય લોન માટેની જાણકારીનો અને તે લોનના નાણાં ધંધામાં વાપરવા સંબંધી શિસ્ત પાલનનો અભાવ જોવા મળે છે. અમારો હેતુ લોકોને નાણાકીય સમસ્યામાંથી બહાર આવવામાં મદદ કરવા માટે સાચા સમયે સાચી સલાહ આપવાનો છે.

**સંપર્ક**
હિતેન મહેતા
(ડૉક્ટરેટ ઇન ફાઇનાન્શિયલ ક્રાઇસિસ કાઉન્સેલિંગ ઍન્ડ NPA મૅનેજમેન્ટ)
help@bmlegalfirm.com
વધુ માહિતી માટે સંપર્ક કરો :
Kabir Virk :
90045 42024

અમારી સાથે જોડાઓ અમારી વેબસાઇટની મુલાકાત લોઃ https://bmlegalfirm.com

ઈન્સ્ટાગ્રામ પેજઃ https://bit.ly/3fjC3R3
ફેસબુક પેજઃ https://bit.ly/3tTTyfQ
લિન્ક્ડ ઇન પેજઃ https://bit.ly/3huDIgO

## ૧૮૪૯-પંજાબ બ્રિટિશ શાસન હેઠળ:



૧૮૪૯ની ૨૯ માર્ચે પંજાબ સત્તાવાર રીતે બ્રિટિશ શાસનમાં ભળી ગયું. દ્વિતીય એંગ્લો શીખ યુદ્ધમાં શીખ સેનાની હારનું આ પરિણામ. મહારાજા દુલિપ સિંહના પદભ્રષ્ટ

થવા સાથે એક સમયના શક્તિશાળી શીખ સામ્રાજ્યનો અંત આવ્યો. આ સાથે બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ ઉત્તર-પશ્ચિમ ભારત પર સંપૂર્ણ નિયંત્રણ મેળવી લીધું.

આની ભારત પર મોટી અસર થઈ. પંજાબમાં બ્રિટિશોએ નવી વહીવટી વ્યવસ્થા, માર્ગો, કેનાલો અને લશ્કરી માળખું વિકસાવ્યું. પંજાબ બ્રિટિશ સેનામાં ભરતી માટેનો મહત્ત્વપૂર્ણ પ્રદેશ બન્યો. આ જીતે દેશી રાજ્યોની સ્વતંત્રતા વધુ ઘટાડી. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન પણ પંજાબ બ્રિટિશો માટે મહત્ત્વપૂર્ણ સાબિત થયું. પંજાબનો વિલય દેશના રાજકીય અને લશ્કરી ઇતિહાસમાં નિર્ણાયક વળાંક બની રહ્યું.

## ૧૮૫૦-પ્રથમ હવામાન આગાહી:



૧૮૫૦ની ૧૪ જુલાઈની આસપાસ યુરોપ અને અમેરિકા ખાતે હવામાનના આંકડા ઝડપભેર ભેગા કરીને હવામાનની આગાહી કરવાનો પ્રયાસ શરૂ થયો. સમય જતા રોબર્ટ ફિત્ઝરોયે બ્રિટનમાં હવામાન આગાહીને વધુ વૈજ્ઞાનિક અને સચોટ સ્વરૂપ આપ્યું. આ આધુનિક હવામાન વિજ્ઞાન અને મોસમ વિભાગોની સ્થાપનાનો પાયો બન્યો.

કૃષિપ્રધાન ભારત માટે વરસાદ અને ચોમાસાની આગાહી અત્યંત જરૂરી હતી. હવામાન વિજ્ઞાનના વિકાસ અને વાવાઝોડાં અંગેની ચેતવણી પ્રણાલીઓના કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં જાનમાલનું નુકસાન ઘટાડવામાં મદદ મળી. ૧૮૫૭માં ઈન્ડિયન મીટીઅરલોજિકલ ડિપાર્ટમેન્ટ (ઈંખઉ)ની સ્થાપના આ વૈશ્વિક પ્રગતિની નિપજ હતી. આ પ્રગતિએ ભારતમાં વૈજ્ઞાનિક હવામાન સેવાઓના વિકાસનો પાયો નાખ્યો. બાય ધ વે, આજે કેવાક વરસાદની આગાહી છે?

## ૧૮૫૨-માઉન્ટ એવરેસ્ટ સૌથી ઊંચો પર્વત:



ભારતીય ગણિતજ્ઞ અને મોજણીદાર રાધાનાથ સિકદરે ‘પીક ફિફ્ટીન’ (પછી એનું નામકરણ માઉન્ટ એવરેસ્ટ પડ્યું)ની ઊંચાઈની ગણતરી સર્વે ઑફ ઇન્ડિયા ખાતે કર્યું અને આ પર્વત પૃથ્વી પરની સૌથી વધુ ઊંચાઈ ધરાવતો પર્વત હોવાનો નિષ્કર્ષ થયો. જોકે આ લોકપ્રિયતાનું રૂપાંતર કમર્શિયલાઇઝેશનમાં થયું અને પર્વતારોહકોએ ગંદકીથી એવરેસ્ટને અભડાવી દીધો.


## ૧૮૫૩-પ્રથમ મુંબઈ - ઠાણે ટ્રેન:



૧૬ એપ્રિલ ૧૮૫૩. મુબઈના બોરીબંદર સ્ટેશન (આજનું છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ)થી થાણે સુધીના ૩૪ કિલોમીટરના માર્ગ પર દેશની પ્રથમ ટ્રેન દોડી હતી. સાહિબ, સિંધ અને સુલતાન નામના ત્રણ-ત્રણ એન્જિનથી ખેંચાતી આ ટ્રેનમાં માત્ર ૪૦૦ મુસાફરો હતા, બધા આમંત્રિત. આ ઐતિહાસિક યાત્રા લગભગ ૫૭ મિનિટમાં પૂરી થઇ. દેશના પરિવહન ઇતિહાસે છુક છુક સાથે નવા યુગમાં ભાંખોડિયા ભર્યા હતા.

આ ઘટનાને પ્રતાપે દેશના વિવિધ પ્રદેશો વચ્ચેનું અંતર ઘટ્યું અને વેપાર, ઉદ્યોગ તથા કૃષિને નવી ગતિ મળી. માલસામાન અને મુસાફરોની અવરજવર ઝડપી અને સસ્તી બની. બ્રિટિશ શાસન માટે વહીવટ અને સૈન્યની હેરફેર સરળ બની, જ્યારે ભારતીય સમાજ માટે સાંસ્કૃતિક અને આર્થિક એકતા વધવા લાગી. આગળ જતાં રેલવે ભારતના રાષ્ટ્રવાદી આંદોલનના પ્રસારનું પણ મહત્ત્વનું સાધન બન્યું. એ દિવસે આધુનિક ભારતના પરિવહન અને આર્થિક વિકાસનો પાયો નાખ્યો. આજે ભારતનું રેલવે માળખું વિશ્વના સૌથી મોટા અને વ્યસ્ત રેલવે નેટવર્કમાંનું એક છે. ૬૮થી ૭૦ હજાર રૂટ કિલોમીટરનું જાળું, ૭૦૦૦થી વધુ સ્ટેશનો અને રોજ ૧૩,૦૦૦થી વધુ પ્રવાસી ટ્રેન, રોજ લગભગ ૨.૩થી ૨.૪ કરોડ મુસાફરો અને લાખો ટન માલસામાનનું પરિવહન થાય છે.

## ૧૮૫૬- હિંદુ વિધવા પુનર્વિવાહ કાયદો:



આજે લિવ-ઈન રિલેશનશિપ અને છુટાછેડાના તેજીના યુગમાં વિધવા કે પુનર્વિવાહ શબ્દ સાચું મહત્ત્વ ખોઈ બેઠા છે, પરંતુ એક સમયે આ બેઉ શબ્દો એકસાથે બોલવાનું ટાળવામાં આવતું. ૧૮૫૬ બ્રિટિશ ભારત સરકારે હિંદુ વિધવા પુનર્વિવાહ કાયદો પસાર કર્યો. આના માટે મહાન સમાજસુધારક ઈશ્વર ચંદ્ર વિદ્યાસાગરે ભારે જહેમત ઉઠાવી હતી કારણ કે ત્યારે હિંદુ વિધવાઓનું જીવન ભયંકર દુષ્કર હતું. બાળવિધવાઓને તો પુનર્વિવાહનો અધિકાર જ નહિ. ૧૮૫૬ની ૨૬ જુલાઈએ અમલમાં આવેલા કાયદાએ હિંદુ વિધવાઓને કાયદેસર રીતે પુનર્વિવાહનો અધિકાર આપ્યો.

આ કાયદો ભારતીય સમાજમાં સ્ત્રી હક અને સામાજિક સુધારાઓ તરફનું મહત્ત્વપૂર્ણ પગલું સાબિત થયો. શરૂઆતમાં રૂઢિચુસ્ત વર્ગોએ ભારે ઉપાડો લીધો, પણ પછી શાંત પડી ગયો. સામાજિક સુધારાના ઇતિહાસમાં મહત્ત્વપૂર્ણ સીમાચિહ્ન રૂપ આ કાનૂની જોગવાઈએ સ્ત્રી શિક્ષણ, બાળવિવાહ વિરોધ અને મહિલા સશક્તીકરણનાં આંદોલનોને પણ વેગ-પ્રેરણા આપ્યા.

## ૧૮૫૭-મંગલ પાંડેનો બળવો:



૧૮૫૭ની ૨૯ માર્ચે ભારતીય સૈનિક મંગલ પાંડેએ બંગાળ સેનાની ૩૪મી નેટિવ ઇન્ફન્ટ્રીમાં, બેરેકપુર ખાતે બ્રિટિશ અધિકારીઓ સામે બળવો કર્યો. નવી રાઇફલના કારતૂસમાં ગાય અને ડુક્કરની ચરબી વપરાયાની અફવાથી હિંદુ સાથે મુસ્લિમ સૈનિકો અનહદ રોષમાં હતા. મંગલ પાંડેએ તો બ્રિટિશ અધિકારીઓ પર હુમલાથી ઉગ્ર વિરોધ વ્યક્ત કર્યો. તેમને ૮ એપ્રિલે ફાંસી અપાઈ, પણ આઝાદી ભણીની આગેકૂચ શરૂ થઇ ચુકી હતી.

મંગલ પાંડેનો બળવો ભારતના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામની પ્રસ્તાવના છે. આ પગલાંએ સૈનિકો અને પ્રજામાં બ્રિટિશરો વિરુદ્ધના અસંતોષને વધુ ભડકાવ્યો. અઠવાડિયાઓમાં ઉત્તર અને મધ્ય ભારતમાં વ્યાપક બળવો ફાટી નીકળ્યો. ભલે જોકે બળવો ડામી દેવાયો પણ બ્રિટિશ શાસને નીતિઓમાં મોટા ફેરફારો લાવવા પડ્યા હતા. ભારતીય રાષ્ટ્રવાદ અને સ્વાતંત્ર્ય સંગ્રામમાં મંગલ પાંડે પ્રારંભિક શહીદોમાં ગણાય છે.

## ૧૮૫૭-ભારતનો પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ:


મેરઠમાં ૧૦ મે, ૧૮૫૭ના રોજ ભારતીય સિપાઈઓએ બ્રિટિશરો સામે બળવો પોકારીને સ્વાતંત્ર્ય સંગ્રામ ના શ્રીગણેશ કર્યા હતા. રાઇફલના કારતૂસ, ધાર્મિક લાગણીઓની અવગણના, રાજ્યોના વિલયની નીતિ, આર્થિક શોષણ અને સામાજિક અસંતોષ સહિતના કેટલાય રોષ આ બળવાના મૂળમાં હતા. મેરઠમાંથી થયેલો બળવાનો



દાવાનળ દિલ્હી, કાનપુર, ઝાંસી, લખનઊ અને અન્યત્ર ફેલાયો. બહાદુર શાહ ઝાફરને પ્રતીકાત્મક સમ્રાટ તરીકે જાહેર કરાયા, તો રાણી લક્ષ્મીબાઈ, નાના સાહેબ અને તાત્યા ટોપે જેવા આગેવાનોએ પણ સિંહ ફાળો આપ્યો.


સંગ્રામને દમનના જોરે કચડી નખાયો પણ ઇસ્ટ ઇન્ડિયા કંપનીનું શાસન સમાપ્ત કરીને ભારતનો વહીવટ સીધો બ્રિટિશ તાજને સોંપવામાં આવ્યો. વહીવટી અને સૈન્ય નીતિઓમાં મોટા ફેરફારો કર્યા. સંગ્રામે ભારતીયોમાં રાષ્ટ્રીય ચેતના અને સ્વતંત્રતાની ભાવનાને મજબૂત બનાવી, જે આગળના સ્વાતંત્ર્ય આંદોલનો માટે પ્રેરણાસ્ત્રોત બન્યો.

## ૧૮૫૭-વિશ્વની પ્રથમ ઑઇલ રિફાઇનરીને પ્રારંભ:



યુરોપિયન દેશ રોમાનિયામાં સ્થાનિક સંશોધકોના પ્રયાસથી ઇન્ડસ્ટ્રિયલ ઑઇલ રિફાઇનરી શરૂ થઈ. આ સંશોધનને પગલે વિશ્વમાં પ્રાણીજન્ય અને વનસ્પતિજન્ય ઑઇલની જગ્યાએ નૈસર્ગિક રીતે પ્રાપ્ત ઑઇલનો વપરાશ વધ્યો અને શહેરી વિદ્યુતીકરણમાં ક્રાંતિ આવી.

## ૧૮૫૭-ધ્વનિ મુદ્રણ માટે પહેલા યંત્રની શોધ:



સાઉન્ડ રેકોર્ડિંગ માટેના પ્રથમ ઉપકરણની શોધ ફ્રાન્સમાં થઈ હતી. સાઉન્ડ વેવને પકડી લેતા આ ઉપકરણનું સંશોધન ફ્રેન્ચ પેઇન્ટરે કર્યું હતું. આ ઉપકરણે સાઉન્ડનું નવું વિશ્વ ઊભું કરી દીધું. આજે આપણે જે ઑડિયો, વીડિયો અને ટેલિકમ્યુનિકેશનમાં ક્રાંતિ અનુભવી રહ્યા છે એના પાયામાં આ યંત્ર છે.






























# WE CARE

## એક સંયુક્ત, સમૃદ્ધ અને સહિયારા ભવિષ્યની ખેવના

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ ભારતનું સૌથી વિરાટ ખાનગી કોર્પોરેટ જૂથ છે જે દરરોજ એક અબજથી વધુ લોકોની જિંદગીને સ્પર્શે છે.

ન્યુ એનર્જી, રિફાઇનિંગ ઍન્ડ માર્કેટિંગ, પેટ્રોકેમિકલ્સ, એક્સપ્લોરેશન ઍન્ડ પ્રોડક્શનથી લઈને રિટેલ, ડિજિટલ સર્વિસીસ તથા મિડિયા ઍન્ડ એન્ટરટેઇનમેન્ટ સુધીનાં ક્ષેત્રોમાં કાર્યરત રિલાયન્સ ટકાઉ અને સર્વસમાવેશી વિકાસને ભારતના અર્થતંત્રમાં અગ્રસ્થાને રાખી આગળ ધપાવી રહી છે.

૨૦૨૪માં રિલાયન્સ ‘ટાઇમની ૧૦૦ મોસ્ટ ઇન્ફ્લુએન્શિયલ કંપનીઝ’માં સ્થાન પામી છે.
ફૉર્બ્સ ગ્લોબલ ૨૦૦૦® ની યાદીમાં રિલાયન્સ ૪૫માં સ્થાને અને ફૉર્ચ્યુન ગ્લોબલ ૫૦૦® ની ૨૦૨૫ની યાદીમાં ૮૮માં સ્થાને છે.

૮.૮ કરોડથી વધુ લોકોની જિંદગીને સ્પર્શનાર ભારતની સૌથી મોટી કોર્પોરેટ સખાવતી સંસ્થા ‘રિલાયન્સ ફાઉન્ડેશન’ સાથે મળીને રિલાયન્સમાં અમે જ્યારે પણ, જે કંઇ પણ કર્યું છે તે સમસ્તને સાંકળતો એક સમાન તાંતણો છે - કાળજી અને સહાનુભૂતિની ભાવના.

**કારણકે રિલાયન્સની સ્થાપના જ એક એવી કંપની તરીકે થઈ હતી
જે કાળજી કરે છે, અને હંમેશા કરતી રહેશે.**

Reliance
Industries Limited
Growth is Life

www.ril.com


## ૧૮૫૮-ભારત પર સીધું બ્રિટિશ ક્રાઉનનું રાજઃ



૧૮૫૮ની પહેલી નવેમ્બરે ભારતનો વહીવટ લગભગ સો વર્ષના શાસન કરનારી ઈસ્ટ ઈન્ડિયા કંપની પાસેથી લઈને સીધો બ્રિટિશ તાજને સોંપાયો. આ ૧૮૫૭ના વિદ્રોહની ફલશ્રુતિ હતી. સ્વાતંત્ર્ય સંગ્રામ બાદ લેવામાં આવ્યો હતો. બ્રિટનની રાણી ક્વીન વિક્ટોરિયાએ જાહેર ઘોષણાપત્રમાં ભારતીય પ્રજાને ધાર્મિક સ્વતંત્રતા, કાયદા સમક્ષ સમાનતા અને દેશી રાજાઓના અધિકારોના રક્ષણનો વાયદો આપ્યો હતો.


આ ઘટના પછી સત્તાવાર બ્રિટિશ રાજનો આરંભ થયો. ભારતના વહીવટ માટે સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઇન્ડિયાની નવી નિમણૂક થઇ, ગવર્નર-જનરલને વાઇસરોયનું પદ અપાયું. આ પરિવર્તનથી શાસન કેન્દ્રીકૃત બન્યું પણ ભારતીયોમાં રાજકીય જાગૃતિ અને રાષ્ટ્રીય ચેતનાનો વિકાસ સ્વાતંત્ર્ય આંદોલનનો આધાર બન્યો.

## ૧૮૫૯-ચાર્લ્સ ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદનો સિદ્ધાંતઃ



ચાર્લ્સ ડાર્વિનના પુસ્તક 'ઑન ધ ઓરિજિન ઑફ સ્પિસીઝ બાય મીન્સ ઑફ નેચરલ સિલેક્શન' પ્રકાશિત થયું. આ પુસ્તકમાં એક ચેપ્ટર હતું, 'થિયરી ઑફ ઇવૉલ્યુશન'. એમાં જણાવાયું હતું, કઈ રીતે આપણે વાનરમાંથી માણસ બન્યા? આપણા સૌના પૂર્વજ વાનર હતા એ સિદ્ધાંત વિકસાવી આગળ વધ્યા હતા.

## ૧૮૬૬-ગુજરાતની પહેલી ગણનાપાત્ર નવલકથા, કરણઘેલોઃ




ગુજરાતી નવલકથા લેખનના પ્રથમ પ્રયાસ તરીકે 'કરણઘેલો' સાહિત્ય ઇતિહાસમાં માનવંતુ સ્થાન છે. લેખક નંદશંકર તુળજાશંકર મહેતાની આ કૃતિ ગુજરાતની પહેલી ગણનાપાત્ર નવલકથા તરીકે સ્થાન ધરાવે છે. કથાવસ્તુ ઐતિહાસિક હોવા છતાં એમાં સમકાલીન તત્ત્વ છે. સ્કોટિશ નવલકથાકાર અને કવિ વૉલ્ટર સ્કોટની કૃતિથી પ્રેરાઈ આ કથા લખી છે.

## ૧૮૬૭-ડાઇનામાઇટનું સંશોધનઃ




સ્વિડિશ કેમિસ્ટ અને એન્જિનિયર આલ્ફ્રેડ નોબેલે ડાયનામાઇટ તરીકે ઓળખ મેળવનારા વિસ્ફોટક પદાર્થની શોધ કરી હતી. આ સંશોધનને પગલે ખાણકામમાં, પહાડોના તોડકામમાં તેમ જ સિવિલ એન્જિનિયરિંગમાં ધરમૂળથી બદલાવ આવી ગયા.

## ૧૮૬૯-સુએઝ કેનાલનું બાંધકામઃ



ફ્રેન્ચ ડિપ્લોમેટના આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટને પૂર્ણ થતાં ૧૦ વર્ષ લાગ્યાં હતાં. ભૂમધ્ય સમુદ્ર અને રાતા સમુદ્રને જોડી દેતા આ ભવ્ય એન્જિનિયરિંગ પ્રોજેક્ટને કારણે દરિયાઈ મુસાફરીના અંતરમાં નોંધપાત્ર ઘટાડો થયો. એને કારણે વૈશ્વિક વ્યાપારમાં સુગમતા આવી અને મોટા પાયે બદલાવ જોવા મળ્યા.

## ૧૮૭૧થી ૧૯૧૪-બીજી ઔદ્યોગિક ક્રાંતિઃ



આ વર્ષો દરમિયાન ખાસ્સી વૈજ્ઞાનિક પ્રગતિ જોવા મળી અને ટેક્નૉલૉજીમાં પણ નોંધપાત્ર ફેરફારો થયા. પહેલી ક્રાંતિમાં કોલસો અને વરાળના ઉપયોથી બદલાવ જોવા મળ્યા હતા. બીજી ક્રાંતિમાં સ્ટીલ, ઇલેક્ટ્રિસિટી, પેટ્રોલિયમ અને ટેલિકમ્યુનિકેશન ક્ષેત્રમાં હરણફાળ જોવા મળી.

## ૧૮૭૫-બૉમ્બે સ્ટૉક એક્સચેન્જની સ્થાપનાઃ



સુરતના ગુજરાતી જૈન પરિવારમાં જન્મેલા પ્રેમચંદ રાયચંદ અને કેટલાક મિત્રોએ ભેગા મળી ભારત જ નહીં એશિયાના પ્રથમ શૅરબજારની સ્થાપના કરી. આ એક્સચેન્જની સ્થાપનાથી દેશની વ્યવસાયીક ગતિવિધિઓમાં વેગ આવ્યો અને ઘણા ફેરફાર જોવા મળ્યા.

## ૧૮૭૫-ભારતમાં ભીષણ દુષ્કાળઃ




ત્રણ તબક્કામાં કારમો દુષ્કાળ જોવા મળ્યો. મદ્રાસ, બૉમ્બે, મૈસુર, હૈદરાબાદ, પંજાબ અને કેટલાક પ્રાંતમાં આ દુષ્કાળએ અઢી કરોડ લોકોનો ભોગ લીધો. આ પરિસ્થિતિએ દેશની આર્થિક અને સામાજિક વ્યવસ્થાને હાનિ પહોંચાડી.

## ૧૮૭૭-ફોનોગ્રાફની શોધઃ-



અમેરિકન સંશોધક થોમસ આલ્વા એડિસને રેકૉર્ડ કરી શકે તેમ જ એ સાંભળી શકાય એવાં ઉપકરણની શોધ કરી. ભારે જહેમતના અંતે શક્ય બનેલી આ ખોજ કમ્યુનિકેશન ક્ષેત્રમાં તેમ જ મનોરંજન ક્ષેત્રમાં એક અદ્‌ભુત ક્રાંતિ માટે નિમિત્ત બની ગઈ.

## ૧૮૭૭-ટેસ્ટ ક્રિકેટનો પ્રારંભઃ-




ઑસ્ટ્રેલિયાના જગવિખ્યાત મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર ક્રિકેટ ઇતિહાસની પ્રથમ ટેસ્ટ મૅચનું આયોજન થયું હતું. આ મૅચમાં ઑસ્ટ્રેલિયાનો ૪૫ રનથી વિજય થયો હતો. ૧૯૭૭માં રમાયેલી શતાબ્દી ટેસ્ટમાં પણ કાંગારૂ ટીમનો ૪૫ રનથી વિજય થયો હતો. ટેસ્ટ ક્રિકેટના પ્રારંભ સાથે રમતનો ખાસ્સો ફેલાવો અન્ય દેશોમાં થયો.

## ૧૮૭૭-રાણી વિક્ટોરિયા ભારતના સમ્રાજ્ઞીઃ



એક ઔપચારિકતા મુજબ ૧૮૭૭ની પહેલી જાન્યુઆરીએ વાઇસરોય લૉર્ડ લીટને ભવ્ય સમારંભમાં રાણી વિક્ટોરિયાને ભારતના સમ્રાજ્ઞી જાહેર કર્યાં. આ ઘોષણા બ્રિટિશ શાસનની સત્તા અને પ્રતિષ્ઠાને વધુ ભવ્ય રીતે રજૂ કરવાની ચેષ્ટા હતી. દેશી રાજાઓ અને ઉચ્ચ અધિકારીઓ પણ આ સમારંભમાં આમંત્રિત હતા. આ સાથે બ્રિટિશ સામ્રાજ્યે ભારતમાં પોતાના શાસનની કાયદેસરતા અને શક્તિ વધુ મજબૂત રીતે સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો. યોગાનુયોગ તે સમયે દુકાળ અને ગરીબીને બ્રિટિશ શાસન પ્રત્યે અસંતોષ પણ વધ્યો. આ વિરોધાભાસે શિક્ષિત ભારતીયોમાં રાજકીય જાગૃતિ અને રાષ્ટ્રવાદી વિચારધારાને પ્રોત્સાહન આપ્યું. બ્રિટિશ સામ્રાજ્યની આ ચરમસીમા જ બની ભારતીય રાષ્ટ્રપ્રેમના ઉદયનું પ્રતીક.



# માસ્ક પાછળઃ ઉપચારની માનવ બાજુ

દર વર્ષે, ડૉક્ટર્સ ડે એ તબીબી વ્યાવસાયિકોના સમર્પણ, કરુણા અને દૃઢતાની ઉજવણી કરવાની ક્ષણ છે જેઓ સમાજના સ્વાસ્થ્યનું રક્ષણ કરવા માટે અથાક મહેનત કરે છે. ૨૦૨૬ માં, ''માસ્ક પાછળઃ ઉપચાર કરનારાઓને કોણ સાજા કરે છે?'' થીમ આપણને સફેદ કોટ અને સર્જિકલ માસ્કથી પણ આગળ જોવા અને એક પ્રશ્ન પર ચિંતન કરવા આમંત્રણ આપે છે જે ઘણીવાર અવગણવામાં આવે છેઃ જેઓ પોતાનું જીવન બીજાઓની સંભાળ રાખવામાં વિતાવે છે તેમની કોણ કાળજી રાખે છે? પેઢીઓથી, ડૉક્ટરોને શક્તિ, જ્ઞાન અને આશાના પ્રતીકો તરીકે ગણવામાં આવે છે. તેઓ હેલ્થકેરમાં ફ્રન્ટલાઈન પર ઊભા રહે છે, મહત્ત્વપૂર્ણ નિર્ણયો લે છે, ચિંતાતુર પરિવારોને દિલાસો આપે છે અને અનિશ્ચિતતાની ક્ષણોમાં સારવાર પૂરી પાડે છે. દર્દીઓ ઘણીવાર તેમના ડૉક્ટરોમાં આત્મવિશ્વાસ અને સંયમ જુએ છે, પરંતુ તે વ્યાવસાયિક બાહ્યતાની પાછળ એક માનવી રહેલો છે જે તણાવ, થાક, ભાવનાત્મક તાણ અને વ્યક્તિગત પડકારોનો અનુભવ કરે છે.



ડૉ. શ્રવણ એસ. શેટ્ટી
કન્સલ્ટન્ટ સર્જિકલ ઓન્કોલોજિસ્ટ

તબીબી વ્યવસાય એ વિશ્વની સૌથી વધુ માંગણી ધરાવતી કારકિર્દીમાંની એક છે. લાંબા કામના કલાકો, કટોકટીના કોલ્સ, વહીવટી જવાબદારીઓ અને જીવન બદલનારા નિર્ણયો લેવાનું દબાણ ડૉક્ટરોની શારીરિક અને માનસિક આરોગ્ય પર નોંધપાત્ર અસર કરી શકે છે. તેઓ સાર-સંભાળના ઉચ્ચ ધોરણો જાળવવાની જવાબદારી નિભાવતી વખતે નિયમિતપણે દુઃખ, નુકસાન અને ટ્રોમાનો સામનો કરે છે. પડકારો હોવા છતાં, ઘણા તેમના દર્દીઓની જરૂરિયાતોને પોતાની જરૂરિયાતો કરતાં વધુ મહત્ત્વ આપે છે.

આ વર્ષની થીમ દ્વારા પૂછવામાં આવેલ પ્રશ્ન સમયસર અને મહત્ત્વપૂર્ણ બંને છે. જ્યારે સમાજ આપણને સાજા કરવા, ટેકો અને માર્ગદર્શન આપવા માટે ડૉકટરો પર આધાર રાખે છે, ત્યારે ડૉકટરોને પોતાને એવી સહાયક પ્રણાલીઓની આવશ્યક્તા હોય છે જે તેમના સ્વાસ્થ્યનું રક્ષણ કરતી હોય. બર્નઆઉટ, ચિંતા, હતાશા અને ભાવનાત્મક થાક જેવા માનસિક સ્વાસ્થ્ય પડકારો તબીબી સમુદાયમાં વધુને વધુ દેખાઈ રહ્યા છે. ડૉક્ટરો હંમેશાં મજબૂત રહે તેવી અપેક્ષા ક્યારેક તેમને જ્યારે સૌથી વધુ જરૂર હોય ત્યારે મદદ લેતા અટકાવી શકે છે.

ઉપચાર કરનારાઓને સાજા કરવા માટે સામૂહિક પ્રયાસની જરૂર છે. હેલ્થકેર સંસ્થાઓએ એવા વાતાવરણને પ્રોત્સાહન આપવું જોઈએ જે ડૉક્ટરોના આરોગ્યને પ્રાથમિકતા આપે, માનસિક સ્વાસ્થ્ય વિશે ખુલ્લી વાતચીતને પ્રોત્સાહન આપે અને કાઉન્સેલિંગ અને સહાયક સેવાઓની ઍક્સેસ પ્રદાન કરે. સાથીદારો સહાનુભૂતિ અને પરસ્પર સહયોગનું વર્ક કલ્ચર બનાવીને મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. પરિવારો અને મિત્રો ભાવનાત્મક શક્તિ પ્રદાન કરે છે, જ્યારે સમુદાયો દરરોજ ડૉકટરો દ્વારા કરવામાં આવતા બલિદાન માટે પ્રશંસા અને સમજણ બતાવી શકે છે.

ટેકનોલોજી અને નવીનતાએ હેલ્થકેરમાં ખૂબજ પરિવર્તન આણ્યું છે, પરંતુ તેણે નવા દબાણો પણ ઊભા કર્યા છે. સતત કનેક્ટિવિટી, વધતી જતી દસ્તાવેજીકરણ આવશ્યકતાઓ અને દર્દીઓની અપેક્ષાઓમાં વધારો વ્યાવસાયિક થાકમાં ફાળો આપી શકે છે. જેમ જેમ હેલ્થકેર પ્રણાલીઓ વિકસિત થાય છે, તેમ તેમ એ સુનિશ્ચિત કરવું જરૂરી છે કે પ્રગતિ માત્ર દર્દીના પરિણામો જ નહીં પરંતુ હેલ્થકેર પ્રદાતાઓના કાર્યકારી જીવનમાં પણ સુધારો કરે. **ડૉક્ટર્સ ડે-૨૦૨૬** આપણને યાદ અપાવે છે કે કરૂણા ફક્ત એક જ દિશામાં વહેવી જોઈએ નહીં. જેમ ડૉકટરો તેમના દર્દીઓને કાળજી અને સમજણથી સાંભળે છે, તેમ સમાજે પણ ફરજિયાત ડૉકટરોની જરૂરિયાતોને સાંભળવી જોઈએ. તેમની માનવતાને ઓળખવાથી તેમની વ્યાવસાયિકતા ઓછી થતી નથી, તેના બદલે, તે ખાતરી કરીને હેલ્થકેર પ્રણાલીને મજબૂત બનાવે છે કે જેઓ સંભાળ પૂરી પાડે છે તેમની પોતાની પણ સંભાળ રાખવામાં આવે.

જેવી રીતે આપણે ડૉક્ટર્સ ડે ઉજવીએ છીએ, ચાલો આપણે ફક્ત તબીબી વ્યાવસાયિકોની સિદ્ધિઓ અને કુશળતા જ નહીં પરંતુ તેમની હિંમત, નબળાઈ અને દૃઢતાનું પણ સન્માન કરીએ. દરેક માસ્ક પાછળ એક એવી વ્યક્તિ હોય છે જે આશાઓ, ભય, જવાબદારીઓ અને સપનાઓ વહન કરે છે. તેઓ બીજાઓને સાજા કરવા માટે પોતાને સમર્પિત કરે છે, ઘણીવાર મોટી વ્યક્તિગત કિંમતે. ''ઉપચાર કરનારાઓને કોણ સાજા કરે છે?'' આ પ્રશ્નનો જવાબ આપણા બધા પાસે છે. સમર્થન, કૃતજ્ઞતા, સહાનુભૂતિ અને અર્થપૂર્ણ કાર્યવાહી દ્વારા, આપણે એક એવું હેલ્થકેર વાતાવરણ બનાવવામાં મદદ કરી શકીએ છીએ જ્યાં ડૉકટરોને એવો અનુભવ થાય કે તેઓ મૂલ્યવાન, સુરક્ષિત છે અને તેમની સંભાળ લેવાય છે. છેવટે, જ્યારે આપણે આપણા ડૉક્ટરોની સંભાળ રાખીએ છીએ, ત્યારે આપણે હેલ્થકેરનો પાયો મજબૂત બનાવીએ છીએ.

**વધુ માહિતી માટે સંપર્કઃ**

- ACI કંબાલા હિલ હૉસ્પિટલ, મુંબઈ
- બ્રીચ કેન્ડી હૉસ્પિટલ, મુંબઈ
- લીલાવતી હૉસ્પિટલ અને રિસર્ચ સેન્ટર, મુંબઈ
- ક્રિટિકેર એશિયા હૉસ્પિટલ્સ, મુંબઈ

drshravanshettycancersurgeon.com
અપોઈન્ટમેન્ટ માટેઃ 9029930293

# શું તમે ઘૂંટણનું Knee Replacement ઓપરેશન કરાવવાનું વિચારો છો? તો વાંચો અને વિચારો

**''ભારતમાં સર્વપ્રથમ Partial Knee Replacementની સફળ કોન્ફરન્સ''**




ડૉ. આશીત શાહ
MS, MCH orth, FRCS orth (London)
ROBOTIC KNEE REPLACEMENT SURGEON

તા. ૨૦-૬-૨૦૨૬ આપણા દેશના વૈદકીય સારવારના ઇતિહાસમાં સુવર્ણઅક્ષરે નોંધાઇ ગઇ. ઘૂંટણની પીડામાં Knee Replacement ઓપરેશનની જરૂર હોય છે. પણ જયારે ઘૂંટણનો અડધો જ ભાગ ઘસાયો હોય અને બાકીનો ભાગ નોર્મલ હોય છે ત્યારે તેવા દર્દીઓને Knee Replacement ઓપરેશનને બદલે Partial Knee Replacement (UNI) ની જરૂર હોય છે. આ વિષય બદલ સંપૂર્ણ ભારતની સર્વપ્રથમ કોન્ફરન્સ "UNICON 2026" નામ હેઠળ મુંબઇમાં તા. ૨૦ અને ૨૧ જૂને યોજાઇ ગઇ. આ કોન્ફરન્સના મુખ્ય સૂત્રધાર ડૉ. આશીત શાહ હતા.

આજે ૧લી જુલાઇએ 'ડૉક્ટર્સ ડે' અને મુંબઇ સમાચારના 'સ્થાપના દિવસે' ડૉ. આશીતભાઇ વાચકોને શુભેચ્છા આપતા આ વિષય પર વિસ્તૃત માહિતી આપે છે.

જેમ તમને ખ્યાલ હશે કે ઘૂંટણમાં ત્રણ વિભાગ હોય છે એટલે કે અંદરનો, બહારનો અને ઉપરની સાઇડનો.

ઘૂંટણનો ઘસારો જયારે એક જ વિભાગમાં થાય તો એટલો જ ભાગ બદલી શકાય છે. તેને (UNI) Compartmental Knee Replacement કહેવામાં આવે છે.

આ ઓપરેશન ઘૂંટણનો સ્પેશ્યાલીસ્ટ ડૉકટરો પૈકી પણ અમુક જ સર્જન કરે છે. ડૉ. આશીત શાહે આ શસ્ત્રક્રિયા માટે લંડનમાં ખાસ તાલીમ લીધી છે, અને છેલ્લાં ૨૦ વર્ષથી મુંબઈમાં આ ઑપરેશન સફળતા પૂર્વક કરે છે. આ શસ્ત્રક્રિયામાં ઘૂંટણનો સારો અડધો ભાગ, સારા Ligamentને બિલકુલ અડવાની જરૂર રહેતી નથી. ખરી રીતે તો ઘૂંટણનો આ સારો ભાગ શસ્ત્રક્રિયા બાદ દર્દીને ચાલવામાં મદદ કરે છે.

Partial (UNI) Knee Replacementના ફાયદા છે, જેમ કે ઝડપી રિકવરી, નાનો કાપ લોહીનો ઘણો જ ઓછો વ્યય. ફિઝિયોથેરાપીની (ઓપરેશન બાદની કસરત) ઓછી જરૂર. ઓપરેશનના થોડા સમય બાદ તો દર્દીને લગભગ ઓપરેશન કરાવ્યું છે તેનો અણસાર સુધ્ધાં આવતો નથી.

જે પદ્ધતિ વડે આ (UNI) Partial Knee Replacement ઓપરેશન થાય છે જેમાં ઢાકણીની આવરદામાં પણ ફરક પડે છે. Robotic Partial Knee Replacement પણ એવી પદ્ધતિ છે, જેમાં દોરાભાર પણ ક્ષતિ રહેતી નથી, જેથી ઓપરેશન બાદ જે ઢાંકણી મૂકી હોય છે તેની આવરદા પણ ૧૫-૧૮ વર્ષ હોઇ શકે. જેમ એન્જિયોગ્રાફી બાદ સ્ટેંટ મૂકવાની જરૂર હોય તો આપણે બાયપાસ ઓપરેશન કરાવતા નથી તેમ જ જો આપણને (UNI) Partialની જરૂર હોય તો તે જ કરાવવું સલાહ ભર્યું છે અને આખા Knee Replacement ઓપરેશનની જરૂર નથી.

**ભારતમાં થતા Total Knee Replacement ઓપરેશન પૈકી ૪૦-૪૫% લોકોને તો માત્ર UNI (Partial) Knee Replacement ઓપરેશનની જરૂર હોય છે.**

**Partial Knee Replacement ઓપરેશન**







ડૉ. આશીત શાહ અને ડૉ. ધ્રુવ શાહ (આયોજક ટીમના સભ્ય)

Partial (UNI) Knee Replacement ઓપરેશન બદલ વધુ માહિતી આપતા ડૉ. આશીતભાઇ જણાવે છે 'જેમ ગાડીનું એક જ પૈડું આખું ઘસાઇ ગયું હોય તો ગાડીના ચારે ચાર પૈડા આપણે બદલતા નથી માત્ર ઘસાઇ ગયેલું પૈડું જ બદલીએ છીએ. તેમ જ ઘૂંટણના ત્રણ પૈકી એક જ ભાગ ઘસાઇ ગયો હોય તો માત્ર તે એક ને જ સંપૂર્ણપણે બદલવું યોગ્ય છે.'

જયારે UNI (Partial) Knee Replacement ઓપરેશનની જરૂર હોય તેને બદલે આખું Total Knee Replacement કરીએ તેનો અર્થ એમ કે જે રોગ ઓછી તકલીફ વડે સારો થવાનો હોય તેને બદલે આપણે વધુ તકલીફ વહોરી લઇએ છીએ.

Partial (UNI) Knee Replacement ઓપરેશન દરેક સર્જન કરી શકતા નથી તેને માટે અમુક વિશિષ્ટ પ્રકારની તાલીમ લેવી જરૂરી છે. આ ઓપરેશન બિલકુલ નવું નથી. વિશ્વમાં છેલ્લાં ૪૫-૫૦ વર્ષથી અને ભારતમાં લગભગ ૨૫-૩૦ વર્ષથી અમુક સ્પેશ્યલ ડૉકટરો જ આ શસ્ત્રક્રિયા કરે છે. મલાડ (વેસ્ટ) માર્વે રોડ પર અને અંધેરી (વેસ્ટ) લલ્લુભાઇ પાર્ક ખાતે પોતાનું સ્વતંત્ર ક્લિનિક ધરાવતા ડૉ. આશીતભાઇ શાહ આવા જૂજ ડૉકટરો પૈકી એક છે કે જે ઉપરોક્ત ઓપરેશન પણ રોબોટ મશીનની મદદ વડે કરે છે.

| જૂની પદ્ધતિનું ઑપરેશન | રૉબોટિક ઓપરેશન બાદ | નવી પદ્ધતિનું ઓપરેશન |
|---|---|---|
| ▸ હૉસ્પિટલમાં ૪-૫ દિવસ | | ▸ હૉસ્પિટલમાં ૨-૩ દિવસ |
| ▸ ઑપરેશન બાદ ઘણો જ દુઃખાવો | | ▸ દુઃખાવાની માત્રામાં અતિશય ઘટાડો |
| ▸ ચાલવાનું ૨૪-૪૮ કલાક પછી | | ▸ ચાલવાનું ૫-૬ કલાક પછી |
| ▸ માંસપેશી/લીગામેન્ટ વિ. પર ઘણું પ્રેશર | | ▸ માંસપેશી/લીગામેન્ટ પર જૂજ પ્રેશર |
| ▸ લોહીનો વ્યય ઘણો | | ▸ લોહીનો વ્યય ઘણો જ ઓછો. |
| ▸ રિકવરી ધીમી | | ▸ રિકવરી ઝડપી. |

UNI (Partial) Knee Replacementના આવા અનેક પાસાઓને સાંકળી લેતી આવી અદ્દ્ભુત Conferenceની ડૉ. આશીત શાહે દોરવણી કરી તેમાં ભારતભરમાંથી ૩૦૦ ઓર્થોપેડિક ડૉકટરોએ વિશેષ જ્ઞાન મેળવ્યું. વિદેશ અને દેશના ૩૦-૩૫ ડૉકટરોએ આ બદલ લેકચર આપ્યા અને વાર્તાલાપ કર્યો.

**સંપર્કઃ** ▪ TechKNEEque® Clinics ▪ Malad (W) : 9819707319 ▪ Andheri (W) : 8591307319
▪ www.robotickneereplacementmumbai.com ▪ www.drashitshah.com

# માસ્ક પાછળઃ ઉપચાર કરનારાઓને કોણ સાજા કરે છે?



**ડૉ. લીના ગુપ્તા એક પ્રખ્યાત ચિકિત્સક અને ડાયાબિટીસ નિષ્ણાત છે જેમણે ૧૫+ વર્ષથી વધુનો ઇન્ટરનલ મેડિસિન અને ડાયાબિટોલોજીમાં ક્લિનિકલ અનુભવ છે. ડૉ. લીના મીશા હેલ્થકેર એન્ડ રિસર્ચ પ્રાઇવેટ લિમિટેડના ડિરેક્ટર અને સ્થાપક છે, જે ૧૩ વર્ષ જૂની સંસ્થા છે, જે બાંદ્રા અને મહાલક્ષ્મી ખાતે બે અત્યાધુનિક ડાયગ્નોસ્ટિક સેન્ટરો ધરાવે છે જે વિગતવાર અને ચોક્કસ સંપૂર્ણ શરીર પરીક્ષણ અને તપાસ કરવા માટે સંપૂર્ણપણે સજજ છે. ડૉ. લીનાના નેતૃત્વ અને તબીબી કુશળતા હેઠળ, મીશા અનુભવી ડૉકટરો અને લેબ વ્યાવસાયિકોની દેખરેખ હેઠળ, ઉચ્ચ ચોકસાઇ નિદાન, ન્યૂનતમ રાહ જોવાનો સમય, ઝડપી રિપોર્ટિંગ અને મજબૂત ડેટા સુરક્ષા વ્યવસ્થાપન સાથે, તમામ પ્રકારની આરોગ્ય તપાસ માટે એક સરળ અનુભવ સુનિશ્ચિત કરે છે.**




**૯૨** વર્ષે ડૉક્ટર્સ ડે પર, આપણે ડૉક્ટરોના સમર્પણ, બલિદાન અને સેવાની ઉજવણી કરીએ છીએ. આપણે તેમના લાંબા સમય સુધી કામ કરવાના, તેમની પ્રતિબદ્ધતા અને કટોકટીની ક્ષણોમાં બીજાઓ માટે મજબૂત રીતે ઊભા રહેવાની તેમની ક્ષમતા વિશે વાત કરીએ છીએ, પરંતુ આ વર્ષની થીમ, ''માસ્ક પાછળઃ ઉપચાર કરનારાઓને કોણ સાજા કરે છે?'', આપણને થોભવા અને ખૂબ જ મહત્ત્વપૂર્ણ પ્રશ્ન પૂછવા માટે મજબૂર કરે છે.

**ડૉક્ટરની સંભાળ કોણ રાખે છે?**

સફેદ કોટ, સ્ટેથોસ્કોપ અને આશ્વાસન આપનાર સ્મિત પાછળ પણ એક આપણા જેવા જ મનુષ્ય છે, સુપર માનવ નથી. એવી વ્યક્તિ જે તણાવ, થાક, ઊંઘ લીધા વિનાની રાતો, ચિંતા, દબાણ અને પીડામાંથી પણ પસાર થાય છે. તે અથવા તેણીની અન્ય લોકોનું નિદાન કરવામાં ઉત્તમ હોઈ શકે છે, પરંતુ તેમ છતાં તેના કે તેણીના પોતાના શરીરમાં પ્રારંભિક ચેતવણી ચિહ્નોને અવગણી શકે છે.

ડૉક્ટર્સ તરીકે, આપણે ઘણીવાર આપણા દર્દીઓને કહીએ છીએ, ''વિલંબ ન કરો. તમારી જાતને તપાસો. વહેલું નિદાન તમારા જીવનને બચાવી શકે છે,'' પરંતુ જ્યારે આપણી પોતાની જાતની વાત આવે છે, ત્યારે આપણે ક્યારેક તેનાથી વિપરીત કરીએ છીએ. આપણે છાતીમાં થતી તકલીફને એસિડિટી તરીકે નકારી કાઢીએ છીએ. આપણે લાંબા કામકાજના કલાકો પર થાકનો આરોપ લગાવીએ છીએ. આપણે માથાનો દુઃખાવો, ધબકારા, શ્વાસ લેવામાં તકલીફ, ઊંઘમાં ખલેલ, ડાયાબિટીસમાં વધારો, વધતું બ્લડ પ્રેશર અને ભાવનાત્મક થાકને અવગણીએ છીએ. આપણે પોતાને કહીએ છીએ, ''તે કંઈ નથી. હું સંભાળી લઈશ.''

પરંતુ ક્યારેક, શરીર આપણને સંભાળવાનું કહેતું નથી. તે આપણને થોભવા અને સાંભળવાનું કહે છે.

તાજેતરના સમયમાં, આપણે ડૉક્ટરોને અચાનક હાર્ટ એટેક, કાર્ડિયાક એરેસ્ટ, સ્ટ્રોક અને મગજના રક્તસ્રાવનો ભોગ બનતા દુઃખદાયક ઉદાહરણો જોયાં છે. હૃદયરોગની સારવારમાં પોતાનું જીવન વિતાવતા કાર્ડિયોલોજિસ્ટ્સ કદાચ કલ્પના પણ ન કરી શકે કે તેઓ પણ જોખમમાં હોઈ શકે છે. સ્ટ્રોકની સારવાર કરતા ન્યુરોલોજિસ્ટ્સ હંમેશાં એવું વિચારતા નથી કે તેમના પોતાના ચેતવણી ચિહ્નો તાત્કાલિક ધ્યાન આપવાને લાયક છે. ચિકિત્સકો, સર્જનો, ઇન્ટેન્સિવિસ્ટ્સ, એનેસ્થેટિસ્ટ્સ અને બધા આરોગ્યસંભાળ કાર્યકરો ઘણીવાર પોતાને દબાણ કરતા રહે છે, કારણ કે ફરજ પ્રથમ આવે છે.

આજે એ જ કહેવાનું છે જ્યાં આપણે વાતચીત બદલવાની આવશ્યકતા છે.

ડૉક્ટરનું જ્ઞાન વધુ પડતા આત્મવિશ્વાસનું કારણ ન બનવું જોઈએ. આપણો વ્યવસાય આપણને જાગરૂકતા આપે છે, પરંતુ તે આપણને રોગપ્રતિકારક બનાવતું નથી. તણાવ, ઊંઘનો અભાવ, અનિયમિત ભોજન, કસરતનો અભાવ, સતત જવાબદારી અને ભાવનાત્મક ભાર આ બધું હૃદય, મગજ, હોર્મોન્સ, સુગર લેવલ અને માનસિક સ્વાસ્થ્યને છુપી રીતે અસર કરી શકે છે.

આ ડૉક્ટર્સ દિવસ પર આપણે જે સૌથી શક્તિશાળી સંદેશ આપી શકીએ છીએ તે સરળ છેઃ શરૂઆતથી જ સતર્ક બનો

વહેલું નિદાન ફક્ત દર્દીઓ માટે જ નથી. તે ડૉક્ટરો માટે પણ છે. નિયમિત રક્ત પરિમાણો ECG, 2D ઇકો, તણાવ પરીક્ષણ, બ્લડ પ્રેશર મોનિટરિંગ, સુગર ચેક, લિપિડ પ્રોફાઇલ, થાઇરોઇડ પરીક્ષણ, વિટામિન સ્તર, કેન્સર સ્ક્રીનિંગ, મેમોગ્રામ, પેપ સ્મીયર, કોલોન સ્ક્રીનિંગ અને માનસિક સ્વાસ્થ્યની તપાસ મુલતવી રાખવી જોઈએ નહીં.

મોટાભાગની બીમારીઓ રાતોરાત ગંભીર બનતી નથી. શરીર સામાન્ય રીતે સંકેતો આપે છે. થોડો શ્વાસ લેવામાં તકલીફ, વારંવાર એસિડિટી જેવો છાતીમાં દુઃખાવો, અસામાન્ય થાક, અચાનક તીવ્ર માથાનો દુઃખાવો, ચક્કર, નિષ્ક્રિયતા, ઊંઘમાં ખલેલ, ચીડિયાપણું, ચિંતા અથવા વજનમાં અસ્પષ્ટ ફેરફારને અવગણવા જોઈએ નહીં.

એક ડૉક્ટર તરીકે, હું માનું છું કે નિવારણ એ સૌથી શક્તિશાળી પ્રિસ્ક્રિપ્શન છે. વહેલું નિદાન જીવન બચાવે છે, ગૂંચવણો ઘટાડે છે અને પરિવારોને સૌથી કિંમતી એટલે કે સમય આપવો જોઈએ.

આ ડૉક્ટર્સ દિવસ પર, ચાલો આપણે ડૉક્ટરોને ફક્ત ફૂલો અને સંદેશાઓથી જ નહીં, પણ તેમને યાદ અપાવીને પણ સન્માનિત કરીએ કે તેમનું સ્વાસ્થ્ય પણ મહત્ત્વનું છે. ડૉક્ટર્સને થોભવાની છૂટ છે. ડૉક્ટરોને આરામ કરવાની છૂટ છે. ડૉક્ટરોને મદદ માંગવાની છૂટ છે. અને ડોક્ટરોને જરૂર પડે ત્યારે દર્દી બનવાની પણ છૂટ હોવી જોઈએ, અપરાધભાવ વિના.

દરેક ઉપચાર કરનારાની પાછળ એક હૃદય હોય છે જેને પણ સંભાળની જરૂર હોય છે, એક મન જેને આરામની પણ આવશ્યકતા હોય છે અને એક શરીર જેને પણ ધ્યાન આપવાની જરૂર છે.

**તો આ ડૉક્ટર્સ દિવસે સંદેશો સ્પષ્ટ છેઃ**

**ચેતવણી ચિહ્નોને અવગણશો નહીં**
**તમારી પોતાની તપાસ મુલતવી રાખશો નહીં.**
**તેને પ્રારંભથી જ ધ્યાનમાં લો અને સતર્ક બનો.**
**કારણ કે ઉપચાર કરનારાને પણ સાજો કરવો જ પડે છે**

**મીશા ડાયગ્નોસ્ટિક્સ & હેલ્થકેર**
+91 77100 84305
+91 77108 47305

**મહાલક્ષ્મી સેન્ટર**
પહેલો માળ, લા વ્યૂ, બી. જે. માર્ગ, જેકબ સર્કલ, મહાલક્ષ્મી, મુંબઈ ૪૦૦ ૦૧૧

**BKC સેન્ટર**
૩૧૦, ટ્રેડ સેન્ટર, ત્રીજો માળ, BKC, કોલિવરી વિલેજ, MMRDA વિસ્તાર, કાલિના, બાંદ્રા પૂર્વ, મુંબઈ ૪૦૦ ૦૫૧

www.meeshahealth.net

# "ગતિશીલતા પુનઃસ્થાપિત કરવી, આત્મવિશ્વાસનું પુનર્નિર્માણ કરવું, જીવન પરિવર્તન કરવું"



**ડૉ. મોહિત શેટે**

કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક સર્જન
આર્થ્રોસ્કોપી અને સ્પોર્ટ્સ મેડિસિન, જટિલ ફ્રેક્ચર્સ અને રીકન્સ્ટ્રકશન અને જોઈન્ટ રિપ્લેસમેન્ટના નિષ્ણાત.



તબીબી એ એક એવો વ્યવસાય છે જે વિજ્ઞાનની સીમાઓ પાર કરે છે અને સેવા, કરુણા અને માનવતાના ક્ષેત્રમાં પ્રવેશ કરે છે. દરરોજ, ડૉક્ટરો અન્ય લોકોના જીવનને સુધારવા માટે પોતાને સમર્પિત કરે છે, ઘણીવાર અનિશ્ચિતતા, પીડા અને નબળાઈની ક્ષણોમાં આશાનો સ્રોત બની જાય છે. ડૉક્ટર્સ ડે નિમિત્તે, આપણે તબીબી વ્યાવસાયિકોના અમૂલ્ય યોગદાનને ઓળખવા અને ઉજવણી કરવા માટે થોડો સમય કાઢીએ, જેમની અતૂટ પ્રતિબદ્ધતા અસંખ્ય જીવન પર સકારાત્મક અસર કરે છે.

આ સમર્પિત વ્યાવસાયિકોમાં મુંબઈસ્થિત કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક સર્જન ડૉ. મોહિત શેટે છે, જેમની પ્રેક્ટિસ ક્લિનિકલ શ્રેષ્ઠતા, નૈતિક મૂલ્યો અને આરોગ્યસંભાળ પ્રત્યે દર્દી-કેન્દ્રિત અભિગમ દ્વારા સંચાલિત છે.

ઓર્થોપેડિક્સ એક વિશેષતા છે જે હાડકાં અને સાંધાઓની સારવારથી ઘણી આગળ વધે છે. ગતિશીલતા માનવ સ્વતંત્રતા અને જીવનની ગુણવત્તા માટે કેન્દ્રીય છે. ચાલવાની, કામ કરવાની, કસરત કરવાની, બાળકો સાથે રમવાની અને પીડા વિના રોજિંદી પ્રવૃત્તિઓ કરવાની ક્ષમતા ઘણીવાર ગ્રાન્ટેડ માનવામાં આવે છે, જ્યાં સુધી કોઈ ઈજા, રોગ અથવા ડિજનરેટિવ સ્થિતિ તેને વિક્ષેપિત ન કરે. આ ગતિશીલતાને પુનઃસ્થાપિત કરવી એ ફક્ત તબીબી હસ્તક્ષેપ નથી, તે આત્મવિશ્વાસ, સ્વતંત્રતા અને એકંદર સુખાકારીને પુનઃસ્થાપિત કરવાની તક છે.

ડૉ. મોહિત શેટે આર્થ્રોસ્કોપી અને સ્પોર્ટ્સ મેડિસિન, જટિલ ફ્રેક્ચર અને રીકન્સ્ટ્રકશન અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરીમાં નિષ્ણાત છે, જેઓ તમામ વય જૂથોના દર્દીઓને અસર કરતી ઓર્થોપેડિક સ્થિતિઓની વિશાળ શ્રેણી માટે અદ્યતન અને વ્યાપક સારવાર પ્રદાન કરે છે.

આર્થોસ્કોપી અને સ્પોર્ટ્સ મેડિસિનમાં તેમની કુશળતા ન્યૂનતમ ઈનવેસીવ ટેક્નિક્સનો ઉપયોગ કરીને લીગામેન્ટ ઈજાઓ, મેનીસ્કલ ઈજાઓ, કાર્ટિલેજ વિકૃત્તિઓ અને રમતગમતને સંબંધિત પરિસ્થિતિઓનું નિદાન અને સારવાર સક્ષમ બનાવે છે. આ પ્રક્રિયાઓ એથ્લેટ્સ અને સક્રિય વ્યક્તિઓને રીકવરીનો સમય ઘટાડીને અને પરિણામોને શ્રેષ્ઠ બનાવતા સમયે તેમના ઈચ્છિત સ્તરની કામગીરી પર પરત ફરવામાં મદદ કરે છે.

જટિલ ફ્રેક્ચર્સ અને ટ્રોમાં રીકન્સ્ટ્રકશન તેઓની પ્રેક્ટિસનું અન્ય એક મહત્ત્વપૂર્ણ પાસું રજૂ કરે છે. ટ્રોમાટિક ઈજાઓ શારીરિક અને ભાવનાત્મક પરિણામો લાવે છે જે ફક્ત વ્યક્તિ જ નહિ પરંતુ તેના પરિવારોને પણ અસર કરે છે. આવી પરિસ્થિતિમાં ચોક્કસ સર્જિકલ પ્લાનિંગ, સમયસર હસ્તક્ષેપ અને ઝીણવટભર્યા બજવણી કે અમલની માંગ કરે છે. ડૉ. શેટે માને છે કે દરેક ટ્રોમા દરદી માત્ર હાડકાંને સાજા કરવા પર જ નહિ પરંતુ કાર્ય અને આત્મવિશ્વાસને પુનઃસ્થાપિત કરવા પર પણ વ્યાપક સારવાર વ્યૂહરચનાનો પણ હક્કદાર છે.

જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી એ જગતભરમાં લાખો લોકોના જીવનમાં પરિવર્તન આણ્યું છે. હઠીલા આર્થરાઈટીસ (સંધિવા) અને ડીજનરેટીવ સાંધાની વિકૃતિઓ દૈનિક પ્રવૃત્તિઓને નોંધપાત્ર રીતે બગાડી શકે છે તથા જીવનની ગુણવત્તા ઘટાડી શકે છે. અદ્યતન જોઈન્ટ રિપ્લેસમેન્ટ ટેક્નિકો દ્વારા, તીવ્ર દુઃખાવાથી પીડાતા દર્દીઓ ગતિશીલતા પાછી મેળવી શકે છે, રૂટિન પ્રવૃત્તિઓમાં પાછા આવી શકે છે અને સ્વતંત્રતાની નવી ભાવનાનો આનંદ માણી શકે છે.

ઘણી વ્યક્તિઓ માટે, આ પ્રક્રિયાઓ એક જીવન-પરિવર્તનશીલ તક રજૂ કરે છે જેનાથી તેઓ એક સમયે ગમતી પ્રવૃત્તિઓ ફરી શરૂ કરી શકે છે.

જ્યારે ટેકનોલોજીકલ પ્રગતિ ઓર્થોપેડિક સર્જરીમાં સતત ક્રાંતિ લાવી રહી છે, ત્યારે ડૉ. શેટે દ્રઢપણે માને છે કે આરોગ્યસંભાળનો સાચો સાર કરુણાભરી દર્દીની સંભાળમાં રહેલો છે. દરેક એક્સ-રે, MRI સ્કેન અને સર્જિકલ પ્રક્રિયા પાછળ અનોખી ચિંતાઓ, અપેક્ષાઓ અને પ્રેરણા ધરાવતી વ્યક્તિ હોય છે. દર્દીઓને ધ્યાનથી સાંભળવું અને સારવારના નિર્ણયોમાં સામેલ કરવું એ તેમની પ્રેક્ટિસ ફિલસૂફીનો અભિન્ન ભાગ છે.

આધુનિક તબીબી વ્યવસાય વર્ષો જતા ખૂબ જ વિકસિત થતો જાય છે. ઇમેજિંગમાં પ્રગતિ, ન્યૂનતમ ઈન્વેસીવ સર્જિકલ તકનીકો, ઇમ્પ્લાન્ટ ડિઝાઇન અને પુનર્વસન પ્રોટોકોલમાં પ્રગતિએ દર્દીના પરિણામોમાં નોંધપાત્ર સુધારો કર્યો છે. જો કે, સહાનુભૂતિ, સંદેશાવ્યવહાર અને વિશ્વાસ સાથે જોડવામાં આવે ત્યારે આ પ્રગતિઓ સૌથી અસરકારક હોય છે.

ડૉ. મોહિત શેટે સારવાર માટે સર્વાંગી અભિગમની ભારપૂર્વક હિમાયત કરે છે. સફળ રીકવરી ફક્ત ઓપરેટિંગ થિયેટરની અંદર જ પ્રાપ્ત થતી નથી; તે એક સહયોગી પ્રક્રિયા છે જેમાં સચોટ નિદાન, દર્દી શિક્ષણ, જરૂર પડે ત્યારે શસ્ત્રક્રિયા, માળખાગત પુનર્વસન અને લાંબા ગાળાની ફોલો-અપ સંભાળનો સમાવેશ થાય છે.

એક આરોગ્યસંભાળ વ્યાવસાયિક તરીકે સતત વ્યાવસાયિક વિકાસ પણ તેમની સફરનો એક આવશ્યક ભાગ રહે છે. ઝડપથી વિકસતા તબીબી પરિદૃશ્યમાં, ઊભરતા સંશોધનો, નવી નવી તકનીકો અને પુરાવા-આધારિત પ્રેક્ટિસીસ સાથે અપડેટ રહેવાથી દર્દીઓને સલામત, અસરકારક અને સમકાલીન સારવાર મળે છે તેની ખાતરી થાય છે.

ડૉક્ટર્સ ડે, ડૉક્ટર બનવાના વિશેષાધિકાર સાથે જોડાયેલી વિશાળ જવાબદારીની યાદ અપાવે છે. દરેક પરામર્શ, દરેક પ્રક્રિયા અને દરેક નિર્ણય જીવનને બદલવાની ક્ષમતા ધરાવે છે. વ્યાવસાયિક સિદ્ધિઓ ઉપરાંત, તબીબી વ્યવસાય નમ્રતા, પ્રામાણિકતા અને સેવા પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતા દ્વારા વ્યાખ્યાયિત થાય છે.

ડૉ. મોહિત શેટે માટે, દર્દીઓને તેમની સ્વતંત્રતા પાછી મેળવતા અને અર્થપૂર્ણ પ્રવૃત્તિઓમાં પાછા ફરતા જોવાથી સૌથી મોટો સંતોષ મળે છે - પછી ભલે તે રમતવીર રમતમાં પાછા ફરતા હોય, કાર્યકારી વ્યાવસાયિક તેમની કારકિર્દી ફરી શરૂ કરતા હોય, અથવા વરિષ્ઠ વ્યક્તિ ફરી એકવાર આરામથી ચાલતા હોય.

જેમ જેમ આરોગ્યસંભાળ આગળ વધી રહી છે, તેમ તેમ જ્ઞાનથી સાજા થવા, કરુણાથી સેવા કરવા અને દર્દીઓને દરેક નિર્ણયના કેન્દ્રમાં રાખવાનું મિશન યથાવત રહે છે.

આ ડૉક્ટર્સ ડે પર, ડો. મોહિત શેટે વ્યક્તિઓને ગતિશીલતા પુનઃસ્થાપિત કરવામાં, શારીરિક મર્યાદાઓને દૂર કરવામાં અને સ્વસ્થ, વધુ સક્રિય અને પરિપૂર્ણ જીવન જીવવામાં મદદ કરતી વખતે નૈતિક, પુરાવા-આધારિત અને કરુણાપૂર્ણ ઓર્થોપેડિક સંભાળ પૂરી પાડવાની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરે છે.

"દર્દી દ્વારા લેવામાં આવતું દરેક પીડામુક્ત પગલું ફક્ત સફળ પરિણામ નથી; તે બીજા વ્યક્તિના સ્વાસ્થ્ય અને ભવિષ્ય સાથે જવાબદારીની યાદ અપાવે છે."

જસલોક હૉસ્પિટલ | ક્રિટીકેર એશિયા હૉસ્પિટલ | એપોલો સ્પેક્ટ્રા હૉસ્પિટલ | ઝાયનોવા શાલ્બી હૉસ્પિટલ | SRV હૉસ્પિટલ

સંપર્કઃ 7710013534

---

# સંભાળનો વારસો, નવીનતાનું ભવિષ્ય

# ભારતીય આરોગ્ય નિધિ

દર વર્ષે, ડૉક્ટર્સ ડે નિમિત્તે તબીબી સમુદાયના વ્યક્તિઓ પ્રત્યે આપણી ઊંડી કૃતજ્ઞતા વ્યક્ત કરવાની તક સાંપડે છે જેઓ અસંખ્ય જીવનને ઉપચાર, દિલાસો અને બચાવવા માટે પોતાનું જીવન સમર્પિત કરે છે.

Your Health We Care




ભારતીય આરોગ્ય નિધિ શેઠ કે. સી. પરીખ જનરલ હૉસ્પિટલમાં, અમે માનીએ છીએ કે અસાધારણ આરોગ્યસંભાળ અસાધારણ ડૉક્ટરોથી શરૂ થાય છે. ૧૯૭૭માં અમારી સ્થાપના થઈ ત્યારથી, અમારી યાત્રા ગુણવત્તાયુક્ત, નૈતિક અને દર્દી-કેન્દ્રિત આરોગ્યસંભાળ પૂરી પાડવાની એક અતૂટ પ્રતિબદ્ધતા દ્વારા માર્ગદર્શન આપવામાં આવી છે, જ્યારે અમારા ક્લિનિશિયનોને વિશ્વ-સ્તરીય માળખાગત સુવિધાઓ, અદ્યતન ટેક્નોલોજી અને સતત શિક્ષણની સંસ્કૃતિ સાથે સશક્ત બનાવવામાં આવે છે.

મુંબઈભરના દર્દીઓ માટે "ઘરથી દૂર ઘર" તરીકે ઓળખાતી, ભારતીય આરોગ્ય નિધિ પશ્ચિમ ઉપનગરોમાં સૌથી વિશ્વસનીય તૃતીય સંભાળ હૉસ્પિટલોમાંની એક બની ગઈ છે. આજે, ૧૦૨ બેડનું મલ્ટી-સ્પેશિયાલિટી હૉસ્પિટલ તરીકે, અમે અમારી ફિલસૂફી - "તમારું સ્વાસ્થ્ય, અમારી સંભાળ" ધ્યેય રાખીને નવી વિશેષતાઓ, અદ્યતન નિદાન ક્ષમતાઓ અને અપગ્રેડેડ દર્દી સુવિધાઓ સાથે અમારી સેવાઓને મજબૂત બનાવવાનું ચાલુ છે.

અમારી હૉસ્પિટલ કાર્ડિયોલોજી, નેફ્રોલોજી, ઓર્થોપેડિક્સ, ગેસ્ટ્રોએન્ટેરોલોજી, જનરલ સર્જરી, માનસિક સ્વાસ્થ્ય અને ક્રિટિકલ કેર માટે શ્રેષ્ઠતા કેન્દ્ર તરીકે ઓળખાય છે, જ્યારે નેત્રરોગવિજ્ઞાન, ડેન્ટલ સાયન્સ, પ્લાસ્ટિક સર્જરી, ન્યુરોસર્જરી, ઓન્કોલોજી, ઇએનટી, યુરોલોજી, પલ્મોનોલોજી, પેલિએટિવ કેર અને અન્ય ઘણી વિશેષતાઓમાં વ્યાપક સેવાઓ પ્રદાન કરે છે. ૧૪ કલાકનો મલ્ટી-સ્પેશિયાલિટી ઓપીડી, સીટી સ્કેન સાથે સંપૂર્ણપણે સજ્જ રેડિયોલોજી વિભાગ, બ્લડ સ્ટોરેજ સેન્ટર (આઈકેર), ઇમર્જન્સી સેવાઓ અને ૨૪X૭ પેથોલોજી એક છત હેઠળ સરળ દર્દી સંભાળ સુનિશ્ચિત કરે છે.

અમારી અદ્યતન માળખાકીય સુવિધા અમારા ડૉક્ટરોને ક્લિનિકલ શ્રેષ્ઠતાના ઉચ્ચતમ ધોરણો પૂરા પાડવામાં સહાય કરવાની અમારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. હૉસ્પિટલમાં સંપૂર્ણ સજ્જ શિમાડઝુ એફ-૧૧ ટ્રિનિઆસ કેથલેબ, મોડ્યુલર કાર્ડિયાક ઓપરેશન થિયેટર, સમર્પિત કાર્ડિયાક એમ્બ્યુલન્સ, ૧૬-બેડનું ઇન્ટેન્સિવ કાર્ડિયાક કેર યુનિટ, ૪-બેડનું કાર્ડિયાક કેર યુનિટ, લેમિનાર એર ફ્લો ટેક્નોલોજી સાથે ચાર આધુનિક ઓપરેશન થિયેટર, ફ્રેસેનિયસ મશીનો સાથે ૧૫-બેડનું કૃત્રિમ કિડની ડાયાલિસિસ યુનિટ, ડે કેર કીમોથેરાપી સેન્ટર, ફિઝિયોથેરાપી અને પુનર્વસન વિભાગ, ઇન-હાઉસ ફાર્મસી અને પોષણ સેવાઓ છે.

નવીનતા હંમેશાં અમારી ઓળખનો ભાગ રહી છે. ભારતીય આરોગ્ય નિધિને મુંબઈની પ્રથમ હૉસ્પિટલ હોવાનો ગર્વ છે જેણે અદ્યતન કાર્ડિયાક હસ્તક્ષેપો માટે રોટાબ્લેટર, IVUS અને FFR ટેક્નોલોજી રજૂ કરી છે. અમે શહેરની ખૂબ જ ઓછી હૉસ્પિટલોમાં સામેલ છીએ જે ઇન-હાઉસ બાયોફાયર મોલેક્યુલર ડાયગ્નોસ્ટિક ટેસ્ટ ઓફર કરે છે, જે ચેપી રોગોનું ઝડપી નિદાન શક્ય બનાવે છે અને ક્લિનિશિયનોને સમયસર સારવાર શરૂ કરવામાં મદદ કરે છે.

આ સફરમાં વધુ એક સીમાચિહ્નરૂપ ઉમેરો કરીને, અમને અમારા અત્યાધુનિક માઇક્રોબાયોલોજી વિભાગના લોન્ચની જાહેરાત કરતા ગર્વ થાય છે, જે અમારી નિદાન ક્ષમતાઓને મજબૂત બનાવવામાં એક મહત્ત્વપૂર્ણ પ્રગતિ છે. સચોટ માઇક્રોબાયોલોજીકલ નિદાન આધુનિક દવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, ખાસ કરીને લોહીના પ્રવાહના ચેપ, હૉસ્પિટલ દ્વારા પ્રાપ્ત ચેપ અને એન્ટિમાઇક્રોબાયલ પ્રતિકારના સંચાલનમાં.

અમારી નવી સ્થાપિત માઇક્રોબાયોલોજી પ્રયોગશાળા અદ્યતન સ્વચાલિત નિદાન પ્રણાલીઓથી સજ્જ છે જે પ્રયોગશાળા રિપોર્ટિંગની ગતિ, ચોક્સાઇ અને વિશ્વસનીયતામાં નોંધપાત્ર સુધારો કરે છે.

ઓટોમેટેડ બ્લડ કલ્ચર ટેક્નોલોજી લોહીના પ્રવાહમાં ચેપનું સતત નિરીક્ષણ અને વહેલું નિદાન સક્ષમ બનાવે છે, જેનાથી ક્લિનિશિયનો લક્ષિત સારવાર ખૂબ જ વહેલા શરૂ કરી શકે છે. અદ્યતન ઓટોમેટેડ ઓળખ અને એન્ટિબાયોટિક સંવેદનશીલતા પરીક્ષણ પ્રણાલીઓ સૌથી અસરકારક એન્ટિબાયોટિક્સ નક્કી કરતી વખતે રોગ પેદા કરતા જીવોને સચોટ રીતે ઓળખે છે, જવાબદાર એન્ટિમાઇક્રોબાયલ સ્ટેવર્ડશિપને ટેકો આપે છે અને એન્ટિબાયોટિક પ્રતિકારનો સામનો કરે છે.

આ વિભાગમાં અદ્યતન ઓટોમેટેડ ટ્યુબરક્યુલોસિસ કલ્ચર ટેક્નોલોજી પણ છે જે પરંપરાગત પદ્ધતિઓની તુલનામાં વધુ સંવેદનશીલતા અને ઝડપી રિપોર્ટિંગ સાથે ટ્યુબરક્યુલોસિસ અને ડ્રગ-રેઝિસ્ટન્ટ ટીબીના શોધને વધારે છે. એકસાથે, આ ટેકનોલોજી ક્લિનિશિયનોને ઝડપી ટર્નઅરાઉન્ડ સમય, પુરાવા-આધારિત ડાયગ્નોસ્ટિક માહિતી અને ક્લિનિકલ નિર્ણય લેવામાં વધુ વિશ્વાસ પ્રદાન કરે છે, જે આખરે દર્દીના પરિણામોમાં સુધારો કરે છે અને સાથે સાથે સમગ્ર હૉસ્પિટલમાં ચેપ નિયંત્રણ પદ્ધતિઓમાં વધારો કરે છે.

આ વર્ષે અમારા ઇનપેશન્ટ વોર્ડ્સ અને આઉટપેશન્ટ ડિપાર્ટમેન્ટ (OPD) નું વ્યાપક પુનર્ગઠન પણ એટલું જ મહત્ત્વપૂર્ણ રહ્યું છે. આજે આરોગ્યસંભાળ સારવારથી આગળ વધીને ઉપચાર, આરામ અને ગૌરવને પ્રોત્સાહન આપતું વાતાવરણ બનાવવા વિશે છે. અમારા અપગ્રેડેડ વોર્ડ દર્દીઓને વધુ આરામદાયક અને ઉપચાર-મૈત્રીપૂર્ણ વાતાવરણ પૂરું પાડે છે, જ્યારે ફરીથી ડિઝાઇન કરાયેલ OPD સુલભતા સુધારવા, દર્દીઓની હિલચાલને સુવ્યવસ્થિત કરવા અને દર્દીઓ અને ડૉક્ટરો બંને માટે પરામર્શ અનુભવને વધારવા માટે વિકસાવવામાં આવ્યું છે.

દરેક માળખાગત સુવિધામાં વધારો એક જ ઉદ્દેશ્ય સાથે વિચારપૂર્વક ડિઝાઇન કરવામાં આવ્યો છે - અમારા તબીબી વ્યાવસાયિકોને ટેકો આપવા અને દર્દીઓની સરળ અને કરુણાપૂર્ણ મુસાફરી સુનિશ્ચિત કરવાનો છે.

શ્રેષ્ઠતા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા માળખાગત સુવિધાઓથી આગળ વધે છે. ભારતીય આરોગ્ય નિધિને દેશની પ્રથમ હૉસ્પિટલ હોવાનો ગર્વ છે જેણે પ્રમાણિત મેકેન્ઝી ક્લિનિક સ્થાપિત કર્યું છે અને મુંબઈના પશ્ચિમ ઉપનગરોમાં એકમાત્ર હૉસ્પિટલ છે જેમાં ૨૦ બેડનું મનોચિકિત્સા વોર્ડનો સમાવેશ થાય છે, જ્યાં માનસિક આરોગ્યસંભાળ અને સામાન્ય તબીબી સંભાળ એક જ છત હેઠળ પૂરી પાડવામાં આવે છે. મનોચિકિત્સા વિભાગ ઇલેક્ટ્રોકોન્વલ્સિવ થેરાપી (ECT), કેટામાઇન થેરાપી અને ડિટોક્સિફિકેશન કાર્યક્રમો સહિત વિશેષ ડે-કેર સેવાઓ પણ પ્રદાન કરે છે.

દરેક ટેક્નોલોજીકલ પ્રગતિ અને દરેક સફળ સારવાર પાછળ આપણા ડૉક્ટરો, નર્સો, ટેક્નિશિયનો અને આરોગ્યસંભાળ વ્યાવસાયિકોનું સમર્પણ રહેલું છે. સતત તબીબી શિક્ષણ, યોગ્યતા-આધારિત તાલીમ અને કૌશલ્ય વૃદ્ધિ આપણી સંસ્કૃતિનો અભિન્ન ભાગ છે, જે સુનિશ્ચિત કરે છે કે આપણી ટીમો વિકસતી તબીબી પદ્ધતિઓ અને સંભાળના વૈશ્વિક ધોરણો સાથે અપડેટ રહે.

આ ડૉક્ટર્સ ડે પર, અમે દરેક ડૉક્ટરને સલામ કરીએ છીએ જેમની કરુણા ભયને આશામાં પરિવર્તિત કરે છે, જેમનું જ્ઞાન આત્મવિશ્વાસને પ્રેરણા આપે છે અને જેમની પ્રતિબદ્ધતા દરરોજ જીવન બદલી નાખે છે. તેમની સેવા દવાથી ઘણી આગળ વધે છે, તેઓ માર્ગદર્શક, સંભાળ રાખનારા, નવીનતાઓ અને આપણા સમુદાયના આધારસ્તંભ છે.

જેમ જેમ અમે અમારી ક્લિનિકલ ક્ષમતાઓનો વિસ્તાર કરવાનું ચાલુ રાખીએ છીએ, અદ્યતન ટેક્નોલોજીઓ રજૂ કરીએ છીએ અને દર્દી સંભાળ સેવાઓને મજબૂત કરીએ છીએ, તેમ તેમ દરેક દર્દીને સુલભ, નૈતિક અને પુરાવા-આધારિત આરોગ્યસંભાળ પહોંચાડતી વખતે અમારા ડૉક્ટરોનશ્રેષ્ઠ સંસાધનો સાથે સશક્ત બનાવવાનો દ્રષ્ટિકોણ યથાવત્ રહે છે.

ભારતીય આરોગ્ય નિધિ શેઠ કે. સી. પરીખ જનરલ હૉસ્પિટલમાં, દરેક નવો વિભાગ, દરેક ટેક્નોલોજીકલ પ્રગતિ અને દરેક માળખાગત સુધારો એ આપણા ડૉક્ટરો અને દર્દીઓ પ્રત્યેના આપણા વચનની પુષ્ટિ છે.

આ ડૉક્ટર્સ ડે પર, આપણે એવા લોકોની ઉજવણી કરીએ છીએ જેઓ ઉપચારને શક્ય બનાવે છે અને સ્વસ્થ આવતીકાલને આકાર આપવામાં તેમને ટેકો આપવાની અમારી પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરીએ છીએ.

**વધુ વિગતો માટે કૃપા કરીને સંપર્ક કરોઃ**

**ભારતીય આરોગ્ય નિધિ, શેઠ કે.સી. પરીખ જનરલ હૉસ્પિટલ, એનએસ રોડ ૧૩, જેવીપીડી સ્કીમ, વિલેપાર્લે-વેસ્ટ, મુંબઈ-૪૦૦૦૪૯.**

કોલ કરો : 8108439203 / 022 69486060 | ઈ-મેલ : info@arogyanidhihospital.com | વેબસાઇટ : www.arogyanidhihospital.com | ઇન્સ્ટાગ્રામ : @arogyanidhi_hospital

# પશ્ચિમી ઉપનગરોમાં પ્રથમ વખત વિશ્વ સ્તરની 4D મોતિયાની સારવાર

ઘણાં વર્ષોથી, મોતિયાની શસ્ત્રક્રિયા મુખ્યત્વે વય દ્વારા અસરગ્રસ્ત દ્રષ્ટિ પુનઃસ્થાપિત કરવા માટે કરવામાં આવતી પ્રક્રિયા માનવામાં આવતી હતી. જોકે, આજે, મોતિયાની શસ્ત્રક્રિયા નોંધપાત્ર રીતે વિકસિત થઈ છે અને હવે તે આધુનિક ચિકિત્સા સૌથી સલામત, સૌથી અદ્યતન અને સૌથી સફળ શસ્ત્રક્રિયાઓમાંની એક છે.


જ્યારે આંખનો કુદરતી લેન્સ વાદળછાયું જેવો થઈ જાય છે ત્યારે મોતિયાનો વિકાસ થાય છે, જેના કારણે ઝાંખી દ્રષ્ટિ, વાહન ચલાવતી વખતે ચમક, વાંચનમાં મુશ્કેલી, ઝાંખા રંગો અને રોજિંદી પ્રવૃત્તિઓમાં સ્પષ્ટતા ઓછી થાય છે. મોતિયા વૃદ્ધત્વનો એક કુદરતી ભાગ છે અને સામાન્ય રીતે ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોમાં જોવા મળે છે. સદ્નસીબે, સમયસર મોતિયાની શસ્ત્રક્રિયા સ્પષ્ટ દ્રષ્ટિ પુનઃસ્થાપિત કરી શકે છે અને જીવનની ગુણવત્તામાં ઘણો સુધારો કરી શકે છે.

આધુનિક દર્દીઓ પહેલા કરતાં ખૂબ જ વધુ સક્રિય છે. તેઓ ડ્રાઇવિંગ ચાલુ રાખવા, સ્માર્ટફોનનો ઉપયોગ કરવા, મુસાફરી કરવા, વાંચવા અને દૃષ્ટિની મર્યાદાઓ વિના તેમના શોખનો આનંદ માણવા માંગે છે. પરિણામે, આજે મોતિયાની શસ્ત્રક્રિયા ફક્ત કલાઉડી લેન્સ દૂર કરવા વિશે નથી - તે દર્દીઓને તેમની જીવનશૈલી માટે શ્રેષ્ઠ શક્ય દ્રષ્ટિ પ્રાપ્ત કરવામાં મદદ કરવા અંગે છે.


અદ્યતન તક્નીકઃ UNITY. કેટરેક્ટ સિસ્ટમ

મોતિયાની શસ્ત્રક્રિયામાં સૌથી મોટી પ્રગતિઓમાંની એક નેક્સ્ટ-જનરેશન સર્જિકલ ટેક્નોલોજીની રજૂઆત છે જે વધુ ચોકસાઇ, સલામતી અને ઝડપી રીકવરી કરી આપે છે. મલાડ પશ્ચિમની અગ્રવાલ આઈ હૉસ્પિટલમાં, અમને દર્દીઓના પરિણામોને શ્રેષ્ઠ બનાવવા માટે રચાયેલ એક ક્રાંતિકારી પ્લેટફોર્મ, નવીનતમ એલ્કોન યુનિટી કેટરેક્ટ સિસ્ટમની પહેલા જ અપનાવનારાઓમાં સામેલ થવાનો ગર્વ છે.

નવી UNITY ટેક્નોલોજી આંખની અંદર નોંધપાત્ર રીતે ઓછી ઊર્જાનો ઉપયોગ કરીને વધુ કાર્યક્ષમતા સાથે મોતિયો દૂર કરવાની સુવિધા આપે છે. આનો અર્થ એ છે કે હળવી શસ્ત્રક્રિયાનો અનુભવ, નાજુક આંખની પેશી પરનો તણાવ ઓછો થાય છે અને શસ્ત્રક્રિયા પછી સંભવિત રીતે ઝડપી દૃષ્ટિ રીકવરી થાય છે. આ સિસ્ટમમાં અદ્યતન પ્રવાહી નિયંત્રણ તકનીક પણ છે જે સમગ્ર પ્રક્રિયા દરમિયાન ઉત્તમ સ્થિરતા જાળવી રાખે છે, જે સર્જનોને વધુ સારું નિયંત્રણ આપે છે અને દર્દીની સલામતીમાં વધારો કરી આપે છે.


ડૉ. શ્યામ અગ્રવાલ ઑપથેલમૉલૉજીસ્ટ અને ડૉ. આરતી અગ્રવાલ કેટરેક્ટ એન્ડ રીફ્રેક્ટિવ સર્જન

દર્દીઓ માટે, આ સરળ શસ્ત્રક્રિયા, સુધારેલ આરામ અને દૈનિક પ્રવૃત્તિઓમાં ઝડપી પાછા ફરવામાં મદદ કરે છે. મોટાભાગની મોતિયાની પ્રક્રિયાઓ ટૂંકા સમયમાં પૂર્ણ થાય છે અને દર્દીઓ સામાન્ય રીતે થોડા દિવસોમાં નિયમિત કાર્ય ફરી શરૂ કરી શકે છે, જે વ્યક્તિગત ઉપચાર પર આધાર રાખે છે.

અગ્રવાલ આઈ હૉસ્પિટલમાં, અમારી પ્રતિબદ્ધતા હંમેશાં નવીનતમ તક્નીક સાથે અનુભવને એકત્રિત કરવાની રહી છે. હૉસ્પિટલનું નેતૃત્વ ડૉ. શ્યામ અગ્રવાલ દ્વારા કરવામાં આવે છે, જે આંખની સંભાળ અને મોતિયાની શસ્ત્રક્રિયામાં ૪૫ વર્ષથી વધુનો અનુભવ ધરાવતા અત્યંત આદરણીય નેત્ર ચિકિત્સક છે. દર્દીની સંભાળ અને સર્જિકલ શ્રેષ્ઠતા પ્રત્યેના તેમના સમર્પણથી દાયકાઓથી હજારો દર્દીઓને સ્પષ્ટ દ્રષ્ટિ પાછી મેળવવામાં મદદ મળી છે.

તેમની સાથે ડૉ. આરતી અગ્રવાલ પણ જોડાઈ રહ્યાં છે, જેઓ ૧૫ વર્ષથી વધુની કુશળતા ધરાવતાં અનુભવી મોતિયા અને રીફ્રેક્ટિવ સર્જન છે. ડૉ. આરતી નેત્રરોગ વિજ્ઞાનમાં આધુનિક પ્રગતિ અપનાવવામાં સક્રિયપણે સંકળાયેલાં છે અને દરેક દર્દી માટે ચોક્કસ અને કસ્ટમાઇઝ્ડ સારવાર પહોંચાડવા માટે નવીનતમ ડાયગ્નોસ્ટિક અને સર્જિકલ તક્નીકોનો ઉપયોગ કરે છે.

જેમ આપણે ડૉક્ટર્સ ડે ઉજવીએ છીએ, તેમ અમે સમુદાયને વિશ્વ કક્ષાની આંખની સંભાળ પૂરી પાડવાની અમારી પ્રતિબદ્ધતાને રી-એફીર્મ, પુનઃપુષ્ટ કરીએ છીએ. અનુભવી સર્જનો, અદ્યતન નિદાન અને UNITY મોતિયા સિસ્ટમ જેવી અદ્યતન તક્નીકો સાથે, અગ્રવાલ આઈ હૉસ્પિટલ એક ધ્યેય તરફ સતત પ્રયત્નશીલ છે - દરેક દર્દીને સ્પષ્ટ દ્રષ્ટિ, વધુ સ્વતંત્રતા અને જીવનની સારી ગુણવત્તાનો આનંદ માણવામાં મદદ કરવી.

છેવટે, સારી દ્રષ્ટિ એટલે વિશ્વનો અનુભવ કરવાનો વધુ સારો માર્ગ.

વધુ વિગતો માટે, કૃપા કરીને સંપર્ક કરો

**અગ્રવાલ આઈ હૉસ્પિટલ, મલાડ-મુંબઈ**
પહેલો માળ, મહારાજા એપાર્ટ., એસવી રોડ,
મલાડ ટેલિફોન એક્સચેન્જની સામે, મલાડ, પશ્ચિમ, મુંબઈ-૪૦૦૦૬૪
કૉલ કરોઃ
7400031050 / 7400031060 / 7700099842.

**સંજીવની આઈ હૉસ્પિટલ, ભાયંદર, થાણે**
પહેલો માળ, વૃંદાવન બિલ્ડિંગ, સાલાસર CHS ૧૫૦ ફૂટ રોડ,
મેક્સસ મોલની સામે, ભાયંદર, પશ્ચિમ, થાણે ૪૦૧૧૦૧.
કૉલ કરોઃ
9920789789 / 9004672732

# ઉત્કૃષ્ટતાના નવ વર્ષોઃ ઉપાસની સુપર સ્પેશિયાલિટી હૉસ્પિટલ મુલુંડમાં આરોગ્યસંભાળમાં સતત પરિવર્તન લાવી રહી છે

ઉપાસની સુપર સ્પેશિયાલિટી હૉસ્પિટલ (USSH) **નવ વર્ષની સમર્પિત આરોગ્યસંભાળ** સેવાની ઉજવણી કરે છે, **તે તબીબી શ્રેષ્ઠતા, વિશ્વાસ અને સમુદાય સેવાની નોંધપાત્ર સફરમાં એક** મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. વિશ્વ કક્ષાની આરોગ્યસંભાળ સંસ્થા બનાવવાના વિઝન તરીકે જે શરૂ થયું હતું તે આજે મુંબઈની સૌથી આદરણીય મલ્ટી-સ્પેશિયાલિટી હૉસ્પિટલોમાંની એક બની ગઈ છે, જે તેના કાયમી ફિલસૂફી દ્વારા નિશ્ચિતપણે માર્ગદર્શન આપે છેઃ ''સારા સ્વાસ્થ્યની શરૂઆત અહીંથી થાય છે.''



છેલ્લા નવ વર્ષોમાં, **USSH** ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળના દીવાદાંડી તરીકે ઊભરી આવ્યું છે, જે અદ્યતન તબીબી ટેક્નોલોજીને દર્દી-કેન્દ્રિત અભિગમ સાથે જોડે છે. સફળતાપૂર્વક આરોગ્ય પુનઃસ્થાપિત કરીને અને ૫૦,૦૦૦થી વધુ **દર્દીઓમાં** નવી આશા લાવીને, સંસ્થાએ માત્ર મુંબઈ જ નહીં, પરંતુ પડોશી ક્ષેત્રોના પરિવારોનો પણ વિશ્વાસ મેળવ્યો છે.

આ સફળતાનો પાયો ડૉ. **શ્રદ્ધા ડી. ઉપાસનીના** વિઝન પર ટકે છે, જેઓ ૫૦ વર્ષથી વધુની શાનદાર કારકિર્દી ધરાવતા પ્રખ્યાત સ્ત્રીરોગવિજ્ઞાની અને પ્રસૂતિશાસ્ત્રી છે. તેણીની ક્લિનિકલ કુશળતા, નૈતિક ધોરણો અને કરુણાપૂર્ણ દૃષ્ટિકોણ માટે આદરણીય, ડૉ. શ્રદ્ધા ઉપાસનીએ એક એવી આરોગ્યસંભાળ સંસ્થાની કલ્પના કરી હતી જ્યાં દરેક દર્દીને ગૌરવ અને સહાનુભૂતિ સાથે શ્રેષ્ઠ સારવાર મળશે. તેણીનો કાયમી વારસો **USSH** ના સિદ્ધાંતો અને મૂલ્યોને આકાર આપવાનું ચાલુ રાખે છે.



ડૉ. શ્રધ્ધા. ડી. ઉપાસની (સ્ત્રીરોગ નિષ્ણાત, સ્થાપક અને અધ્યક્ષ) અને ડૉ. તેજસ ઉપાસની (ઓર્થોપેડિક્સ અને રોબોટિક જોઇન્ટ રિપ્લેસમેન્ટ સર્જન અને મેનેજિંગ ડિરેક્ટર) ઉપાસની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ, મુલુંડ

આ વારસાને આગળ ધપાવી રહ્યા છે ડૉ. તેજસ ડી. ઉપાસની, મેનેજિંગ ડિરેક્ટર અને એક પ્રતિષ્ઠિત ઓર્થોપેડિક અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન. તેમના ગતિશીલ નેતૃત્વ હેઠળ, **USSH** એ અત્યાધુનિક ટેક્નોલોજીઓ અપનાવી છે અને તેની ક્લિનિકલ ક્ષમતાઓનો વિસ્તાર કર્યો છે, જે પોતાને અદ્યતન ઓર્થોપેડિક અને ટ્રોમા કેર માટે એક અગ્રણી કેન્દ્ર તરીકે સ્થાપિત કરે છે.

હૉસ્પિટલની સફરમાં એક નિર્ણાયક સીમાચિહ્નરૂપ ઘટના એ હતી કે રોબોટિક-સહાયિત ની(**Knee**) રિપ્લેસમેન્ટ સર્જરી શરૂ કરનારી મુંબઈની પ્રથમ હૉસ્પિટલ બની હતી. અત્યાધુનિક રોબોટિક સર્જિકલ સિસ્ટમ્સથી સજ્જ, USSH એ દર્દીઓના જીવનની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો કરીને, વધુ ચોકસાઇ, શ્રેષ્ઠ પરિણામો અને ઝડપી રિકવરી પ્રદાન કરીને ઓર્થોપેડિક સંભાળને ફરીથી વ્યાખ્યાયિત કરી છે.

હૉસ્પિટલે તેની મજબૂત **24x7 ઇમરજન્સી અને ટ્રોમા કેર સેવાઓ** દ્વારા પણ પોતાને અનોખું બનાવ્યું છે, જે અદ્યતન સઘન સંભાળ સુવિધાઓ, સંપૂર્ણ સજ્જ કાર્ડિયાક એમ્બ્યુલન્સ અને ચોવીસ કલાક ઇન-હાઉસ ફાર્મસી સેવાઓ દ્વારા સમર્થિત છે. હૉસ્પિટલની **અદ્યતન કેથ લેબ** તેની આરોગ્યસંભાળ ઇકોસિસ્ટમને વધુ મજબૂત બનાવે છે, જે જટિલ હૃદયની સ્થિતિઓ માટે સમયસર નિદાન અને ઈન્ટરવેન્શનને સક્ષમ બનાવે છે.

**USSH** કાર્ડિયોલોજી, ન્યુરોલોજી, ન્યુરોસર્જરી, નેફ્રોલોજી, યુરોલોજી, જનરલ અને લેપ્રોસ્કોપિક સર્જરી, ફિઝિયોથેરાપી અને પુનર્વસન સહિત વિવિધ શાખાઓમાં વિશિષ્ટ સેવાઓ પ્રદાન કરે છે. મહિલાની આરોગ્યસંભાળ સંસ્થાનો મુખ્ય આધારસ્તંભ છે, તેના સમર્પિત સ્ત્રીરોગવિજ્ઞાન અને પ્રસૂતિશાસ્ત્ર વિભાગ જીવનના દરેક તબક્કામાં વ્યાપક સંભાળ પૂરી પાડે છે.

આ ક્લિનિકલ વિશેષતાઓને પૂરક બનાવતી અત્યાધુનિક માળખાકીય સુવિધાઓ છે જેમાં આધુનિક મોડ્યુલર ઓપરેશન થિયેટર, અદ્યતન નિદાન સુવિધાઓ અને તકનીકી રીતે સજ્જ દર્દી સંભાળ ક્ષેત્રોનો સમાવેશ થાય છે જે સલામતી અને તબીબી શ્રેષ્ઠતાના ઉચ્ચતમ ધોરણોને જાળવી રાખવા માટે રચાયેલ છે.

**USSH** ના કેન્દ્રમાં અત્યંત કુશળ અને લાયકાત ધરાવતા ડૉક્ટરો, અનુભવી નર્સો અને પ્રતિબદ્ધ આરોગ્યસંભાળ વ્યાવસાયિકોનો સમર્પિત પરિવાર રહેલો છે, જેમની સામૂહિક કુશળતા અને અતૂટ સમર્પણ હૉસ્પિટલની શ્રેષ્ઠતા માટેની પ્રતિષ્ઠાને આકાર આપવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

ઉપાસની સુપર સ્પેશિયાલિટી હૉસ્પિટલ તેના દસમા વર્ષમાં પ્રવેશ કરી રહી છે, તે નવા વિઝન અને આરોગ્યસંભાળના ધોરણોને ઉન્નત બનાવવા માટે અતૂટ પ્રતિબદ્ધતા સાથે આમ કરે છે, જે દરરોજ **USSH** ખાતે ''સારા સ્વાસ્થ્યની શરૂઆત અહીંથી થાય છે'' એ વાતને પુનઃપુષ્ટિ આપે છે.

વધુ વિગતો માટે કૃપા કરીને સંપર્ક કરોઃ
ઉપાસની સુપર સ્પેશિયાલિટી હૉસ્પિટલ, LBS માર્ગ, મુલુંડ (W), મુંબઈ - 400080
કોલ કરોઃ **022 68814200 / 7400400914**
વેબસાઇટઃ **www.ussh.in** / ઇમેઇલ આઈડીઃ **info@ussh.in**



# હૃદયને સાજા કરવા અને માનવતાની સેવા કરવા માટે સમર્પિત જીવનઃ રાષ્ટ્રીય ડૉક્ટર દિવસ પર ડૉ. ગજાનન પી. રત્નપારખીનું સન્માન

રાષ્ટ્રીય ડૉક્ટર દિવસ એ એવી વ્યક્તિની ઉજવણી કરવાનો પ્રસંગ છે જે બીજાઓને સાજા કરવા માટે પોતાનું જીવન સમર્પિત કરે છે. આ તેવી દુર્લભ વ્યક્તિઓને પણ સ્વીકારવાનો સમય છે જેમના યોગદાન દવાની સીમાઓ પાર કરે છે અને સમાજ પર કાયમી અસર છોડી જાય છે. તેમની વચ્ચે મુંબઈના સૌથી આદરણીય ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ્સમાંના એક, ડૉ. ગજાનન પી. રત્નપારખી પણ છે, જેમની નોંધપાત્ર યાત્રા આરોગ્યસંભાળમાં શ્રેષ્ઠતા, સમાજ સેવા પ્રત્યે પ્રતિબદ્ધતા અને સમાજ કલ્યાણ માટેના સતત જુસ્સાને પ્રતિબિંબિત કરે છે.

મહારાષ્ટ્રના યવતમાળ જિલ્લાના વાનીમાં જન્મેલા, ડૉ. રત્નપારખીની વાર્તા નિશ્ચય, ખંત અને હેતુની વાર્તા છે. નાનપણથી જ એક ઉત્કૃષ્ટ વિદ્યાર્થી, તેમણે તેમની શૈક્ષણિક કારકિર્દી દરમિયાન સતત ટોચના ક્રમ મેળવ્યા હતા અને તેમના શાળાના વર્ષો દરમિયાન શિષ્યવૃત્તિ મેળવી હતી. મેડિસિન દ્વારા સમાજની સેવા કરવાના સપનાથી પ્રેરિત, તેમણે ડીએમ કાર્ડિયોલોજી માટે પ્રવેશ પરીક્ષામાં પ્રભાવશાળી ઓલ-ઇન્ડિયા છઠ્ઠો ક્રમ મેળવતા પહેલા મેડિસિનમાં એમબીબીએસ અને એમડી પૂર્ણ કરી દીધું હતું.

શ્રેષ્ઠતાની તેમની શોધ તેમને મુંબઈની પ્રતિષ્ઠિત ગ્રાન્ટ મેડિકલ કોલેજમાં લઈ ગઈ હતી, જ્યાં તેમણે કાર્ડિયોલોજીમાં અદ્યતન તાલીમ લીધી હતી. તેમણે જર્મનીના ફ્રેન્કફર્ટમાં અદ્યતન એન્જિયોપ્લાસ્ટી તકનીકોમાં વિશેષ તાલીમ દ્વારા તેમની કુશળતામાં વધુ વધારો કર્યો, ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીમાં અદ્યતન કુશળતાથી પોતાને સજ્જ કર્યા.

વર્ષોથી, ડૉ. રત્નપારખીએ લીલાવતી હૉસ્પિટલ, નાણાવટી હૉસ્પિટલ અને હોલી સ્પિરિટ હૉસ્પિટલ જેવી અગ્રણી સંસ્થાઓમાં સેવા આપીને એક શાનદાર કારકિર્દી બનાવી છે. ૨૦૦૫માં, તેમણે મુંબઈના અંધેરી (પશ્ચિમ) માં પ્રથમ ISO 9001:2000 પ્રમાણિત કાર્ડિયાક સુવિધા, ગુરુકૃપા હાર્ટ સેન્ટરની સ્થાપના કરી હતી. તેમણે જુહુની ક્રિટિકેર એશિયા હૉસ્પિટલ ખાતે કેથ લેબની સ્થાપનામાં ભાગીદારી કરી, જેનાથી ક્ષેત્રમાં અદ્યતન કાર્ડિયાક સંભાળની પહોંચ મજબૂત બનાવવામાં મદદ મળી.

દાયકા સુધી ચાલેલી કારકિર્દીમાં, ડૉ. રત્નપારખીએ ૩,૦૦,૦૦૦થી વધુ દર્દીઓની સારવાર કરી છે અને ૨૬,૦૦૦થી વધુ ઇન્ટરવેન્શનલ કાર્ડિયાક પ્રક્રિયાઓ કરી છે. આ પ્રભાવશાળી સંખ્યા પાછળ એક ઊંડી પ્રતિબદ્ધતા રહેલી છે - જે કરુણા, વિશ્વાસ અને માન્યતામાં મૂળ ધરાવે છે કે આરોગ્યસંભાળ બધા માટે સુલભ હોવી જોઈએ.

ગુરુકૃપા હાર્ટ ફાઉન્ડેશન દ્વારા, તેમણે મફત અને ઓછા ભાવની સારવાર પહેલ દ્વારા અસંખ્ય વંચિત દર્દીઓને ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળ આપી છે.


મુંબઈના બહુવિધ શ્રેષ્ઠ કાર્ડિયોલોજિસ્ટ એવોર્ડસ, દેવેન્દ્ર ફડણવીસ, દિગમ્બર કામત અને જનરલ ડૉ. વી.કે. સિંહ સહિતના મહાનુભાવો દ્વારા એનાયત કરવામાં આવ્યો હતો.


ડૉ. જી. પી. રત્નપારખીને અભિમાન અંધેરી ચા એવોર્ડ શ્રી એકનાથ શિંદે દ્વારા આપવામાં આવેલ હતો.

ફાઉન્ડેશન મફત એમ્બ્યુલન્સ સેવા પણ ચલાવે છે અને નિયમિતપણે આરોગ્ય શિબિરો, જાગરૂકતા કાર્યક્રમો અને નિવારક આરોગ્યસંભાળ ઝુંબેશ ચલાવે છે.

નિવારક દવાના મજબૂત હિમાયતી, ડૉ. રત્નપારખીએ જીવનશૈલીના રોગો વિશે જાગરૂકતાને સતત પ્રોત્સાહન આપ્યું છે. તેમની મુખ્ય પહેલ, ''મિશન ફિટ ઇન્ડિયા, હિટ ઇન્ડિયા, ડિફિટ ડાયાબિટીસ અને હાઇપરટેન્શન'', મફત નિદાન તપાસ અને નિષ્ણાત પરામર્શ પ્રદાન કરે છે, જે હજારો લોકોને સ્વાસ્થ્ય જોખમો વહેલા શોધવામાં અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવામાં મદદ કરે છે.

સામાજિક જવાબદારી પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા આરોગ્યસંભાળથી પણ આગળ વધે છે. સતત ૧૩ વર્ષથી વધુ સમય સુધી, તેમણે ૧૩ શાળાઓ દત્તક લીધી છે, વાર્ષિક ૩,૫૦૦થી વધુ વંચિત વિદ્યાર્થીઓને શૈક્ષણિક આવશ્યક વસ્તુઓનું વિતરણ કર્યું છે. વિવિધ આઉટરીચ પહેલ દ્વારા, તેમણે આદિવાસી સમુદાયોને આવશ્યક પુરવઠો પૂરો પાડ્યો છે અને કુદરતી આફતો દરમિયાન માનવતાવાદી પ્રયાસોનું નેતૃત્વ કર્યું છે.

કરાડ અને સાંગલીમાં આવેલા વિનાશક પૂર દરમિયાન, ડૉ. રત્નપારખીએ રાહત અભિયાનોનું નેતૃત્વ કર્યું હતું કે જેમાં ૧,૦૦૦થી વધુ દર્દીઓને તબીબી સંભાળ પૂરી પાડવામાં આવી હતી. સેંકડો અસરગ્રસ્ત પરિવારોને કરિયાણાની સહાય પૂરી પાડવામાં આવી હતી. ૨૦૨૪માં, માર્ગ સલામતી જાગરૂકતા ઝુંબેશ હેઠળ, તેમના ફાઉન્ડેશને મફત આંખની તપાસ શિબિરોનું આયોજન કર્યું હતું અને ૧,૦૦૦થી વધુ આર્થિક રીતે વંચિત વ્યક્તિઓને ચશ્માંનું વિતરણ કર્યું હતું.

મેડિસિન ઉપરાંત, ડૉ. રત્નપારખી એક આદરણીય લેખક, કવિ અને જાહેર વક્તા પણ છે. તેમના મરાઠી કાવ્યસંગ્રહ, **દૂર માઝે ઘર**, ને તેના સાહિત્યિક ઊંડાણ માટે પ્રશંસા મળી છે, જ્યારે અંગ્રેજી, મરાઠી અને ગુજરાતીમાં હૃદયરોગ નિવારણ પરના તેમના પુસ્તકોએ વિવિધ સમુદાયોમાં આરોગ્ય જાગરૂકતા ફેલાવવામાં મદદ કરી છે.

તબીબી સમુદાયમાં તેમનું નેતૃત્વ એટલું જ નોંધપાત્ર રહ્યું છે. તેમણે મેડિકલ ક્લબ ઓફ વિલેપાર્લેના અધ્યક્ષ, પાર્લે અને અંધેરીના ફિઝિશિયન એસોસિએશનના પ્રમુખ, અંધેરી મેડિકલ એસોસિએશનના ટ્રસ્ટી અને ભૂતપૂર્વ પ્રમુખ તરીકે સેવા આપી છે, અને ઇન્ડિયન મેડિકલ એસોસિએશન અને કાર્ડિયોલોજિકલ સોસાયટી ઓફ ઇન્ડિયા સાથે સક્રિય રીતે સંકળાયેલા છે. તેઓ હાલમાં અખિલ ભારતીય દૈવજ્ઞ સમાજ પરિષદના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે સેવા આપે છે.

## ડૉ. ગજાનન પી. રત્નપારખીનો સંદેશ

''**સારું સ્વાસ્થ્ય** એ સૌથી મોટી સંપત્તિ છે જે આપણે પોતાને અને આપણા પરિવારને આપી શકીએ છીએ. હું દરેકને નિયમિત કસરત, સંતુલિત પોષણ, તણાવ મેનેજમેન્ટ અને સમયસર હેલ્થ ચેકઅપ દ્વારા નિવારક થેરાપીને જીવનનો માર્ગ બનાવવા વિનંતી કરું છું.

મોટાભાગની ગંભીર બીમારીઓને જ્યારે વહેલાસર શોધી કાઢવામાં આવે તો અટકાવી શકાય છે અથવા અસરકારક રીતે સારવાર કરી શકાય છે.

ચાલો આપણે એક સ્વસ્થ અને ફીટરભારત બનાવવા માટે સાથે મળીને કામ કરીએ, જ્યાં જાગરૂકતા નિવારણ અને સ્વસ્થ જીવનશૈલી રોજિંદા આદતો બની જાય.

**મદદ માંગતા પહેલા તમારા હૃદયની સંભાળ રાખો. આજે તમે જે પસંદગીઓ કરો છો તે આવતીકાલે તમે કેવા સ્વાસ્થ્યનો આનંદ માણો છો તે નક્કી કરે છે.''**


**ડૉ. જી. પી. રત્નપારખી**
MBBS DM (મેડિસિન) MD (કાર્ડિયોલોજી),
FESC, FCSI F.S.C.A.I.
ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ

## સન્માનો અને આદર

ડૉ. રત્નપારખીના મેડિસિન જાહેર આરોગ્ય, સામાજિક સેવા અને સાહિત્યમાં અનુકરણીય યોગદાન બદલ તેમને નીચે મુજબ અનેક પ્રતિષ્ઠિત પ્રશંસા મળી છેઃ

- ઇન્ટરનેશનલ હેલ્થકેર એવોર્ડ્સ (૨૦૧૮ અને ૨૦૧૯), ડૉ. યોગાનંદ શાસ્ત્રી અને ક્રિકેટના દિગ્ગજ સુનીલ ગાવસ્કર દ્વારા અપાયો હતો.
- મહારાષ્ટ્ર જન-ગૌરવ એવોર્ડ (૨૦૨૧) રાજ્યપાલ ભગત સિંહ કોશિયારી દ્વારા આપવામાં આવેલ.
- શ્રી રવિન્દ્ર વાયકર દ્વારા અર્પણ કરાયેલ વિશિષ્ટ સમાજ સેવા બદલ જોગેશ્વરી ભૂષણ એવોર્ડ
- અંધેરી મેડિકલ એસોસિએશન તરફથી **AMA**-રત્ન એવોર્ડ.
- મહાવીર ઈન્ટરનેશનલ, મુંબઈ દ્વારા કુલ-રત્ન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.
- બનઝારા મિત્ર એવોર્ડ અખિલ ભારતીય ગોર બનઝારા સાહિત્ય સંમેલનમાં પ્રદાન કરવામાં આવ્યો હતો.
- નેશનલ કાઉન્સીલ ફોર ઈન્સ્પીરેશન & ડેવલપમેન્ટ (NCID), પુના દ્વારા સેવા-શ્રી પુરસ્કાર (૨૦૨૪).
- એશાન્ય મુંબઈ દૈવજ્ઞ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી વર્ષ ૨૦૨૩-૨૦૨૪નો **સૌથી પ્રભાવશાળી વ્યક્તિનું** સન્માન.
- રાજહંસ પ્રતિષ્ઠાન દ્વારા રાજહંસ પુરસ્કાર (૨૦૨૫)
- મહારાષ્ટ્ર સરકાર દ્વારા તેમની જાહેર સેવા બદલ વિશેષ કાર્યકારી અધિકારી (SEO) તરીકે નિમણૂક.
- આરોગ્યસંભાળ અને સમાજમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ **નાના પાલકર સમિતિ સન્માન.**

ભારત રાષ્ટ્રીય ડોક્ટર દિવસ ઉજવી રહ્યું છે, ત્યારે ડૉ. ગજાનન પી. રત્નપારખીનું જીવન એક પ્રેરણાદાયી ઉદાહરણ છે કે કેવી રીતે વ્યાવસાયિક શ્રેષ્ઠતાને કરુણા, નમ્રતા અને સામાજિક સુખાકારી પ્રત્યે પ્રતિબદ્ધતા સાથે જોડી શકાય છે. તેમના યોગદાન હજારો જીવન પર સતત અસર કરતા રહે છે, જે તબીબી વ્યવસાયની સાચી ભાવનાને મજબૂત બનાવે છે.

**ગુરુકૃપા હાર્ટ સેન્ટર** જુહૂ ગલી, અંધેરી (પશ્ચિમ)
Call - 8591282831 / 9821075642 / 9821156115
Email id : gurukrupaheartcentre@gmail.com

## ૧૮૮૦ બોઅર યુદ્ધઃ



બ્રિટિશ સામ્રાજ્ય અને દક્ષિણ આફ્રિકાના બોઅર વસાહતી વચ્ચે પહેલું યુદ્ધ જેના પગલે સાઉથ આફ્રિકા અસ્તિત્વમાં આવ્યું. દક્ષિણ આફ્રિકામાં બ્રિટિશ સામ્રાજ્ય અને બે ડચ (બોઅર) વસાહતો-ટ્રાન્સવાલ અને ઓરેન્જ ફ્રી સ્ટેટ-વચ્ચે લડાયેલું ઐતિહાસિક યુદ્ધ હતું. સોના અને હીરાની ખાણો પર નિયંત્રણ મેળવવા માટે આ યુદ્ધ થયું હતું. જેણે બ્રિટિશ સત્તા સામે બોઅર લોકોના અસ્તિત્વની લડાઈને જન્મ આપ્યો.

## ૧૮૮૮-૮ ડિસેમ્બર વીજળી આગબોટની જળસમાધિઃ



ભારતની સૌથી મોટી દરિયાઈ કરુણાંતિકા ૮ ડિસેમ્બર ૧૮૮૮ના રોજ બની. વીજ બલ્બથી ઝગમગતી હોવાથી 'વીજળી' તરીકે જાણીતી વૈતરણા નામની આધુનિક આગબોટ અરબી સમુદ્રમાં ભયંકર વાવાઝોડાનો ભોગ બની ડૂબી ગઈ. કરાંચીથી મુંબઈ જતા આ જહાજમાં મુસાફરોની મોટી સંખ્યા હતી, જેમાં અનેક ગુજરાતી-કચ્છી પરિવારો અને લગ્નપ્રસંગે જતા જાનૈયાઓ હતા. સેંકડોના મોત છતાં એક પણ લાશ કે જહાજના લાકડાનો ટુકડો ક્યારેય ન મળ્યો. આ કરુણ ઘટના પરનું લોકગીત હાજી કાસમ, તારી વીજળી રે મધદરિયે વેરણ થઈ આજે ય કાળજું કંપાવી દે છે.


આ ટાઈટેનિકથી ભયાનક ઐતિહાસિક કરુણગાથાએ દરિયાઈ મુસાફરીની સુરક્ષા અંગે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા. જો કે બ્રિટિશ રાજમાં ન ન્યાય થયો, ન વળતર અપાયા કે ન દોષિતો દંડાયા!

## ૧૮૯૩-મહિલા મતાધિકારનો પ્રારંભઃ



ઑસ્ટ્રેલિયાનો પાડોશી દેશ ન્યૂ ઝીલૅન્ડ રાષ્ટ્રીય ચૂંટણીઓમાં મહિલાઓના મતાધિકારને માન્યતા આપનારો વિશ્વનો પ્રથમ દેશ બન્યો. આ ઐતિહાસિક નિર્ણયને પગલે ઑસ્ટ્રેલિયામાં ૧૯૦૨માં અને ત્યાર બાદ ફિનલૅન્ડ અને યુકેમાં મહિલાઓને મતાધિકારના હક મળ્યા હતા.

## ૧૮૯૬-ઑલિમ્પિક રમતોત્સવ ફરી શરૂઃ



ઑલિમ્પિક ગેમ્સનો પ્રારંભ ઈ. સ. પૂર્વે ૭૭૬માં પ્રાચીન ગ્રીસમાં થયો હતો. જોકે, ચોથી સદીમાં એના પર પડદો પડી ગયો હતો. ત્યાર બાદ છેક ૧૮૯૬માં ગ્રીસની રાજધાની એથેન્સમાં મૉડર્ન ઑલિમ્પિક્સની શરૂઆત થઈ હતી. આ રમતોત્સવની અસર અડધા વિશ્વ પર પડી અને વિવિધ દેશો વચ્ચે સાંસ્કૃતિક આદાનપ્રદાન વધ્યું.

## ૧૮૭૨-ભારતની પ્રથમ વસ્તી ગણતરીઃ



લૉર્ડ મેયોના શાસનમાં ભારતમાં પ્રથમ વખત દેશવ્યાપી વસ્તી ગણતરી હાથ ધરવામાં આવી. આ કામગીરી દરમિયાન શરૂ થઈ હતી. આનો મુખ્ય હેતુ ભારતની વસ્તી, જાતિ, ધર્મ, ભાષા, વ્યવસાય અને સામાજિક માળખા અંગે વિશ્વસનીય માહિતી મેળવવાનો હતો.

આનાથી સરકારને દેશની જનસંખ્યા અને સામાજિક રચનાનો વ્યાપક ખ્યાલ મળ્યો, જેના આધારે વહીવટ, કરવેરા, આરોગ્ય અને શિક્ષણ સંબંધિત નીતિઓ ઘડવામાં મદદ મળી. બીજી તરફ, જાતિ અને ધર્મ આધારિત વર્ગીકરણે ભારતીય સમાજની ઓળખનું સર્વ પ્રથમ સરકારી દસ્તાવેજીકરણ પણ થયું. આનાથી આંકડાકીય આયોજન અને શાસનવ્યવસ્થાના વિકાસનો મહત્ત્વપૂર્ણ પાયો નખાયો.

## ૧૮૮૨-ટીબીના જીવાણુની શોધઃ




૧૮૮૨ની ૨૪ માર્ચે જર્મન વૈજ્ઞાની રોબર્ટ કોખે ક્ષયરોગ (ટીબી)નું કારણ બનતા જીવાણુની શોધની જાહેરાત કરી. ત્યારે ટીબી સૌથી ઘાતક રોગોમાંનો એક હતો. કોખે સાબિત કર્યું કે ટીબી કોઈ વારસાગત કે રહસ્યમય રોગ નહીં, પરંતુ માઇક્રોબેક્ટેરિયમ ટ્યુબરક્યુલોસિસ નામના બેક્ટેરિયાથી થતો ચેપી રોગ છે.

જાહેર આરોગ્યના ઇતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્ન સમી આ શોધ ભારત માટે પણ અત્યંત મહત્ત્વપૂર્ણ હતી.

ભારતમાં લાંબા સમયથી ટીબી ગંભીર આરોગ્ય સમસ્યા હતી. આ શોધના આધારે રોગના નિદાન, નિયંત્રણ અને સારવાર માટે વૈજ્ઞાનિક પદ્ધતિઓ વિકસાવવામાં આવી. આઝાદી પછી ભારતે રાષ્ટ્રીય ક્ષયરોગ નિયંત્રણ કાર્યક્રમો શરૂ કરીને લાખોના જીવ બચાવ્યા હતા.

## ૧૮૮૫-ઈન્ડિયન નૅશનલ કોંગ્રેસની સ્થાપનાઃ




સર ઍલન ઑક્ટેવિયન હ્યૂમ નામના એક નિવૃત્ત અંગ્રેજ અધિકારીને ભારતમાં એક રાષ્ટ્રીય સંસ્થા સ્થાપવાનો વિચાર આવ્યો. તેમને લાગ્યું કે હિંદમાં બ્રિટિશ શાસન પ્રત્યે લોકોમાં અસંતોષ છે. જો તે અસંતોષને વ્યવસ્થિત અને બંધારણીય માર્ગે વ્યક્ત થવાની તક મળે તો તેમાં બ્રિટિશ સામ્રાજ્યનું તથા રાષ્ટ્રનું હિત છે તેવી તેમની માન્યતામાંથી કોંગ્રેસનો જન્મ થયો.


## ૧૮૯૧-આંતરરાષ્ટ્રીય મજૂર દિવસઃ




આંતરરાષ્ટ્રીય મજૂર દિવસ સમગ્ર વિશ્વમાં પહેલી મેના દિવસે ઊજવાય છે. દુનિયાભરમાં પથરાયેલા અસંખ્ય કામદારો તેમની મહેનતથી સમાજ તેમ જ અર્થતંત્રના પાયાને મજબૂત કરે છે. તેમની મહેનતને સમર્પિત એવા આ દિવસને આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ કહેવામાં આવે છે. આ દિવસને લેબર-ડે, મે-ડે અને વર્કર્સ-ડે પણ કહેવામાં આવે છે.

## ૧૮૯૨-દાદાભાઈ નવરોજી બ્રિટિશ પાર્લામેન્ટમાં ચૂંટાઈ આવ્યાઃ

દાદાભાઈની ગણના ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સ્થાપક તરીકે



થાય છે. ત્રણ વખત કોંગ્રેસના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. બરોડા રાજ્યમાં દીવાનની ફરજ અદા કર્યા પછી બ્રિટન ગયા. ૧૮૯૨ની પાંચમી જુલાઈએ તેઓ બ્રિટિશ પાર્લામેન્ટમાં ચૂંટાયા હતા અને બ્રિટિશ પાર્લામેન્ટમાં સ્થાન મેળવનારા પ્રથમ ભારતીય બન્યા હતા.

## ૧૮૯૩-સ્વામી વિવેકાનંદનું શિકાગો ભાષણઃ



રામકૃષ્ણ પરમહંસના પરમ શિષ્ય સ્વામી વિવેકાનંદને ૧૯મી સદીના અંતે હિન્દુ ધર્મને વિશ્વ કક્ષાએ માન્યતા અપાવવાનું શ્રેય આપવામાં આવે છે. 'અમેરિકાના ભાઈઓ તથા બહેનો' સંબોધન સાથેના તેમના પ્રવચનથી વધુ જાણીતા બન્યા. એ ભાષણ દ્વારા તેમણે શિકાગો ખાતે વિશ્વ ધર્મ પરિષદમાં હિન્દુ ધર્મનું પ્રતિનિધિત્વ કર્યું હતું.


## ૧૮૯૫-એક્સ-રેની શોધઃ



એક્સ-રે ટેક્નિકની શોધ અણધારી થઈ હતી. જર્મન વૈજ્ઞાનિક વિલ્હેમ રોન્ટજનને લૅબોરેટરીમાં ટેસ્ટટ્યૂબને કાળા કાર્ડબોર્ડથી ઢાંકેલી હોવા છતાં ટ્યૂબ પરની સ્ક્રીન ચમકવા લાગતા તેમને આશ્ચર્ય થયું. તેમણે પોતાની પત્નીના હાથનો એક્સ-રે લીધો જેમાં વડિંગ રિંગ અને હાડકાં ચોખ્ખાં દેખાતાં હતાં. આ કિરણો મુલાયમ માંસપેશીઓને તો પાર કરી જતાં હતાં, પરંતુ હાડકાંને આરપાર થઈ શકતાં ન હતાં. આ શોધે તબીબી જગતમાં ક્રાંતિ લાવી દીધી, કેમ કે આ પહેલાં આંતરિક ઈજાના ઇલાજમાં ઘણી મુશ્કેલી નડતી હતી.








કલાગુર્જરી
(સ્થાપક સંસ્થા)
ગુજરાતની અસ્મિતાને સમર્પિત
એક અનન્ય સાંસ્કૃતિક સંસ્થા

કલાગુર્જરી (સ્થાપક સંસ્થા)
વિલેપાર્લે (પશ્ચિમ)
'મુંબઈ સમાચાર'ના સ્થાપના દિન
નિમિત્તે હાર્દિક શુભેચ્છા પાઠવે છે.
સ્નેહાધીન
પ્રમુખ : હેમાંગ જાંગલા
ત.ભૂ.પ્રમુખ : શ્રી અક્ષય મહેતા
ઉપ પ્રમુખ : શ્રી નરેશ સરવૈયા
મા.મંત્રી : શ્રી પ્રણવ ભગત
મા. સહમંત્રી : ડિમ્પલ સોનીગ્રા
મા. કોષાધ્યક્ષ : શ્રી રાજેશ કામદાર
મા. સહકોષાધ્યક્ષ : શ્રી સુરેશ ઝવેરી
સર્વ સમિતિ સંકલનકર્તા : શ્રી અમૃત માલદે
કારોબારી સમિતિ ૨૦૨૫-૨૦૨૭,
કલાગુર્જરી પરિવાર






## ૧૮૯૭-પ્લેગ સામેના અભિયાનની શરૂઆત ભારતમાં:




સપ્ટેમ્બર ૧૮૯૬માં મુંબઈના માંડવી વિસ્તારમાં બ્યુબોનિક પ્લેગ (મરકી)નો પ્રથમ કેસ નોંધાયો હતો. ભારતમાં પ્લેગ સામેના અભિયાનની શરૂઆત ૧૮૯૬માં મુંબઈ (તત્કાલીન બૉમ્બે) ખાતે ફાટી નીકળેલી જીવલેણ મહામારી બાદ થઈ હતી. રોગને નિયંત્રિત કરવા સરકારે ચોથી ફેબ્રુઆરી ૧૮૯૭ના રોજ 'એપિડેમિક ડિઝીઝ ઍક્ટ' પસાર કર્યો હતો.

## ૧૮૯૭-આસામ મહાભૂકંપ:




ઈશાન ભારતનું આ રાજ્ય વિસ્તૃત નદીવિસ્તાર ધરાવે છે. અહીં ભૂકંપ અવારનવાર થયાના દાખલા છે. ૧૮૯૭, ૧૯૩૦ અને ૧૯૫૦ના ભયાનક ભૂકંપો આજે પણ લોકો નથી ભૂલ્યા. ૧૮૯૭નો ભૂકંપ એટલો પ્રચંડ હતો કે આખું શિલોંગ શહેર માત્ર એક મિનિટમાં જમીનદોસ્ત થઈ ગયું હતું. તેના આંચકા સમગ્ર ભારતમાં (કલકત્તા, અમદાવાદથી લઈને પેશાવર સુધી) અનુભવાયા હતા. આશરે દોઢ હજાર લોકો મૃત્યુ પામ્યા હતા.

## ૧૯૦૧-પ્રથમ નોબેલ પ્રાઇઝની ઘોષણા:



સ્વિડિશ કેમિસ્ટ, એન્જિનિયર અને સંશોધક આલ્ફ્રેડ નોબેલની પાંચમી પુણ્યતિથિએ 'માનવજાત લાભ માટે સંશોધન' માટે નિમિત્ત બનતી વ્યક્તિ - સંસ્થાને નોબેલ પ્રાઇઝ આપવાનો પ્રારંભ થયો. શરૂઆતમાં ફિઝિક્સ, કેમેસ્ટ્રી, ફિઝિયોલૉજી ઓર મેડિસિન, લિટરેચર અને પીસ એમ પાંચ વિભાગમાં આપવામાં આવ્યું હતું. છઠ્ઠો વિભાગ 'ઇકોનૉમિક સાયન્સિસ' ૧૯૬૮માં ઉમેરવામાં આવ્યો હતો.

## ૧૯૦૩-રાઈટ બ્રધર્સ દ્વારા હવાઈ યુગનાં મંડાણ:



હવાઈ ઉદ્યોગના પાયામાં અમેરિકન બંધુ વિલબર અને ઓરવીલ રાઇટ દ્વારા ૧૭ ડિસેમ્બર, ૧૯૦૩ના દિવસે 'રાઇટ ફ્લાયર' નામના મનુષ્ય સંચાલિત પ્રથમ વિમાન ઉડ્ડયન સંપન્ન થયું. આ વિમાન ૧૨ સેકન્ડ સુધી હવામાં રહ્યું અને ૧૨૦ ફૂટનું અંતર કાપ્યું હતું. આ સંશોધનને પગલે વૈશ્વિક મુસાફરીમાં અને લશ્કરી વ્યૂહરચનામાં ક્રાંતિ આવી.

## ૧૯૦૫-સ્વદેશી આંદોલન:



વિદેશી માલના બહિષ્કારનું આંદોલન. એવા સ્વદેશીનું આંદોલન ૧૯૦૫માં શરૂ થયું. એ સમયના બંગભંગનું આંદોલન વખતે લોકોને લાગવા માંડ્યું કે આ ભાગલા આપણે વિદેશી માલ વાપરીએ છીએ તેને કારણે છે. આ માન્યતામાંથી વિદેશી માલના બહિષ્કાર રૂપે સ્વદેશીનું આંદોલન ચાલ્યું. સ્વદેશી સામાનના આગ્રહને કારણે સ્થાનિક ઉદ્યોગોને ઉત્તેજન મળ્યું અને એનો વિકાસ થયો. સાથે સમાંતર રાષ્ટ્રી શિક્ષણ પદ્ધતિ પણ ઊભરી.

## ૧૯૦૫-બંગાળ વિભાજન:




બ્રિટિશ સરકારની અન્યાયી તથા શોષણખોર નીતિથી બંગાળના શિક્ષિત વર્ગોમાં અસંતોષ ફેલાયો હતો. દેશભરમાં ઉગ્ર આંદોલનની સંભાવનામાં બંગાળ અગ્રેસર બને તેમ લાગતા લોર્ડ કર્ઝને ૧૯૦૩માં બંગાળના બે ભાગ પાડવાની યોજના તૈયાર કરી જેથી બંને ભાગમાં શિક્ષિત અને રાજકીય રીતે જાગ્રત હિન્દુ બંગાળીઓ લઘુમતીમાં આવી જાય. ૧૭મી જુલાઈ ૧૯૦૫ના રોજ આ વિભાજનની જાહેરાત કરવામાં આવી. તેના વિરોધમાં બંગાળ તથા સમગ્ર રાષ્ટ્રમાં બંગભંગ આંદોલનનો જન્મ થયો.

# મારી સફળતાનો આધારસ્તંભ મારા પિતા : હિમેશ રેશમિયા





હિમેશ રેશમિયાની સંગીત સફર આજે એક વિશાળ વારસો બની ગઈ છે. તેમની સંગીતની દુનિયામાં ૨૦૦ અબજથી વધુ વ્યૂઝ અને ૨૭૦૦થી વધુ સુપરહિટ ગીતોનો સમાવેશ થાય છે. જેમાંથી ૧૩૦૦થી વધુ બ્લોકબસ્ટર ફિલ્મી ગીતો છે, જ્યારે ૧૦૦૦થી વધુ સુપરહિટ નોન-ફિલ્મ મ્યુઝિક ગીતો તેમના પોતાના મ્યુઝિક લેબલ હિમેશ રેશમિયા મેલોડીઝ દ્વારા રજૂ કરવામાં આવ્યાં છે. આ ગીતોએ માત્ર YouTube પર જ પચીસ અબજથી વધુ વ્યૂઝ અને ૧૩ અબજથી વધુ ઓડિયો સ્ટ્રીમ્સનો આંકડો પાર કર્યો છે.



હિમેશ રેશમિયાની આ અદ્ભુત સંગીત યાત્રા પાછળ એક જ વ્યક્તિનો સૌથી મોટો ફાળો છે તેમના પિતા, ગુરુ અને સંગીતના દિગ્ગજ વિપિન રેશમિયાજીનો.

બાળપણથી જ વિપિનજીએ હિમેશને સંગીતના અમૂલ્ય પાઠ શીખવતી વખતે આપેલો એક સુવર્ણ મંત્ર હતો- ''મેલોડી''.

વિપિનજી માનતા હતા કે સંગીતમાં ઉચ્ચ કક્ષાની, રાગ આધારિત મેલોડી હોવી જોઈએ. ગીત બનાવતી વખતે રાગને શ્રોતાઓ માટે સરળ અને હૃદયસ્પર્શી બનાવવો જોઈએ તથા દરેક યુગ પ્રમાણે સંગીતના અવાજમાં નવીનતા લાવવી જોઈએ.

હિમેશે પોતાના પિતાના આ જ સિદ્ધાંતોને જીવનમાં ઉતાર્યા અને સફળતાનાં શિખરો સર કર્યાં.

હિમેશ રેશમિયા હંમેશાં કહે છે, ''મારી સફળતામાં મારા પિતાનો સૌથી મોટો ફાળો છે. તેમના આશીર્વાદ હંમેશાં મારી સાથે છે.''

પોતાના પિતા અને ગુરુ વિપિન રેશમિયાજી પર હિમેશને ખૂબ ગર્વ છે. તેમના પિતાની શીખ અને આશીર્વાદ હંમેશાં તેમની સંગીત યાત્રાનો આધાર રહેશે, એમ તે કહે છે.

તાજેતરમાં હિમેશની કેપ મેનિયા ટૂર લાઈવ કોન્સર્ટે ગ્રાન્ડ પ્રોડક્શન વેલ્યૂ સાથે અનેક શહેરોમાં નવા રેકોર્ડ બનાવ્યા. તેઓ એવા પ્રથમ અને એકમાત્ર ભારતીય કલાકાર બન્યા છે જેમનું નામ વિશ્વના ટોચના પોપ સ્ટાર્સની બ્લૂમબર્ગ યાદીમાં સામેલ થયું છે.

અભિનેતા તરીકે તેમની ગયા વર્ષે રજૂ થયેલી લેટેસ્ટ ફિલ્મ ''બેડએસ રવિ કુમાર'' ખૂબ ચર્ચામાં રહી અને વ્યાવસાયિક રીતે સફળ પ્રોજેક્ટ સાબિત થઈ. તેમની લોકપ્રિયતા અને બ્રાન્ડ વેલ્યૂને કારણે હિમેશે ૧૭થી વધુ મોટી બ્રાન્ડ્સ સાથે જાહેરાતના કરાર કર્યા છે.


''રવિ કુમાર''નું પાત્ર ખાસ કરીને 'Gen Z'માં ખૂબ લોકપ્રિય બન્યું છે. હવે હિમેશ સંગીતકાર, ગાયક કે અભિનેતા તરીકે પ્રોજેક્ટ કરવામાં ખાસ પસંદગી રાખે છે.

તેમના મ્યુઝિક લેબલ હિમેશ રેશમિયા મેલોડીઝએ સૂરજ બડજાત્યા દ્વારા દિગ્દર્શિત અને આયુષ્માન ખુરાના તથા શર્વરી અભિનીત ફિલ્મ ''યે પ્રેમ મોલ લિયા''ના મ્યુઝિક રાઈટ્સ પણ મેળવ્યા છે, જેમાં હિમેશનું સંગીત છે.


આ ઉપરાંત હિમેશ અને ઇમરાન હાશ્મી ૧૯ વર્ષ પછી ફરી એક સાથે ફિલ્મ ''ગનમાસ્ટર'' માટે જોડાઈ રહ્યા છે, જેનું મ્યુઝિક પણ હિમેશ રેશમિયા મેલોડીઝ દ્વારા રજૂ કરવામાં આવશે.

એક વાત નિશ્ચિત છે કે હિમેશ રેશમિયાની સફળતા પાછળ તેમના પિતા વિપિન રેશમિયાજીનું સંગીત, સંસ્કાર અને આશીર્વાદ સૌથી મોટી પ્રેરણા રહ્યા છે.

પિતાનો સાથ મળે તો સપનાઓ પણ સંગીત બનીને દુનિયા સુધી પહોંચે છે, એમ હિમેશ કહે છે.



## ૧૯૦૫-આઈન્સ્ટાઈનનો સાપેક્ષવાદનો સિદ્ધાંતઃ




જર્મન ભૌતિકશાસ્ત્રી આલબર્ટ આઇન્સ્ટાઇનની 'થિયરી ઑફ સ્પેશ્યલ રિલેટિવિટી'નું સત્તાવાર પ્રકાશન થયું હતું. ટાઇમ અને સ્પેસ નિરપેક્ષ નથી પણ નિરીક્ષકની દૃષ્ટિ અનુસાર સાપેક્ષ છે. એનાથી વિજ્ઞાન તત્ત્વપ્રણાલીમાં ઊથલપાથલ થઈ ગઈ.

## ૧૯૦૬-ઑલ ઈન્ડિયા મુસ્લિમ લીગની સ્થાપનાઃ



પાકિસ્તાનની રચના માટે ૩૦ ડિસેમ્બર, ૧૯૦૬ના દિવસે ઢાકામાં ઑલ ઇન્ડિયા મુસ્લિમ લીગની સ્થાપના ઢાકાના નવાબ સલીમુલ્લા અને નવાબ વકારુલ મુલ્કે કરી હતી. લીગની સ્થાપનાથી સ્વાતંત્ર્ય લડતમાં મૂળભૂત ફેરફાર થયા અને અંતે ૧૯૪૭માં ભારત - પાકિસ્તાનના ભાગલા પડ્યા.

## ૧૯૦૭-જમશેદપુરમાં ટાટા ફૅક્ટરીઃ



આપણા દેશના ઔદ્યોગિક ક્ષેત્રના વિકાસમાં જમશેદજી ટાટાનું બહુ મોટું યોગદાન છે. ભારતના સૌથી મોટા ઉદ્યોગ સમૂહ ટાટા જૂથના સંસ્થાપક હતા. તેઓને ભારતીય ઉદ્યોગજગતના પિતા માનવામાં આવે છે. દેશ અને વિદેશમાં સ્ટીલની અગ્રણી ઉત્પાદક કંપની તરીકે નામના મેળવનારી ટાટા સ્ટીલનો પ્રારંભ જમશેદપુરમાં થયો હતો. આ ઉદ્યોગથી જમશેદપુર ગામડામાંથી ઔદ્યોગિક શહેર બન્યું અને રાષ્ટ્રીય અર્થતંત્રમાં બદલાવ આવ્યો.

## ૧૯૦૯-ઉત્તર ધ્રુવ પર પહોંચ્યાનો દાવોઃ



અમેરિકન સંશોધક રોબર્ટ પિયરીએ દાવો કર્યો હતો કે તેઓ ૬ એપ્રિલ ૧૯૦૯ના દિવસે સૌથી પહેલાં ઉત્તર ધ્રુવ પર પહોંચ્યા હતા. શરૂઆતમાં આ દાવાને માન્યતા મળી હતી. જોકે, તેમના સાથીદાર ફ્રેડરિક કૂકે દાવો કર્યો હતો કે તેઓ પિયરી કરતાં એક વર્ષ પહેલાં, ૨૧ એપ્રિલ ૧૯૦૮ના રોજ ઉત્તર ધ્રુવ પર પહોંચી ગયા હતા. ઉત્તર ધ્રુવની સચોટ માહિતીથી વિશ્વના દરિયાઈ અને હવાઈ રૂટ બદલાયા.

## ૧૯૧૩-રવીન્દ્રનાથ ટાગોરને નોબેલ પુરસ્કારઃ



પ્રસિદ્ધ કાવ્યસંગ્રહ 'ગીતાંજલિ' માટે બંગાળના મૂઠી ઉંચેરા સર્જક રવીન્દ્રનાથ ટાગોરને વર્ષ ૧૯૧૩માં સાહિત્ય માટેનો નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. આ પુરસ્કાર મેળવનાર ટાગોર પ્રથમ ભારતીય તેમ જ પ્રથમ એશિયન વ્યક્તિ હતા. ગુલામીના સમયમાં અંગ્રેજો ભારતીયોને હીન માનતા હતા ત્યારે ટાગોરની સિદ્ધિએ દેશવાસીઓમાં નવો ઉત્સાહ અને ગર્વ પેદા કર્યા.

## ૧૯૧૨-ટાઈટેનિક જહાજની જળસમાધિઃ



બે હજાર બસોને આઠ મુસાફરો સાથે ઈંગ્લેન્ડથી ન્યૂ યૉર્ક જવા નીકળેલા વિશ્વવિખ્યાત જહાજ 'આરએમએસ ટાઇટેનિક'એ પહેલી જ સફરના પાંચ જ દિવસ પછી જળસમાધિ લીધી હતી. દરિયામાં રહેલી હિમશિલા સાથે અથડાવાને કારણે જહાજ ડૂબી ગયું અને ૧૫૦૦ લોકો મૃત્યુ પામ્યા. આ ગમખ્વાર અકસ્માત પછી દરિયાઈ સફર સંબંધિત નવા કાનૂન આવ્યા અને વૈશ્વિક સંપર્ક માધ્યમમાં ક્રાંતિ આવી.

## ૧૯૧૪-પહેલા વિશ્વયુદ્ધનો પ્રારંભઃ



ગુપ્ત ક્રાંતિકારી સંસ્થા બ્લેકહેન્ડના સભ્યએ ૨૮ જૂન, ૧૯૧૪ના દિવસે બોસ્નિયાની રાજધાની સારાયેવોની મુલાકાતે ગયેલા ઑસ્ટ્રિયાના યુવરાજ આર્ક ડ્યૂક ફર્ડિનાન્ડ અને તેની પત્નીની હત્યા કરતાં એ દિવસે પહેલા વર્લ્ડ વૉરની શરૂઆત થઈ. આ યુદ્ધની દૂરગામી અસરોને કારણે ઘણાં અર્થતંત્ર પાયમાલ થયાં અને બીજા વિશ્વ યુદ્ધનાં બીજ રોપાયાં.

## ૧૯૧૫-ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારત આવ્યાઃ



ગાંધીજી ૯ જાન્યુઆરી, ૧૯૧૫ના દિવસે દક્ષિણ આફ્રિકાથી કાયમ માટે ભારત પાછા આવ્યા હતા. ૨૧ વર્ષ સુધી દક્ષિણ આફ્રિકામાં રંગભેદ સામે લડ્યા બાદ ૪૫ વર્ષની વયે સ્વદેશ આવ્યા હતા. આ દિવસને ભારતમાં દર વર્ષે 'પ્રવાસી ભારતીય દિવસ' તરીકે ઊજવવામાં આવે છે. ભારત આવ્યા પછી તેમણે દેશની આઝાદીના સંગ્રામમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

## ૧૯૧૭-ચંપારણ સત્યાગ્રહઃ



ગાંધીજીના ભારત આગમન પછીનો દેશવ્યાપી મહત્ત્વ ધરાવતો પ્રથમ સત્યાગ્રહ. ૧૯૧૬માં બિહારના ચંપારણના ગળીના વાવેતર બાબતમાં સ્થાનિક ગરીબ ખેડૂતો અને ગોરા જમીનદારો વચ્ચેની સમસ્યાનો અભ્યાસ કરવા મળ્યો. ચંપારણમાં 'તીન કઠિયા'ની પ્રથા નાબૂદ કરવા, ખેડૂતોના શોષણનો અંત લાવવા અને એમની દુર્દશા દૂર કરવા ગાંધીજીએ સત્યાગ્રહની લડત ઉપાડી. 'તીન કઠિયા'નો કાયદો રદ કરવામાં આવ્યો. આ રીતે ચંપારણની પ્રથમ લડતમાં ગાંધીજીએ સમગ્ર દેશને સત્યાગ્રહની શક્તિનો પરિચય કરાવ્યો હતો.

## ૧૯૧૭-રશિયન બોલ્શેવિક ક્રાંતિઃ



'ઑક્ટોબર ક્રાંતિ', 'લાલ ઑક્ટોબર' વગેરે નામથી પણ ઓળખાતી આ ક્રાંતિ હકીકતમાં બોલ્શેવિક ક્રાંતિકારીઓનું રાજકીય આંદોલન હતું, જેનું નેતૃત્વ વ્લાદિમીર લેનિને કર્યું હતું. ફેબ્રુઆરીમાં થયેલી ક્રાંતિમાં તત્કાલીન રશિયન ઝાર નિકોલસ બીજાએ પોતાની ગાદીનો ત્યાગ કરવો પડ્યો હતો અને રશિયામાં કામચલાઉ સરકારની સ્થાપના થઈ હતી. આ ક્રાંતિએ વિશ્વભરના મજૂર વર્ગને પ્રેરણા આપી અને અન્ય દેશોમાં સામ્યવાદી પક્ષોની રચનાનો પાયો નાખ્યો.

## ૧૯૧૯-જલિયાંવાલા બાગ હત્યાકાંડઃ



ભારતમાં સ્વાતંત્ર્ય સંગ્રામની શરૂઆતની સૌથી ગોઝારી અને ઘાતક ઘટના. કાળો કાયદો તરીકે જાણીતા 'રોલેટ ઍક્ટ'ના સૌથી ગંભીર પ્રત્યાઘાતો પંજાબમાં પડ્યા. લશ્કરી અધિકારી ડાયરે જાહેર સભાઓ, સરઘસો, દેખાવો પર પ્રતિબંધ મૂકતો આદેશ બહાર પાડ્યો. ૧૩ એપ્રિલે જલિયાંવાલા બાગમાં આયોજિત એક સભાને વિખેરવાની સૂચના આપ્યા વિના બેફામ ગોળીબારનો આદેશ ડાયરે આપ્યો. આ નરસંહારમાં ૧૨૦૦ જણનાં મૃત્યુ થયાં અને ૩૬૦૦ જેટલા ગંભીર રીતે ઘવાયા હતા.

## ૧૯૧૯ - અર્નેસ્ટ રૂધરફર્ડે પ્રોટોન શોધી કાઢ્યોઃ



કોપર તાંબું કેમ છે અને ગોલ્ડ સોનું કેમ છે એ ધાતુના ધન વિદ્યુતભારિત કણ (પ્રોટોન)ની સંખ્યા નિર્ધારિત કરે છે. બ્રિટિશ વૈજ્ઞાનિક રૂધરફર્ડે આ સંશોધન પછી એટમિક અને ન્યુક્લિયર ફિઝિક્સમાં ઘણું રચનાત્મક કાર્ય કર્યું. આ સંશોધનને પગલે જીવન રક્ષક પ્રોટોન થેરપી સહિત અનેક તબીબી સારવાર અસ્તિત્વમાં આવી.


## ૧૯૨૦-અસહકાર આંદોલનઃ



૧૯૨૦ની પહેલી ઓગસ્ટે મહાત્મા ગાંધીની હાકલ અનુસાર અસહકાર આંદોલન શરૂ થયું. જલિયાંવાલા બાગ હત્યાકાંડ, રોલેટ એક્ટ અને ખિલાફત પ્રશ્ન અંગે ફેલાયેલો અસંતોષ આનાં મુખ્ય કારણો હતાં. ગાંધીજીએ અહિંસક પ્રતિકારના માર્ગે લોકોને સરકારી નોકરીઓ, અદાલતો, શાળાઓ, વિદેશી માલ અને સરકારી સન્માનોનો બહિષ્કાર કરવા અપીલ કરી ને આખો દેશ દિલથી જોડાયો.


પહેલીવાર સ્વાતંત્ર્ય ચળવળ ગામડાંઓ સુધી પહોંચી. આમ આદમી, ખેડૂતો, મજૂરો, વિદ્યાર્થીઓ, મહિલાઓ તથા વેપારીઓ મોટા પ્રમાણમાં રાષ્ટ્રીય આંદોલન સાથે જોડાયા. ૧૯૨૨માં ચૌરી ચૌરા ઘટના બાદ ગાંધીજીએ આંદોલન પાછું ખેંચી લીધું, પરંતુ ત્યાં સુધીમાં ભારતીય રાષ્ટ્રવાદને નવી દિશા મળી ચૂકી હતી. બ્રિટિશ શાસનને જનએકતાની શક્તિનો પરિચય મળી ગયો હતો.

## ૧૯૨૦-લીગ ઑફ નેશન્સની સ્થાપનાઃ



દુનિયાએ ભીષણ વિશ્વયુદ્ધનો સામનો કર્યો ને ભયંકર તારાજી થઈ. આપસમાં લડાઈ ન થાય અને દુનિયામાં શાંતિ જળવાઈ રહે એ હેતુથી એની સ્થાપના કરવામાં આવી. અમુક નાનાં સરસ કામ થયાં, પણ યુદ્ધ ન થાય એ મૂળ હેતુ સિદ્ધ ન થવાથી ૧૯૪૬માં એ બંધ કરવામાં આવી.

## ૧૯૨૨થી ૧૯૯૧- યુએસએસઆરઃ




વિશ્વના પ્રથમ કમ્યુનિસ્ટ સુપરપાવર તરીકે યુનિયન ઑફ સોવિયેત સોશ્યલિસ્ટ રિપબ્લિક તરીકે અસ્તિત્વમાં આવ્યું. બીજા વિશ્વયુદ્ધમાં નાઝી જર્મનીને પછાડાવમાં અગ્રેસર ભૂમિકા. 'કોલ્ડ વૉર'નાં વર્ષો દરમિયાન યુએસએ ને યુએસએસઆરનું વિશ્વ રાજકારણમાં પ્રભુત્વ હતું. અલબત્ત આર્થિક વિકાસનો અભાવ અને રાજકીય સુધારને પગલે ૧૯૯૧માં એનું પંદર પ્રજાસત્તાક દેશમાં વિઘટન થયું.

## ૧૯૨૫-આરએસએસની સ્થાપનાઃ



૧૯૨૫ની ૨૭ સપ્ટેમ્બરે વિજયાદશમીના દિવસે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની સ્થાપના કેશવ બલીરામ હેડગેવારે નાગપુરમાં કરી હતી. આ સંસ્થાનો મુખ્ય હેતુ હિંદુ સમાજમાં સંગઠન, શિસ્ત, સેવા અને સાંસ્કૃતિક એકતા મજબૂત કરવાનો હતો. થોડા સ્વયંસેવકો સાથે શરૂ થયેલી આ સંસ્થા આગળ જતાં દેશની સૌથી મોટી સ્વયંસેવક સંસ્થાઓમાંની એક બની. મહાત્મા ગાંધીની હત્યા બાદ તત્કાલીન ગૃહ પ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલે આરએસએસ પર પ્રતિબંધ મૂક્યો હતો.

આરએસએસે શિક્ષણ, સામાજિક સેવા, આપત્તિ રાહત અને રાષ્ટ્રીય જીવનના વિવિધ ક્ષેત્રોમાં અનેક સંસ્થાઓ ઊભી કરી. સ્વતંત્રતા પછી ભારતીય રાજકારણ અને સામાજિક ક્ષેત્રમાં તેના વિચારો અને કાર્યનો પ્રભાવ જોવા મળ્યો. બીજી તરફ, તેની વિચારધારા અને ભૂમિકા અંગે રાજકીય તથા શૈક્ષણિક ક્ષેત્રોમાં ચર્ચા અને મતભેદો પણ રહ્યા છે.

## ૧૯૨૮-પેનિસિલિનની શોધઃ



સ્કોટિશ વૈજ્ઞાનિક એલેક્ઝાન્ડર ફ્લેમિંગના ભૂલકણા સ્વભાવને કારણે કુદરતની કરામત માનવજાત માટે આશીર્વાદ એક વૈજ્ઞાનિક શોધ સાબિત થઈ. માનવજાતિ માટે પેનિસિલિન એક સૌથી ઉપયોગી ઔષધ બની રહ્યું. આ શોધથી એક પ્રકારના સૂક્ષ્મજીવો દ્વારા ઉત્પન્ન કરાતાં રસાયણોની મદદથી રોગકર્તા અન્ય સૂક્ષ્મજીવોનો નાશ કરવાની એક સાવ નવી જ ઉપચારપદ્ધતિ વિકસી.

## ૧૯૨૯ - ન્યૂ યૉર્ક સ્ટૉક્સ એક્સચેન્જ કડડડભૂસઃ



૨૯ ઑક્ટોબર, ૧૯૨૯ 'બ્લૅક ટ્યુઝડે' તરીકે નામચીન છે. મોટાપાયે સટ્ટાબાજી અને અન્ય કેટલાક કારણસર સ્ટૉક એક્સચેન્જનો ડાઉ જોન્સ એવો ગબડ્યો કે રોકાણકારો-ખેલાડીઓને અબજો રૂપિયાનું નુકસાન થયું. આ જોર કા ઝટકાની અસર લગભગ એક દાયકા સુધી વર્તાઈ.


## ૧૯૨૮-રામન ઈફેક્ટ જાહેરાતઃ



૧૯૨૮ની ૨૮ ફેબ્રુઆરીએ ભારતીય ભૌતિકશાસ્ત્રી સી. વી. રામને પ્રકાશના વિખેરણ સંબંધિત પોતાની મહત્ત્વપૂર્ણ શોધ રામન ઈફેક્ટની જાહેરાત કરી. તેમણે દર્શાવ્યું કે જ્યારે પ્રકાશ કોઈ પદાર્થમાંથી પસાર થાય છે, ત્યારે તેના નાના ભાગની તરંગ લંબાઈમાં ફેરફાર થાય છે. આ શોધ દ્વારા પદાર્થોની આંતરિક અણુ-રચના અને ગુણધર્મોનો અભ્યાસ શક્ય બન્યો. આ વૈજ્ઞાનિક સિદ્ધિ હતી, વિશ્વભરમાં ભારતીય વિજ્ઞાનની પ્રતિષ્ઠા વધારી. આ શોધ બદલ રામનને ૧૯૩૦માં ભૌતિકશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર એનાયત થયો. વિજ્ઞાન ક્ષેત્રે નોબેલ પારિતોષિક મેળવનારા તેઓ પ્રથમ ભારતીય વૈજ્ઞાનિક બન્યા હતા.

સી. વી. રામને ભારતીય યુવાનોમાં વૈજ્ઞાનિક સંશોધન પ્રત્યે રસ અને આત્મવિશ્વાસ જગાવ્યા. ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ચિકિત્સા અને ઔદ્યોગિક સંશોધનમાં રામન સ્પેક્ટ્રોસ્કોપીનો વ્યાપક ઉપયોગ થવા લાગ્યો. રામનની શોધની યાદમાં દર વર્ષે ૨૮ ફેબ્રુઆરીએ ભારતમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવાય છે.

## પૂર્ણ સ્વરાજની ઘોષણા-૧૯૩૦ઃ



પૂર્ણ સ્વરાજનો ઠરાવ અથવા તો ભારતના સ્વાતંત્ર્યની ઘોષણા રાષ્ટ્રીય મહાસભા દ્વારા ૨૬ જાન્યુઆરી ૧૯૩૦ના દિવસે મંજૂર કરવામાં આવી હતી. ૩૧ ડિસેમ્બર, ૧૯૨૯ના દિવસે લાહોર શહેરમાં રાવિ નદીના કિનારે ધ્વજ ફરકાવવામાં આવ્યો. આ દિવસના મહત્વને યાદ રાખવા માટે જ, ભારતમાં દર વર્ષે ૨૬ જાન્યુઆરીના રોજ પ્રજાસત્તાક દિવસ ઉજવવામાં આવે છે. આ ઘોષણા કરવામાં આવ્યા પછી દેશભરમાં લાખો ભારતીયોએ જાહેરમાં ત્રિરંગો લહેરાવીને બ્રિટિશ શાસનનો વિરોધ કર્યો અને સ્વતંત્રતા માટેના સત્યાગ્રહોમાં જોડાવા માટે એક નવી ઊર્જા મેળવી.

## ૧૯૩૦-મીઠાનો સત્યાગ્રહ- દાંડી કૂચઃ



૧૯૩૦ની ૭ એપ્રિલે ગાંધીજીએ દાંડીના દરિયાકિનારે મીઠું ઉપાડીને બ્રિટિશ સરકારના મીઠા કાયદાનો ભંગ કર્યો અને મીઠાના સત્યાગ્રહને વ્યાપક-ઐતિહાસિક સ્વરૂપ આપ્યું. ૧૨ માર્ચે બાપુએ સાબરમતી આશ્રમથી ૭૮ સાથીઓ સાથે ૩૯૦ કિ.મી.ની દાંડી કૂચ શરૂ કરી હતી. મીઠા પરના કર સામેનો આ વિરોધ માત્ર એક આર્થિક મુદ્દો ન રહેતા બ્રિટિશ શાસન સામેના સવિનય કાનૂનભંગ આંદોલનનું શક્તિશાળી પ્રતીક બન્યો.

મીઠું નાનામાં નાના આદમીની જરૂરિયાત એટલે આ સત્યાગ્રહે સ્વાતંત્ર્ય ચળવળને ગામડાંઓ સુધી પહોંચાડી અને લાખો સામાન્ય લોકોને આંદોલન સાથે જોડ્યા. મહિલાઓ, વિદ્યાર્થીઓ, ખેડૂતો અને મજૂરોએ પણ મોટી સંખ્યામાં ભાગ લીધો. આંદોલનને આંતરરાષ્ટ્રીય પ્રસિદ્ધિ મળી અને વિશ્વનું ધ્યાન ભારતના સ્વાતંત્ર્ય સંઘર્ષ તરફ દોરાયું. હજારો સત્યાગ્રહીઓની ધરપકડ છતાં જનઆક્રોશ વધતો રહ્યો. મીઠાનો સત્યાગ્રહ સ્વાતંત્ર્ય સંગ્રામના નિર્ણાયક વળાંક સાથે અહિંસક પ્રતિકારની શક્તિનું વૈશ્વિક પ્રતીક બન્યો.

## ૧૯૩૧-ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવને ફાંસીઃ



૧૯૩૧ની ૨૩ માર્ચે ત્રણ યુવા ક્રાંતિકારીઓ ભગતસિંહ, શિવરામ રાજગુરુ અને સુખરામ થાપરને લાહોરની સેન્ટ્રલ જેલમાં બ્રિટિશ સરકારે નિશ્ચિત સમય પહેલા ચુપચાપ ફાંસી આપી હતી. લાલા લજપતરાય પર થયેલા જીવલેણ લાઠીચાર્જનો બદલો લેવા માટે પોલીસ અધિકારી સોન્ડર્સની હત્યા અને સંસદમાં બૉમ્બ ફેંકવાના કેસમાં ત્રિપુટીને દોષિત ઠેરવાઇ હતું. ત્રણેયે ‘ઇન્કલાબ ઝિંદાબાદ’ ના નારા સાથે મોતને હસતે મોઢે આવકાર્યું હતું.

શહીદો માટે સમગ્ર દેશમાં શોક અને રોષની લાગણી ફેલાઈ ગઈ. આ બલિદાનથી યુવાનોમાં દેશભક્તિ અને સ્વાતંત્ર્ય માટે સંઘર્ષ કરવાની ભાવના વધુ પ્રબળ બની. આ ઘટનાએ બ્રિટિશ શાસન સામેનો વિરોધ વધુ તીવ્ર બનાવ્યો. આજે પણ ૨૩ માર્ચ શહીદ દિવસ તરીકે યાદ કરવામાં આવે છે.

## ૧૯30-૩૧-૩૨ ત્રણ ગોળમેજી પરિષદઃ



લંડનમાં ત્રણ ગોળમેજી પરિષદનું આયોજન થયું. એનો આશય ભારતમાં બંધારણીય સુધારા વિશે ચર્ચા કરવાનો હતો. જોકે બ્રિટિશ સરકારે સ્વરાજ્ય ઢીલમાં મૂકી તેમાં વિઘ્નો ઊભાં કરવા દેશના રાષ્ટ્રીય તત્ત્વોને બદલે કોમી, વર્ગીય, પ્રત્યાઘાતી તથા રાજાશાહી તત્ત્વોને ખાસ પ્રાધાન્ય આપ્યું હતું. આ પરિષદો ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા, ઍક્ટ ૧૯૩૫ લાવવામાં નિમિત્ત બની.

## ૧૯૩૭ બીજા વિશ્વ યુદ્ધના પ્રારંભનું નિમિત્તઃ



ચીનના બીજિંગ શહેરમાં જાપાન અને ચીનનાં લશ્કરી દળો વચ્ચે અથડામણ થઈ અને એ બીજા વિશ્વ યદ્ધ શરૂ કરવામાં નિમિત્ત બની. વિશાળ નરસંહાર થયો અને જગત મૂડીવાદી અને સામ્યવાદીમાં વહેંચાઈ ગયું. સાથે અણુયુગનાં મંડાણ થયાં. ૧૯૪૧માં જાપાને પર્લ હાર્બર પર આક્રમણ કરતા યુએસએ પણ વિશ્વ યુદ્ધમાં સામેલ થયું.

## ૧૯૪૨-ભારત છોડો આંદોલનઃ



૧૯૪૨ની ૮મી ઓગસ્ટે બ્રિટિશ શાસનનો મૃત્યુઘંટ વાગવાની શરૂઆત મુંબઈના ગોવાલિયા ટેન્ક મેદાન (આજનું ઑગસ્ટ ક્રાંતિ મેદાન) પર થઇ. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે અહીં ‘ભારત છોડો’ આંદોલનનો ઐતિહાસિક ઠરાવ પસાર કર્યો. આ પ્રસંગે ગાંધીજીએ ‘કરો કાં મરો’ નો પ્રસિદ્ધ આઝાદી મંત્ર આપ્યો. બ્રિટિશ શાસનને તાત્કાલિક ભારત છોડવાની આ પ્રચંડ હાકલ હતી.

બીજા જ દિવસે ગાંધીજી સહિતના મોટા ભાગના નેતાઓની ધરપકડ કરવામાં આવી.

નેતાઓ જેલમાં હોવા છતાં દેશમાં સ્વયંભૂ વિરોધ, હડતાલો, સરઘસો અને ભૂગર્ભ પ્રવૃત્તિઓ શરૂ થઈ. બ્રિટિશ સરકારના કડક દમનને સ્વાતંત્ર્યની માંગ વધુ પ્રબળ બનાવી. આ ક્રાંતિએ ૧૯૪૭ની આઝાદી માટે મજબૂત પાયો તૈયાર કર્યો.

## ૧૯૪૩-સ્ટાલિનગ્રાડમાં જર્મનીની હારઃ



૧૯૪૩ની બીજી ફેબ્રુઆરીએ સ્ટાલિનગ્રાડમાં યુદ્ધમાં જર્મન સેના સોવિયત સંઘ સમક્ષ ઘૂંટણીયે પડી. ૧૯૪૨ના ઓગસ્ટથી શરૂ થયેલું આ યુદ્ધ બીજા વિશ્વયુદ્ધની સૌથી ભયાનક અને નિર્ણાયક લડાઈઓમાં લાખો સૈનિકો અને નાગરિકો માર્યા ગયા હતા.

તે સમયે ભારત બ્રિટિશ શાસન હેઠળ હતું અને હજારો ભારતીય સૈનિકો મિત્રરાષ્ટ્રોની તરફેણમાં યુદ્ધમાં ભાગ લઈ રહ્યા હતા. સ્ટાલિનગ્રાડની જીતથી મિત્રરાષ્ટ્રોનો આત્મવિશ્વાસ વધ્યો અને ધરી રાષ્ટ્રોની હારની શક્યતા વધુ સ્પષ્ટ બની. આ ઘટનાએ ભારતીય રાજકીય નેતાઓ અને જનતામાં પણ આશા જગાવી કે બ્રિટિશ સામ્રાજ્યની શક્તિ અનંત નથી. આથી ભારતની સ્વતંત્રતા માટેના દબાણને મજબૂત બનાવવામાં પરોક્ષ યોગદાન મળ્યું.


## ૧૯૪૩-સુભાષચંદ્ર બોઝ અને આઝાદ હિંદ સરકારઃ



૧૯૪૩ની ૨૧ ઑક્ટોબરે સુભાષચંદ્ર બોઝે સિંગાપોરમાં આઝાદ હિંદની અસ્થાયી સરકારની સ્થાપનાની જાહેરાત કરી. આ સરકારને જાપાન, જર્મની સહિત અનેક દેશોએ માન્યતા આપી હતી. બોઝની આઝાદ હિંદ ફોજે બ્રિટિશ શાસન સામે સશસ્ત્ર સંઘર્ષ શરૂ કર્યો. બોઝના ‘તમે’ મને લોહી આપો, હું તમને આઝાદી આપીશ’ અને ‘જય હિંદ’ જેવાં સૂત્રો દેશભરમાં લોકપ્રિય બન્યાં. ૧૯૪૩ના અંતે જાપાને આંદામાન-નિકોબાર ટાપુઓનું પ્રતીકાત્મક નિયંત્રણ પણ આઝાદ હિંદ સરકારને સોંપ્યું.

આમ આઝાદ હિંદ ફોજે ભારતીયોમાં સ્વાતંત્ર્ય માટે બલિદાન અને રાષ્ટ્રીય ગૌરવની ભાવના વધુ સુદ્રઢ કરી. યુદ્ધ પછી આઝાદ હિંદ ફોજના અધિકારીઓ સામે ચાલેલા કેસોએ સમગ્ર દેશને ક્રોધિત કરીને બ્રિટિશ શાસનની ઊંઘ હરામ કરી નાખી. એક મત મુજબ આઝાદ હિંદ ફોજની અસરથી બ્રિટિશરોમાં ભારતીય સેનાની વફાદારી અંગે શંકા ઊભી થઈ, જે ભારતને સ્વતંત્રતા આપવાના નિર્ણયમાં એક મહત્ત્વપૂર્ણ પરિબળ બની.

## ૧૯૪૫-અમેરિકાએ અણુબૉમ્બ ઝીંક્યાઃ



(૧૯૪૫) અમેરિકાના :૩૩મા પ્રમુખ હેરી એસ. ટ્રુમેને બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન જાપાનના હિરોશિમા અને નાગાસાકી પર અણુબૉમ્બ ઝીંકવાનો આદેશ આપ્યો હતો અને પરિણામે ૬ ઓગસ્ટ ૧૯૪૫ અને ૯ ઓગસ્ટ ૧૯૪૫ના રોજ આ બંને શહેરો પર અમેરિકાનાં યુદ્ધ વિમાનોએ અણુબૉમ્બ ફેંકીને તબાહી મચાવી હતી. હિરોશિમા પર ઝીંકાયેલા અણુબૉમ્બને લીધે શહેરના લગભગ ૭૦થી ૮૦ હજાર લોકોનાં તત્કાળ મૃત્યુ થયાં હતાં અને નાગાસાકી પરના હુમલામાં અંદાજે ૬૦થી ૭૦ હજાર લોકોના મોત થયાં હતાં અને હિરોશિમા પરના હુમલામાં પણ એટલી જ સંખ્યામાં લોકો મૃત્યુ પામ્યા હતા. અણુબૉમ્બની અસર એટલી ભયાનક હતી કે ત્યાર બાદ મહિનાઓ સુધી લોકો કિરણોત્સર્ગ સંબંધી બીમારીઓ અને દાઝી જવાને લીધે મૃત્યુ પામતા રહ્યા હતાં. અણુ હુમલા પહેલાં પોસ્ટડમ કોન્ફરન્સમાં અમેરિકા અને એના સાથી દેશોએ જાપાનને બિનશરતી રીતે શરણે થવાનું અને જો શરણે ન થાય તો તત્કાળ વિનાશક પગલાંનું અલ્ટિમેટમ આપ્યું હતું. ઐતિહાસિક તબાહી રક્તરંજિત શબ્દોમાં ઇતિહાસને પાને અંકિત છે અને હજી સુધી અમેરિકાના આ ઘાતકી પગલાંની વિરુદ્ધમાં વિષદ ચર્ચાઓ થતી રહે છે.

## ૧૯૪૫ બે તાનાશાહનો અંતઃ



રાજકીય ફાસીવાદી વિચારસરણી શરૂ કરી ૧૯૨૨થી ૧૯૪૩ દરમિયાન ઈટલીમાં દમનકારી શાસન ચલાવનાર ઈટલી સરમુખત્યાર બેનિટો મુસોલિનીને દેહાંતદંડ આપવામાં આવ્યો. જર્મનીના આપખુદ અને યુદ્ધખોર સરમુખત્યાર એડોલ્ફ હિટલરે જર્મનીને પ્રગતિની ટોચ પર લઈ જઈ પછી પતનની ઊંડી ખીણમાં ફેંકી દીધું. ભયંકર વિનાશ વેર્યા પછી તેણે આત્મહત્યા કરી હતી.




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**


Central & Eastern Europe
13 NIGHTS 14 DAYS
URVI LUXURY DESTINATION PVT. LTD.
Where U & V meet to create memories.
Spain & Portugal
13 NIGHTS / 14 DAYS
અમારા ટુરની વિશેષતાઓ
PRAGUE | VIENNA | BRATISLAVA | BUDAPEST | LJUBLJANA | ZAGREB | SPLIT | DUBROVNIK
WORLD CLASS AIRLINES દ્વારા પ્રવાસ.
આપણા મહારાજ દ્વારા બનાવેલ સ્વાદિષ્ટ ભોજન (VEG & JAIN).
PRAGUE માં VINTAGE CAR ટૂર ની મુલાકાત.
VIENNA માં SCHRONBRUNN PALACE ની મુલાકાત.
BUDAPEST માં DANUBE RIVER CRUISE ની મુલાકાત.
WORLD FAMOUS PLITVICE LAKE NATIONAL PARK ની GUIDED ટુરની મુલાકાત.
CROATIA નું FAMOUS BEACH DESTINATION કહેવાતું SPLIT માં ૨ રાત્રીનો મુકામ.
SPLIT માં BOAT RIDE ની મુલાકાત.
TIPS & INSURANCE ટૂર કોસ્ટમાં સામેલ.
TRAVEL કરો AC DELUXE COACH માં ફક્ત URVI TOURS સાથે.
DEPARTURE DATES : SEP - 30 / OCT - 30
CONTACT US
NIRAV MEHTA : +91 80822 78468 / NAYAN SONI : +91 97570 25247 / HARDIK PAREKH - +91 99677 72530
અમારા ટુરની વિશેષતાઓ
World Class Airlines દ્વારા પ્રવાસ.
સંપૂર્ણ ટૂર દરમિયાન આપણા રાજસ્થાની મહારાજ દ્વારા બનાવેલ સ્વાદિષ્ટ ભોજન (Veg & Jain).
Barcelona મા La Sagrada Familia ની મુલાકાત.
Gibraltar ની સુંદરતા માણો.
Valencia ની San Jose Caves ની સુંદરતા માણો.
Alhambra સ્પેન ના છેલ્લા મુસ્લિમ રાજ્યનું હૃદય છે.
Seville મા Flamenco Show ની મુલાકાત.
Algarve મા Benagil Caves ની મુલાકાત.
Tips & Insurance ટૂર કોસ્ટમાં સામેલ.
Travel કરો AC Deluxe Coach મા ફક્ત Urvi Tours સાથે.
URVI TOURS IS THE ONLY COMPANY THAT PROVIDES 4 & 5 STAR HOTELS LOCATED IN THE CITY CENTER, NOT OUTSIDE THE CITY LIKE OTHERS.
DEPARTURE DATES FOR 2026 : OCT: 29 | NOV: 12
CONTACT US
NIRAV MEHTA : +91 80822 78468 / NAYAN SONI : +91 97570 25247 / HARDIK PAREKH - +91 99677 72530
OTHER SECTORS : ARCTIC / ALASKA & CANADA / CENTRAL EUROPE / JAPAN / ICELAND / SCANDINAVIA / TURKEY / USA / AUSTRALIA / CHINA / KENYA
SOUTH AMERICA / NEW ZEALAND / VIETNAM / SOUTH AFRICA / ANTARTICA / EGYPT / JORDAN / BALTIC / GREENLAND / SPAIN & PORTUGAL.
ADDRESS : 1/A, PALM VIEW BUILDING, L.N. ROAD, NR. SWAMINARAYAN TEMPLE, OPP. VIDYALANKAR CLASSES, DADAR (E), MUMBAI - 400014
CONTACT : +91 98927 20353 | INFO@ULDESTINATION.COM | WWW.ULDESTINATION.COM

## ૧૯૪૫-બીજા વિશ્વયુદ્ધની સમાપ્તિઃ




વિશ્વના પાંચ ખંડના ૪૭ દેશને સંડોવતા ભયંકર યુદ્ધનો અંત આવ્યો. પ્રથમ વિશ્વયુદ્ધ બાદ વિશ્વમાં શાંતિ તથા સલામતી જાળવવા તેમ જ ફરીથી ભયંકર માનવસંહાર ન થાય એ માટે કોશિશ કરવામાં આવી. જોકે માત્ર બે દાયકા બાદ વધુ ભયંકર વિશ્વયુદ્ધ થયું અને છ વર્ષ ચાલ્યું. બીજા વિશ્વયુદ્ધનું એક ઉપકારક પરિણામ સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુનો)ની સ્થાપનાનું હતું. દુનિયાના લોકોમાં વિશ્વશાંતિ તથા સલામતીની ઝંખના પહેલાં કરતાં પણ ઘણી વધારે તીવ્ર બની.


## ૧૯૪૬-ભારતીય બંધારણ સભાની પ્રથમ બેઠકઃ



૧૯૪૬ની ૯મી ડિસેમ્બરે ભારતીય બંધારણસભાની પ્રથમ બેઠક નવી દિલ્હીમાં યોજાઈ હતી. ભારત માટે સ્વતંત્ર અને લોકશાહી બંધારણ ઘડવાના હેતુથી રચાયેલી સભાના કામચલાઉ અધ્યક્ષ સચ્ચિદાનંદ સિન્હા હતા ને ૨૦૭ સભ્યો હાજર રહ્યા હતા. પછીથી રાજેન્દ્ર પ્રસાદ કાયમી અધ્યક્ષ તરીકે ચૂંટાયા. મુસ્લિમ લીગે શરૂઆતમાં આ બેઠકનો બહિષ્કાર કર્યો હતો. આગળ જતાં બી. આર. આંબેડકરના નેતૃત્વ હેઠળ વિવિધ સમિતિઓએ બંધારણના ઘડતરમાં સિંહ ફાળો આપ્યો હતો.

આ બેઠક સાથે ભારતના લોકશાહી ભવિષ્યની ઔપચારિક શરૂઆત થઈ. લગભગ ત્રણ વર્ષ સુધી ચાલેલી ચર્ચાઓ અને વિચારવિમર્શ પછી ભારતીય બંધારણ તૈયાર થયું હતું.


## ૧૯૪૭-પાકિસ્તાન સ્વતંત્ર બન્યુંઃ



૧૪ ઑગસ્ટ ૧૯૪૭ના રોજ પાકિસ્તાન બ્રિટિશ શાસનમાંથી સ્વતંત્ર અને ભારતથી અલગ થયું. મોહમ્મદ અલી ઝીણા પ્રથમ ગવર્નર જનરલ બન્યા. પાકિસ્તાનમાં પશ્ચિમ પાકિસ્તાન (આજનું પાકિસ્તાન) અને પૂર્વ પાકિસ્તાન (આજનું બાંગ્લાદેશ)નો સમાવેશ થતો હતો. વિભાજન ધાર્મિક આધારે કરવામાં આવ્યું હતું, જેમાં મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારો પાકિસ્તાનમાં અને બાકીના વિસ્તાર ભારતમાં સમાવાયા હતા.

ભારત-પાકના વિભાજનથી ઇતિહાસનું સૌથી મોટું માનવ સ્થળાંતર થયું, જેમાં કરોડો લોકો સરહદ પાર કરવા મજબૂર બન્યા. સાંપ્રદાયિક હિંસામાં લાખો લોકોના જીવ ગયા અને અસંખ્ય પરિવારો વિખેરાઈ ગયા. વિભાજનના પરિણામે કાશ્મીર સહિતના સરહદી પ્રશ્નો ઊભા થયા, જે આગળ જઈને ભારત-પાકિસ્તાન સંબંધોમાં મુખ્ય મુદ્દા બન્યા.

## ૧૯૪૭-ભારત સ્વતંત્ર દેશઃ



૧૯૪૭ની ૧૫મી ઑગસ્ટે ભારત લગભગ ૨૦૦ વર્ષની બ્રિટિશ ગુલામીમાંથી મુક્ત થઈ સ્વતંત્ર રાષ્ટ્ર બન્યું. દાયકાઓના સ્વાતંત્ર્ય સંગ્રામ, અસંખ્ય બલિદાનો અને રાજકીય આંદોલનોના પરિણામે આ ઐતિહાસિક દિવસ આવ્યો. જવાહરલાલ નહેરુ પ્રથમ વડા પ્રધાન ને લોર્ડ માઉન્ટબેટન પ્રથમ ગવર્નર જનરલ બન્યા. સ્વતંત્રતા સાથે જ ભારતના વિભાજનને કારણે ભારે માનવ સ્થળાંતર અને સાંપ્રદાયિક હિંસાનો વિષાદમય સમય પણ આવ્યો.

ભારતને રાજકીય, આર્થિક અને સામાજિક ભવિષ્ય ઘડવાની સ્વતંત્રતા મળી. લોકશાહી, ધર્મનિરપેક્ષતા અને સમાનતાના સિદ્ધાંતો પર આધારિત નવા રાષ્ટ્રના નિર્માણની લાંબી મજલ શરૂ થઈ. ૧૫મી ઑગસ્ટ ફક્ત સત્તા હસ્તાંતરણનો દિવસ નહોતો, પરંતુ આધુનિક ભારતની નવી આશાઓના યુગની શુભારંભની ઐતિહાસિક ક્ષણ હતી.

## ૧૯૪૭-કાશ્મીરનું ભારતમાં વિલીનીકરણઃ



૧૯૪૭ની ૨૬ ઑક્ટોબરે કાશ્મીરના મહારાજા હરિસિંહે હસ્તાક્ષર કરીને જમ્મુ- કાશ્મીરનું ભારત સાથેના વિલીનીકરણ પર મત્તુ માર્યું. ભારતની સ્વતંત્રતા પછી જમ્મુ-કાશ્મીર એક દેશી રાજ્ય તરીકે સ્વતંત્ર રહેવાની મથામણમાં હતું. જોકે ૧૯૪૭ના ઑક્ટોબર માં પાકિસ્તાન તરફથી સમર્થિત કબીલાઈ આક્રમણકારો કાશ્મીરમાં ઘૂસી આવ્યા. હરિસિંહે ભારતની લશ્કરી મદદ માંગી. ભારત સરકારે વિલીનીકરણના દસ્તાવેજ પર હસ્તાક્ષર બાદ જ મદદ મોકલવાનો નિર્ણય લીધો. હસ્તાક્ષર બાદ ભારતીય સેના શ્રીનગર પહોંચી અને પ્રથમ ભારત-પાક યુદ્ધ શરૂ થયું.

જમ્મુ-કાશ્મીર ભારતનો અભિન્ન ભાગ બન્યો, પરંતુ કાશ્મીર પ્રશ્ન ભારત-પાકિસ્તાન સંબંધોમાં સૌથી વિવાદાસ્પદ મુદ્દો બની ગયો. આ વિલીનીકરણના પરિણામે અનેક યુદ્ધો, સરહદી તણાવો અને રાજકીય વિખવાદો સર્જાયા. કાશ્મીરનું વ્યૂહાત્મક, સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય મહત્ત્વ ભારત માટે સતત કેન્દ્રસ્થાને રહ્યું છે.

## ૧૯૪૮-મહાત્મા ગાંધીની હત્યાઃ



૧૯૪૮ની ૩૦ જાન્યુઆરીએ નવી દિલ્હીના બિરલા હાઉસ ખાતે સાંજની પ્રાર્થના સભામાં ગાંધીજીની હત્યા થઈ હતી. નથુરામ ગોડસેએ ૭૮ વર્ષના ગાંધીજી પર એકદમ નજીકથી ગોળી છોડી હતી. ભારતને આઝાદી મળ્યાના પાંચ જ મહિના પછી બનેલી આ ઘટનાએ સમગ્ર દેશ ને દુનિયાને હચમચાવી નાખી. અહિંસા, સત્ય, ધાર્મિક સહિષ્ણુતા અને સામાજિક એકતાના પ્રખર ઉપાસક ગાંધીજીને વૈચારિકને બદલે હિંસા ને નફરતથી જવાબ અપાયો.

રાષ્ટ્રપિતા તરીકે સન્માનિત બાપુની હત્યાથી લાખો લોકોએ પોતાના પ્રિય નેતાને ગુમાવ્યાનું દુઃખ અનુભવ્યું. ગાંધી વિચારો ભારતની રાજકીય, સામાજિક અને નૈતિક દિશા માટે પ્રેરણાસ્રોત હતા.

## ૧૯૪૮-વિશ્વ આરોગ્ય સંસ્થાની સ્થાપનાઃ



દુનિયાના તમામ લોકોનું સ્વાસ્થ્ય ઉચ્ચ કક્ષાનું બને એ માટે વિશ્વ આરોગ્ય સંસ્થા - વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઇઝેશનની સ્થાપના કરવામાં આવી હતી. સંસ્થાના બંધારણમાં સ્વાસ્થ્ય એટલે માંદગી કે રોગની ગેરહાજરી એટલું જ નહિ, સ્વાસ્થ્ય એટલે શારીરિક, માનસિક અને સામાજિક સુઅવસ્થાની સ્થિતિ એવી સ્પષ્ટતા કરવામાં આવી છે.

## ૧૯૪૯-'નાટો'ની સ્થાપનાઃ



૧૯૪૯ની ચોથી એપ્રિલ એટલે નોર્થ એટલાન્ટિક ટ્રીટી (નાટો)નો સ્થાપના દિન. બીજા વિશ્વયુદ્ધ પછી યુરોપમાં વધતા સોવિયેત પ્રભાવ અને સુરક્ષા અંગેની ચિંતાઓને ધ્યાનમાં રાખીને અમેરિકા, બ્રિટન, કેનેડા, ફ્રાન્સ સહિત ૧૨ દેશો નાટો કરાર હેઠળ સાથે આવ્યા હતા. આનો મુખ્ય સિદ્ધાંત 'એક સભ્ય પર હુમલો એટલે તમામ સભ્યો પર હુમલો' હતો. શીત યુદ્ધ દરમિયાન પશ્ચિમી દેશોના આ મુખ્ય લશ્કરી ગઠબંધનનો વૈશ્વિક રાજકારણમાં ભારે દબદબો હતો.

નાટોની ભારત પર મોટી પરોક્ષ અસર થઈ. ભારતે આ ગઠબંધન રાજકારણથી દૂર રહી બિનજોડાણવાદની નીતિ અપનાવી, જેનું નેતૃત્વ જવાહરલ નહેરુએ કર્યું. નાટો અને શીત યુદ્ધે ભારતની વિદેશ નીતિ, સંરક્ષણ વ્યૂહરચના અને આંતરરાષ્ટ્રીય સંબંધો પર લાંબા ગાળાની અસર પાડી.

## ૧૯૫૦-ભારત પ્રજાસત્તાક રાષ્ટ્ર બન્યુંઃ



૨૬ જાન્યુઆરી ૧૯૫૦થી ભારતનું બંધારણ અમલમાં આવ્યું અને ભારત સત્તાવાર રીતે પ્રજાસત્તાક રાષ્ટ્ર બન્યું. આ સાથે બ્રિટિશ ક્રાઉન સાથેના બાકીના બંધારણીય સંબંધોનો કાયમી અંત આવ્યો. આ દિવસે ડો. રાજેન્દ્ર પ્રસાદે ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા. ૨૬ જાન્યુઆરીનો દિવસ ૧૯૩૦ના પૂર્ણ સ્વરાજ્યના ઐતિહાસિક સંકલ્પની યાદમાં પસંદ કરાયો હતો.

આ સાથે ભારત એક સાર્વભૌમ, લોકશાહી અને બંધારણ આધારિત પ્રજાસત્તાક તરીકે સ્થાપિત થયું. નાગરિકોને મૂળભૂત અધિકારો મળ્યા અને કાયદા સમક્ષ સમાનતાની ખાતરી આપવામાં આવી. સંસદીય લોકશાહી, સ્વતંત્ર ન્યાયતંત્ર અને સંઘીય શાસનવ્યવસ્થાનો પાયો મજબૂત બન્યો. આધુનિક ભારતના રાજકીય અને લોકશાહી જીવનના પાયાનો આ દિવસ દર વર્ષે પ્રજાસત્તાક દિવસ તરીકે ઉજવાય છે.

## ૧૯૫૧-૫૨-પ્રથમ લોકસભા ચૂંટણીઃ



બ્રિટિશ ગુલામીમાંથી આપણને ૧૯૪૭માં સ્વાતંત્ર્ય મળ્યું. આઝાદ ભારતમાં પ્રથમ લોકસભા ચૂંટણી ૨૫ ઑક્ટોબર ૧૯૫૧થી ૨૧ ફેબ્રુઆરી ૧૯૫૨ દરમિયાન યોજાઈ હતી. પ્રથમ ચૂંટણીમાં લોકસભાની ૪૮૯ બેઠક માટે કુલ ૬૮ તબક્કામાં મતદાન થયું હતું. આ ચૂંટણીમાં ૫૩ રાજકીય પક્ષોએ ઝુકાવ્યું હતું. ૨૧ વર્ષથી વધુ ઉંમરના ૧૭ કરોડ મતદાતાઓએ ચૂંટણીમાં મતદાન કર્યું હતું.

## ૧૯૫૨-પ્રથમ હાઇડ્રોજન બૉમ્બઃ



બીજા વિશ્વયુદ્ધમાં ૧૯૪૫માં જાપાન પર બૉમ્બવર્ષા કર્યા પછી યુએસએ દ્વારા વિશ્વના સર્વપ્રથમ હાઇડ્રોજન બૉમ્બનો સફળતાપૂર્વક વિસ્ફોટ થયો. યુએસના આ પ્રદર્શન પછી સોવિયેત યુનિયને પણ તેના અણુ વિકાસ કાર્યક્રમોને વેગ આપ્યો અને આજે કેટલાક દેશ અત્યંત ઘાતક અણુ શસ્ત્રો ધરાવે છે.

## ૧૯૫૨-પ્રથમ પોલિયો વૅક્સિનઃ



અમેરિકન ફિઝિયોલૉજિસ્ટ અને વાયરોલૉજિસ્ટ જોનસ સોલ્કએ વિશ્વની સર્વપ્રથમ અસરકારક પોલિયો રસી - વૅક્સિન તૈયાર કરી. આ રસીની શોધને કારણે ૧૯૫૨માં પોલિયોના કેસ ૫૮ હજાર હતા જે ૧૯૬૨માં ઘટીને એક હજાર થઈ ગયા. વિશ્વના ૯૯.૯% દેશમાંથી પોલિયો નાબૂદ થઈ ગયો છે. બાળમૃત્યુ દરમાં ઘટાડો થયો.

## ૧૯૫૨-ઓલિમ્પિક્સમાં ભારતને પહેલો વ્યક્તિગત મેડલઃ





ઓલિમ્પિક્સની કુસ્તી સ્પર્ધામાં ભારતના પહેલવાન ખાશાબા જાધવને કાંસ્યચંદ્રક મળ્યો. ઓલિમ્પિક્સમાં મેડલ મેળવનારા પ્રથમ ભારતીયની સિદ્ધિ મેળવી. આ સિદ્ધિને પગલે ભારત કેવળ હોકી જેવી ટીમ ગેમમાં જ સફળતા મેળવી શકે છે એ ગ્રંથિ દૂર થઈ ગઈ. કુસ્તીના દાવપેચ અને એ ખેલ માટે જાગૃતિ આવી અને લગાવ વધ્યો.

## ૧૯૫૩-એવરેસ્ટ પ્રથમ વાર સર થયોઃ



સર એડમંડ હિલેરી (ન્યૂ ઝીલેન્ડ) અને શેરપા તેનઝિંગ નોર્ગે (નેપાળ-ભારતીય) ૨૯ મે, ૧૯૫૩ના રોજ દુનિયાના સૌથી ઊંચા શિખર માઉન્ટ એવરેસ્ટ પર સફળતાપૂર્વક પગ મૂકનાર પ્રથમ માનવીઓ બન્યા હતાઋઆ ઐતિહાસિક સિદ્ધિએ તેમને વૈશ્વિક ખ્યાતિ અપાવી હતી. આ સિદ્ધિએ પર્વતારોહણને એક વૈશ્વિક રમત બનાવી, નેપાળ અને ભારતને પ્રવાસન નકશા પર મૂક્યા, અને શેરપા સમુદાયને વિશ્વવ્યાપી માન અપાવ્યું. આ ઐતિહાસિક સિદ્ધિના પગલે પર્વતારોહણમાં ક્રાંતિ આવી. લોકોમાં પર્વતારોહણ અને ટ્રેકિંગ માટે લગાવ વધ્યો. હિમાલયની પર્વતમાળાઓમાં વૈશ્વિક અભિયાનો શરૂ થયા.

## ૧૯૫૩-ડીએનએ સંશોધનઃ



અમેરિકન જીવ વૈજ્ઞાનિક - બાયોલૉજિસ્ટ જેમ્સ વૉટ્સન, ફ્રાન્સિસ ક્રીકએ ડિઓક્સિરાઇબોન્યુક્લિક એસિડ - ડીએનએ તરીકે પ્રખ્યાત લગભગ તમામ જીવંત સજીવોની વૃદ્ધિ, વિકાસ અને કાર્ય માટે આનુવંશિક સૂચના ધરાવતા અણુની શોધ કરી. માનવીય લક્ષણો સ્થાપિત કરતા આ સંશોધનથી વારસાગત માહિતી આસાનીથી મળે છે.


## ૧૯૫૬-ભારતીય રાજ્યોનું પુનર્ગઠનઃ



૧ નવેમ્બર ૧૯૫૬ના રોજ સ્ટેટ્સ રિઓર્ગેનાઇઝેશન એક્ટના અમલ થકી ભારતના રાજ્યોની સરહદો મુખ્યત્વે ભાષાના આધારે ફરીથી નક્કી કરાઇ. સ્વતંત્રતા પછી વિવિધ ભાષાકીય સમુદાયોએ પોતાની ભાષા આધારિત રાજ્યોની માગ ઉઠાવી હતી. સ્ટેટ્સ રિઓર્ગેનાઇઝેશન કમિશનની ભલામણોના આધારે કેન્દ્ર સરકારે આ ઐતિહાસિક નિર્ણય લીધો. આથી રાજ્યોની સરહદોમાં ફેરફાર થયો અને ૧૪ રાજ્યો તથા ૬ કેન્દ્રશાસિત પ્રદેશોની નવરચના થઈ.

ભારતના વહીવટી ઇતિહાસના સૌથી મોટા પુનર્ગઠનની દૂરગામી અસર થઈ. ભાષાકીય અને સાંસ્કૃતિક ઓળખને માન્યતા મળતાં પ્રાદેશિક અસંતોષમાં ઘટાડો થયો અને લોકશાહી વધુ મજબૂત બની. લોકોને પોતાની ભાષામાં શિક્ષણ, વહીવટ અને જાહેર સેવાઓ મેળવવી સરળ બની. જોકે કેટલાક વિસ્તારોમાં નવી માગણીઓ પણ ઊભી થઈ હતી. ૧૯૫૬ની રાજ્ય પુનર્ગઠન કવાયત ભારતની એકતા અને વિવિધતા વચ્ચે સંતુલન સ્થાપિત કરનારી બની રહી.

## ૧૯૬૦-મહારાષ્ટ્ર અને ગુજરાતની રચનાઃ



૧ મે ૧૯૬૦ના રોજ ભાષાવાર રાજ્ય પુનર્ગઠનની પ્રક્રિયાના ભાગરૂપે દ્વિભાષી બોમ્બે રાજ્યનું વિભાજન કરીને મહારાષ્ટ્ર અને ગુજરાત એમ બે નવા રાજ્યોની રચના કરવામાં આવી. સ્વતંત્રતા પછી વિવિધ પ્રદેશોમાં ભાષાના આધારે અલગ રાજ્યની માંગ ઉઠી હતી. ગુજરાતમાં મહાગુજરાત આંદોલન અને મહારાષ્ટ્રમાં સંયુક્ત મહારાષ્ટ્ર ચળવળ લાંબા સમય સુધી ચાલી. આ માંગણીઓને ધ્યાનમાં રાખીને ભારત સરકારે બોમ્બે રાજ્યનું વિભાજન કરવાનો નિર્ણય લીધો. મુંબઈ મહારાષ્ટ્રની રાજધાની બન્યું, જ્યારે અમદાવાદ ગુજરાતની પ્રથમ રાજધાની બન્યું. ત્યારબાદ આયોજનબદ્ધ રીતે ગાંધીનગરને ગુજરાતની નવી રાજધાની તરીકે વિકસાવવામાં આવ્યું.

આ ઘટનાએ ભારતના સંઘીય માળખાને વધુ મજબૂત બનાવ્યું અને ભાષાકીય ઓળખને બંધારણીય માન્યતા આપી. લોકો પોતાની ભાષા અને સંસ્કૃતિ અનુસાર રાજ્યના વહીવટમાં વધુ અસરકારક રીતે ભાગ લઈ શક્યા. ગુજરાત અને મહારાષ્ટ્ર બંનેએ ત્યારબાદ ઔદ્યોગિક, કૃષિ, વેપાર અને આર્થિક ક્ષેત્રોમાં નોંધપાત્ર વિકાસ કર્યો.

## ૧૯૫૩-આંધ્ર રાજ્યની સ્થાપનાઃ



મદ્રાસ રાજ્યના તેલુગુ-ભાષી વિસ્તારોને અલગ કરીને આંધ્ર રાજ્યની રચના કરવામાં આવી હતી. ભાષાના આધારે રચાયેલું આ ભારતનું પ્રથમ રાજ્ય હતું. તેલુગુ ભાષી લોકો માટે એક અલગ રાજ્ય બનાવવાની માંગ ઘણા લાંબા સમયથી ચાલી રહી હતી. આ માટે પોટ્ટી શ્રીરામુલુ નામના સ્વતંત્રતા સેનાનીએ ૫૮ દિવસના આમરણ ઉપવાસ કર્યા હતા.


## ૧૯૫૭-સ્પુટનિક-૧ સેટેલાઇટ લોંચ થયુંઃ

સોવિયત યુનિયને ૪ ઓક્ટોબર ૧૯૫૭ના રોજ વિશ્વનું પ્રથમ આર્ટિફિશિયલ અર્થ સેટેલાઇટ- સ્પુટનિક-૧ સફળતાપૂર્વક લોન્ચ કર્યું હતું. ૮૩.૬ કિલોગ્રામ વજન ધરાવતું સેટેલાઇટ દર ૯૬.૨ મિનિટે પૃથ્વીનું પરિભ્રમણ કરતું હતું. આ સેટેલાઇટના લોન્ચ થવા સાથે વૈશ્વિક સ્પેસ રેસમાં ગતિ આવી હતી. અલબત્ત, આ સેટેલાઇટમાં

MUMBAI SAMACHAR
REGD.No. MCS/058/2024-26

# મુંબઈ સમાચાર

પરંપરા પરિવર્તન ૨૦૫ વર્ષ પ્રગતિ
બુધવાર, ૧લી જુલાઈ ૨૦૨૬ વિશેષ પૂર્તિ Section Two



કોઇ વૈજ્ઞાનિક સાધનો લઇ જવામાં આવ્યાં નહતાં, પરંતુ સોવિયત યુનિયનના આ સફળ પગલાંથી અમેરિકાના સ્પેસ સર્કલમાં ખળભળાટ મચી ગયો હતો અને એને 'પર્લ હાર્બર' અસર તરીકે ઓળખવામાં આવે છે... અમેરિકાએ તરત જ એ દિશામાં ચક્રો ગતિમાન કરીને નાસા ઊભી કરી હતી. બંને દેશો વચ્ચેની કોલ્ડ વોર ઉગ્ર બની હતી. જોકે ઓક્ટોબરમાં જ સેટેલાઇટની સિલ્વર-ઝીંક બેટરીની અસર મંદ પડી ગઇ હતી અને ૨૧ દિવસમાં રેડિયો ટ્રાન્સમિશન પણ શમી ગયું હતું અને ૪થી જાન્યુઆરી ૧૯૫૮ના રોજ સેટેલાઇટે એની ભ્રમણકક્ષાની ગતિ ગુમાવી દીધી અને બળી ગયું હતું.

## ૧૯૫૭-ચીનમાં એશિયન ફ્લૂ:



ચીનના ગુઇઝોઉ પ્રાંતમાંથી ૧૯૫૭ના ફેબ્રુઆરીમાં એશિયન ફ્લૂ મહામારીની શરૂઆત થઇ હતી. એચ૨એન૨ નામનો આ નવો વાયરસ જોતજોતામાં સમગ્ર ચીનમાં ફેલાઇ ગયો હતો અને એમાં સૌથી વધુ અસર હોંગકોંગને થઇ હતી. વિશ્વભરમાં પ્રસરેલા ફ્લૂએ અંદાજે ૨૦ લાખ લોકોને ભરખી લીધા હતા. મેથી જૂન સુધીમાં દરિયાઇ, હવાઇ અને અન્ય પ્રવાસથી થયેલી આવ-જાવને લીધે ફ્લૂ ઝડપથી પ્રસર્યો હતો અને જોતજોતામાં સાઉથઇસ્ટ એશિયામાં ફેલાયો હતો. જાપાન, સિંગાપોર અને ભારતમાં કેસ વધવા લાગ્યા હતા. જૂનના મધ્ય સુધીમાં મધ્ય પૂર્વના દેશો તથા યુનાઇટેડ કિંગડમ અને અમેરિકામાં પ્રસર્યો હતો. આ વાંચીને ૨૦૨૦માં ચીનથી શરૂ થઇને સમગ્ર વિશ્વમાં ફેલાયેલો કોવિડ એટલે કે કોરોના જરૂર યાદ આવી જશે.

## ૧૯૫૮-નાસાની રચના:




નાસાના ટૂંકા નામથી વધુ ઓળખાતી નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન એજન્સીએ એની સત્તાવાર કામગીરી ૧ ઓક્ટોબર ૧૯૫૮ના રોજ શરૂ કરી હતી અને એ સાથે અગાઉની નેશનલ એડ્વાઇઝરી કમિટી ફોર એરોનોટિક્સનો એમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. નાસાની રચના શીતયુદ્ધ સમયમાં સ્પેસ રેસને વધુ સંગીન બનાવવા અને એને વધુ ગતિશીલ બનાવવા તેમ જ અમેરિકાની એરોસ્પેસ રિસર્ચ તથા સ્પેસ સંશોધનાત્મક કામગીરીને વેગ આપવાના આશયથી કરવામાં આવી હતી. સોવિયત યુનિયને સ્પુટનિક લોન્ચ કર્યું કે તરત એના જવાબમાં અમેરિકાએ નાસાની સત્વરે રચના કરી હતી. નાસાએ પહેલો પ્રોજેક્ટ મર્ક્યુરી કર્યો હતો અને ૧૯૬૧ અને ૧૯૬૩ વચ્ચે અવકાશી અમેરિકનોને ભ્રમણકક્ષામાં મોકલ્યા હતા.

વરસો દરમિયાનની સઘન મહેનત અને જહેમતને અંતે નાસાએ અશક્યને શક્યમાં ફેરવી નાખતું કામ કર્યું હતું. આજે અમેરિકામાં એના ૨૦ સેન્ટર્સ અને બીજા એસ્ટાબ્લિશમેન્ટ્સ છે. સંખ્યાબંધ અમેરિકી કમર્શિયલ કંપનીઓ અને ઇન્ટરનેશનલ ભાગીદાર કંપનીઓ ધરાવે છે. નાસા પૃથ્વી સંબંધી વિજ્ઞાન, ક્લાઇમેટ, સૂર્ય, સોલાર સિસ્ટમ સહિતના ક્ષેત્રે રિસર્ચ કરે છે.

## ૧૯૫૫-વિયેટનામ વોરની શરૂઆત:



વિયેટનામ યુદ્ધનો સત્તાવાર આરંભ ૧ નવેમ્બર ૧૯૫૫ના રોજ થયો હતો. ઇતિહાસ એમ કહે છે કે અમેરિકાના મિલિટરી આસિસ્ટન્સ એડ્વાઇઝરી ગ્રૂપને (એમએએજી) દક્ષિણ વિયેટનામના લશ્કરને તાલીમ આપવા માટે ગોઠવી દીધું બરાબર એ જ વખતે વિયેટનામ વોરનાં મંડાણ થયાં હતાં. વિયેટનામનું યુદ્ધ ૧૯૭૫ સુધી ચાલ્યું હતું. દાયકાઓ સુધી ચાલેલાં આ યુદ્ધના વૈશ્વિક સ્તરે ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. જુલાઇ ૧૯૫૪માં જીનિવા સમજૂતી અનુસાર વિયેટનામ વિભાજિત થયું હતું... અને હો ચિન મિન્હે (ડેમોક્રેટીક રિપબ્લિક ઓફ વિયેટનામ) કોમ્યુનિસ્ટ નોર્થ વિયેટનામની સત્તા સંભાળી હતી, જ્યારે અમેરિકાએ સાઉથની લોકતાંત્રિક સરકારને ટેકો આપ્યો એટલું જ નહીં. એને શસ્ત્રો, લશ્કરી તાલીમ, નાણાકીય ભંડોળ સહિતની તમામ સહાય કરી હતી. પરિણામે નોર્થ અને સાઉથ વિયેટનામ વચ્ચે વરસો સુધી વોર ચાલી હતી.

૧૯૬૧માં અમેરિકી પ્રમુખ જ્હોન એફ કેનેડીએ લશ્કરી સહાય પ્રોગ્રામ વિસ્તારિત કરીને વધુ શસ્ત્રો અને નાણાં ભંડોળ આપ્યું હતું. એ સમયે ચાલતાં શીત યુદ્ધ દરમિયાન એવી ભીતિ અને માન્યતા હતી કે વિયેટનામમાં સામ્યવાદી સરકાર રચાશે તો સામ્યવાદ સમગ્ર સાઉથઇસ્ટ એશિયામાં પ્રસરશે ને લોકતાંત્રિક દેશો ખતરામાં આવી પડશે.

## ૧૯૬૦-ગર્ભનિરોધક ગોળીઓ બજારમાં આવી:



પ્રથમ ગર્ભનિરોધક ગોળી-એનોવિડ-૧૦ ઓગસ્ટ ૧૯૬૦માં બજારમાં વેચવા મુકાઇ હતી. જી. ડી. શર્લે નામની ફાર્માસ્યુટિકલ કંપનીએ આ દવા બનાવી હતી અને એફડીએ (ફૂડ એન્ડ ડ્રગ એડ્મિનિસ્ટ્રેશન) એને સત્તાવાર મંજૂરી પણ આપી હતી. એફડીએએ ૨૩ જૂન ૧૯૬૦ના રોજ એના પર મંજુરીની મહોર મારી હતી. મોં વાટે ગળવા માટેની આ ગોળીથી ગર્ભધારણ પ્રક્રિયા અટકે છે....ત્યારબાદ સંખ્યાબંધ ફાર્માસ્યુટિકલ કંપનીઓએ ગર્ભનિરોધક ગોળીઓનું ઉત્પાદન શરૂ કર્યું હતું. આજે અનેક નામ અને બ્રાન્ડ સાથેની ગર્ભનિરોધક ગોળીઓ બજારમાં ઉપલબ્ધ છે અને આનો સીધો ફાયદો સંતતિનિયમન માટે થયો છે.

બાયોલોજિસ્ટ ગ્રેગરી નકસ, ગાયનેકોલોજિસ્ટ જ્હોન રોક અને એક્ટિવિસ્ટ માર્ગરિટ સેન્ગરે સાથે મળીને ગર્ભનિરોધક ગોળીઓનો પ્રોજેક્ટ હાથ ધર્યો હતો અને મોટા ભાગની નાણાંકીય સહાય કેથરિન મેકકોર્મેક નામની મહિલા દાતાએ કરી હતી. આરંભમાં અમેરિકામાં રૂઢીચુસ્ત માન્યતાઓ અને કાનૂની અડચણો નડી હતી, આમ છતાં ગર્ભનિરોધક ગોળીઓને ૧૯૬૦ના દાયકામાં જબરજસ્ત સફળતા મળી હતી.









## ૧૯૬૦-સિરિમાઓ ભંડારનાયકે શ્રીલંકાના વડાં પ્રધાન બન્યાઃ



સિરિમાઓ ભંડારનાયકે ૨૧મી જુલાઇ ૧૯૬૦ના રોજ શ્રીલંકાના (એ સમયનું સિલોન) પ્રથમ મહિલા વડાં પ્રધાન તરીકે ચૂંટાઇ આવીને વૈશ્વિક ઇતિહાસ રચ્યો હતો. ૧૯૫૯માં સિરિમાઓના વડાં પ્રધાન પતિ એસ. ડબલ્યુ. આર.ડી. ભંડારનાયકેની હત્યા બાદ તેઓ ખચકાટ સાથે રાજકારણમાં પ્રવેશ્યાં હતાં. પ્રથમ ટર્મ ૧૯૬૦-૧૯૬૫ દરમિયાન એમણે શ્રીલંકા ફ્રીડમ પાર્ટીને વિજય અપાવીને દેશનું સુકાન સંભાળ્યું હતું. આ દરમિયાન એમણે સમાજવાદથી લઇને બૌધવાદી સુધારણાઓ કર્યા હતા. ૧૯૭૦-૧૯૭૭ની બીજી ટર્મમાં એમણે મિશ્ર સરકાર સ્થાપી હતી અને ૧૯૭૨માં નવું બંધારણ કરીને દેશને બ્રિટિશ શાસનમાંથી અલગ કરાવ્યું.

૧૯૯૪-૨૦૦૦ની અંતિમ ટર્મમાં એમની પુત્રી ચંદ્રીકા કુમારતુંગા દેશના પ્રથમ પ્રમુખ તરીકે ચૂંટાઇ આવ્યાં અને એમણે એમની માતા સિરિમાઓને વડાં પ્રધાન તરીકે નિયુક્ત કર્યાં.

## ૧૯૬૦-યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસિએશનની સ્થાપનાઃ

૧૯૬૦માં યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસિએશનની રચના કરવામાં આવી હતી. આ સંગઠનની સ્થાપના ૩ મે ૧૯૬૦ના રોજ થઈ હતી જેનો મુખ્ય ઉદ્દેશ્ય સભ્ય દેશો વચ્ચે મુક્ત વેપાર અને આર્થિક એકીકરણને પ્રોત્સાહન આપવાનો હતો.એસોસિએશનના સ્થાપક સભ્યોમાં ઑસ્ટ્રિયા, ડેનમાર્ક, નોર્વે, પોર્ટુગલ, સ્વીડન, સ્વિટ્ઝર્લેન્ડ અને યુનાઇટેડ કિંગડમનો સમાવેશ હતો.

## ૧૯૬૧-યુરી ગેગરીન સ્પેસમાં જનારા પ્રથમ માનવઃ



સોવિયેત અંતરીક્ષ યાત્રી યુરી ગેગરીન વોસ્તોક-૧ અવકાશયાન સાથે ૧૨ એપ્રિલ ૧૯૬૧ના રોજ અંતરીક્ષમાં જનારો પ્રથમ માનવ હતો. એમના આ સ્વસંચાલિત...ઐતિહાસિક મિશને અવકાશ સંશોધનકાર્યમાં નવી ક્રાંતિ સર્જી હતી. એમનું બાહ્ય ભ્રમણ ૧૦૮ મિનિટ ચાલ્યું હતું. અલબત્ત, વોસ્તોક- અવકાશયાનમાં સોફ્ટ લેન્ડિંગ સિસ્ટમ ન હોવાથી યુરીએ પેરેસૂટ સાથે સાત હજાર મીટરની ઊંચાઇ પરથી સફળતાપૂર્વક ઉતરાણ કર્યું હતું. સ્પેસ ફોરમોની એક ઐતિહાસિક સર્વસંમતિ મુજબ યુરી ગેગરીન પહેલાં કોઇ માનવે સ્પેસમાં ગયા હોવાનો રેકોર્ડ નથી. એ સમયની સ્પેસ રેસ દરમિયાન સોવિયેત યુનિયનને ગર્વ અપાવનાર યુરી ગેગરીન રાતોરાત હીરો ઓફ ધી સોવિયેત બની ગયો હતો. એમના પરથી એક સાઇ-ફાઇ-હોરર ફિલ્મ બની હતી અને અને એક મ્યુઝિક બેન્ડે ગીત પણ રચ્યું હતું. ઠેરઠેર સ્ટેચ્યૂ મુકાયાં હતાં...અને ટપાલ ટિકિટ પણ બહાર પડી હતી.

## ૧૯૬૨-ભારત-ચીન યદ્ધઃ



ચીન અને ભારત વચ્ચે મેકમહોન લાઇન અને અક્સાઈ ચીનની સરહદ અંગે અસંમતિ હોવાને કારણે તેમ જ ચીનને નાખુશ કરી ૧૯૫૯માં તિબેટમાં બળવો થતાં ભારતે દલાઈ લામાને આશ્રય આપતા યુદ્ધ ફાટી નીકળ્યું હતું. ચીને એકપક્ષીય યુદ્ધવિરામ જાહેર કર્યો હતો. આ યુદ્ધને પગલે બંને દેશ વચ્ચેના સંબંધોનાં સમીકરણ કાયમ માટે બદલાઈ ગયાં.

## ૧૯૬૪-ચીનનું પ્રથમ અણુબૉમ્બ પરીક્ષણઃ



ચીને ૧૬ ઓક્ટોબર ૧૯૬૪ના રોજના ક્ષિન્જિયાંગ પ્રાંતના લોપ નુર ટેસ્ટ સ્થળે પ્રયોગ કર્યો હતો. જેનું કોડનેમ પ્રોજેક્ટ ૫૯૬ (મિસ ક્યૂ) હતું. અમેરિકાની ગુપ્તચર એજન્સીઓએ એને ચીક-૧ નામ આપ્યું હતું. અણુબૉમ્બમાં ૧૫ કિલો વેપન-ગ્રેડ યુરેનિયમ (યુ-૨૩૫)નો ઉપયોગમાં લેવાયું હતું, જે એના લેન્ઝુહુ એન્રિચમેન્ટ પ્લાન્ટમાં તૈયાર થયું હતું. ૧૯૫૦ના દાયકામાં સોવિયત યુનિયનની ટેક્નિકલ સહાયથી આ અણુ પ્રોજેક્ટ માટે સોવિયત સંઘે જ ચીનને યુરેનિયમ પૂરું પાડ્યું હતું, પરંતુ બંને વચ્ચેના સંબંધો બગડતા ચીને સ્વબળે અણુબૉમ્બ બનાવ્યો હતો. સોવિયત યુનિયને એમના એડ્વાઇઝરોને પાછાં બોલાવીને સહાય બંધ કરી દીધી હતી. પ્રોજેક્ટ ૫૯૬ની સફળતા બાદ ચીને એની અણુક્ષમતા વિકસાવવામાં ઝડપી પગલાં ભર્યાં હતા. જોકે આ પરિક્ષણ બાદ તરત જ ચીને એવા શપથ લીધા હતા કે એ ક્યારેય, કોઇપણ સંજોગોમાં, કોઇપણ સમયે અણુશસ્ત્રનો ઉપયોગ કરનારો પ્રથમ દેશ નહીં બને. ચીનના આ શપથનો અન્ડરટોન ઘણુંબધું કહી જાય છે.

## ૧૯૬૫-ભારત-પાક યુદ્ધ શરૂ :



૬ સપ્ટેમ્બર ૧૯૬૫ના રોજ ભારત અને પાકિસ્તાન વચ્ચે સંપૂર્ણ સ્તરનું યુદ્ધ શરૂ થયું. આ યુદ્ધ માટે કારણરૂપ હતા કાશ્મીરમાં પાકિસ્તાનની ઘૂસણખોરી અને સરહદ પર વધતો તણાવ. પાકિસ્તાને ઓપરેશન જિબ્રાલ્ટર હેઠળ કાશ્મીરમાં ઘૂસણખોરો મોકલ્યા હતા, જેને નાથવા ભારતે સૈન્ય કાર્યવાહી હાથ ધરી. ૬ સપ્ટેમ્બરે ભારતીય સેનાએ આંતરરાષ્ટ્રીય સરહદ પાર કરીને લાહોર તરફ આગળ વધતાં યુદ્ધ વધુ વ્યાપક બન્યું. જમીન, હવાઈ અને બખ્તરબંદ દળો વચ્ચે થયેલી લડાઈઓમાં બંને દેશોને ભારે નુકસાન થયું. રાષ્ટ્ર સંઘના હસ્તક્ષેપ બાદ ૨૩ સપ્ટેમ્બર ૧૯૬૫ના રોજ યુદ્ધવિરામ થયો.

આ યુદ્ધે ભારતની રાષ્ટ્રીય સુરક્ષા અને સૈન્ય ક્ષમતાને સુદ્દઢ બનાવવામાં મોટી ભૂમિકા ભજવી. ભારતીય સૈનિકોની બહાદુરી અને શૌર્યથી રાષ્ટ્રભાવનામાં વધારો થયો. સંરક્ષણ ક્ષેત્રમાં વધુ રોકાણ થયું અને સેનાના આધુનિકીકરણને વેગ મળ્યો. આત્મનિર્ભર સંરક્ષણ વ્યવસ્થા વિકસાવવાની જરૂરિયાતને પણ ઉજાગર થઇ.

## ૧૯૬૬-તાશ્કંદ કરારઃ



૧૦ જાન્યુઆરી ૧૯૬૬ના રોજ સોવિયેત સંઘના તાશ્કંદ શહેરમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે તાશ્કંદ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. ૧૯૬૫ના યુદ્ધ પછી શાંતિ સ્થાપવા માટે ભારતના વડા પ્રધાન લાલબહાદુર શાસ્ત્રી અને પાકિસ્તાનના રાષ્ટ્રપતિ અયુબ ખાને સોવિયેત વડા પ્રધાન એલેક્સી કોસીજીનની મધ્યસ્થીમાં આ કરાર કર્યો હતો. કરાર મુજબ બંને દેશોએ યુદ્ધ પહેલાંની સ્થિતિ પર પાછા ફરવા, કબજામાં લીધેલા વિસ્તારો પરત કરવા અને પરસ્પર સંબંધો સુધારવાના પ્રયાસો કરવા સંમતિ આપી. કમનસીબે, કરાર પર હસ્તાક્ષર કર્યા પછી તે જ રાત્રે લાલ બહાદુર શાસ્ત્રીનું તાશ્કંદમાં અચાનક અવસાન થયું, જે સમગ્ર દેશ માટે આઘાતજનક ઘટના બની.

આ કરારથી ભારત અને પાકમાં તાત્કાલિક શાંતિ સ્થાપિત થી. ભારતની વિદેશ નીતિમાં શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ અને રાજદ્વારી વાટાઘાટોના મહત્વને વધુ મજબૂતી મળી. શાસ્ત્રીજીના નેતૃત્વ, સાદગી અને દેશપ્રેમને કારણે તેઓ રાષ્ટ્રીય પ્રેરણાના પ્રતિક બન્યા.


## ૧૯૬૪-પ્રથમ હાઇસ્પીડ ટ્રેન-ટોકિયોઃ



જાપાન બુલેટ ટ્રેનનો જન્મદાતા દેશ છે. જાપાનીઝ ભાષામાં બુલેટ ટ્રેનને સિન્કનસેન કહેવાય છે. હાઇ સ્પીડ ટ્રેનનું આખું નેટવર્ક ટોકિયોને દેશના અન્ય પ્રાંતો સાથે જોડવાના આશયથી ડેવલપ કરવામાં આવ્યું હતું. ૧૯૬૪માં ટોકિયો સમર ઓલિમ્પિક્સના થોડા સમય પહેલાં જાપાનનાં ચાર મોટાં શહેરો-ટોકિયો, યોકોહામા, નાયોયા અને ઓસાકાને જોડવા પ્રથમ બુલેટ ટ્રેન શરૂ થઇ હતી.

ટૂંક સમયમાં વિશ્વભરમાં બુલેટ ટ્રેનનું નામ પ્રચલિત થઇ ગયું. યુરોપના અન્ય દેશોએ પણ બુલેટ ટ્રેન દોડાવવાનું શરૂ કર્યું જેમાં સૌથી પહેલું ઇટલી હતું. ત્યારબાદ ફ્રાન્સ, જર્મની અને સ્પેને પણ અનુકરણ કર્યું. ચીન પણ હાઇ સ્પીડ ટ્રેનની રેસમાં બાકાત રહ્યું નથી. એણે પણ ઝડપી ટ્રેનનું નેટવર્ક ડેવલપ કરીને ટ્રેનો દોડાવવાનું શરૂ કરી દીધું છે. આજનો યુગ ઝડપનો છે. દરેકને પોતાના સ્થળે ઝડપથી પહોંચવું છે...બુલેટ ટ્રેન સમય બચાવવાનું આધુનિક વાહન છે....ભારતમાં પણ બુલેટ ટ્રેન ધસમસતી આવી રહી છે. બસ થોડા ઓર ઇન્તેજાર.

## ૧૯૬૯-કોન્કોર્ડ ૦૦૧-સુપરસોનિક એરલાઇનરઃ



બ્રિટીશ એરક્રાફ્ટ કોર્પોરેશન અને સુદ એવિયેશન દ્વારા સંયુક્ત રીતે ડેવલપ અને મેન્યુફેક્ચર કરેલું એન્ગ્લો-ફ્રેન્ચ સુપરસોનિક પ્લેન કોન્કોર્ડ આજે ભૂતકાળ બની ગયું છે, પણ એનો ઇતિહાસ સંગીન છે. બંને દેશોએ ૧૯૫૪માં આ વિષયમાં અભ્યાસ શરૂ કર્યો અને એને પગલે ૧૯૬૦માં સંધિ થઇ હતી. પરિણામે બીજી માર્ચ ૧૯૬૯ના રોજ ફ્રાન્સના તોઉલોસેથી કોન્કોર્ડને પહેલું ઉડ્ડયન કર્યું હતું. બુલેટ ટ્રેનની જેમ કોન્કોર્ડ એની સુપરસોનિક સ્પીડ માટે જગવિખ્યાત બન્યું હતું.

એર ફ્રાન્સે પેરિસથી રોઇસ્સી અને બ્રીટીશ એરવેઝે લંડન-હીથ્રોથી સુપરસોનિક ફ્લાઇટ સર્વિસ શરૂ કરી હતી. ૨૫મી જુલાઇ ૨૦૦૦ના રોજ એર ફ્રાન્સ ફ્લાઇટ-૪૫૯૦ ઉડ્ડન કરતાંની સાથે જ તૂટી પડ્યું હતું. જેમાં ૧૦૯ મુસાફરો અને ચાર ગ્રાઉન્ડ પરના કર્મચારીઓના મોત થયાં હતાં. આ એક જ ગમખ્વાર અકસ્માત થયો હતો. પણ ત્યારબાદ ૨૦૦૩માં બાકીના વિમાનોને સેવા રદ કરી દીધા હતા. ઉત્પાદન કરાયેલાં ૨૦માંથી ૧૮ જાળવી રખાયાં છે અને યુરોપ અને નોર્થ અમેરિકામાં જાહેર પ્રદર્શન માટે મુકાયાં છે.

## ૧૯૬૯-૧૪ બેંકોનું રાષ્ટ્રીયકરણઃ



૧૯ જુલાઈ ૧૯૬૯ના રોજ ભારત સરકારે દેશની ૧૪ મોટી વ્યાપારી બેંકોનું રાષ્ટ્રીયકરણ કર્યુ. વડાં પ્રધાન ઇન્દિરા ગાંધીની સરકારે બૅંકિંગ સેવાઓને સામાન્ય જનતા સુધી પહોંચાડવાના હેતુથી આ મહત્વપૂર્ણ નિર્ણય લીધો. ₹૫૦ કરોડથી વધુ થાપણવાળી બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવાનો મુખ્ય ઉદ્દેશ સામાજિક ન્યાય, આર્થિક સમાનતા અને વિકાસલક્ષી યોજનાઓ માટે નાણાંકીય સંસાધનોનો અસરકારક ઉપયોગ કરવાનો હતો. આને પગલે ગ્રામીણ વિસ્તારોમાં બેંક શાખાઓ વધી અને ખેડૂતો, નાના વેપારીઓ તથા ગરીબ વર્ગોને સરળતાથી ધિરાણ મળવા લાગ્યું. રાષ્ટ્રીયકરણ દેશના આર્થિક ઇતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ વળાંક સાબિત થયું.

## ૧૯૬૯-કૉંગ્રેસનું વિભાજનઃ



૧૯૬૯માં ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસનું વિભાજન થયું. તે સમયે વડાં પ્રધાન ઇન્દિરા ગાંધી અને કૉંગ્રેસના વરિષ્ઠ નેતાઓના જૂથ, (સિન્ડિકેટ) વચ્ચે મતભેદો વધી રહ્યા હતા. રાષ્ટ્રપતિ ચૂંટણી દરમિયાન ઇન્દિરા ગાંધીએ પક્ષના સત્તાવાર ઉમેદવારને બદલે સ્વતંત્ર ઉમેદવાર વી. વી. ગિરીને સમર્થન આપ્યું. આ મુદ્દે વિવાદ વધતાં કૉંગ્રેસ બે ભાગોમાં વહેંચાઈ ગઈઃ કૉંગ્રેસ (ઓ) અને કૉંગ્રેસ (આર).

આ વિભાજનથી ઇન્દિરા ગાંધીનું નેતૃત્વ વધુ મજબૂત બન્યું અને સત્તાનું કેન્દ્રીકરણ વધ્યું. વ્યક્તિકેન્દ્રિત નેતૃત્વના યુગને વેગ આપ્યો અને આગામી વર્ષોમાં ભારતીય રાજકારણના સમીકરણોમાં મોટા પરિવર્તનો લાવ્યાં.

## ૧૯૬૯-નીલ આર્મસ્ટ્રોંગ અને બઝ એલ્ડ્રીનની મૂન વોકઃ



૨૦મી જુલાઇ ૧૯૬૯ના રોજ લાખો લોકોની ઉત્સુકતાની વચ્ચે બે અમેરિકન અવકાશયાત્રીઓ- નીલ આર્મસ્ટ્રોંગ અને એડ્વિન બઝ એલ્ડ્રીને પહેલીવાર ચંદ્ર પર પગ મૂકીને ઇતિહાસ રચ્યો હતો. સમગ્ર વિશ્વના રેડિયો અને ટેલિવિઝન પર આ એક માત્ર સમાચાર પ્રસારિત થતા રહ્યા હતા. આ બે માનવીઓએ ભારીભરખમ અવકાશી કપડાં અને પીઠ પાછળ ઓક્સિજનના બાટલા સાથે ચાંદ પર પર ચાલી બતાવ્યું, કદાચ ત્યાર બાદ મૂનવોક શબ્દ વપરાશમાં આવ્યો હતો. નાસાના અપોલો પ્રોગ્રામનું અવકાશયાત્રીઓ સાથેનું આ પાંચમું મિશન હતું. કમાન્ડર નીલ આર્મસ્ટ્રોંગ અને લ્યૂનાર પાઇલટ એડિવન બઝ એલ્ડ્રીનની સાથે કમાન્ડ મોડ્યૂલ પાઇલટ માઇકલ કોલિન્સ પણ હતા. આ ત્રણેય એમની બીજી અને અંતિમ સફળ સ્પેસ યાત્રા હતી. કરોડો લોકોએ ટેલિવિઝન પર આ અવકાશયાત્રાને કુતૂહલ અને ઉત્સાહપૂર્વક જોઇ-માણી હતી. સ્પેસ રેસ સમયની આ ઐતિહાસિક ઘટના અવિસ્મરણીય બની રહી છે.

## ૧૯૬૯-ઇન્ટરનેટનું આગમનઃ



યુએસમાં બે યુનિવર્સિટીનાં બે કમ્પ્યુટર વચ્ચે ઇન્ટરનેટની મદદથી માહિતીની આપ-લે થઈ. આ સંશોધનને પગલે માનવ સમાજમાં ક્રાંતિનાં મંડાણ થયાં અને વિશ્વમાં સંપર્ક વ્યવસ્થા, શિક્ષણ પદ્ધતિ, માસ મીડિયા અને વ્યાપારમાં ધરમૂળથી ફેરફાર આવ્યા. ડિજિટલ વ્યવહાર અને ઈ-કૉમર્સ એના પનોતા પુત્ર છે.

## ૧૯૬૯-મતદાન ઉંમરઃ



યુનાઇટેડ કિંગડમ - યુકેમાં ૧૯૨૮માં મતદાન કરવા માટેની પાત્રતા ઉંમર ૨૧ કરવામાં આવી હતી. આ સુધારાને પગલે ૪૦ વર્ષ પછી ૧૮ વર્ષે મતદાનના હક મળ્યા. ત્યાર બાદ ૧૯૭૧માં યુએસમાં અને ૧૯૮૮માં ભારતમાં આ બદલાવ આવ્યો.

## ૧૯૭૧-બાંગલાદેશ મુક્તિ સંગ્રામઃ



બાંગલાદેશ મુક્તિ સંગ્રામને બાંગલા દેશની સ્વતંત્રતા માટેની લડાઇ તરીકે પણ ઓળખવામાં આવે છે. હકીકતમાં ૧૯૪૭માં પાકિસ્તાન સ્વતંત્ર થયું ત્યારથી ઇસ્ટ પાકિસ્તાન અને વેસ્ટ પાકિસ્તાન વચ્ચે ઝઘડાના બીજ રોપાઇ ચૂક્યાં હતાં.

ઇસ્ટ પાકિસ્તાનમાં રાજકીય ભેદભાવ, આર્થિક શોષણ, સાંસ્કૃતિક અને ભાષા બાબતે દમનખોરી અને લશ્કરી હિંસાએ માઝા મૂકતાં યુદ્ધની ચિંગારી સળગી હતી. ભારત આમાં સામેલ થતાં મામલો વધુ વકર્યો હતો. વોર ૨૬ માર્ચ ૧૯૭૧થી લઇને ૧૬ ડિસેમ્બર ૧૯૭૧ સુધી ચાલી હતી. ભારતની સામેલગીરીથી બાંગલાદેશને સ્વતંત્રતતા સરળ બની હતી. વેસ્ટ પાકિસ્તાનસ્થિત લશ્કરે જનરલ યાહ્યાખાનના આદેશને પગલે ઇસ્ટ પાકિસ્તાનમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું એમાંથી જંગ શરૂ થયો હતો. એ ઓપરેશન દરમિયાન સેંકડો બાંગલાદેશીઓનો નરસંહાર થયો હતો. આ હિંસાના જવાબમાં મુક્તિવાહિનીની રચના થઇ હતી. જેમાં બાંગલાદેશી લશ્કર, અર્ધલશ્કરી દળો અને બાંગલાદેશી નાગરિકો સામેલ થયા હતા.

## ૧૯૭૧-યુગાન્ડામાં ઈદી અમીનની સત્તાઃ



યુગાન્ડાના તત્કાલીન પ્રેસિડેન્ટની ગેરહાજરીનો લાભ ઉઠાવી લશ્કરી વડા ઈદી અમીને સત્તા કબજે કરી. એના દમનકારી શાસનમાં કેટલાક લાખ લોકોનાં મૃત્યુ થયાં. ૯૦ દિવસની અંદર મુખ્યત્વે ભારતીય સહિત અને એશિયન લોકોને દેશ છોડવાની ફરજ પાડી.

## ૧૯૭૩-પ્રથમ સ્પેસ સ્ટેશન-સ્કાયલેબઃ



૧૪મી મે ૧૯૭૩ના રોજ અમેરિકાએ પહેલું સ્પેસ સ્ટેશન સ્કાયલેબ લોન્ચ કર્યું હતું. નાસા દ્વારા ઓપરેટ કરાયેલા સ્કાયલેબે ૧૯૭૩થી ૧૯૭૯ સુધી પૃથ્વીનું ભ્રમણ કર્યું હતું અને એમાં વર્કશોપ, સોલાર ઓબ્ઝર્વેટરી અને અન્ય સિસ્ટમ્સ સામેલ કરાઇ હતી. મોડીફાઇ કરીને સેર્ટન વી રોકેટ દ્વારા સ્વયંસંચાલિત સ્કાયલેબ લોન્ચ કરાયું હતું. સ્કાયલેબ વિશ્વનું બીજું સ્પેસ સ્ટેશન છે. સોવિયેટ યુનિયને એના સ્પેસ પ્રોગ્રામમાં સેલ્યૂત-૧ લોન્ચ કર્યું હતું.

સ્કાયલેબ લોન્ચ કરવા પાછળનો નાસાનો આશય માનવીઓ સ્પેસમાં રહીને લાંબો સમય સુધી કામ કરી શકે છે અને સોર એસ્ટ્રોનોમી વિશેની જાણકારી મેળવવાનો હતો. નાસા એમાં સફળ રહ્યું હતું. જોકે આરંભિક મુશ્કેલીઓ નડી હતી.

## ૧૯૭૪-રેલવે કર્મચારીઓની હડતાળઃ



મે ૧૯૭૪માં ભારતના રેલવે કર્મચારીઓએ દેશના ઇતિહાસની સૌથી મોટી મજૂર હડતાળોમાંની એક શરૂ કરી હતી. આશરે ૧૭ લાખ કર્મચારીઓએ વધુ સારું વેતન, કામના કલાકોમાં ઘટાડો અને સેવા શરતોમાં સુધારાની માંગ સાથે હડતાળ કરી. જ્યોર્જ ફર્નાન્ડિસના નેતૃત્વમાં ૮ મે ૧૯૭૪થી આ હડતાળ લગભગ ૨૦ દિવસ સુધી ચાલી. રેલવે દેશની જીવનરેખા હોવાથી મુસાફરો અને માલસામાનની અવરજવરમાં ભારે અવરોધ ઊભો થયો. સરકારે હડતાળને ગેરકાયદે જાહેરને હજારો કર્મચારીઓની ધરપકડ કરી હતી.

આ ઘટનાએ મજૂર સંગઠનોની શક્તિ અને સંગઠન ક્ષમતાનું પ્રચંડ પ્રદર્શન બતાવ્યું. સરકાર- કર્મચારી સંગઠનોના સંબંધોમાં તણાવ વધ્યો. ઘણા ઇતિહાસકારોના મતે આ હડતાળ અને અન્ય લોકઆંદોલનોએ રાજકીય અસ્થિરતા વધારી હતી.

## ૧૯૭૪-પ્રથમ અણુ ધડાકોઃ



બુદ્ધ પૂર્ણિમાના દિવસે ભારતે રાજસ્થાનના પોખરણ રણ વિસ્તારમાં પ્રથમ અણુ ધડાકો કર્યો હતો. આ પરીક્ષણ કરનાર ભારત વિશ્વનો છઠ્ઠો અને યુએન સિક્યોરિટી કાઉન્સિલના પાંચ કાયમી સભ્યો પછી પહેલો દેશ હતો. આ પરીક્ષણને પગલે અણુ પ્રસારણ અટકાવવાના પ્રમુખ હેતુ સાથે ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રુપ (એનએસજી)ની સ્થાપના થઈ.

## ૧૯૭૫-ઈન્દિરા ગાંધીએ કટોકટી જાહેર કરીઃ



સ્વર્ગસ્થ વડાં પ્રધાન ઇન્દિરા ગાંધીએ ૨૫મી જૂન ૧૯૭૫ના રોજ દેશમાં કટોકટી જાહેર કરી હતી...આ કટોકટી ૨૧ મહિના ચાલી હતી. આંતરિક અને બાહ્ય ખતરાઓનું કારણ આપીને એમણે જાહેર કરેલી કટોકટી લોકશાહી દેશના ઇતિહાસમાં એક કાળું કલંક બની અંકિત થઇ ગયું છે. કટોકટીના ૨૧ માર્ચ ૧૯૭૭ સુધીના આ સમયગાળા દરમિયાન અંદાજે એક લાખ રાજકીય પ્રતિસ્પર્ધીઓ, પત્રકારો અને અસંતુષ્ટોને જેલભેગા કરાયા હતા. ધરપકડ કરાયેલા રાજકીય નેતાઓમાં મોરારજી દેસાઇ, એલ. કે. અડવાણી, જ્યોતિ બસુ સહિતના નેતાઓ હતા. અખબારો ચૂંટણીઓ પર પ્રતિબંધ મુકાયો હતો અને અખબારો પર પણ સેન્સરની કાતર ફરી વળી હતી. નાગરિકોના મૂળભૂત અધિકારો છીનવાઇ ગયા હતા. એ સમયગાળામાં ખરા અર્થમાં શ્રીમતી ગાંધીની એકહથ્થુ અને આપખુદ સરકાર હતી.

અલાહાબાદ હાઇ કોર્ટે ૧૯૭૧ની ચૂંટણીમાં ગોલમાલ થઇ હોવાનો ચુકાદો આપીને શ્રીમતી ગાંધીની પ્રચંડ જીતને અમાન્ય ઠરાવી હતી. ત્યારબાદ લોકનાયક જયપ્રકાશ નારાયણ દ્વારા શેરી દેખાવો શરૂ થયા હતા. ઠેર ઠેર આંદોલનો શરૂ થયા હતા. રોષે ભરાયેલાં શ્રીમતી ગાંધીએ એના જવાબમાં રાતોરાત ઇમરજન્સીની ઘોષણા કરી હતી.

## ૧૯૭૫-સિક્કિમ ભારતમાં જોડાયુંઃ



૧૯૭૫માં સિક્કિમ સત્તાવાર રીતે ભારતનું ૨૨મું રાજ્ય બન્યું. સ્વતંત્રતા પછી સિક્કિમ એક રાજાશાહી રાજ્ય હતું, જ્યાં ચોગ્યાલનું શાસન ચાલતું હતું અને તે ભારતનો સંરક્ષિત પ્રદેશ ગણાતો હતો. ત્યાં લોકશાહીની માગ ઉગ્ર બનતા ૧૯૭૫માં યોજાયેલા જનમતમાં બહુમતી રાજાશાહીના અંત અને ભારત સાથે સંપૂર્ણ વિલીનીકરણને સમર્થનમાં રહી. ૧૬ મે ૧૯૭૫ના રોજ સિક્કિમને રાજ્યનો દરજ્જો મળ્યો ને ગંગટોક બની રાજધાની. આનાથી ભારતની રાષ્ટ્રીય એકતા અને પ્રાદેશિક અખંડિતતા વધુ મજબૂત બની. વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ હિમાલયી વિસ્તાર ભારતના સંઘીય માળખામાં સંપૂર્ણપણે સમાવિષ્ટ થયો. સિક્કિમનું ભારત સાથેનું વિલીનીકરણ દેશના રાજકીય અને વ્યૂહાત્મક ઇતિહાસની મહત્ત્વપૂર્ણ ઘટના છે.

## ૧૯૭૫-પ્રથમ પર્સનલ કમ્પ્યુટરઃ



વ્યવસાયિક દૃષ્ટિએ સફળતા મેળવનારા પ્રથમ પર્સનલ કમ્પ્યુટરનો આવિષ્કાર. છ વર્ષ પહેલાં થયેલા ઇન્ટરનેટના આગમન પછી કમ્યુનિકેશન ક્ષેત્રમાં આ મોટો બદલાવ હતો. આ સંશોધનએ માઇક્રોકમ્પ્યુટર ક્ષેત્રમાં ક્રાંતિ લાવી દીધી અને બિલ ગેટ્સ-પોલ એલનને માઇક્રોસૉફ્ટ કંપની શરૂ કરવા પ્રેરિત કર્યા.

## ૧૯૭૭-જનતા પાર્ટીની સરકારઃ




૧૯૭૭ની લોકસભા ચૂંટણીમાં જનતા પાર્ટીએ વિજય મેળવી કેન્દ્રમાં સરકાર રચી. ૧૯૭૫થી ૧૯૭૭ વચ્ચેની કટોકટીના નાગરિક સ્વતંત્રતાઓ પર નિયંત્રણો કોંગ્રેસને ભારે પડ્યા. વિવિધ વિરોધ પક્ષોના ગઠબંધનથી બનેલી જનતા પાર્ટીના મોરારજીભાઈ દેસાઈ ભારતના પ્રથમ બિન-કોંગ્રેસી વડા પ્રધાન બન્યા હતા. પ્રથમ વખત કેન્દ્રમાં કોંગ્રેસ સિવાયની સરકાર બનતાં ભારતીય લોકશાહીની મજબૂતાઈ સાબિત થઈ. સત્તા પરિવર્તન શાંતિપૂર્ણ અને લોકશાહી રીતે શક્ય છે તે વિશ્વ સમક્ષ પ્રસ્થાપિત થયું. કટોકટી વખતના બંધારણીય ફેરફારોની સમીક્ષા કરવામાં આવી અને નાગરિક અધિકારોને વધુ સુરક્ષા આપવામાં આવી. આ ભારતીય લોકશાહી ઇતિહાસમાં મહત્ત્વપૂર્ણ સીમાચિહ્ન છે.

## ૧૯૭૭-શીતળાની સંપૂર્ણ નાબૂદીઃ



ત્રણેક હજાર વર્ષથી વિશ્વની જનતાને પીડા આપી લાખો લોકોને ભરખી જનારા સ્મૉલપોક્સ (શીતળા અથવા બળિયા) રોગનો અંતિમ દર્દી આફ્રિકન દેશ સોમાલિયામાં નોંધાયો. વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા રસીકરણની ઝુંબેશથી રોગ નાબૂદી શક્ય બની. ૧૯૮૦માં સંસ્થા દ્વારા જગતને શીતળા મુક્ત જાહેર કરવામાં આવ્યું.

## ૧૯૭૮-પ્રથમ આઇવીએફ બાળકનો જન્મઃ



મેડિકલ સાયન્સની અનન્ય સિદ્ધિ સ્વરૂપે માનવ શરીરની બહાર ગર્ભધારણ કરી (ઈન વિટ્રો ફર્ટિલાઇઝેશન - આઇવીએફ) લુઈ બ્રાઉન નામના પ્રથમ બાળકનો સફળતાપૂર્વક જન્મ શક્ય બન્યો. આઇવીએફ સંતાન જન્મ પદ્ધતિનો માનવ સમાજ પર જબરદસ્ત લાભદાયી પ્રભાવ પડ્યો. લાખો લોકો પરિવાર બનાવી શક્યા અને વાંઝિયાપણાનું મહેણું ભાંગવામાં યશ મળ્યો.

## ૧૯૭૮-ઉચ્ચ મૂલ્યની નોટો રદઃ



૧૬ જાન્યુઆરી ૧૯૭૮ના રોજ ભારત સરકારે ₹૧,૦૦૦, ₹૫,૦૦૦ અને ₹૧૦,૦૦૦ની ઉચ્ચ મૂલ્યની ચલણી નોટોને અમાન્ય જાહેર કરી. મોરારજી દેસાઈના નેતૃત્વ હેઠળની જનતા પાર્ટી સરકારે કાળાં નાણાં, કરચોરી અને ગેરકાયદે સંપત્તિને કાબૂમાં લેવા માટે આ નિર્ણય લીધો હતો. સામાન્ય જનતા પર તેની સીધી અસર ઓછી થઇ કારણ કે આ નોટો મોટા વેપારીઓ અને નાણાકીય વ્યવહારોમાં જ વપરાતી હતી.

સરકારે કાળાં નાણાં સામે કડક વલણ દર્શાવ્યું અને નાણાકીય વ્યવહારોમાં પારદર્શિતા લાવવાનો પ્રયાસ કર્યો. જોકે ઘણા નિષ્ણાતોના મતે આ પગલાથી કાળા નાણાં પર મર્યાદિત અસર થઈ, કારણ કે મોટાભાગનું ગેરકાયદે ધન રોકડ સ્વરૂપમાં નહોતું. છતાં ૧૯૭૮ની નોટબંધી ભારતના આર્થિક ઇતિહાસમાં કાળાં નાણાં સામેની મહત્ત્વપૂર્ણ કાર્યવાહી ગણાય.


હાર્દિક અભિનંદન મુંબઇ સમાચાર
204 ગૌરવશાળી વર્ષ પૂર્ણ
સત્ય, વિશ્વસનીયતા અને નિર્ભય પત્રકારિતાની બે સદીથી વધુની અવિરત સફર માટે અભિનંદન.
To Advertise in Whatsapp to 1.20 Lakh Members @ 400/- PER DAY Call us.
We all Provide EPAPER Services
Tender Advertisers
Add: D/6, Goragandhi Shopping Center, Opp Station, Borivali (W)
Email: naresh@tenderadvt.in
Call - 9821112796
Newspaper Advertisement
Classified / Display Advertisement
All Type of Advertisement Solutions



વેપારીઓનુ વિશ્વાસનીય અખબાર
મુંબઈ સમાચારને
૨૦૫ માં વર્ષ પ્રવેશની હાર્દિક શુભેચ્છા!!!
Happy 205th Anniversary
પ્રત્યેક કંકોત્રી ગંગોત્રીનું ઝરણું
જસ્મીન આર્ટસ
૨૦૦, ખાડીલકર રોડ (કાંદાવાડી), જૈન ક્લીનીક હોસ્પીટલની બાજુમાં, ગિરગામ, મુંબઈ - ૪૦૦ ૦૦૪
Email : jasminarts@gmail.com Mob : 9820213183 / 9137231395


## ૧૯૭૯-ચીનમાં એક સંતાનની પૉલિસીઃ




૩) ચીનમાં વધતી વસતિને અંકુશમાં લેવા માટે અમલમાં મુકાયેલી એક સંતાનની નીતિ (વન ચાઇલ્ડ પૉલિસી) વિવાદાસ્પદ બની હતી. ૧૯૭૯થી ૨૦૧૫ સુધી અમલમાં રહેલી આ નીતિની સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક ક્ષેત્રે માઠી-વ્યાપક અસર પડી હતી. સેક્સ રેશિયો અસમતોલ બની ગયો હતો. વસતિ અંકુશમાં લેવાના ચીનના આ પગલાંને વિશ્વનો સૌથી જલદ પ્રયાસ ગણવામાં આવે છે. ૧૯૭૦ના દાયકામાં ચીને ફેમિલી પ્લાનિંગની નીતિ ઘડવાનું કાર્ય આદરી દીધું હતું. સત્તાવાર રીતે લગ્ન કરવાની ઉંમર પણ વધારાઇ હતી. આ સંબંધમાં ૧૯૮૨માં


લોકપ્રિય અખબાર
મુંબઈ સમાચારને ૨૦૫મી વર્ષગાંઠ
પ્રવેશ નિમિત્તે હાર્દિક શુભેચ્છા
THE MUMBAI CARDS MFGRS. & DEALERS ASSO. (Regd.)
Shree Kutchhi Dasha Shrimali Wadi, 46, Khadilkar Road, Ground Floor, Mumbai - 400004. • Email : mcmda.1970@gmail.com
MCMDA COMMITTEE
Office Bearers
PRAVIN KOLTHARKAR – President
PRAKASH SOLANKI – Vice-President
RAJ JAIN – Vice-President
NEERAJ JAIN – Secretary
BHARAT CHHEDA – Joint - Secretary
ARVIND JAIN – Treasurer
NIRAJ JAIN – Joint-Treasurer
Committee Members
BHARAT SHAH
BHAVEN PATWA
RAMNIK FARIA
SHRIPAL PALRECHA



IIM JAMMU – CELEBRATING THE 10th YEAR OF EXCELLENCE
Accreditation – EFMD ACCREDITED MBA
accenture
THE FUTURE OF DEGREES IS HERE
eBBA (Hons.) from IIM Jammu



Duration: Four-year, Full-time Degree
Blended Format: Live Online + Campus Visits
New-age Electives: Cloud and AI, Data and AI
Classes Start Sep 2026
LIMITED SEATS
Delivered through Industry-Academia Partnership
60% ACADEMIC COMPONENT – FROM INDIAN INSTITUTE OF MANAGEMENT, JAMMU
Future focused curriculum | Research based pedagogy | Live online classes
40% INDUSTRY-LED LEARNING – FROM ACCENTURE CENTRE OF ADVANCED STUDIES – Accenture LearnVantage
Hands-on labs & simulations | Real world projects | Live online sessions with industry experts
Internship and placement opportunities* with 800+ global companies
Secure your child's future, now!
Eligibility: 12th or equivalent from a recognized board or council in 2024, 2025 or 2026
APPLY TODAY!
ebba.iimj.ac.in
+91 73311 12138
SCAN TO APPLY
*Applicable only for eBBA (Hons.) only
Images are AI-modified and used for illustrative purposes only. Any resemblance to real persons is coincidental.

બંધારણમાં પણ ફેરફાર કરવામાં આવ્યો હતો. સમયાંતરે સંખ્યાબંધ અપવાદો પણ આવ્યા હતા. ૧૯૮૪ સુધીમાં વસતિના માત્ર ૩૫.૪ ટકા લોકો જ મૂળ પૉલિસીના નિયંત્રણ હેઠળ રહ્યા હતા. ૧૯૮૦ના મધ્ય સુધીમાં ગ્રામ્ય માતા-પિતાને પહેલું સંતાન પુત્રી હોય તો બીજું સંતાન કરવાની છૂટ અપાઇ હતી.

## ૧૯૭૯-માર્ગારેટ થેચર યુકેનાં પ્રથમ મહિલા વડાં પ્રધાનઃ



'આયર્ન લેડી' તરીકે વિશ્વવિખ્યાત બનેલાં માર્ગારેટ થેચર યુનાઇટેડ કિંગડમનાં પ્રથમ મહિલા વડાં પ્રધાન બન્યાં હતાં. એટલું જ નહીં તેઓ સૌથી વધુ સમય (૧૯૭૯થી ૧૯૯૦ સુધી) માટે વડાં પ્રધાનપદે રહ્યાં હતાં. એક સોવિયેત જર્નાલિસ્ટે એમને 'આયર્ન લેડી' તરીકે ઓળખાવ્યાં હતાં. એમણે અમલમાં મૂકેલી આર્થિક નીતિઓ 'થેચરીઝમ' તરીકે ઓળખાય છે. એમની નીતિઓને પરિણામે સરકાર હસ્તકની કંપનીઓનું ખાનગીકરણ શક્ય બન્યું હતું. ટ્રેડ યુનિયનો પર અંકુશો આવ્યા હતા. વ્યક્તિગત વેપાર-ધંધાને વેગ મળ્યો હતો. ફુગાવાને નિયંત્રણમાં લેવાનાં પગલાં સફળ રહ્યાં હતાં. ઓક્સફોર્ડમાં કેમિસ્ટ્રીનો અભ્યાસ કરનારાં થેચરે થોડા સમય માટે રિસર્ચ કેમિસ્ટ તરીકે કામ કર્યું હતું અને પછી બેરિસ્ટર બન્યાં હતાં.

## ૧૯૮૦-ભારતીય જનતા પાર્ટીની સ્થાપનાઃ



૬ એપ્રિલ ૧૯૮૦ના રોજ ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ની સ્થાપના કરવામાં આવી. જનતા પાર્ટીના વિભાજન બાદ પૂર્વ જનસંઘી નેતાઓએ રચેલી નવા રાજકીય પક્ષના પ્રથમ અધ્યક્ષ અટલ બિહારી વાજપેયી બન્યા. શરૂઆતમાં ભાજપે ગાંધીવાદી સમાજવાદનો માર્ગ અપનાવ્યો અને રાષ્ટ્રીય એકતા, લોકશાહી, સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ તથા સુશાસન જેવા મુદ્દાઓને પ્રાધાન્ય આપ્યું. શરૂઆતનાં વર્ષોમાં પક્ષનું રાજકીય પ્રભાવ મર્યાદિત હતું, પરંતુ ધીમે ધીમે તે રાષ્ટ્રીય રાજકારણમાં એક મહત્ત્વપૂર્ણ શક્તિ તરીકે ઉભરી આવ્યો. આ ઘટનાની ભારત પર મહત્ત્વપૂર્ણ અસર થઈ. ભાજપના ઉદયથી ભારતીય રાજકારણમાં બહુદળીય સ્પર્ધા વધુ મજબૂત બની અને કૉંગ્રેસના લાંબા સમયના પ્રભુત્વને પડકાર મળ્યો. ૧૯૯૦ના દાયકાથી પક્ષનો પ્રભાવ સતત વધતો ગયો અને ૧૯૯૮માં પ્રથમ વખત તેના નેતૃત્વ હેઠળ કેન્દ્રમાં સરકાર રચાઈ. આજે ભાજપ દેશના સૌથી મોટા રાજકીય પક્ષોમાંનો એક છે.

## ૧૯૮૦-ઈરાન-ઈરાક યુદ્ધઃ



ઇરાન-ઇરાક યુદ્ધને ગલ્ફ વોર તરીકે પણ ઓળખવામાં આવે છે. સપ્ટેમ્બર ૧૯૮૦માં ઇરાકે ઇરાન પર હુમલો કર્યો ત્યારબાદ બંને દેશો વચ્ચે વોર ફાટી નીકળી હતી. લગભગ આઠ વર્ષના યુદ્ધને અંતે સયુંક્ત સંઘની મધ્યસ્થીથી ઓગસ્ટ ૧૯૮૮માં યદ્ધવરામ થયું હતું. અલબત્ત, બે દેશો વચ્ચેની લડાઇમાં અંદાજે પાંચ લાખ લોકોએ જીવ ગુમાવ્યા હતા. વિકાસશીલ દેશોના લશ્કરો દ્વારા લડાયેલી આ સૌથી લોહિયાળ વોર હતી. લોકોની વસાહતો પર હમલા કરવામાં આવ્યા હતા. યુદ્ધની શરૂઆતમાં ઇરાકે કેમિકલ હુમલા કર્યા હતા. ઇરાનની ક્રાંતિ પછીની અંધાધૂંધીને જોઇને ઇરાકને સરળ જીત લાગી હતી, પણ ઇરાની લશ્કરે ડિસેમ્બર ૧૯૮૦માં ઇરાકી હુમલાનો જડબાતોડ જવાબ આપ્યો હતો. જૂન ૧૯૮૨ સુધીમાં એણે બધી ટેરિટરી પાછી મેળવી લીધી હતી અને ઇરાકી લશ્કરને પાછા એના મૂળ મથકોએ ધકેલી દીધા હતા. ઇરાકને અમેરિકા, યુકે, સોવિયત યુનિયન, ફ્રાન્સ, ઇટલી, યુગોસ્લેવિયા, મોટાભાગના આરબ દેશોનો ટેકો હતો. જ્યારે ઇરાનને કુર્દિસ્તાન ડેમોક્રેટીક પાર્ટી, સિરિયા, લિબિયા, નોર્થ કોરિયા, પાકિસ્તાન, ચીન, સાઉથ યમન અને ક્યુબાનો ટેકો હતો.

## ૧૯૮૧-અમેરિકામાં એઇડ્સ-મૂળ આફ્રિકાથી આવ્યોઃ



અમેરિકામાં ૧૯૮૧માં પહેલીવાર એક્વાયર્ડ ઇમ્યુન ડેફિસિયન્સી સિન્ડ્રોમ (એઇડ્સ)ને જીવલેણ રોગ તરીકે ઓળખવા આવ્યો હતો. એ વર્ષે સંખ્યાબંધ હોમોસેક્સ્યુઅલ છોકરાઓમાં એઇડ્સ હોવાનું પ્રકાશમાં આવ્યું હતું અને કેટલાક છોકરાઓનાં મોત થયાં હતાં. એઇડ્સને એચઆઇવી એટલે કે હ્યુમન ઇમ્યુનોડેફિસિયન્સી વાઇરસ તરીકે પણ ઓળખવામાં આવે છે. લોસ એન્જેલસમાં ૧૯૮૧માં માઇકલ ગોટલીએબ નામના એક ફિઝિશિયને એઇડ્સ-એચઆઇવીનો પ્રથમ કેસ નોંધ્યો હતો. પહેલાં આ કેસ કેન્સરનો હોવાનું જણાયું હતું. હકીકતમાં અગાઉ અમેરિકામાં રહેતા રોબર્ટ રેફોર્ડ નામના ૧૬ વર્ષના એક છોકરાને એઇડ્સ થયો હતો. ૧૯૬૯માં એનું મૃત્યુ થયું હતું. વૈજ્ઞાનિકોનું માનવું છે કે એઇડ્સ મૂળ વેસ્ટ આફ્રિકામાં ચિમ્પાન્ઝીઓમાં જોવા મળ્યો હતો અને ત્યારબાદ માનવીઓમાં પ્રસર્યો અને પછી સમગ્ર વિશ્વમાં ફેલાયો હતો. એઇડ્સનો ભોગ બનનાર પ્રથમ સેલિબ્રિટી ફિલ્મસ્ટાર રોક હડસન હતો. આ પોપ્યુલર ફિલ્મ કલાકારે સમગ્ર કારકિર્દી દરમિયાન પોતે હોમો છે એ વાત છુપાવી રાખી હતી, પછી ૧૯૮૫ના ઓક્ટોબરમાં એણે જાહેર કર્યું હતું અને એ જ વર્ષે એનું મૃત્યુ થયું હતું. સાઉથ આફ્રિકામાં સૌથી વધુ કેસ નોંધાયા હતા. એઇડ્સના કેસમાં એનું નામ અવ્વલ નંબરે હતું.







राष्ट्र निर्माणाची
तपपूर्ती
૧૨ વર્ષ
મોદી સરકાર
સમર્પિત અને સુરક્ષિત
રાષ્ટ્રના નિર્માણ માટે
• ભાજપા પરિવાર ઘાટકોપર પુર્વ •
પ્રકાશ મહેતા
પુર્વ ગૃહનિર્માણ મંત્રી
પ્રવિણ છેડા
સ્વીકૃત નગરસેવક
રમેશ મોરબિયા
ભાજપ પરિવાર પ્રમુખ
ભરત પરિખ
માર્ગદર્શક
રાધેશામ રાઠી
માર્ગદર્શક
રાજુ પંડયા
માર્ગદર્શક
નિતિન મનિયાર
માર્ગદર્શક
મધુ આશર
માર્ગદર્શક
વિનોદ જૈન
માર્ગદર્શક
ગિરીશ શેઠ
માર્ગદર્શક
વિનોદ લાખાની
કાર્યાધ્યક્ષ
બાલ ગોલતકર
કાર્યાધ્યક્ષ
સંજય સિંહ
કાર્યાધ્યક્ષ
સિતા બાગવે
પુર્વ નગરસેવિકા
શોભા આશર
પુર્વ નગરસેવિકા
પ્રદિપ સાવત
પુર્વ નગરસેવક
શૈલેશ જોશી
સમન્વયક ભાજપા પરિવાર
દિનેશ ભટ્ટ
ઘાટકોપર મહામંત્રી
ચેતન પુરંદરે
ઘાટકોપર મહામંત્રી
શશિકાંત ઘોડકે
વોર્ડ અધ્યક્ષ ૧૨૫
ચંદ્રેશ નાગડા
વોર્ડ અધ્યક્ષ ૧૩૦
રાજેશ મ્હામુનકર
વોર્ડ અધ્યક્ષ ૧૩૧
હિતેશ ભેદા
વોર્ડ અધ્યક્ષ ૧૩૨
રાજુ બનસોડે
વોર્ડ અધ્યક્ષ ૧૩૩
સંધ્યા જોશી
ઘાટકોપર મહિલા પ્રમુખ
શૌનક જોશી
ઘાટકોપર યુવા પ્રમુખ
ડૉ. અનિલ કનોજિયા
ડોક્ટર સેલ પ્રમુખ
ભાજપા પરિવાર ઘાટકોપર પુર્વ

## ૧૯૮૨-એશિયન ગેમ્સ, દિલ્હીઃ



૧૯ નવેમ્બરથી ૪ ડિસેમ્બર ૧૯૮૨ વચ્ચે નવી દિલ્હીમાં નવમી એશિયન ગેમ્સનું આયોજન થયું. ૧૯૫૧ પછી બીજી વખત ભારતને આ સ્પર્ધાનું યજમાનપદ મળ્યું હતું. એશિયાના અનેક દેશોના હજારો ખેલાડીઓએ તેમાં ભાગ લીધો હતો. જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ સહિત અનેક સ્ટેડિયમોનો વિકાસ કરવામાં આવ્યો. આ ગેમ્સને પ્રતીક 'અપ્પુ' હાથી ખૂબ લોકપ્રિય બન્યો હતો.

આ ગેમ્સથી દિલ્હીના માળખાકીય વિકાસને વેગ મળ્યો અને રમતગમત માટે આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ થઈ. સૌથી મહત્ત્વપૂર્ણ બાબત એ હતી કે ભારતે પ્રથમ વખત રંગીન ટેલિવિઝન પ્રસારણ શરૂ કર્યું, જેના કારણે પ્રસારણ અને ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્રમાં નવી ક્રાંતિ આવી. ભારતીય ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાનો અનુભવ મળ્યો અને રમતગમત પ્રત્યે લોકોમાં વધુ રસ જાગ્યો.

## ૧૯૮૨-સોનીનું પ્રથમ સીડી પ્લેયરઃ




જાપાને ૧ ઓક્ટોબર ૧૯૮૨ના રોજ પ્રથમ સીડીપી-૧૦૧ કમર્શિયલી રિલીઝ કરી હતી. એ સમયે એનો ભાવ ૧૬૮૦૦૦ યેન (૭૩૦ અમેરિકન ડૉલર) હતો.

સીડી પ્લેયર ડેવલપ કરવામાં સોનીનું પાર્ટનર ફિલિપ્સ પણ હતું, પરંતુ મૂળ કરારની તારીખે ફિલિપ્સ લોન્ચ કરી શકે એમ નહતું. જ્યારે સોની સીડી પ્લેયર લોન્ચ કરવામાં વધુ વિલંબ કરી શકે એમ નહતું. એટલે એણે જાપાનની બહાર છ મહિના વિલંબ કરવાની સંમતી આપી હતી. આમ ફિલિપ્સે માર્ચ ૧૯૮૩માં અમેરિકા અને યુરોપની બજારોમાં સીડી પ્લેયર લોન્ચ કર્યું હતું. જોકે અગાઉના ફિલિપ્સ પ્લેયરોમાં સોનીના પાર્ટસનો ઉપયોગ કરાયો હતો. સોનીએ સીડીપી-૩૦ જેવા અન્ય મૉડેલ સાથે વધુને વધુ સીડી પ્લેયરોનું ઉત્પાદન ચાલુ રાખ્યું હતું.

## ૧૯૮૩-વન ડેમાં ભારત વિશ્વ વિજેતાઃ



વિશ્વ સમસ્તને જબરો આંચકો આપી બળુકી વેસ્ટ ઇન્ડિઝ ટીમને હરાવી ભારત વન ડે ક્રિકેટમાં વર્લ્ડ ચૅમ્પિયન બન્યું. આ ઐતિહાસિક વિજયને પગલે આપણા દેશમાં નગર - ગામડાંઓમાંથી પ્રતિભાશાળી ક્રિકેટરોનો ફાલ નિર્માણ થયો. ક્રિકેટની રમતે આપણે ત્યાં મેગા બિઝનેસનું સ્વરૂપ ધારણ કર્યું.

## ૧૯૮૪-ઈન્દિરા ગાંધી હત્યાઃ



૩૧મી ઑક્ટોબર ૧૯૮૪ના રોજ સવારે સાડાનવ વાગ્યે વડાં પ્રધાન ઇન્દિરા ગાંધીની હત્યા થઇ હતી. સફદરગંજ રોડ ખાતેના તેમના નિવાસસ્થાને એમના બે બોડીગાર્ડ સત્વંતસિંઘ અને બિયંતસિંઘે એમની હત્યા કરી હતી. શ્રીમતી ગાંધીએ ઓપરેશન બ્લ્યુ સ્ટારનો આદેશ આપ્યો હતો જેને પરિણામે સુવર્ણ મંદિરમાંથી શીખ અલગાવવાદી જરનૈલસિંઘ ભીંદરાવાલેં અને એમના સાથીઓને સુવર્ણ મંદિરમાંથી બહાર કાઢવા માટે પહેલી જૂન ૧૯૮૪થી આઠમી જૂન ૧૯૮૪ સુધી આ ઓપરેશન ચાલ્યું હતું. આ ઓપરેશનને કારણે શીખોના આ સૌથી મોટા પવિત્ર સ્થાનમાં સંખ્યાબંધ શ્રદ્ધાળુઓનાં મોત થયાં હતાં અને પવિત્રસ્થાનને પણ મોટું નુકસાન થયું હતું. શ્રીમતી ગાંધીની હત્યાને પગલે એ જ વર્ષમાં રાષ્ટ્રવાદીઓ ટોળાઓએ શીખ વિરોધી હિંસક તોફાનો કર્યાં હતાં. આમાં કોંગ્રેસના કેટલાક અગ્રણી નેતાઓ પણ સામેલ હોવાનું મનાય છે. ભારતભરમાં શીખ સમુદાય વિરુદ્ધ હિંસક હુલ્લડો થયાં હતાં. ચાર દિવસનાં હુલ્લડો દરમિયાન ૪૦ જેટલા ગુરુદ્વારાઓ  તોડી પડાયા હતા અથવા ભારે નુકશાન કરાયું હતું અને ત્રણેક હજાર જણનાં મોત થયાં હતાં.

## ૧૯૮૪-ઑપરેશન બ્લુ સ્ટારઃ




અમૃતસરના સ્વર્ણ મંદિરમાં કિલ્લાબંધી કરી છુપાયેલા શીખ નેતા જરનૈલ સિંહ ભીન્દરાણવાલે અને એના સશસ્ત્ર સાથીઓને બહાર કાઢવા ભારતીય લશ્કર દ્વારા કરવામાં આવેલું ઑપરેશન. ભારતના આધુનિક ઇતિહાસના અત્યંત સંવેદનશીલ અને વિવાદાસ્પદ પ્રકરણને પગલે વડાં પ્રધાન ઇન્દિરા ગાંધીની હત્યા થઈ અને શીખ વિરોધી હુલ્લડો થયાં અને સંખ્યાબંધ લોકો મૃત્યુ પામ્યા.

## ૧૯૮૪-પહેલું પગલું આકાશમાંઃ




વિંગ કમાન્ડર રાકેશ શર્મા અવકાશમાં મુસાફરી કરનારા પ્રથમ ભારતીયની સિદ્ધિ મેળવી. 'ઈસરો' અને સોવિયેત અવકાશી કાર્યક્રમના સહયોગથી ભારતે આ અનન્ય સિદ્ધિ મેળવી હતી. આ ઐતિહાસિક ઉડ્ડયનથી રાષ્ટ્રીય ગૌરવને ઉત્તેજન મળ્યું, ભારત - સોવિયેત અવકાશ કાર્યક્રમનો પાયો મજબૂત થયો અને ભારત વિજ્ઞાન ક્ષેત્રે હરણફાળ ભરી શકે છે એ સિદ્ધ થયું.

## ૧૯૮૪-ભોપાળ કરુણાંતિકાઃ



ત્રીજી ડિસેમ્બર ૧૯૮૪ના દિવસે ભોપાળમાં બનેલી ગૅસ ગળતરની કરુણાંતિકા ઇતિહાસનું એક આખું કલંકિત પ્રકરણ બની રહ્યું છે. ભોપાળમાં આવેલા યુનિયન કાર્બાઇડ ઇન્ડિયા લિમિટેડના પેસ્ટીસાઇડ પ્લાન્ટમાંથી મિથિલ આઇસોસિયાનેટ ઝેરી ગૅસનું ગળતર થયું હતું...અને જોતજોતામાં સમગ્ર ભોપાળ અને આસપાસના વિસ્તારો-ગામો સુધી પ્રસર્યું હતું. ઝેરી ગૅસ લીકેજની આ ગોઝારી ઘટનામાં અંદાજે અઢી હજાર લોકોનાં તત્કાળ મોત થયાં હતાં. બીજા આઠ હજાર લોકોના એક અઠવાડિયામાં મૃત્યુ થયાં હતાં....અને બીજા દસેક હજાર લોકો શ્વસન સંબંધી તકલીફને લીધે મૃત્યુ પામ્યા હતા. આ બધા સત્તાવાર આંકડા છે...બિનસત્તાવાર આંકડા જુદા હશે જ. હજારો લોકો કાયમ માટે પંગુ બન્યા હતા. સેંકડો લોકોને શ્વસન સંબંધી આજીવન તકલીફ થઇ હતી...સંખ્યાબંધ લોકોએ દ્રિષ્ટ ગુમાવી હતી. ભોપાળ ગેસ લીકેજ-વિશ્વની સૌથી મોટી ઇન્ડસ્ટ્રિયલ દુર્ઘટના હતી. અમેરિકાની યુનિયન કાર્બાઇડ કંપની સામે વરસો સુધી કેસ ચાલ્યો હતો. સેટલમેન્ટ માટે કંપનીએ નાણાં પણ ચુકવ્યા હતાં... પણ કેટલાકને સજા પણ થઇ હતી, પણ  સવાલ એ કે આપણે જીવ ગુમાવી ચૂકેલા લોકાના જીવ પાછા લાવી શક્યા...?

## ૧૯૮૫-માઇક્રોસૉફ્ટની ઑપરેટિંગ સિસ્ટમઃ




ટેક્નૉલૉજી ક્ષેત્રના એક મહત્ત્વપૂર્ણ ઘટક કમ્પ્યુટર માટે વિશ્વવિખ્યાત માઇક્રોસૉફ્ટ કંપનીએ તેની પહેલી ઑપરેટિંગ સિસ્ટમ 'વિન્ડોઝ ૧.૦' બજારમાં મૂકી. આ સિસ્ટમને કારણે કમ્પ્યુટર વપરાશ સામાન્ય માણસ માટે સુગમ બન્યો અને ઇન્ફર્મેશન ટેક્નૉલૉજીના વિકાસને વેગ મળ્યો.

## ૧૯૮૬-ચેર્નોબીલ વિસ્ફોટઃ



૨૬ એપ્રિલ ૧૯૮૬ના રોજ યુક્રેનના ચેર્નોબીલ પાવર પ્લાન્ટના ચાર નંબરના રિએક્ટરમાં પ્રચંડ વિસ્ફોટ થયો હતો. આ દુર્ઘટનામાં હજારો લોકોનાં તત્કાળ મોત નિપજ્યાં હતાં... અને બીજા હજારો લોકોને હેલ્થ સંબંધ કાયમી તકલીફ રહી ગઇ હતી. આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધાયેલી બે ન્યુક્લીઅર સંબંધી દુર્ઘટમાંની આ એક હતી. પહેલી આવી દુર્ઘટના ૨૦૧૧માં જાપાનના ફુકુશીમા ન્યુક્લીઅર પ્લાન્ટમાં બની હતી.

વિસ્ફોટને લીધે થયેલો કિરણોત્સર્ગ પ્રસાર એટલો વિનાશક હતો કે સોવિયેત યુનિયન સરકારે કુલ ૩૦ કિલોમીટર સુધીના રહેણાક વિસ્તારોને ખાલી કરાવ્યા હતા. આશ્ચર્યની વાત એ છે કે સોવિયત યુનિયન સરકારે આ દુર્ઘટનાના બે દિવસ સુધી એનો સત્તાવાર જાહેર સ્વીકાર સુધ્ધાં કર્યો નહતો. આરંભમાં દસેક કિલોમીટરના વિસ્તારોમાં વસતાં લોકોનું સ્થળાંતર કરાવ્યું અને પછી પરિસ્થિતિ પામી જઇને....કિરણોત્સર્ગ સ્વિડન સુધી પ્રસર્યું પછી....૩૦ કિલોમીટરમાં વસતા લોકોનું સ્થળાંતર કરવાની ઘોષણા કરી હતી...આમ મરણાંક વધ્યો હતો અને વધુ લોકોને અસર થઇ હતી. ૨૦૧૯માં એચબીઓએ ચેર્નોબીલ પર રુંવાડા ઊભાં કરી નાખતી ડોક્યુ-ડ્રામા સીરીઝ બનાવી હતી. વિશ્વભરમાં આ સિરીઝની પ્રશંસા થઇ હતી.

## ૧૯૮૭-ગોવા પૂર્ણ રાજ્ય બન્યુંઃ




૩૦ મે ૧૯૮૭ના રોજ ગોવાને ભારતના પચીસમા પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો. ગોવા લગભગ ૪૫૦ વર્ષ સુધી પોર્ટુગીઝ શાસન હેઠળ રહ્યું હતું. ડિસેમ્બર ૧૯૬૧માં ઓપરેશન વિજય દ્વારા ગોવાને પોર્ટુગીઝ શાસનમાંથી મુક્ત કરાવ્યા પછી કેન્દ્રશાસિત પ્રદેશ તરીકે ભારત સાથે જોડવામાં આવ્યું. ગોવાની પ્રજાની પૂર્ણ રાજ્યના દરજ્જાની માગને ૫૬મા સુધારા દ્વારા પૂરી કરાઇ.

ગોવાને પોતાની વિધાનસભા અને રાજ્ય સરકાર મળતાં સ્થાનિક લોકોની લોકશાહી ભાગીદારી વધી. પર્યટન, માછીમારી અને સેવા ક્ષેત્રોમાં ઝડપી વિકાસ થયો. ગોવા ભારતના અગ્રણી પ્રવાસન કેન્દ્રોમાંનું એક બન્યું. આ સાથે  ભારતના સંઘીય માળખાને વધુ મજબૂતી મળી.

## ૧૯૮૯-બોફોર્સ કૌભાંડઃ



બોફોર્સ કૌભાંડ એટલે ભારતના સૌથી ચર્ચિત રાજકીય અને રક્ષણ સંબંધિત વિવાદોમાંનું એક. ૧૯૮૬માં ભારત સરકારે સ્વીડનની બોફોર્સ કંપની પાસેથી ૧૫૫ મિમીની હોવિત્ઝર તોપો ખરીદવાનો કરાર કર્યો હતો. ૧૯૮૭માં સ્વીડિશ રેડિયોએ ધડાકો કર્યો કે આ સોદો મેળવવા માટે કેટલાક ભારતીય રાજકીય અને મધ્યસ્થી વ્યક્તિઓને ગેરકાયદે કમિશન ચૂકવવામાં આવ્યું હતું. ૧૯૮૯ સુધીમાં આ મુદ્દો રાષ્ટ્રીય રાજકારણનો મુખ્ય વિષય બનતા રાજીવ ગાંધી સરકાર પર ભ્રષ્ટાચારના ગંભીર આરોપો લાગ્યા.

આ ઘટનાને પગલે ભારતમાં સરકારી સોદાઓમાં પારદર્શિતા અને જવાબદારી અંગે જનજાગૃતિ વધી. ભ્રષ્ટાચારનો મુદ્દો રાષ્ટ્રીય રાજકારણના કેન્દ્રમાં આવ્યો અને ૧૯૮૯ની લોકસભા ચૂંટણીમાં કૉંગ્રેસને મોટું નુકસાન થયું. આ કૌભાંડથી ઇન્વેસ્ટીગેટીવ પત્રકારિતાને પણ પ્રોત્સાહન મળ્યું.

## ૧૯૮૯-બર્લિન વોલ તૂટીઃ




ઇસ્ટ બર્લિન અને વેસ્ટ બર્લિનને જુદા કરતી ૧૯૬૧માં બાંધાવામાં આવેલી વોલ આખરે ૧૯૮૯માં તોડવામાં આવી હતી. ઇસ્ટ બર્લિનના જર્મન ડેમોક્રેટીક રિપબ્લિકે આ વોલ બાંધી હતી અને વોચ ટાવર સહિતનો સજ્જડ સલામતી બદોબસ્ત ગોઠવી દેવાયો હતો. શરૂઆતમાં એમ કહેવાતું હતું કે વોલ બાંધવા પાછળનો આશય ઇસ્ટ જર્મનીમાંથી નાગરિકોને વેસ્ટ જર્મનીમાં જતા રોકવાનો છે. ૧૯૮૯માં એક સમય એવો આવ્યો કે ઇસ્ટ બર્લિનમાંથી સંખ્યાબંધ ટુરિસ્ટો હંગેરી અને ઓસ્ટ્રીયા મારફત વેસ્ટ બર્લિનમાં જતા રહ્યા હતા...અંતે સરકાર સામે દેખાવો થયા...બળવાએ હિંસક સ્વરૂપ લીધું. ત્યારબાદ વોલ તૂટી હતી. જર્મનનું એકીકરણ થયું હતું...યુરોપમાં સોવિયત બ્લોક ધરાશાયી થવા લાગ્યું અને શીત યુદ્ધનો અંત આવ્યો હતો.

## ૧૯૮૯-સોવિયેટ-અફઘાન વોરનો અંતઃ



અફઘાનિસ્તાન અને સોવિયેત વચ્ચેની વોરનો ફેબ્રુઆરી ૧૯૮૯માં અંત આવ્યો હતો. આ યુદ્ધ ડિસેમ્બર ૧૯૭૯થી શરૂ થયું હતું. ૧૯૮૦ના દાયકામાં બંને વચ્ચેનું આ યુદ્ધ ભીષણ બની ગયું હતું અને મોટા ભાગે અફઘાનિસ્તાનના વિસ્તારોમાં જ યુદ્ધ ખેલાયું હતું કેમ કે મોટાભાગના વિસ્તારો સોવિયત યુનિયનના અંકુશ હેઠળ આવેલા હતા. અફઘાન-સોવિયત વોરમાં ત્રીસેક લાખ લોકોનાં મોત થયાં હતાં. જ્યારે બીજા લાખો લોકો શરણાર્થી તરીકે દેશ છોડીને હિજરત કરી ગયા હતા. એક દસકા સુધી ચાલેલી સોવિયત અને અફઘાન લશ્કરો અને મુજાહિદિનો વચ્ચેની લડાઇમાં લાખો લોકો હોમાઇ ગયા હતા અને આમાં મહદ અંશે સોવિયતનું નુકસાન થયું હતું. વિદ્વાનો આ યુદ્ધને  સોવિયત યુનિયનના વિયેટનામ તરીકે ઓળખાવે છે. વિયેટનામની ઘટનામાં અમેરિકાની પણ મોટી જાનહાનિ થઇ હતી અને ભારે નુકસાન થયું હતું. સોવિયત યુનિયનના વિઘટનમાં આ યુદ્ધનું મોટું યોગદાન હોવાનું કહેવાય છે.

## ૧૯૯૦-અખાતી યુદ્ધનો આરંભઃ



બીજી ઓગસ્ટ ૧૯૯૦ના રોજ સદ્દામ હુસેનના નેતૃત્વ હેઠળની ઇરાકી સરકારે પડોશી કુવૈત પર હુમલો કરીને  બે દિવસ સુધી કબ્જો જમાવ્યો હતો. આ યુદ્ધ અમેરિકા અને એના ૪૨ સાથી દેશો અને ઇરાક વચ્ચે ખેલાયું હતું. અમેરિકા અને સાથી દેશોના આ પગલાંને ઓપરેશન ડેઝર્ટ શિલ્ડ અને ઓપરેશન ડેઝર્ટ સ્ટોર્મ તરીકે ઓળખવામાં આવે છે. પ્રથમ તબક્કામાં આ દેશોએ લશ્કરી જમાવડો કર્યો હતો અને ત્યારબાદના બીજા તબક્કામાં બૉમ્બમારાથી લઇને કુવૈતને મુકત કરાવવા સુધીના પગલાં ભર્યાં હતાં. અમેરિકા અને સાથી દેશોએ પર્શિયન ગલ્ફમાં લશ્કરી જમાવટ કરી હતી. સાથી દેશોનું બીજા વિશ્વયુદ્ધ પછીનું કદાચ આ સૌથી મોટું સંયુક્ત જોડાણ હતું. અમેરિકા ઉપરાંત સઉદી અરેબિયા, યુનાઇટેડ કિંગડમ અને ઇજિપ્તનાં લશ્કરો પર્શિયન ગલ્ફમાં ગોઠવાઇ ગયાં હતાં. સિક્યોરિટી કાઉન્સિલે ૨૯મી નવેમ્બર ૧૯૯૦ના રોજ ઇરાકને કુવૈતમાંથી હટી જવાનું અલ્ટિમેટમ આપ્યું હતું. જેની મુદત ૧૫મી જાન્યુઆરીએ પૂરી થતી હતી. ત્યારબાદ ઇરાક પર હવાઇ અને નૌકાદળના હુમલા થયા હતા. જે પાંચ અઠવાડિયા ચાલ્યા હતા. ઇરાકે ઇઝરાયલ અને સઉદી અરેબિયા પર મિસાઇલો વડે હુમલા કર્યા હતા. ઇરાકને એમ હતું કે આ હુમલાઓથી મિત્ર દેશોમાંથી મુસ્લિમોની બહુમતી ધરાવતા દેશો અલગ થઇ જશે પણ ઇરાક આગ ભડકાવી શક્યું નહીં.

## ૧૯૯૦ - મંડલ કમિશનની ભલામણો અમલમાંઃ



૧૯૯૦માં ભારત સરકારે મંડલ કમિશનની મુખ્ય ભલામણો અમલમાં મૂકી. ૧૯૭૯માં મોરારજી દેસાઈની સરકાર દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની સ્થિતિનો અભ્યાસ કરવા સ્થાપેલા આ  કમિશનના અધ્યક્ષ બિન્દેશ્વરી પ્રસાદ મંડલ હતા. ઓગસ્ટ ૧૯૯૦માં વડા પ્રધાન વી. પી. સિંહે કેન્દ્ર સરકારની નોકરીઓમાં અન્ય પછાત વર્ગો (ઓબીસી) માટે ૨૭ ટકા અનામત લાગુ કરવાની જાહેરાત કરી. આના સમર્થન અને વિરોધમાં દેશભરમાં વ્યાપક પ્રતિક્રિયાઓ જોવા મળી.

આ ઘટનાની ભારત પર ઊંડી સામાજિક અને રાજકીય અસર પડી. ઓબીસી વર્ગોને સરકારી નોકરીઓ અને શિક્ષણમાં વધુ તકો મળતાં તેમનું પ્રતિનિધિત્વ વધ્યું. બીજી તરફ અનામત નીતિ અંગે દેશવ્યાપી ચર્ચા અને વિવાદો ઊભા થયા. આ નિર્ણયે દેશના રાજકીય સમીકરણો અને સામાજિક નીતિઓ પર લાંબા ગાળાની અસર પેદા કરી.

## ૧૯૯૦-કાશ્મીરી પંડિતોનું સ્થળાંતરઃ




૧૯૯૦માં જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદમાં ભારે વધારો થયો. અનેક કાશ્મીરી પંડિતોને ધમકીઓ, હત્યાઓ અને ભયના માર્યા ફફડતા હતા. આથી જાન્યુઆરી ૧૯૯૦થી અંદાજે ૩-૪ લાખ કાશ્મીરી પંડિતો નાછુટકે કાશ્મીર ખીણ છોડીને જમ્મુ, દિલ્હી અને ભારતના અન્ય ભાગોમાં જતા રહ્યા. સ્વતંત્ર ભારતના આ સૌથી મોટા આંતરિક સ્થળાંતરમાં વિસ્થાપિત પરિવારોને વર્ષો શરણાર્થી શિબિરોમાં રહેવું પડ્યું. આ કાશ્મીર મુદ્દો રાષ્ટ્રીય સુરક્ષા અને આંતરિક શાંતિ માટે વધુ ગંભીર બન્યો. આતંકવાદ વિરોધી નીતિઓને મજબૂત બનાવવાની જરૂરિયાત અનુભવાઈ.

## ૧૯૯૧-રાજીવ ગાંધીની હત્યાઃ



ભારતના ભૂતપૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધીની ૨૧મી મે ૧૯૯૧ના રોજ તમિળનાડુના શ્રીપેરુમ્બદુરમાં હત્યા થઇ હતી. રાજીવ ગાંધીને ફૂલમાળા પહેરાવવા ગયેલી એક સુસાઇડ બૉમ્બરે હત્યા કરી હતી. જોકે એ જાહેર સભામાં ત્યાં હાજર બીજા ૧૪ જણાનાં મોત થયાં હતાં, જેમાં આ સુસાઇડ બૉમ્બર પણ હતી. ૨૨ વર્ષની આ સુસાઇડ બૉમ્બરનું નામ કલાઇવની રાજરત્નમ હતું. એણે ધારણ કરેલું બીજું નામ થેન્મોઝી અને ધનુ હતું. ધનુ પ્રતિબંધિત શ્રીલંકન તમિળ અલગાવવાદી બળવાખોર જૂથ લિબરેશન ટાઇગર્સ ઓફ તમિળ ઇલમની સભ્ય હતી. હત્યાના થોડા સમય પહેલાં જ શ્રીલંકન આંતર વિગ્રહમાં ભારતના શાંતિ જાળવવા માટેનાં દળો દ્વારા ભારતની દરમિયાનગીરી પૂરી થઇ હતી.

૧૯૯૧ની ચૂંટણી માટે રાજીવ ગાંધીએ કૉંગ્રેસ માટે તમિળનાડુની કૉંગ્રેસ કમિટીના સભ્યો સાથે ચૂંટણી પ્રચાર કર્યો હતો. રાજીવ ગાંધી વિશાખાપટ્ટનમમાં પ્રચારકાર્ય પૂરું કર્યા બાદ શ્રીપેરુમ્બદુરુ ખાતે ચૂંટણીસભા સંબોધવા ગયા હતા. આ ચૂંટણીસભામાં રાજીવ ગાંધીની હત્યા થઇ હતી.

## એઆઇ છે ડિજિટલ આમંત્રણપત્રિકાઓની બોલબાલા

રાજા-રજવાડાના કાળમાં મહેમાનોને આમંત્રણ આપવા સોના, ચાંદીના તારવાળી રેશ્મી કપડા પર લખાયેલી આમંત્રણપત્રિકા આપવાની પરંપરા હતી. મધ્યમ વર્ગના લોકો પોતાના ખિસ્સાને પોષાય એવી સામાન્ય પત્રિકા લખી મોકલતા.

દોર બદલાયો પણ આમંત્રણ આપવાની પદ્ધતિ યથાવત્ છે. રેશ્મી કપડાંની જગ્યા કાગળે લીધી અને એમાંય પછી તો રાજસ્થાન મહેલોના હાથી ઘોડા સાથે વરકન્યાના વરઘોડા સાથે બેન્ડબાજાવાળા ઈમેજ, સ્ટેટસ અને મોંઘેરા મહેમાનને ગમે એવી આકર્ષક આમંત્રણ પત્રિકાનો ટ્રેન્ડ ચાલ્યો.



અમારી સંસ્થા ધી મુંબઈ કાર્ડ મેન્યુ. એન્ડ ડીલર્સ એસોસિએશાનની સ્થાપના વર્ષ ૧૯૬૬થી આ વેપારીઓનું પ્રતિનિધિત્વ કરે છે અને બદલતા સમય સાથે આગળ વધવામાં માને છે.

ધી મુંબઈ કાર્ડઝ મેન્યુ. એન્ડ ડીલર્સના પ્રેસિડેન્ટ **શ્રી પ્રવિણ** કોલ્થરકર (બાબાશેઠ) જણાવે છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્ટ ધીમે ધીમે આપણા રોજિંદા જીવનનો ભાગ બની રહી છે.

આમંત્રણ પત્રિકા વર્ષ ૧૯૭૦થી ૨૦૧૫ના દાયકામાં કંકોત્રી ઓફસેટ પ્રિન્ટિંગ તથા સ્ક્રીન પ્રિન્ટિંગ ગોલ્ડ-સિલ્વર ફોઈલ પ્રિન્ટિંગ તેમાં અલગ અલગ રંગોથી નામ અને મજકુર અલગ દેખાય અને તે પત્રિકા આકર્ષક દેખાય એનું વધુ ધ્યાન રખાતું.

કોરોનાકાળમાં લોકો ઘરમાં કેદ થયા પણ જિંદગીમાં પ્રસંગો તો આવતા જ રહે પણ તે કેવી રીતે સેલિબ્રેટ કરવું ત્યારે જન્મ થયો ડિજિટલ પત્રિકાનો. લોકો પહેલાથી વોટ્સએપ, ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પર સક્રિય હતા. ડિજિટલ દુનિયામાં એઆઈ આવવાથી લગ્ન આમંત્રણોની ડિઝાઈન વધુ રોચક થવા લાગી. સાથે સાથે  સમય બદલાતા ભારતભરમાં ૨.૫૦થી ૩ કરોડ યુવક-યુવતીઓના લગ્ન મુર્હૂતોમાં ઉચ્ચ વર્ગ - મધ્યમ વર્ગ અને નીચલા વર્ગના માટે લગ્નપત્રિકા ૫૦ નંગથી ૫૦૦૦ કંકોત્રીઓ છપાય છે. પાછું આમંત્રણપત્રિકા કુટુંબીઓને ઘરે આપવા જઈએ ત્યારે બધા ઘરવાળા ઉત્સાહમાં દેખાય છે.

આ એઆઈ ટેક્નોલોજીનો ઉપયોગ કરી તમારા પસંદગીઓ રંગ પ્લેટ્સ, થીમ્સ, શૈલીમાં ઉમેરો કરી એઆઈ તેમાં જાદુ ઉમેરે છે. જો કે જૂની મજા અને રીત ભુલાતી નથી.

ધી મુંબઈ કાર્ડઝ મેન્યુ. એન્ડ ડીલર્સ એસોસિએશનના ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ જયંતિલાલ શાહ ■

ARHAM Inc. USA — HUMANITY TO DIVINITY

ARHAM YUVA SEVA GROUP

ARHAM ALWAYS CARE

# રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી અર્હમ્ યુવા સેવા ગ્રુપ દ્વારા સંચાલિત

# જીવદયા



**40+** ARHAM ANIMAL AMBULANCE | **5** ALWAYS CARE ANIMAL CLINIC | **25+** CITIES

## 2,10,000 + અબોલ જીવોના ઑપરેશન્સ અને સારવાર

## દરરોજ 350-380 અબોલ જીવોની treatment

કરુણા અને અનુકંપા જેમના શ્વાસોશ્વાસમાં છે, એવા રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબનો જન્મોત્સવ-માનવતા મહોત્સવ ઉજવાય એક દિવસ પણ આખા વર્ષ માટે હજારો જરૂરિયાતમંદોના આંસુ લૂંછવાનો અને શાતા પમાડવાનો કરુણાનો મહા મહોત્સવ બની જાય છે!





**મારી ખુશી અબોલ જીવોની ખુશીમાં છે!**

## Arham Animal Ambulance:

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવના જન્મોત્સવ - માનવતા મહોત્સવ અવસરે રસ્તાના અબોલ જીવોની તાત્કાલિક સારવાર અને surgery માટે પ્રથમ Arham Animal Ambulance launch થઈ અને એને મળેલા જબરદસ્ત અકલ્પનીય responseના પરિણામે અલગ અલગ ક્ષેત્રોમાં એક પછી એક ambulance launch થવા લાગી અને આજે 25 citiesમાં 40 જેટલી Arham Animal Ambulance દ્વારા દરરોજ 350-380 જેટલાં ઘાયલ અને બીમાર અબોલ જીવો શાતા પામી રહ્યાં છે. દરેક ambulanceમાં નિષ્ણાંત doctorsની team, staff, emergency treatment માટે જરૂરી સાધનો CCTV camera અને live tracking માટે GPS systemની આધુનિક સુવિધાઓ છે.

અત્યારે 90થી વધુ doctorsની team અને staff દિલથી સેવા અર્પણ કરી રહ્યાં છે.





















## Arham Animal Ambulance Centres :

| | | | |
|---|---|---|---|
| Ahmedabad 6262090915 | Bhavnagar 8989808046 | Gondal 6262090989 | Jamnagar 8238113555 |
| Junagadh 9913910108 | Mandvi, Kutch 8585020263 | Vesu, Surat 8689890505 | Varacha, Surat 8989050581 |
| Vadodara 8989030373 | Veraval 6262050590 | Kandivali, Mumbai 9619619721 | Malad, Mumbai 7662005402 |
| Mira Road, Mumbai 7662005403 | Andheri, Mumbai 7662005401 | Ghatkopar, Mumbai 7662005404 | Mulund, Mumbai 7662005406 |
| Vasai, Mumbai 7662005409 | Paramdham, Mumbai 8989090967 | PMC, Pune 8989030390 | PCMC, Pune 8989030317 |
| Chennai 9566508046 | Hyderabad 6262090970 | Delhi - Old Delhi 8989080878 | Nagpur 9090676708 |
| Palitana 6262808003 | Indore 8989080848 | Gandhinagar 6262060674 | Solapur 6262090912 |
| Amravati 6262050546 | Kolkata 9090626279 | Dombivali, Mumbai 7662005407 | |

## ARHAM ALWAYS CARE CLINIC:

પરમ ગુરુદેવની પ્રેરણાથી અબોલ જીવોની વધુ સારી રીતે સારવાર થઈ શકે એવી શુભ ભાવનાથી અલગ-અલગ શહેરોમાં 5 Arham always care clinic શરૂ થયાં છે. દરેક clinic X'ray machine, Blood testing machine, Anasthesia machine, Multipera monitor, Oxygen concentrator જેવા emergency equipments, diagnostic અને surgeryના અદ્યતન સાધનો, MVSc સર્જન અને નિષ્ણાંત doctorsની teamથી સજ્જ છે. દરેક clinicમાં દર મહિને 1000 થી 1200 પશુ-પક્ષીઓની OPD થાય છે અને દર મહિને 25-30 surgery થાય છે. દૂર-દૂરના વિસ્તારથી કરુણાવાન વ્યક્તિઓ અબોલ જીવોને સારવાર માટે લઈ આવે છે.

- રાજકોટ - હનુમાન મઢી પાસે — 7567075680
- જુનાગઢ - કાળવા ચોક પાસે — 6262030341
- મુંબઈ - કાંદિવલી પાવનધામ — 7304983822
- મુંબઈ - ઘાટકોપર સોમૈયા કોલેજ પાસે — 7463036303
- મુંબઈ - નાસિક Highway, પરમધામ — 8989090967

## સંપત્તિનો સદુપયોગ

અત્યાર સુધી ઑપરેશન્સ, દવાઓ અને જરૂરી સાધન સામગ્રીઓ પાછળ **₹ 14,00,00,000** (ચૌદ કરોડ) વપરાયા છે.

**આપ પણ 'જીવદયા'ના લાભાર્થી બની શકો છો**

**₹ 1,25,000/-**
એક એમ્બ્યુલન્સનો એક મહિનાનો લાભ.

**₹ 1000 / ₹ 3000**
Monthly Donor નો લાભ (Every Month)

**₹ 500/-**
એક જીવની સારવારનો લાભ



**આપનું નાનકડું અનુદાન અબોલ જીવ માટે જીવનદાન બની શકે છે**









**3 વર્ષમાં clinicમાં જ 65,450થી વધુ જીવોની સારવાર અને 1134 જીવોની surgery થઈ છે**

**₹ 500/-** એક જીવની સારવારનો લાભ | **₹ 5000/-** એક જીવની surgeryનો લાભ

**પાવનધામ-કાંદિવલીમાં ARHAM ALWAYS CARE CLINICમાં નવા SURGERY ROOMS માટે આપનું અનુદાન સ્વીકાર્ય છે**

**alwayscare.org**

- આ સેવાને વધુ સરળ બનાવવા Launch થઈ ગઈ છે **"Arham Always Care Website"** જેમાં આપને મળશે આપની નજીકના વિસ્તારની **Arham Animal Ambulance**ના Phone Number, Live Location અને દરરોજ થતાં Operations અને સારવારની વિગત !
- જીવદયાનો આ નિ:શુલ્ક પ્રકલ્પ અનેક ઉદારદિલા દાતાશ્રીઓની સદ્‌ભાવના અને સહયોગથી ચાલી રહ્યો છે.



**અનુદાન અર્પણ**

alwayscare.org/donate

**CSR Donation આવકાર્ય છે**

વધુ જાણકારી માટે સંપર્ક: +91 9090010153

SCAN TO DONATE




## ડૉ. યોગેશ લાખાણીને મળ્યો પ્રખ્યાત મલ્ટી બિલ્યોનર બિઝનેસ એચીવર્સ એવોર્ડ

તાજેતરમાં જ ૨૩ જૂને કોચી (કેરાલા) ખાતે યોજાયેલ ઈન્ટરનેશનલ બિઝનેસ એક્સેલન્સ એવોર્ડ સમારોહમાં ડો. યોગેશ લાખાણીને એમબીએ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રખ્યાત મનપ્પુરમ ફાઈનાન્સ લિમિટેડના ચૅરમૅન અને મૅનેજિંગ ડિરેક્ટર શ્રી વી. પી. નંદકુમાર, પદ્મશ્રી બાલચંદ્ર મેનન, ડૉ. વિજુ જેકબ, ડી.એન. જહાંગીર, ઑર્ગેનાઈઝર અજિતભાઈ (પેગોસીસ) સહિત અનેક ખ્યાતનામ ઉદ્યોગપતિઓ હાજર રહ્યા હતા.


ડો. યોગેશ લાખાણી
(ચેરમેન-મેનેજિંગ ડિરેકરટર)

BRIGHT OUTDOOR MEDIA LIMITED

બ્રાઈટ આઉટડોર મીડિયા લિમિટેડ તરફથી
મુંબઈ સમાચાર ને ૨૦૫મા વર્ષે અભિનંદન


ન્યૂ વૅન્ચર
Good News

હવેથી તમારી એડવર્ટાઈઝ - બ્રાન્ડિંગની
તમામ જરૂરિયાતો ''બ્રાઈટ'' પૂરી કરશે

CONT ACT : 9819371103

Whether its a Day or Night,
Whether in or Outdoor Sight
Choice of 'Bright' is Always Right.

હોર્ડિંગ્સની દુનિયામાં પાયોનિયર
'બ્રાઈટ આઉટડોર મીડિયા લિ.' તેની
વ્યવસાયિક પ્રવૃત્તિ વિસ્તારી રહ્યું છે.




યોગેશભાઈ સફળ બિઝનેસમેન હોવા ઉપરાંત ઉમદા સમાજ સેવક પણ છે. ગરીબોને ભોજન, બીમારોને દવા અને જરૂરતમંદ વિદ્યાર્થીઓને સતત શિક્ષણસહાય કરતા રહે છે










BRIGHT OUTDOOR MEDIA LIMITED
India's 1st BSE Listed OOH Media Company






ANNOUNCES STRONG

FY 2026 RESULT

TOTAL REVENUE ₹155.43 Cr UP BY21.38% YOY

NET PROFIT ₹24.05Cr UP BY 26.06% YOY

EBITDA ₹35.23 Cr UP BY 28.68% YOY

Our FY2026 performance reflects the strength of our brand, client trust, and our bold Digital OOH vision as Bright continues to redefine outdoor advertising in India. Evolving into a 360° Media Company, Bright now delivers integrated solutions across OOH, digital, print, radio, PR, influencer marketing, and on-ground activations, while expanding a stronger and more impactful media network.t

આ રહ્યો 'બ્રાઈટ'નો ઊજળો હિસાબ




## શૅરબજારમાં 'Bright'નું ભવિષ્ય'બ્રાઈટ' છે. ટૂંક સમયમાં મેઈન બોર્ડમાં પ્રવેશશે.


શૅરબજારમાં પણ હવે 'બ્રાઈટ'નો સૂર્ય ચમકવા લાગ્યો છે. ૨૪ માર્ચ, ૨૦૨૩ના દિવસે ઈન્ડિયાઝ ફર્સ્ટ આઉટડોર મીડીયા તરીકે 'બ્રાઈટ' કંપની BSE - SME (બોમ્બે સ્ટોક એક્સચેન્જ)માં લિસ્ટેડ થઈ હતી. આ દિવસે વહેલી સવારે પણ અનેક મોટા કલાકારો, બિઝનેસમેનો અને મહાનુભાવો હાજર રહ્યા હતા.

જ્યારે ડૉ. યોગેશ લાખાણીએ શૅરબજારમાં દાખલ થવાનો વિચાર કર્યો હતો ત્યારે તેમના હિતેચ્છુઓ હસતા હતા. કહે આવો વિચાર ક્યાંથી આવ્યો? ભવિષ્યમાં કંપનીને તકલીફ પડી શકે છે. આ તો પગ પર પાટુ મારવા જેવો ઘાટ હતો, પરંતુ તેમણે હિંમત ન હારી. કોઈ પણ કાર્ય પહેલી વાર કરવા જઈએ ત્યારે હિંમત તો રાખવી જ જોઈએ. હિંમતે મર્દા તો મદદે ખુદા. જેણે પહેલી વાર પ્લેન બનાવ્યું, વોટ્સએપ બનાવી ત્યારે પહેલાં સપનું જ જોયું હશે અને પછી એ સાકાર થશે જ તેવા આત્મવિશ્વાસ અને પૂરી હિંમતથી ઝંપલાવ્યું હશે. પાણીમાં ઝંપલાવ્યા વગર તરવાનું કેવી રીતે શીખી શકાય યોગેશભાઈએ પણ ઝંપલાવ્યુ અને ઈશ્વરકૃપાથી સફળ થયા. કંપની નિયમિત ડિવિડન્ડ આપે છે. થોડા સમય પહેલાં જ બે શૅર દીઠ એક શૅર બોનસમાં આપ્યો છે. યોગેશભાઈ કહે છે કે 'તાતા અને ધીરુભાઈ અંબાણીના શૅરોથી જેમ મારો પણ પ્રયાસ રહેશે કે મારા પર જેમણે વિશ્વાસ રાખ્યો છે તે તમામ શૅર હોલ્ડરો ખુશ રહે. તેઓ જ મારી મૂડી છે. કોઈ એક વેંત નમે તો હું દસ વેંત નમું એવો મારો સ્વભાવ છે. મારા પર જેમણે ઉપકાર કર્યો છે તેમનુ ઋણ કદી ભૂલતો નથી. આ જન્મે જ ચૂકવવાનો પ્રયાસ કરું છું. જેથી આવતા જનમમાં કોઈ બોજ ન રહે.' ૨૦૨૪માં બેંગ્લોરમાં યોજાયેલા કન્વેન્શનમાં આ સંસ્થા તરફથી 'બ્રાઈટ'ને આઉટડોર ફિલ્ડમાં સૌ પ્રથમ આઈ.પી.ઓ. લાવનાર કંપની તરીકે એવોર્ડ મળેલ છે. માર્ચ, ૨૦૨૬માં આઈ.પી.ઓ. આવ્યાનાં ત્રણ વર્ષ બાદ નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE)માં મેઈન બોર્ડમાં ટૂંક સમયમાં સ્થળાંતરિત થશે. હવે આગામી માસથી લોકો માટે નાની સંખ્યામાં જેમ કે એક-બે શૅરોની લે-વેચ પણ શક્ય બનશે. સામાન્ય માણસ માટે પણ હવે 'બ્રાઈટ'ના શૅરોમાં રોકાણ કરવું સરળ અને લાભકારક બની રહેશે.



ડૉ. યોગેશ લાખાણી ડોનાલ્ડ ટ્રમ્પ અને નરેન્દ્ર મોદીની શપથવિધિમાં હાજર રહેવાનું બહુમાન પણ મેળવી ચૂક્યા છે








## ગુરુદેવશ્રી રાકેશજી મુનિ અમ આંગણે પધાર્યા...

સંત શિરોમણિ પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશજી મુનિ દ્વારા બોરીવલી વેસ્ટ (મુંબઈ) ખાતે ઉદ્‌ઘાટિત 'બોરીવલી સ્પિરિચ્યુઅલ સેન્ટર'નું લોકાર્પણ ૧૩ માર્ચ, ૨૦૨૬ના રોજ થયું ત્યારે તેનો આઉટડોર પ્રચાર કરવાની તક 'બ્રાઇટ આઉટડોર મલ્ટિમીડિયા'ને મળી હતી એ માટે હું ખૂબ જ ધન્યતા અનુભવું છું, વળી આનંદની એ સદ્‌ભાગી ક્ષણ તો ત્યારે આવી હતી જ્યારે પરમ પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશજીએ એ સમયે મારા ઘરે પધારી અમારા આંગણાને આધ્યાત્મિકતાના પવનથી પાવન કરી દીધું હતું.

ભારત અને વિશ્વભરમાં લાખો યુવાનો સહિત અનેક અનુયાયીઓ ફેલાયા છે. જેમને પોતાના ઘરે આવકારવા અને સત્કારવા બોરીવલીમાં હજારો ભક્તો આતુર હતા એ સંજોગોમાં ગુરુજી મારા ઘરે પધાર્યા હતા એ તો મને આજે પણ દિવાસ્વપ્ન જેવું લાગે છે. મારા ઘરની સામે આવેલા દેરાસર અને તેને જોડતા તમામ માર્ગો પર હજારો ભકતો ગુરુજીની એક ઝલક પામવા ઊભા રહી ગયા હતા.

માત્ર ત્રણ દિવસ (૧૩ માર્ચ - ૧૫ માર્ચ ) માટે બોરીવલી પધારેલા ગુરુજી મારા ઘરે પધાર્યા અને લગભગ ૪૦-૪૫ મિનિટ સુધી મારા આતિથ્યનો સ્વીકાર કર્યો એ માત્ર ને માત્ર ઈશ્વરના અપાર અનુગ્રહ અને આશીર્વાદને કારણે જ શક્ય બન્યું છે. આ મારા માટે ખરેખર જીવનનો 'બ્રાઈટ' સમય હતો.

## ૧૯૯૧-ભારતમાં આર્થિક ઉદારીકરણઃ



૧૯૯૧ની ૨૪ જુલાઈએ ભારત સરકારે ગંભીર આર્થિક સંકટનો સામનો કરવા માટે આર્થિક ઉદારીકરણની નવી નીતિ અમલમાં મૂકી. તે સમયે દેશ પાસે માત્ર થોડા અઠવાડિયાં માટે પૂરતું વિદેશી ચલણ ભંડાર બચ્યો હતો. વડા પ્રધાન પી. વી. નરસિંહ રાવ અને નાણાં પ્રધાન મનમોહન સિંહ આ નવી આર્થિક નીતિના શિલ્પકાર હતા. આ નીતિ હેઠળ ઉદ્યોગો પરના સરકારી નિયંત્રણો ઘટાડવામાં આવ્યા, આયાત-નિકાસના નિયમો હળવા બનાવાયા, વિદેશી મૂડીરોકાણને પ્રોત્સાહન અપાયું અને જાહેર ક્ષેત્રના કેટલાક ઉદ્યોગોમાં ખાનગીકરણની પ્રક્રિયા શરૂ કરાઇ. આ પગલાંનો હેતુ ભારતીય અર્થતંત્રને વધુ સ્પર્ધાત્મક અને વૈશ્વિક બજાર સાથે જોડવાનો હતો. આર્થિક ઉદારીકરણની ભારત પર દૂરગામી અસર પડી. આર્થિક વિકાસદર વધ્યો, વિદેશી મૂડીરોકાણમાં વધારો થયો અને માહિતી પ્રદ્યોગિકી, ટેલિકોમ તથા સેવા ક્ષેત્રોમાં ઝડપી વિકાસ થયો. મધ્યમ વર્ગનો વિસ્તાર થયો અને રોજગારીની નવી તકો ઊભી થઈ.

## ૧૯૯૨-હર્ષદ મહેતા શેરબજાર કૌભાંડઃ



૧૯૯૨માં ભારતના શેરબજારેમાં હર્ષદ મહેતા કૌભાંડ થકી દેશનું સૌથી મોટા નાણાકીય કૌભાંડોમાંનું એક જોયું. શેરદલાલ હર્ષદ મહેતાએ બેંકો અને નાણાકીય સંસ્થાઓ વચ્ચેના વ્યવહારોમાં રહેલી ખામીઓનો લાભ લઈને હજારો કરોડ રૂપિયાની કથિત ગેરરીતિઓ આચરી હતી. નકલી બેંક રસીદો અને સરકારી પ્રતિભૂતિઓના વ્યવહારોમાં ગોટાળા કરીને તેમણે શેરબજારમાં વિશાળ પ્રમાણમાં નાણાં રોક્યાં, જેના કારણે અનેક શેરોના ભાવ અસ્વાભાવિક રીતે વધી ગયા. ૧૯૯૨માં પત્રકાર સુચેતા દલાલે આ કૌભાંડનો પર્દાફાશ કર્યો, પછી શેરબજારમાં ભારે ઘટાડો નોંધાયો હતો. આ કૌભાંડથી લાખો રોકાણકારોને આર્થિક નુકસાન થયું અને શેરબજાર પ્રત્યેનો વિશ્વાસ હચમચી ગયો. ત્યારબાદ 'સેબી'ની સત્તામાં વધારો કરવામાં આવ્યો અને મૂડીબજારના નિયમનને વધુ કડક બનાવવામાં આવ્યું.

## ૧૯૯૨-બાબરી મસ્જિદ વિદ્વંસઃ



૬ ડિસેમ્બર ૧૯૯૨ના રોજ અયોધ્યામાં બાબરી મસ્જિદ મોટી સંખ્યામાં એકત્રિત કારસેવકોએ તોડી પાડી. હિંદુ સંગઠનોનો દાવો હતો કે મસ્જિદનું નિર્માણ ભગવાન શ્રીરામના જન્મસ્થળ પર આવેલા પ્રાચીન મંદિરને તોડીને કરવામાં આવ્યું હતું, જ્યારે મુસ્લિમ પક્ષો આ દાવાને નકારતા હતા. આ વિવાદ ઘણા દાયકાઓથી ચાલતો હતો. મસ્જિદના વિધ્વંસ બાદ દેશના વિવિધ ભાગોમાં વ્યાપક સાંપ્રદાયિક હિંસા ફાટી નીકળી, જેમાં હજારો લોકોનાં જાનમાલનું નુકસાન થયું.

આ ઘટનાની ભારત પર ઊંડી રાજકીય અને સામાજિક અસર પડી. હિંદુ-મુસ્લિમ સંબંધોમાં તણાવ વધ્યો અને સાંપ્રદાયિકતા અંગેની ચર્ચાઓ વધુ તીવ્ર બની. ભારતીય રાજકારણમાં ધાર્મિક મુદ્દાઓનું મહત્ત્વ વધ્યું અને અનેક રાજકીય પક્ષોની વ્યૂહરચનાઓ પર તેની અસર પડી. વિવાદ લાંબા સમય સુધી અદાલતોમાં ચાલ્યો અને અંતે ૨૦૧૯માં ભારતના સર્વોચ્ચ ન્યાયાલયે જમીન વિવાદ અંગે ઐતિહાસિક ચુકાદો આપ્યો.

## ૧૯૯૩- મુંબઈમાં બૉમ્બ વિસ્ફોટોઃ




મુંબઇમાં ૧૨મી માર્ચ ૧૯૯૩ના રોજ અલગ અલગ સ્થળોએ ૧૨ બૉમ્બ ધડાકા થયા હતા. જેમાં ૨૫૭ જણ માર્યા ગયાં હતાં અને બીજા લગભગ ૧૪૦૦ જણ જખ્મી થયા હતા. આ કૃત્ય પાછળ ડી-ગેંગના ડોન દાઉદ ઇબ્રાહિમનો હાથ હતો. અંદાજે વીસ વર્ષ ચાલેલા ખટલાને અંતે ૨૧ માર્ચ ૨૦૧૩ના રોજ સુપ્રીમ કોર્ટે મુખ્ય આરોપીઓમાંના એક યાકૂબ મેમનને ફાંસીની સજા ફટકારી હતી અને બીજા દસને આજીવન જેલ સજા કરી હતી. યાકૂબનો ભાઇ ટાઇગર મેમન ફરાર થઇ ગયો હતો. યાકૂબ મેમનને ૧૫મી જુલાઇ ૨૦૧૫ના રોજ ફાંસી અપાઇ હતી. અયોધ્યામાં બાબરી મસ્જિદ તોડી પાડવાની ઘટના બાદ ડિસેમ્બર ૧૯૯૨ અને જાન્યુઆરી ૧૯૯૩માં મુંબઇમાં મોટે પાયે કોમી હુલ્લડો ફાટી નીકળ્યા હતાં. હલ્લડોનાં પાંચ વર્ષ પછી શ્રીક્રિષ્ના પંચે એવું તારણ રજૂ કર્યું હતું કે આ કમનસીબ ઘટનાઓમાં ૯૦૦ જણ માર્યા ગયાં છે અને ૨૦૦૦ જણને ઇજા થઇ છે.

## ૧૯૯૪-દક્ષિણ આફ્રિકામાં રંગભેદ પર પડદોઃ



કાળા ગોરાનો ભેદભાવ - રંગભેદ સદીઓથી વૈશ્વિક સમસ્યા અને કલંક રહ્યા છે. દક્ષિણ આફ્રિકામાં એનો વરવો ચહેરો કાયમ માટે ઢંકાઈ ગયો. ૨૭ વર્ષ બંદીવાન રહેલા અશ્વેત નેતા નેલ્સન મંડેલાને છોડવામાં આવતાં એક નવા અધ્યાયનો પ્રારંભ થયો. અશ્વેતોને પહેલી વાર મતાધિકાર મળ્યો અને મંડેલા દેશના પ્રથમ અશ્વેત પ્રેસિડેન્ટ બન્યા. દેશમાં રાજકીય - સામાજિક બદલાવ આવ્યો.







## ૧૯૯૪-એમેઝોનની સ્થાપના




એમેઝોનની સ્થાપના ૫ જુલાઇ ૧૯૯૪ના રોજ જેફ બેરોઝ નામના એક અમેરિકને વોશિંગ્ટનના બેલેવ્યૂના એના ગેરેજમાં કરી હતી. એમેઝોન શરૂઆતમાં પુસ્તકોના ઓન લાઇન વેંચાણ પૂરતું સીમિત હતું. ત્યારબાદ એનો જબરજસ્ત વિસ્તાર થયો અને બધી કેટેગરીની ચીજવસ્તુઓનો એમાં સમાવેશ થયો. અને એનું નામ પડી ગયું- ધી એવરીથિંગ સ્ટોર. આજે એમેઝોન વેબ, સર્વિસીસ, ઝૂક્સ, કૂઇપર સિસ્ટમ્સ, એમેઝોન લેબ ૧૨૬ સહિતની બીજી સંખ્યાબંધ પૂરક શાખાઓ છે. એની અન્ય સબ્સિડિયરીઓમાં રિંગ, ટ્વિટ્ચ, આઇએમડીબી, એમજીએમ હોલ્ડિંગ્સ, અને હોલ ફૂડ્સ માર્કેટ છે. આજે એમેઝોન એક અમેરિકન મલ્ટિનેશનલ ટેક્નોલોજી કંપની તરીકે પોપ્યુલર છે. એનું ફોકસ ઇ-કોમર્સ, ક્લાઉડ કમ્પ્યુટિંગ અને ડિજિટલ સ્ટ્રીમિંગ પર છે. આજે દેશ-વિદેશમાં ભાગ્યે જ એવું કોઇ હશે જેણે એમેઝોનનું નામ નહીં સાંભળ્યું હોય.

## ૧૯૯૫-ભારતમાં ઈન્ટરનેટનું આગમનઃ



૧૫ ઓગસ્ટ ૧૯૯૫થી ભારતમાં જાહેર ઇન્ટરનેટ સેવાનો સત્તાવાર પ્રારંભ થયો. વિદેશ સંચાર નિગમ લિમિટેડની ઇન્ટરનેટ સેવા શરૂઆતમાં મુંબઈ, દિલ્હી, કોલકાતા અને ચેન્નઈ જેવા મોટાં શહેરોમાં જ ઉપલબ્ધ હતી. ત્યારે ડાયલ-અપ જોડાણથી ખૂબ ઓછી ઝડપે ઇન્ટરનેટનો ઉપયોગ થતો હતો. ઇ-મેઇલ, માહિતીની આપ-લે અને વૈશ્વિક સંચાર માટે આ એક ક્રાંતિકારી પગલું સાબિત થયું. ધીમે ધીમે તેનો વ્યાપ સમગ્ર દેશમાં વધતો ગયો. આજે ઇન્ટરનેટ વગરની દુનિયાની કલ્પના થાય ખરી?

ઇન્ટરનેટના આગમનની ભારત પર દૂરગામી અસર થઈ. માહિતી પ્રૌદ્યોગિકી, સોફ્ટવેર ઉદ્યોગ અને વ્યવસાય પ્રક્રિયા આઉટસોર્સિંગ ક્ષેત્રના વિકાસને વેગ મળ્યો. શિક્ષણ, વેપાર, બેંકિંગ, સંચાર અને સરકારી સેવાઓમાં ડિજિટલ પરિવર્તન શરૂ થયું. ઇ-કોમર્સ, ઑનલાઇન મીડિયા અને ડિજિટલ અર્થતંત્રના વિકાસ માટે પાયો રચાયો. આજે ભારતની ડિજિટલ ક્રાંતિનો મહત્ત્વપૂર્ણ તબક્કો છે.

## ૧૯૯૬-સસ્તન પ્રાણીની પહેલી સફળ પ્રતિકૃતિઃ



સ્કૉટલૅન્ડમાં ઇતિહાસ રચાઈ ગયો જ્યારે વિશ્વના પ્રથમ ક્લોન્ડ મેમલ (સસ્તન પ્રાણીની પ્રતિકૃતિ) અસ્તિત્વમાં આવ્યું. ડોલી તરીકે ઓળખાયેલી આ માદા ઘેટાને કારણે પુખ્ત પ્રાણીના વિશેષ કોષ પર પ્રક્રિયા કરી એક સદંતર નવો સજીવ પેદા કરી શકાય એ સિદ્ધ થયું. આ પ્રયોગને પગલે સ્ટેમ સેલ્સમાં સંશોધન આગળ વધ્યું અને માનવજાત માટે આશીર્વાદ સાબિત થયું.

## ૧૯૯૬-ગઠબંધન સરકારોનો યુગઃ



૧૯૯૬ની લોકસભા ચૂંટણીમાં એકેય રાજકીય પક્ષને સ્પષ્ટ બહુમતી મળી નહોતી. સૌથી મોટા પક્ષ તરીકે ભારતીય જનતા પાર્ટી સત્તામાં આવી, પરંતુ તેની વાજપેયી સરકાર માંડ ૧૩ દિવસ ટકી શકી. ત્યારબાદ અનેક પ્રાદેશિક અને રાષ્ટ્રીય પક્ષોના સમર્થનથી સંયુક્ત મોરચાની સરકાર રચાઈ. પ્રથમ એચ. ડી. દેવેગૌડા અને પછી આઈ. કે. ગુજરાલ વડા પ્રધાન બન્યા. આમ ભારતમાં ગઠબંધન સરકારોના યુગની શરૂઆત થઈ.

આ રાજકીય પરિવર્તનની ભારત પર મહત્ત્વપૂર્ણ અસર પડી. પ્રાદેશિક પક્ષોની રાજકારણમાં ભૂમિકા વધી અને કેન્દ્ર સરકારમાં રાજ્યોનાં હિતોને વધુ મહત્ત્વ મળવા લાગ્યું. વિવિધ પક્ષો વચ્ચે સહમતી અને સમન્વયની રાજનીતિને પ્રોત્સાહન મળ્યું. જોકે ગઠબંધન સરકારો ઘણીવાર અસ્થિર સાબિત થઈ અને નીતિ-નિર્ણયની પ્રક્રિયા ધીમી પડી. છતાં ભારતીય લોકશાહીની વૈવિધ્યસભર અને સમવેશી પ્રકૃતિને મજબૂત બનાવી તથા કેન્દ્ર-રાજ્ય સંબંધોને નવા પરિમાણ આપ્યાં.

## ૧૯૯૬-તાલીબાન સરકારનો અફઘાનિસ્તાન પર અંકુશઃ



તાલીબાને ૧૯૯૬માં કાબુલ પર કબજો જમાવીને પહેલી ઇસ્લામિક અમિરાત ઓફ અફઘાનિસ્તાનની સ્થાપના કરી હતી. તાલીબાને ૧૯૯૬થી ૨૦૦૧ સુધીના એના શાસન દરમિયાન શરિયા કાયદાનો કડક અમલ કરાવ્યો હતો. અફઘાનીઓની કત્લેઆમ કરી હતી. ભૂખે મરતા નાગરિકો માટે યુએન દ્વારા પૂરી પડાયેલી ફૂડ સામગ્રીઓનો ઇનકાર કર્યો હતો. છોકરીઓ અને મહિલાઓના શાળા જવા પર પ્રતિબંધ લાદ્યો હતો. સંગીત પર મનાઇ ફરમાવી હતી. અમેરિકાએ ૨૦૦૧માં અફઘાનિસ્તાન પર હુમલો કર્યો ત્યાં સુધી તાલીબાનોએ ઘાતકી અને ક્રૂર શાસન ચલાવ્યું હતું. આને પરિણામે તાલીબાન સરકારનું પતન થયું હતું અને તાલીબાનના ઘણા સભ્યો પાકિસ્તાન ભાગી ગયા હતા. જોકે ત્યારબાદ તાલીબાનોએ અમેરિકાનું પીઠબળ ધરાવતા ઇસ્લામિક રિપબ્લિક ઓફ અફઘાનિસ્તાન સામે લડવા બળવાખોરી આદરી હતી. દેશનિકાલ થયેલા તાલીબાનોએ ક્વેટ્ટા (પાકિસ્તાન)માં મે ૨૦૦૨માં સંગઠન રચ્યું હતું. હિબ્તુલ્લાહાની નેતાગીરીમાં તાલીબાનોએ લશ્કરી હુમલો કર્યો હતો અને કાબુલ પર ફરી કબજો જમાવ્યો હતો.

## ૧૯૯૭-હોંગકોંગ ચીનને સુપરતઃ



યુનાઇટેડ કિંગ્ડમ ઓફ ગ્રેટ બ્રિટન અને નોર્ધન આયર્નલેન્ડે પહેલી જુલાઇ ૧૯૯૭ના રોજ હોંગકોંગ ચીનને સુપરત કર્યું હતું. અને એ સાથે હોંગકોંગ પરના બ્રિટનના ૧૫૬ વર્ષના શાસનનો અંત આવ્યો હતો. હોંગકોંગ ૧૮૪૧થી બ્રિટન સામ્રાજ્યના શાસન હેઠળ હતું. ૧૯૮૪ના સંયુક્ત જાહેરનામામાં હોંગકોંગ ચીનને સુપરત કરવાની શરતો ઘડાઇ હતી અને એના પર સહીઓ થઇ હતી. એ મુજબ ચીને ૫૦ વર્ષ સુધી એક દેશ, એક સિસ્ટમને વળગી રહેવાના શપથ લીધા હતા. આમ હોંગકોંગ ચીનનો પ્રથમ સ્પેશ્યલ એડ્મિનિસ્ટ્રેટિવ પ્રદેશ બન્યો હતો અને ત્યાર બાદ મકાઉને આ દરજ્જો મળ્યો હતો. હોંગકોંગ બ્રિટનનો છેલ્લો સંસ્થાનવાદી પ્રદેશ હતો. સુપરત વિધિમાં પ્રિન્સ ત્રીજા (એ વખતના પ્રિન્સ ઓફ વેલ્સ) હાજર રહ્યા હતા. આ ઐતિહાસિક ઘટનાનું પ્રસારણ સમગ્ર વિશ્વમાં કરવામાં આવ્યું હતું.

## ૧૯૯૮-ગૂગલની સ્થાપનાઃ





‘ઢૂંઢને સે તો ભગવાન ભી મિલ જાતે હૈં’ના સ્થૂળ સ્વરૂપ જેવી ગૂગલ કંપનીની શરૂઆત પીએચડીના બે યુએસ વિદ્યાર્થીના સહયોગથી થઈ. સર્ચ એંજિન તરીકે ઓળખાતી નવી વ્યવસ્થા અમલમાં આવી અને ગણતરીની પળોમાં માહિતીનો ભંડાર મળવો સહજ થઈ ગયું. આની અસર આજે અનુભવાઈ રહી છે અને આવતી કાલે એની માત્રા ક્યાં પહોંચશે એનો કોઈને અંદાજ નથી.

## ૧૯૯૮-ઓસામા બિન લાદેનનો ફતવોઃ



૧૯૯૮માં ઓસામા બિન લાદેને ફતવો બહાર પાડ્યો હતો. જેની પર પાંચ જણની સહીઓ હતી. આમાંના ચાર જણ ઇસ્લામી જૂથના સભ્યો હતો. આ ફતવો યહૂદીઓ અને સાથી ધર્મયોદ્ધાઓ સામે બહાર પડાયો હતો. ફતવામાં અમેરિકી લશ્કરની સઉદી અરેબિયાની હાજરી, ઇરાક પરના પ્રતિબંધો સામે વિરોધ દર્શાવાયો હતો. ઓસામા બિન લાદેન વેસ્ટર્ન દેશોને પોતાના દુશ્મન માને છે. અમેરિકાએ પડોશી મુસ્લિમો સામે લડવા અરેબિયન પેનિન્સુલામાં પોતાનાં લશ્કરી દળોને ગોઠવ્યાં છે. આ ફતવા દ્વારા એણે અમેરિકનો અને એના સાથીઓને કત્લ કરવાની જેહાદ છેડી હતી. કોઇપણ મુસ્લિમ એના દેશમાં જેહાદી પગલું ભરી શકે છે...આ એની ફરજ છે, એવું ફતવામાં લખ્યું હતું. ત્યારબાદ અમેરિકી એમ્બસીઓ પર હુમલા સહિતની દેશ-વિદેશમાં ઘણી ઘટનાઓ નોંધાઇ હતી.

## ૧૯૯૯માં યુરો ઈન્ટરનેશનલ માર્કેટમાંઃ



એક જાન્યુઆરી ૧૯૯૯ ના રોજ યુરો સત્તાવાર રીતે વૈશ્વિક બજારમાં દાખલ થયો હતો. આ સાથે આ કરન્સી અને સિક્કાઓના ચલણ તરીકે ના ઉપયોગ ઉપરાંત ઇલેક્ટ્રોનિક પેમેન્ટ તરીકે ઉપયોગ શરૂ થયો હતો. ત્યારબાદ ૧ જાન્યુઆરી ૨૦૦ના રોજથી સિક્કાઓ અને ચલણી નોટો પણ ચલણમાં આવી હતી. ઓસ્ટ્રીઆ, બેલ્જિયમ, ફિન્લેન્ડ, ફ્રાન્સ, જર્મની, ઇટલી, લક્ઝમ્બર્ગ, ધ નેધરલેન્ડસ, પોર્ટુગલ અને સ્પેન- દેશોએ એમની નેશનલ સેન્ટ્રલ બેંકોને યુરોને ચલણ તરીકે માન્યતા આપવાનો નિર્દેશ આપ્યો હતો. કુલ ૨૧ યુરોપિયન યુનિયન (ઇયુ)ના સભ્ય દેશોએ યુરોને સત્તાવાર સ્વીકૃતિ આપી હતી. આ સભ્ય દેશોને યુરોઝોન તરીકે પણ ઓળખવામાં આવે છે. યુરોને ચલણમાં લેનારો છેલ્લો દેશ બલ્ગેરિયા છે. એણે આ વર્ષે- ૨૦૨૬માં યુરોનો ચલણ તરીકે સમાવેશ કર્યો છે. ૨૦૦૨માં થયેલું કેશ ચેન્જઓવર યુરોપના ઇતિહાસમાં બનેલી એક મોટી ઘટના છે. આને એક મોટી ટેક્નિકલ સિદ્ધિ ગણી શકાય.

## ૨૦૦૦-એક અબજની વસતિને આંબનારો ભારત બીજો દેશ




૧૧મી મે ૨૦૦૦ના રોજ ભારત એક અબજની વસતિને આંબનારો બીજો દેશ બન્યો હતો. ચીન પ્રથમ નંબરે હતો. વિશ્વમાં વધુ વસતિ ધરાવનારા દેશોમાં ભારતની ગણતરી થાય છે.

યુનાઇટેડ નેશન્સના વર્લ્ડ પોપ્યુલેશન બોર્ડ મુજબ એક જુલાઇ ૨૦૨૩ના રોજ ભારતની વસતિ ચીન કરતાં થોડી વધુ એટલે કે ૧.૪૨૮ બિલિયન નોંધાઇ હતી. બીજું, ભારતને યુવાન દેશ ગણવામાં આવે છે કેમ કે દેશમાં યુવાનોની વસતિ ચીનના પ્રમાણમાં વધુ છે. અલબત્ત બાળકોની સંખ્યા ઘટતી જાય છે. યુનાઇટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડનું માનવું છે કે દેશની ૬૮ ટકા વસતિમાં ૧૫થી ૬૪ વર્ષની વયના લોકો વધુ છે. સેક્સ રેશિયો વધ્યો છે. ૨૦૧૧માં એક હજાર પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓની સંખ્યા ૯૪૩ હતી જ્યારે પુરુષોની સંખ્યા ૧૦૬૦ હતી.

## ૨૦૦૦-ડૉટકૉમનો ફુગ્ગો ફૂટ્યોઃ




૧૯૯૦ના દાયકામાં ઇન્ટરનેટના પ્રસાર અને પ્રભાવમાં ધરખમ ઉછાળો અને ગતિ જોવા મળતાં ટેક સ્ટાર્ટઅપ્સ તરીકે ઓળખાતી કંપનીઓમાં અઢળક પૈસા ઠલવાયા. આ કંપનીઓનું મૂલ્ય ખૂબ ઊંચું અંકાયું અને અમેરિકન સ્ટૉક માર્કેટમાં જબરદસ્ત તેજી આવી. જોકે, ઢંગના બિઝનેસ આયોજનના અભાવને કારણે અને આવકના વ્યવસ્થિત ગણિત ન હોવાથી તેજીનો પરપોટો ફૂટી ગયો. માત્ર યુએસમાં જ નહીં, વિશ્વભરના શૅરબજારોમાં એની માઠી અસર જોવા મળી.

## ૨૦૦૧-કચ્છનો ભીષણ ભૂકંપઃ



કચ્છના રણમાંથી ઉઠેલા ભૂકંપના ભયાનક ધ્રુજારાઓએ ભીષણ તબાહી વેરી. ૧૧૦ સેકંડ સુધી ચાલેલા આ ભૂકંપથી મૃત્યુ થયા અને લાખો લોકો બેઘર થયા. દેશવિદેશથી આવેલી બચાવ ટુકડીઓએ દિવસો સુધી બચાવ અને રાહત કાર્ય કર્યું. જોકે ધરતીકંપનાં પચીસ વરસ પછી નવા નવા અસંખ્ય ઉદ્યોગોના આગમનથી કચ્છમાં બદલાવ આવ્યો છે.


## ૨૦૦૧-સંસદ પર આતંકવાદી હુમલોઃ



૨૦૦૧ની ૧૩ ડિસેમ્બરે નવી દિલ્હીમાં સંસદ પર આતંકવાદીઓએ હુમલો કર્યો હતો. પાંચ સશસ્ત્ર ત્રાસવાદીઓ વાહન સાથે સંસદ પરિસરમાં ઘુસ્યા અને અંધાધૂંધ ગોળીબાર કર્યો. થોડા સમય અગાઉ સંસદનું સત્ર સ્થગિત થયું હોવાથી ઘણા સાંસદો પરિસરમાં હાજર હતા. સુરક્ષા દળોએ ત્વરિત કાર્યવાહી કરીને તમામ હુમલાખોરોને ઠાર માર્યા, પરંતુ આ અથડામણમાં સુરક્ષા કર્મચારીઓ અને અન્ય કર્મચારીઓ સહિત અનેક લોકો શહીદ થયા. તપાસમાં હુમલાનો સંબંધ પાકિસ્તાન આધારિત આતંકવાદી સંગઠનો સાથે હોવાનું બહાર આવ્યું.

આ ઘટના બાદ ભારતે સરહદો પર મોટા પાયે સૈન્ય તૈનાત કર્યું, જેથી ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ વધ્યો. દેશભરમાં સુરક્ષા વ્યવસ્થાઓ વધુ કડક બનાવવામાં આવી અને આતંકવાદ વિરોધી કાયદાઓ તથા ગુપ્તચર તંત્રને વધુ મજબૂત કરવામાં આવ્યા. રાષ્ટ્રીય સુરક્ષા અને આતંકવાદ સામેની લડતને ભારતની નીતિમાં સર્વોચ્ચ પ્રાથમિકતા પણ મળી.

## ૨૦૦૧-યુએસ ટ્વિન ટાવર હુમલોઃ



નાઇન ઈલેવન તરીકે કુખ્યાત ૧૧ સપ્ટેમ્બરે અમેરિકામાં થયેલા આતંકવાદી હુમલાએ આખી દુનિયાને હચમચાવી દીધી હતી. આ હુમલામાં અમેરિકાનું વર્લ્ડ ટ્રેડ સેન્ટર સંપૂર્ણપણે નાશ પામ્યું હતું. અલ કાયદાના ૧૯ આતંકવાદીઓએ ચાર વિમાનોનું અપહરણ કર્યું હતું. ત્રણ હજાર લોકોનાં મૃત્યુ થયાં હતાં.

## ૨૦૦૧-એન્થ્રેક્સ લેટર એટેક્સઃ



નાઇન ઈલેવન હુમલાના અઠવાડિયામાં જ ‘એન્થ્રેક્સ લેટર અટેક્સ’ તરીકે ઓળખાયેલો હુમલો થયો હતો. ન્યુ જર્સીથી આવેલા પત્રના પ્રથમ જથ્થામાં એન્થ્રેક્સ તરીકે જાણતો સફેદ પાવડર હતો. આ પાવડર શારીરિક તકલીફ ઊભી કરવાની ક્ષમતા ધરાવે છે.


## ૨૦૦૧ઃ તાલિબાન ઉદ્વસ્તઃ

યુએસએ અફઘાનિસ્તાનમાં ઘૂસી તાલિબાન શાસનને ઉથલાવી દીધું. એના પરિણામે લાંબો સમય યુદ્ધ ચાલ્યું. ૨૦ વર્ષ અફઘાનિસ્તાનમાં હસ્તક્ષેપ કરવાથી યુએસને બે ટ્રિલિયન ડૉલરથી



વધુ ખર્ચ આવ્યો. આશરે ૨૫૦૦ અમેરિકન જવાનોએ જીવ ગુમાવ્યા અને અફઘાનિસ્તાનમાં મોટા પાયે તબાહી થઈ. કામચલાઉ રીતે અલ કાયદાને નુકસાન પહોંચ્યું પણ અફઘાનિસ્તાનને રાષ્ટ્ર તરીકે વિકસાવવામાં નિષ્ફળતા મળી. અંતે ૨૦૨૧માં તાલિબાનએ ફરી સત્તા મેળવી.

## ૨૦૦૧ઃ વિકિપીડિયાનો પ્રારંભઃ




વિકિપીડિયાની શરૂઆત. માહિતી અને એ પણ વિગતવાર મેળવવી હાથવગી થઈ. અલબત્ત એમાં પ્રસંગોપાત ભયંકર ભૂલો જોવા મળી છે. આ સંસ્થાએ ભાષાંતરિત માહિતી આપવામાં મોટી ભૂમિકા ભજવી છે. વિકિપીડિયાનો પ્રભાવ ગુજરાત અને ભારતભરના વાચકો, વિદ્યાર્થીઓ અને સંશોધકો માટે ખૂબ જ મોટો છે.

## ૨૦૦૨-ગુજરાત રમખાણોઃ



૨૦૦૨ની ૨૭ ફેબ્રુઆરીએ ગુજરાતના ગોધરા ખાતે સાબરમતી એક્સપ્રેસની એક બોગીને આગ લાગતાં ૫૯ કારસેવકોનાં મૃત્યુ થયાં હતાં. આને પગલે ગુજરાતના અનેક સ્થળે વ્યાપક કોમી રમખાણો ફાટી નીકળ્યાં. હિંસા, આગચંપી, લૂંટફાટ અને જાનહાનિની અનેક ઘટનાઓ બની. સત્તાવાર આંકડા મુજબ એક હજારથી વધુ લોકોનાં મૃત્યુ થયાં.

આ પછી સામ્પ્રદાયિક સંબંધો, માનવ અધિકારો અને કાયદો-વ્યવસ્થાના મુદ્દાઓ પર દેશવ્યાપી ચર્ચા શરૂ થઈ. અનેક તપાસ પંચો, અદાલતી કાર્યવાહી અને વિશેષ તપાસ ટીમો દ્વારા ઘટનાઓની તપાસ કરવામાં આવી. આ ઘટનાએ રાજકારણ, ચૂંટણી અને સામાજિક ચર્ચાઓ પર લાંબા સમય સુધી અસર કરી. સાથે જ સામ્પ્રદાયિક સૌહાર્દ, લઘુમતી સુરક્ષા અને ન્યાયતંત્રની ભૂમિકા અંગે જાગૃતિ વધારી તથા દેશમાં શાંતિ અને એકતાના મહત્ત્વને સર્વોપરી પ્રાથમિકતા મળી. કહી શકાય કે અલગ જ રાજકારણ ચલણી બનવા માંડ્યું.

## ૨૦૦૩-યુએસનું ઈરાક પર આક્રમણઃ



યુએસનું ઈરાક પર આક્રમણ. સદ્દામ હુસેન પદભ્રષ્ટ અને બંદીવાન. સામૂહિક વિનાશના શસ્ત્રો (વેપન્સ ઑફ માસ ડિસ્ટ્રક્શન) તેમ જ રાષ્ટ્રપતિ સદ્દામ હુસેનની તાનાશાહીનો અંત લાવવાના આશય સાથે આ યુદ્ધ થયું હતું. ઇરાકમાં લાખો નાગરિકોનાં મોત, અબજો ડૉલરનું આર્થિક નુકસાન અને વ્યાપક માનવતાવાદી સંકટ સર્જાયું હતું. આતંકવાદમાં વધારો થયો અને વૈશ્વિક રાજકારણ તથા મધ્ય પૂર્વમાં સત્તાનું સંતુલન બદલાઈ ગયું.

## ૨૦૦૩-ચંદ્રયાન કાર્યક્રમને મંજૂરીઃ



૨૦૦૩માં ભારતે ઇસરો (ભારતીય અવકાશ સંશોધન સંસ્થા)ના પ્રથમ ચંદ્ર અભિયાન ‘ચંદ્રયાન’ કાર્યક્રમને મંજૂરી આપી. આ દેશના ભારતના અવકાશ સંશોધનના ઇતિહાસમાં મહત્ત્વપૂર્ણ સીમાચિહ્ન નિર્ણય હતો. તે સમયના વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીએ સ્વતંત્રતા દિવસના સંબોધનમાં ભારતના ચંદ્ર મિશનની જાહેરાત કરી હતી. મંજૂરી મળ્યા પછી વૈજ્ઞાનિકોએ ચંદ્રના ભૂસ્તર, ખનિજો અને પર્યાવરણના અભ્યાસ માટે જરૂરી સાધનો અને ટેક્નોલોજી વિકસાવવાનું કાર્ય શરૂ કર્યું. આ પ્રયાસનું પરિણામ ૨૦૦૮માં ચંદ્રયાન-૧ના સફળ પ્રક્ષેપણ રૂપે જોવા પણ મળ્યું. આનાથી અવકાશ વિજ્ઞાન- ટેક્નોલોજી ક્ષેત્રે ભારતની ક્ષમતાને વૈશ્વિક માન્યતા મળી. આ ચંદ્રયાન કાર્યક્રમે ભારતને અવકાશ ક્ષેત્રે અગ્રણી રાષ્ટ્રોની હરોળમાં સ્થાન અપાવ્યું અને ચંદ્રયાન-૨ તથા ચંદ્રયાન-૩ જેવાં મિશનો માટે મજબૂત પાયો તૈયાર કર્યો.

## ૨૦૦૪-ફેસબુકની શરૂઆતઃ




માર્ક ઝકરબર્ગએ અન્ય સહયોગીના સહકાર સાથે ‘ફેસબુક’ની સ્થાપના કરી. આ સાથે મનુષ્ય જીવનમાં સમાંતર સમાજ અસ્તિત્વમાં આવ્યો. અંગત સંબંધો વિકસાવવામાં મદદ મળવા ઉપરાંત આ માધ્યમ આપણા દેશનાં વિવિધ રાજ્યોના અનેક વેપારીઓના કામકાજમાં વૃદ્ધિ લાવવામાં નિમિત્ત બન્યું. બહુગામી અસર જોવા મળી રહી છે.

## ૨૦૦૪-હિંદ મહાસાગર સુનામીઃ



૨૦૦૪ની ૨૬ ડિસેમ્બરે હિંદ મહાસાગરમાં સુમાત્રા નજીક સમુદ્રતળે શક્તિશાળી ભૂકંપ બાદ વિનાશક સુનામી સર્જાઈ હતી. રિક્ટર સ્કેલ પર આશરે ૯.૧ થી ૯.૩ તીવ્રતાવાળા ધરતીકંપ પછી ઉદ્‌ભવેલા વિશાળ મોજાંઓએ ભારત સહિત અનેક દેશોના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વિનાશ સર્જ્યો. ભારતમાં તમિળનાડુ, આંદામાન-નિકોબાર દ્વીપસમૂહ, આંધ્ર પ્રદેશ અને કેરળ સૌથી વધુ પ્રભાવિત થયા. હજારોનાં મૃત્યુ થયાં અને લાખો બેઘર બન્યા. માછીમારી, ખેતી અને સ્થાનિક અર્થતંત્રને પણ ભારે ફટકો પડ્યો.

આ કુદરતી આફતે ભારતને આપત્તિ વ્યવસ્થાપનનો મહત્ત્વપૂર્ણ પાઠ શીખવ્યો. સુનામી ચેતવણી પ્રણાલી, આપત્તિ પૂર્વ તૈયારી અને રાહત-બચાવ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવામાં આવી.

## ૨૦૦૪-મેટ્રો પ્રોજેક્ટ્સનું વિસ્તરણઃ



૨૦૦૪ની આસપાસ ભારતમાં શહેરી પરિવહન વ્યવસ્થાના આધુનિકીકરણ માટે મેટ્રો રેલ પ્રોજેક્ટ્સના વિસ્તરણને વિશેષ ગતિ મળી. દિલ્હી મેટ્રોની સફળતાએ અન્ય શહેરો માટે પણ પ્રેરણારૂપ મોડેલ પૂરું પાડ્યું. આ સમયગાળામાં મુંબઈ, બેંગલુરુ, ચેન્નઈ, હૈદરાબાદ તથા અન્ય મહાનગરોમાં મેટ્રો પ્રોજેક્ટ્સના આયોજન અને અમલીકરણની પ્રક્રિયા ઝડપી બની. શહેરી પરિવહનને વધુ કાર્યક્ષમ અને પર્યાવરણલક્ષી બનાવવાના વિશેષ પ્રયત્નો હાથ ધરાયા.

મેટ્રો રેલના કારણે ટ્રાફિક ભીડ, પ્રવાસ સમય અને ઇંધણના વપરાશમાં ઘટાડો થયો. પ્રદૂષણ ઘટાડવામાં પણ મદદ મળી. મેટ્રો નેટવર્કે રોજગારની નવી તકો ઊભી કરી અને શહેરોના આર્થિક વિકાસને વેગ આપ્યો. નવા જાહેર પરિવહન પ્રત્યે લોકોનો વિશ્વાસ વધ્યો અને ભારતના શહેરી માળખાગત વિકાસમાં નવયુગની પાપાપગલી થઈ.

## ૨૦૦૪-ડિજિટલ સેવાઓનો વિકાસઃ



૨૦૦૪ની આસપાસ ભારતમાં ડિજિટલ સેવાઓના વિકાસને એકદમ વેગમાં આવ્યો. ઇન્ટરનેટના વધતા ઉપયોગ, મોબાઇલ ફોનના પ્રસાર અને માહિતી પ્રૌદ્યોગિકી ક્ષેત્રની વૃદ્ધિના કારણે સરકારી તથા ખાનગી ક્ષેત્રે ડિજિટલ સેવાઓનો વિસ્તાર શરૂ થયો. ઑનલાઇન બેંકિંગ, ઇ-શાસન, ઇ-ટિકિટિંગ, ઇ-વાણિજ્ય અને ડિજિટલ સંચાર સેવાઓ વધુ લોકપ્રિય બનવા લાગી. રેલવેએ ઑનલાઇન ટિકિટ બુકિંગની સુવિધાઓ વધારી, તો વિવિધ સરકારી વિભાગ નાગરિક સેવાઓને ડિજિટલ માધ્યમથી ઉપલબ્ધ કરાવવા સક્રિય થયા.

આને પરિણામે સરકારી સેવાઓ વધુ પારદર્શક, ઝડપી અને સરળ બની. વેપાર, શિક્ષણ, બેંકિંગ અને સંચાર ક્ષેત્રોમાં કાર્યક્ષમતા વધી. માહિતી સુધી પહોંચ સરળ બનતાં સામાન્ય નાગરિકો માટે નવી તકો ઊભી થઈ. આગળ જતાં ડિજિટલ ઇન્ડિયા, ઑનલાઇન ચુકવણી પ્રણાલીઓ અને ઇ-શાસન જેવી પહેલો માટે દરવાજા ખુલી ગયા.

## ૨૦૦૫-યુટ્યૂબની સ્થાપનાઃ





મનોરંજનની દુનિયામાં ક્રાંતિ લાવનાર યુટ્યૂબની સ્થાપના થઈ. અમેરિકન ઑનલાઇન વીડિયો-શૅરિંગ પ્લૅટફૉર્મ છે. આ પ્લૅટફૉર્મ ફેબ્રુઆરી ૨૦૦૫માં પેપાલ નામની કંપનીના ત્રણ ભૂતપૂર્વ કર્મચારી દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું. ઑક્ટોબર ૨૦૦૬થી ગૂગલની માલિકીનું છે. ડિજિટલ શિક્ષણ, સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી અને નવી ટેક્નોલૉજીની જાણકારી ગુજરાતીમાં સરળતાથી ઉપલબ્ધ થઈ છે. ઘણા ગુજરાતી કન્ટેન્ટ ક્રિએટર્સ ક્રિએટિવિટી દ્વારા સારી એવી કમાણી કરી રહ્યા છે. ગુજરાતી સાહિત્ય, લોકગીતો, ભજન, અને નાટકો ડિજિટલ સ્વરૂપે સચવાઈ નવી પેઢી સુધી પહોંચી રહ્યા છે.

## ૨૦૦૫-પ્રથમ ફેસ ટ્રાન્સપ્લાન્ટઃ



ફ્રાન્સના સર્જનોને વિશ્વના પ્રથમ ફેસ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં સફળતા મળી. શ્વાનના હુમલાને કારણે ૩૮ વર્ષની વ્યક્તિને ગંભીર ઈજા થઈ હતી. આ પ્રક્રિયામાં બ્રેઇન-ડેડ દાતાની પેશીઓ અને ચામડી દર્દીના ચહેરા પર લગાવવામાં આવી હતી. આ સર્જરી તબીબી વિજ્ઞાનમાં એક મોટી ક્રાંતિ સાબિત થઈ હતી, જેનાથી વિશ્વભરના વિકૃત ચહેરાવાળા દર્દીઓ માટે નવી આશા જાગી હતી.

## ૨૦૦૬-ટ્વિટરનો પ્રારંભઃ



સોશ્યલ મીડિયામાં નવું પરિમાણ ઉમેરતા ‘ટ્વિટર’નો પ્રારંભ થયો. ઈલોન મસ્કે એ ખરીદી લેતાં હવે ‘એક્સ’ તરીકે ઓળખાય છે. પૉડકાસ્ટિંગ કંપનીના સાઇડ પ્રોજેક્ટ તરીકે શરૂ થયેલું આ માધ્યમ આજે સોશ્યલ મીડિયામાં એક મહત્ત્વનું પરિબળ અને એક હથિયાર તરીકે નામના મેળવી ચૂક્યું છે. માહિતીના પ્રસાર, ભાષાના પ્રમોશન અને સામાજિક જાગૃતિ માટેનું સશક્ત માધ્યમ બની ગયું છે.

## ૨૦૦૬-લોકલ ટ્રેનમાં બૉમ્બવિસ્ફોટઃ



૧૧ જુલાઈ, ૨૦૦૬ના દિવસે ૧૧ મિનિટની અવધિમાં મુંબઈની લોકલ ટ્રેનોમાં સિલસિલાબંધ બૉમ્બ ધડાકા થયા. ૧૮૯ લોકો મૃત્યુ પામ્યા અને ૮૦૦ લોકો ઈજાગ્રસ્ત થયા. આ હુમલાએ મુંબઈની લાઇફલાઇન ગણાતી ટ્રેન સેવાઓને ઠપ કરી દીધી હતી અને સુરક્ષાવ્યવસ્થામાં મોટા ફેરફારો લાવી દીધા હતા.

## ૨૦૦૭-પ્રતિભા પાટીલ પ્રથમ મહિલા રાષ્ટ્રપતિઃ



૨૦૦૭ની ૨૫ જુલાઈએ પ્રતિભા પાટીલ ભારતના ૧૨મા રાષ્ટ્રપતિ તરીકે શપથગ્રહણ કરીને દેશના ઇતિહાસમાં પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બન્યાં. તેમણે રાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં ભૈરોનસિંહ શેખાવતને પરાજિત કર્યા હતા. મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લામાં જન્મેલાં પ્રતિભા પાટીલ લાંબા સમય સુધી રાજ્ય અને રાષ્ટ્રીય રાજકારણમાં સક્રિય રહ્યાં હતાં.

આને મહિલાઓના સશક્તીકરણ અને લિંગ સમાનતાના ક્ષેત્રમાં આ એક પ્રેરણાદાયક પગલું માનવામાં આવ્યું. આ ઘટનાએ રાજકારણ, જાહેર જીવન અને શાસન વ્યવસ્થામાં મહિલાઓની ભાગીદારીની ચર્ચાઓને વેગ આપ્યો અને લોકશાહીની સમાન પ્રતિનિધિત્વની ભાવનાને બળવતર બનાવી.

## ૨૦૦૮-ઈસરોનું ચંદ્રયાન ૧ મિશનઃ



ભારતનું ચંદ્ર પરનું પ્રથમ અવકાશ મિશન શ્રીહરિકોટાના સતિષ ધવન સ્પેસ સેન્ટરથી રૉકેટ દ્વારા લૉન્ચ કરવામાં આવ્યું હતું. ‘નાસા’ની મદદથી ચંદ્રયાન-૧ એ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર પાણી અને હાઇડ્રોક્સિલના અણુઓ હોવાની પુષ્ટિ કરી હતી. ચંદ્ર પર મેગ્નેશિયમ, ઍલ્યુમિનિયમ, અને સિલિકોન જેવાં તત્ત્વોની હાજરી નોંધવામાં આવી હતી. ભવિષ્યના ચંદ્ર મિશન માટે નવી દિશા મળી.

(વધુ માટે જુઓ મુખ્ય આવૃત્તિનું પાનું ૧૦)




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રુસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**


11 NIGHTS / 12 DAYS
ARCTIC
SCAN HERE ARCTIC TOUR
SCAN HERE FOR GLASS IGLOO
SCAN ME
DOG SLEDGE
SANTACLAUS VILLAGE
ICE HOTEL KIRUNA
સંપૂર્ણ પ્રવાસ દરમિયાન આપણા મહારાજ દ્વારા બનાવેલ સ્વાદિષ્ટ ભોજન (VEG & JAIN).
૨ ઈન્ટરનલ ફ્લાઈટ્સ ટૂર કોસ્ટમાં સામેલ.
NORWAY ના TROMSO માં ૨ રાત્રિનો મુકામ સાથે માણો પ્રખ્યાત NORTHERN LIGHTS નો અદભુત નઝારો.
ઓરિજિનલ GLASS IGLOO માં ૨ રાત્રિનો ઉતારો.
KIRUNA માં ICE હોટેલની મુલાકાત.
ICE BREAKER CRUISE સાથે થીજેલા સમુદ્ર પર FLOATING ની મજા.
REINDEER RIDE માં ARCTIC CIRCLE CROSS કરવાની મજા માણો.
TALLIN - BALTIC CITY ની GUIDED WALKING ટૂર.
૨ રાત્રી ROVANIEMI માં ઉતારો (SANTACLAUS HOMETOWN).
INDIA ની એકમાત્ર કંપની જે 2018 થી, 100% SUCCESS સાથે કરી રહ્યા છીએ ARCTIC ની આનંદમય ટુરો,
જે હવે બીજા COPY કરી રહ્યા છે.
DEPARTURE DATES FOR 2026 & 2027 : DEC : 21 & 22 | JAN : 24 | FEB : 04, 15, 26 | MAR : 09
CONTACT OUR SANTA'S
NIRAV MEHTA : +91 80822 78468 / NAYAN SONI : +91 97570 25247 / HARDIK PAREKH - +91 99677 72530
ADDRESS : 1/A, PALM VIEW BUILDING, L.N. ROAD, NR. SWAMINARAYAN TEMPLE, OPP. VIDYALANKAR CLASSES, DADAR (E), MUMBAI - 400014.
CONTACT : +91 98927 20353 | info@uldestination.com | www.uldestination.com
URVI
LUXURY DESTINATION PVT. LTD.
Where U & V meet to create memories.